
મુદ્રક અને પ્રકાશકઃ–ત્રિભુવનદાસ ક૦ દફ્તર
સસ્તુ સાહિત્ય મુદ્રણાલય–રાયખડ, અમદાવાદ



निवेदन

"વિવિધ ગ્રંથમાળા"ના ચાલુ વર્ષ સંવત ૧૯૯૮નું આ ત્રીજું પુસ્તક છે અને તે એકત્રીસમા વર્ષના સળંગ ગ્રંથાંક ૩૫૫ થી ૩૫૭ રૂપે પ્રસિદ્ધ થાય છે.

આ ગ્રંથના પ્રયોજક સ્વામીશ્રી ગણેશાનંદજીએ સંગ્રહિત કરેલાં શુમારે હજારેક દષ્ટાંતોમાંથી તેમણે ૭૦૦ દષ્ટાંત છપાવી પ્રસિદ્ધ કરેલાં. તે છપાયલાં અને છાપવાં બાકી રહેલાં સર્વ દષ્ટાંતો સુધારાવધારા સહિત પ્રસિદ્ધ કરવાની નિષ્કામભાવે પરવાનગી આપવાથી આ તેની બીજી આવૃત્તિ અત્ર તરફથી પ્રસિદ્ધ થાય છે.

તેમના તરફથી ઉપર મુજબ શુમારે હજારેક દષ્ટાંતોનો સંગ્રહ મળેલો, તે સર્વમાંથી પસંદગી કરીને વધુ ઉપકારક અને બોધપ્રદ જણાયાં એવાં ૫૦૫ દષ્ટાંતો યથાશક્ય સંશોધન કરીને આમાં લેવાયાં છે.

દષ્ટાંતો કલ્પિત, ખરાં બનેલાં તેમજ મિશ્ર પ્રકારનાં હોય છે. તેમાં ખરાં દષ્ટાંતોની અસર ઘણી વધારે થાય છે અને એવાં દષ્ટાંતો યાદ પણ સહેજે રહી જાય છે. હંમેશાં નિયમિત સમયે કે અવકાશના સમયે કુટુંબોમાં બાળકો તથા સ્ત્રીઓને એકઠાં કરીને ઘરના વડીલ દરરોજ આમાંનાં બે-ત્રણ દષ્ટાંતો વાંચીને વિવેચન સાથે સમજાવશે, તો થોડા પરિશ્રમે સર્વને ઘણો લાભ થશે એ સ્વાભાવિક છે. આ સંગ્રહમાં ધર્મ, નીતિ, સેવા, પરોપકાર, સ્વદેશ-સેવા ઇત્યાદિ જુદા જુદા વિષયને લગતાં દષ્ટાંતો આવે, એ માટે ખાસ લક્ષ આપવામાં આવ્યું છે.

શિક્ષકો, વ્યાખ્યાનકારો અને કથાકારો પણ પોતાના પરોપકારી કાર્યમાં આમાંના ઘણાં દષ્ટાંતોની સહાય લઈ શકશે; કેમકે દષ્ટાંતો સહિત અપાતા હિતોપદેશની સચોટ અને કાયમી અસર સાંભળનારના મન પર રહી જાય છે એ વાત નિઃશંક છે.

આની પહેલી આવૃત્તિ પ્રસંગે શ્રીયુત ગોકળદાસ કુબેરદાસ મહેતાએ પ્રસ્તાવના લખેલી તેમાંનો કેટલોક ઉપયોગી ભાગ અહીં નીચે અવતરણમાં આપ્યો છે. જેથી આ અને આવાં બોધક દષ્ટાંતોના સંગ્રહની ઉપયોગિતા વાચકબંધુઓને વિશેષ સમજાશે.

"નાનાં બાળકોથી માંડી વૃદ્ધો સુધી સૌ કોઈને વાર્તા સાંભળવી ગમે છે. છાપખાનાના વર્તમાન યુગમાં વાર્તાવાચનનું કાર્ય સહેલું થઈ પડ્યું છે; છતાં પણ હજી કેટલુંય છપાયા વિનાનું સાહિત્ય પડ્યું રહ્યું છે. કાઠિયાવાડી સાહિત્યરસિકોએ કાઠિયાવાડી દુહા અને રસભરેલી વાર્તાઓ મેળવી, એકઠા કરી માસિકો અને પુસ્તકો દ્વારા પ્રકટ કરવાનું કાર્ય ઉપાડી લીધું છે અને તે સાહિત્ય જનતાને રુચિકર નીવડ્યું છે.

"આપણાં આખ્યાનો [illegible] કથા વાર્તા દ્વારા જનતામાં [illegible], તેમની ફરજનું સાચું ભાન કરાવતા, ભારતની સંસ્કૃતિ, [illegible] રીતે બોધ આપતા. આજે કેળવાયેલા વર્ગ [illegible] પામે છે. પરંતુ પહેલાં તે [illegible] × × ×

"[illegible] મહાભારત [illegible] કરીને [illegible] ધર્મના [illegible] તેમની કથા [illegible]"

[illegible]

ચેલું હોવાથી તે આદર પામે તો તેની ના કદી શકાય નહિ.

"વાર્તાની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જીવન પર જે અસર થાય છે, તે મહાપુરુષોના જીવનચરિત્ર ઉપરથી આપણને જણાય છે. સસ્તુ સાહિત્ય તરફથી બહાર પડેલા વાર્તાઓના સ્ત્રીપુરુષો માટેના બૃહદ્ સંગ્રહો પ્રજામાં અત્યંત લોકપ્રિય થઈ પડ્યા છે. એટલું જ નહિ, પણ તેવાં પુસ્તકો ઘરઘરમાં વાસ કરી રહ્યાં છે. રાષ્ટ્રની ઉન્નતિમાં દેશભક્તોના આત્મભોગનાં ઉમદા ઉદાહરણો પ્રજાને આદર્શ તરફ લઈ જવામાં પૂરતી સહાય આપે છે. સત્યાગ્રહમાં ખેડા અને બારડોલીના ખેડૂતોની આત્મકથનીએ પ્રજાના હૃદયમાં ઊંડી અસર કરી છે. એક રીતે જોતાં એ બધું વાર્તાસાહિત્ય નથી તો બીજું શું છે?

"આ પુસ્તકમાંથી ઘણી વાર્તાઓ બોધ લેવા સાથે ચારિત્ર્ય ઘડવામાં ઉપયોગી થઈ પડશે એમ મારું માનવું છે. × ×"

"અંતમાં સંસારનો ત્યાગ કર્યા પછી મનુષ્યજીવનનો અભ્યાસ કરી, તે જીવનને ઉન્નત કરવામાં યત્કિંચિત સહાય કરવાના ઉદ્દેશથી નિઃસ્વાર્થપણે આ પુસ્તક પ્રજા સમક્ષ મૂકવામાં આ ગ્રંથના પ્રયોજક સ્વામીશ્રી ગણેશાનંદજીએ જે જહેમત ઉઠાવી છે, તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. × × ×"

આબાલવૃદ્ધ સૌને ઉપયોગી થાય એવા આ ગ્રંથની નિષ્કામભાવે રજા આપવા બદલ સ્વામીશ્રી ગણેશાનંદજીનો અત્રે આભાર માનવામાં આવે છે.

ચાલુ વર્ષમાં 'વિવિધ ગ્રંથમાળા'માં (૧) સ્વામીશ્રી બ્રહ્માનંદજી તથા સ્વામીશ્રી શિવાનંદજી, (૨) શ્રીભજનસાગર ભાગ ૧ લો અને (૩) શ્રીસુબોધકથાસાગર (આ પુસ્તક પોતે જ) મળીને કુલ ત્રણ પુસ્તકો અપાયાં છે; અને છેલ્લું પુસ્તક 'સંસારમાં સ્વર્ગ' નામનું અપાશે અને તે હંમેશની જેમ નવા વરસના લવાજમ માટે ગ્રાહકબંધુઓને વી. પી. થી મોકલી અપાશે. એ વિષેની સૂચના આ પછીના પૃષ્ઠ ઉપર 'વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકો પ્રત્યે' એ મથાળા નીચે અપાઈ છે. એ તરફ ગ્રાહકબંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

આ સાથે "વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકબંધુઓ તેમજ અન્ય સંસ્થાપ્રેમી સજ્જનો પ્રત્યે" એ નામનો એક છૂટો છાપેલો વિનતિપત્ર તથા માળાના ગ્રાહક થવા ઇચ્છનાર સજ્જનોને માટે પોસ્ટકાર્ડ મોકલ્યું છે. એ તરફ ગ્રાહકબંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે. અને આશા છે કે, તેમાં જણાવ્યા પ્રમાણે અત્યારના મુશ્કેલ સંજોગોમાં આ માળાને પગભર બનાવવા સારુ, ગ્રાહકોની સંખ્યા વધારવામાં સંસ્થાપ્રેમી સજ્જનો સહકાર આપશે જ.

આ પછીનાં પૃષ્ઠોમાં આ ગ્રંથના પ્રયોજક સ્વામીશ્રી અખંડાનંદજીનું નિવેદન અપાયું છે. શુદ્ધિપત્ર પાન ૩૨ ઉપર અપાયું છે, તે મુજબ ગ્રંથ સુધારીને વાંચવો ઘટે.

અ૦ જ્યેષ્ઠ વદિ ૫, સંવત ૧૯૯૮ } સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરફથી
ત્રિભુવનદાસ લ૦ ઠક્કર

प्रयोजकनुं पहेली आवृत्तिनुं निवेदन
(थोडा फेरफार सहित)

हालना जमानामां दरेक भाषानुं साहित्य जोतां जणाय छे के, विविध विषयोमां सर्व कोइए प्रगति करी छे. जे भाषानुं जेटलुं शुद्ध, साहसिक, धार्मिक, औद्योगिक साहित्य वधारे छे, ते भाषा वांचनारी प्रजाए पण सारी प्रगति करी छे. दाखला तरीके विश्वव्यापी भाषामां अंग्रेजी साहित्य आगळ पडतुं छे, तो तेओनी उन्नति देखाती छे. आपणी देशी भाषाओमां बंग, महाराष्ट्रीय अने हिंदी साहित्य आगळ पडतो भाग भजवे छे; तो ते प्रजा थोडे अंशे पण विशेष ज्ञान धरावती होय एम जणाय छे. हमणां हमणां "ગુજરાતી રાણી શાણી વાણીનો વકીલ છું" ए दलपतोक्ति अने "યા હોમ કરીને પડો ફતેહ છે આગે" आ नर्मदोक्तिना समय बाद गुजराती साहित्य आगळ वध्युं छे. हालना गांधीयुगमां गुर्जरभाषा उपरोक्त भाषाओनी बरोबरी करवा लागी छे. उतारा अने अनुवादो बाद करीए तो पण मौलिक ग्रंथो दर वर्षे अवनवा बहार पडता ज रहे छे, ते गुर्जरभाषानी उन्नतिनुं शुभ चिह्न छे.

आ प्रमाणे कहीने हुं मारो आ ग्रंथ मौलिक ग्रंथमां गणाववा नथी मागतो; कारण के आ ग्रंथ घणा पुस्तकोना उतारा, भाषणो, कथाओ अने वृद्धोनी वातोनुं परिणाम छे. हुं तो मात्र 'મતું કરે દલપત મહેતનું, પારકી લેખણ પારકી શાહી' ए कविश्वरना कथन मुजब थोडुंक मतुं करी नकामुं नाम राखवा मागुं छुं. वार्ताओना अनेक ग्रंथो मोजूद छे. छतां आ ग्रंथ जेवो बृहद् संग्रह नहि होवाथी आ वार्ताविषयक ग्रंथ लखवा हुं प्रेरायो छुं. आ पुस्तकमां हजार वातो लखी, 'दृष्टांतसाहस्री' एवुं नाम आपवा धार्युं हतुं. पण केटलीक मुश्केलीओने लइने तेम थई शक्युं नथी. × × आथी आ ग्रंथने 'श्रीसुबोध कथासागर' एवुं नाम आपवुं पड्युं छे.

× × × સત્યાસત્યનો વિચાર કરતાં, આ ગ્રંથમાં જો સત્ય વધારે હોય તો જ આ પુસ્તક વિસ્તાર પામો અને જો અસત્યાંશ વિશેષ હોય તો એક નકલ પણ કોઇની દષ્ટિગોચર થઈ અંતઃકરણમાં અસત્યનો ઉમેરો ન કરે એમ ઇચ્છું છું. આ પુસ્તકની પ્રેસકોપી મલાતજના **શ્રી. ખોડાભાઈ પટેલ** બી. એ. એ તૈયાર કરી આપી મને ઉપકૃત કર્યો છે. પુસ્તક છપાવવામાં એક સદ્‌ગત આત્માએ નામનો મોહ રાખ્યા સિવાય જે કીમતી મદદ કરી છે, તેને પરમાત્મા તે જ્યાં હોય ત્યાં શાંતિ આપો, એમ હું પ્રાર્થના કરું છું. તે સિવાય આ પુસ્તક તૈયાર કરવામાં અને પ્રસ્તાવના લખી આપવા બદલ ઉમરેઠના પણ હાલમાં અમદાવાદમાં વસતા **શ્રી. ગોકળદાસ કુબેરદાસ મહેતાનો** હું આભારી છું. અંતમાં આ પુસ્તકમાં શરતચૂકથી કાંઇ ભૂલો જણાય તો વાચક દરગુજર કરશે એમ ઇચ્છું છું.

અષાઢ સુદિ ૨, સંવત ૧૯૮૦ }
ઠે. મકાન, મુ. કાસોર }

સ્વામી ગણેશાનંદ

"विविध ग्रंथमाळा"ना ग्राहको प्रत्ये

હવેનું પુસ્તક વી. પી. થી મોકલાશે.

૧–"વિવિધ ગ્રંથમાળા"નું સંવત ૧૯૯૮ નું છેલ્લું પુસ્તક એ એક માસમાં પ્રકટ થશે; અને તે સંવત ૧૯૯૯ના કારતક માસમાં વી. પી. થી મોકલાઇને તે વર્ષનું લવાજમ રૂા. ૫) મંગાવી લેવાશે. એટલે જેમને નીચલામાંનું કે એવું કાંઇ લખવું હોય, તેમને સંવત ૧૯૯૮ના આસો વદિ ૦)) પહેલાં લખી મોકલવા વિનતિ છે.

(क)–જેમને ગ્રાહકમાંથી નીકળી જવું હોય;
(ख)–જેમને સરનામામાં ફેરફાર કરાવવો હોય;
(ग)–પુસ્તકો રજિસ્ટરથી મેળવવા માટે વાર્ષિક મૂલ્યના રૂપિયા ૫) ઉપરાંત રૂા. ૦ાા વધુ ભરવો હોય;

૨–આમ પ્રથમથી સૂચના અપાયા છતાં, એ વિષે જે સવેળા નહિ લખે અને વી. પી. પાછું વાળશે, તે એ છેલ્લા પુસ્તક ઉપરનો હક્ક ગુમાવશે.

૩–જે ગ્રાહકો વાર્ષિકમૂલ્ય સંવત ૧૯૯૮ ના આસો વદિ ૦)) સુધીમાં પોતાના ગ્રાહક નંબર સાથે મનિઑર્ડરથી અથવા બીજી રીતે અમદાવાદ કે મુંબઇના કાર્યાલયમાં ભરીને પાવતી મેળવશે, તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે.

૪–જેમણે નવા વર્ષથી ગ્રાહકમાં રહેવાની સવેળા ના લખી હશે, તેમજ જે લાયબ્રેરીઓ વગેરે વડોદરાના "પુસ્તકાલય સહાયક સહકારી મંડળ" દ્વારા પૈસા ભરે છે, તેમને તથા હિંદ બહાર જ્યાં જ્યાં વી. પી. જઇ શકતાં નથી, ત્યાં ત્યાં ઉપલું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે; તો તે તે સજ્જનોને નવા વરસનું લવાજમ પુસ્તક મળે કે તરત મોકલી આપવા વિનતિ છે. લવાજમ મળ્યેથી નવા વર્ષનાં પુસ્તક મોકલવાં જારી થશે.

૫–આફ્રિકા તેમજ બીજા પરદેશના ગ્રાહકોને દરેક પુસ્તક, ત્રણ આનાના વધુ ખર્ચે રજિસ્ટર કરાવીને મોકલાતાં હોવાથી તથા ત્યાં માટેનું ટપાલખર્ચ પણ વધારે આવતું હોવાથી તે સજ્જનોએ પાકાં પૂરાં સાથેના વાર્ષિક રૂા. ૮) અથવા અહીં શિલિંગ દીઠ દશથી સાડા દશ આના મળતા હોવાથી શિલિંગ ૧૨ મોકલવા.

श्रीमहाभारत [सचित्र]

'મહાભારત' એ આર્યપ્રજાના સાહિત્યનો એવો ઉત્તમ રત્નાકર છે કે, જેઓ મનનપૂર્વક તેનો પાઠ કરે છે અને તેની હીરામાણેક કરતાં પણ વધારે ઉપકારક શિખામણો હૃદયમાં ઉતારે છે, તેમને લૌકિક તથા પારલૌકિક જ્ઞાન તથા સુખને માટે બીજો ગ્રંથ જોવાની જરૂર રહેતી નથી. હિંદુજાતિના પ્રાચીન ધર્મગ્રંથોમાં મહાભારતને પાંચમો વેદ કહે છે, તે ઉપમા પણ યોગ્ય જ છે; કેમકે આ ગ્રંથ અનેક શિખામણોનો સાગર, ઉપદેશોનો આગાર અને ધર્મકર્મના માર્ગોનો મહાભંડાર છે. તેમાં મુખ્ય વિષય તો વીર પાંડવોનું ઉત્થાન, કૌરવપાંડવોનું યુદ્ધ, પાંડવોની રાજ્યપ્રાપ્તિ અને રાજ્યશાસનના વર્ણનનો છે; પણ તેના કવિ એક વેદપારંગત મહાત્મા અને ધર્મસંસ્થાપક મુનિ હોવાથી તેની સાથે સાથે પ્રસંગોપાત્ત ધર્મ, નીતિ, રાજ્યશાસન અને તત્ત્વજ્ઞાનનાં પણ તેઓ એવાં સરસ અને ઉચ્ચ વર્ણન કરી ગયા છે, કે વાચક પોતાના હૃદયમાં કોઈ નવો જ પ્રકાશ અનુભવે છે. [illegible] અને તે શું નો શું [illegible] થી પ્રભુ ભગવાન્ આ મહત્ત્વપૂર્ણ ઉપદેશ [illegible] ઋષિઓ અને મહર્ષિઓનાં પ્રસં[illegible] અને કથાકહાણીઓ પણ આ [illegible] પ્રમાણ [illegible] અનેકભક્તિ [illegible]

[illegible]

થી કરીને અત્યંત પ્રાચીનકાળથી અદ્યાપિપર્યંતના બધા પંડિતોનો એજ મત છે કે, **જે કંઈ મહાભારતમાં છે, તે જ બીજે સ્થળે જોવામાં આવે છે અને જે તેમાં નથી તે ક્યાંય પણ નથી.**

મહાભારતનાં જુદા જુદા પ્રકારનાં અદ્ભુત પાત્રોનાં ચરિત્ર જોઇને આપણને આજથી હજારો વર્ષ પહેલાંના આપણા દેશ અને સમાજની અવસ્થાનું યથાર્થ જ્ઞાન થાય છે. ભીષ્મ પિતામહની અલૌકિક પિતૃભક્તિ, શ્રીકૃષ્ણની વિલક્ષણ રાજનીતિ, યુધિષ્ઠિરની પ્રશંસાપાત્ર સત્યનિષ્ઠા તથા દ્રોણ, દુર્યોધન, કર્ણ, અર્જુન અને ભીમ વગેરે વીરોની અદ્ભુત વીરત્વપૂર્ણ કથાઓ વાંચીને કયા ભારતવાસીના મૃતઃપ્રાય પ્રાણોમાં નવજીવનનો સંચાર નહિ થાય? પોતાના પૂર્વજોના ગૌરવનું સ્મરણ કરીને ગર્વથી કોની છાતી ફૂલી નહિ ઊઠે? તેથી જો આપણને આપણા ભૂતકાળના મહત્ત્વનું યથાર્થ ચિત્ર જોવાની અભિલાષા હોય, તો આપણે મહાભારત જરૂર વાંચવું જોઇએ. જો સંસારના એ અલૌકિક મહાવીરોની વીરકથા વાંચીને મૃતઃપ્રાય પ્રાણોમાં નવીન સંજીવની શક્તિ ભરવાની ઇચ્છા હોય, તો મહાભારતનો પાઠ અવશ્ય કરવો જોઇએ અને સત્ય વાત એ છે કે, **જેણે મહાભારત નથી વાંચ્યું તેનું ભારતવાસી હોવું જ વ્યર્થ છે.**

શ્રીમહાભારત [સચિત્ર]

'મહાભારત' એ આર્યપ્રજાના સાહિત્યનો એવો ઉત્તમ રત્નાકર છે કે, જેઓ મનનપૂર્વક તેનો પાઠ કરે છે અને તેની હીરામાણેક કરતાં પણ વધારે ઉપકારક શિખામણો હૃદયમાં ઉતારે છે, તેમને લૌકિક તથા પારલૌકિક જ્ઞાન તથા સુખને માટે બીજો ગ્રંથ જોવાની જરૂર રહેતી નથી. હિંદુજાતિના પ્રાચીન ધર્મગ્રંથોમાં મહાભારતને પાંચમો વેદ કહે છે, તે ઉપમા પણ યોગ્ય જ છે; કેમકે આ ગ્રંથ અનેક શિખામણોનો સાગર, ઉપદેશોનો આગાર અને ધર્મકર્મનો ભંડાર છે. તેમાં મુખ્ય વિષય તો વીર પાંડવોનું ઉત્થાન, કૌરવપાંડવોનું યુદ્ધ, પાંડવોની રાજ્યપ્રાપ્તિ અને રાજ્યશાસનના વર્ણનનો છે; પણ તેના કવિ એક વેદપારંગત મહાત્મા અને ધર્મસંસ્થાપક મુનિ હોવાથી એની સાથે સાથે પ્રસંગોપાત ધર્મ, નીતિ, રાજ્યશાસન અને તત્ત્વજ્ઞાનનાં પણ તેઓ એવાં સરસ અને ઉચ્ચ વર્ણન કરી ગયા છે, કે વાચક પોતાના હૃદયમાં કોઈ નવો જ પ્રકાશ અનુભવે છે; તેનું હૃદય નિર્મળ બની જાય છે અને તે શું નો શું બની જાય છે. જે હેતુથી ભગવાન્ આ મહત્ત્વપૂર્ણ ઉપદેશ [illegible] તે જ હેતુથી રાજર્ષિઓ અને બ્રહ્મર્ષિઓનાં પ્રસંગ [illegible] ઉપાખ્યાન, દૃષ્ટાંત અને કથાકહાણીઓ પણ આ [illegible] પણ મનુષ્યના જીવન પર કેવો પ્રભાવ [illegible] ઉપદેશ [illegible] અનેક [illegible] પ્રાચીન જીવન તથા તેના [illegible]

[illegible]

તેથી કરીને અત્યંત પ્રાચીનકાળથી અદ્યાપિપર્યંતના બધા પંડિતોનો એ જ મત છે કે, **જે કંઈ મહાભારતમાં છે, તે જ બીજે સ્થળે જોવામાં આવે છે અને જે તેમાં નથી તે ક્યાંય પણ નથી.**

મહાભારતનાં જુદા જુદા પ્રકારનાં અદ્ભુત પાત્રોનાં ચરિત્ર જોઇને આપણને આજથી હજારો વર્ષ પહેલાંના આપણા દેશ અને સમાજની અવસ્થાનું યથાર્થ જ્ઞાન થાય છે. ભીષ્મ પિતામહની અલૌકિક પિતૃભક્તિ, શ્રીકૃષ્ણની વિલક્ષણ રાજનીતિ, યુધિષ્ઠિરની પ્રશંસાપાત્ર સત્યનિષ્ઠા તથા દ્રોણ, દુર્યોધન, કર્ણ, અર્જુન અને ભીમ વગેરે વીરોની અદ્ભુત વીરત્વપૂર્ણ કથાઓ વાંચીને કયા ભારતવાસીના મૃતઃપ્રાય પ્રાણોમાં નવજીવનનો સંચાર નહિ થાય? પોતાના પૂર્વજોના ગૌરવનું સ્મરણ કરીને ગર્વથી કોની છાતી ફૂલી નહિ ઊઠે? તેથી જો આપણને આપણા ભૂતકાળના મહત્ત્વનું યથાર્થ ચિત્ર જોવાની અભિલાષા હોય, તો આપણે મહાભારત જરૂર વાંચવું જોઇએ. જો સંસારના એ અલૌકિક મહાવીરોની વીરકથા વાંચીને મૃતઃપ્રાય પ્રાણોમાં નવીન સંજીવની શક્તિ ભરવાની ઇચ્છા હોય, તો મહાભારતનો પાઠ અવશ્ય કરવો જોઇએ અને સત્ય વાત એ છે કે, **જેણે મહાભારત નથી વાંચ્યું તેનું ભારતવાસી હોવું જ વ્યર્થ છે.**

મહાભારતનાં નીચેનાં પર્વો છપાઇને હાલ તૈયાર મળે છે.

ग्रंथ १ लो—आदि अने सभापर्व—तैयार छे

આવૃત્તિ ૩ જી, ક્દ ૭ા×૧૦, પૃષ્ઠ ૮૦૦, ચિત્ર ૮, મૂલ્ય રૂા. ૬)

નવું ભાષાંતર, આ લીટી જેવા મોટા અક્ષરોમાં છપાયું છે.

પાંડવોના વનગમન સુધીનો વૃત્તાંત હોઈ એમાંના કેટલાક વિષયો:—પરિક્ષિત રાજાનું ઉપાખ્યાન, વાસુકિ અને જરત્કારુ ઋષિનો સમાગમ, શકુંતલાની જન્મકથા, દુષ્યંત તથા શકુંતલાનો સંવાદ, ભરતનો રાજ્યાભિષેક, યયાતિ રાજાનું આખ્યાન, શુક્રાચાર્ય અને દેવયાનીનો સંવાદ, પુનર્જન્માદિ વિચાર, આશ્રમધર્મો, શાંતનુ રાજાનું ઉપાખ્યાન, ભીષ્મની ઉત્પત્તિ, ભીષ્મની પ્રતિજ્ઞા,

સત્યવતી તથા ભીષ્મનો સંવાદ, લાક્ષાગૃહનો દાહ અને પાંડવોનું નાસી છૂટવું, હિડિંબ રાક્ષસ સાથે ભીમસેનનું યુદ્ધ, ક્ષત્રિયબળથી બ્રહ્મબળને શ્રેષ્ઠ જોઈ વિશ્વામિત્રનું બ્રાહ્મણ થવું, અર્જુનનો મત્સ્યવેધ, પાંડવો અને દ્રોપદીની પૂર્વકથા, સુભદ્રાહરણ, જરાસંધનો વધ, રાજસૂયયજ્ઞની દીક્ષા, શ્રીકૃષ્ણનું અર્ધ્યપૂજન, શિશુપાલનો વધ, યુધિષ્ઠિર અને શકુનિનો સંવાદ, કૌરવ અને પાંડવોનું દ્યૂત, દ્રોપદીવસ્ત્રાહરણ, પાંડવોની પ્રતિજ્ઞા અને વનગમન ઈત્યાદિ.

ग्रंथ २ जो—वन अने विराटपर्व तैयार छे

આવૃત્તિ ૨ જી, ક્રાઉન ૧૦ નાં પૃષ્ઠ ૭૨૦, ચિત્ર ૯, મૂલ્ય રૂ. ૫ નવું ભાષાંતર, આ લીટી જેવા મોટા અક્ષરોમાં છપાયું છે.

એમાંના કેટલાક વિષયો:—પાંડવોનું વનગમન, વ્યાસનો ઉપદેશ, કિરાત અને અર્જુનનું યુદ્ધ, માર્કંડેય મુનિનો ઉપદેશ, હંસ અને દમયંતીનો સંવાદ, તીર્થવર્ણન, અગસ્ત્યનું આખ્યાન, [illegible] [illegible], ઋષ્યશૃંગચરિત, ચ્યવનમુનિનું આખ્યાન, [illegible] આખ્યાન, [illegible], ઈત્યાદિ [illegible] અનેક આખ્યાનો અને ૧૨ [illegible]

ग्रंथ ६ ठो—श्रीशान्तिपर्व—तैयार छे

રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ

[illegible] ચિત્ર [illegible] [illegible] અને [illegible] [illegible]

આ સિવાય બીજાં મ્હોટાં ગ્રંથો છપાય છે.

अनुक्रमणिका





શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૧૨	ડેમો	ડેસો
૯	૨૩	પરોકારના	પરોપકારના
૨૧	૩	गजायदो	गजारूदो
૩૧	૧૨	રામનિર્થ	રામતીર્થ
૫૨	૧૮	પનિત્રનના	પાનિત્રત્યના
૫૭	૧૬	આવશા	આવવા
૬૨	૨૧	આશ્ચર્ય	આશ્રય
૯૮	૨૫	દાનવો	દાવને
૧૧૦	૧૫	પર્દાશનુ	પદાર્થનું
[illegible]	૨	મુના	મુના
[illegible]	૨	ઈશ્વરભજનમાં	ઈશ્વરભજનમા
[illegible]	૧૧	અને	અને
[illegible]	૧૧	મહેનત	મહેનત
[illegible]	[illegible]	અને	અને
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	शिक्षागणा	शिक्षागणा
		[illegible]	[illegible]
		[illegible]	[illegible]
		[illegible]	[illegible]
		[illegible]	[illegible]
		[illegible]	[illegible]
		[illegible]	[illegible]
		[illegible]	[illegible]
		[illegible]	[illegible]

શ્રીસુબોધ કથાસાગર

૧–શ્રીરામભક્ત હનુમાનજી

જ્યારે શ્રીરામ લંકામાં જવા માટે પુલ બાંધતા હતા, ત્યારે એક વખત હનુમાનજીની પરીક્ષા કરવા તેમણે પથ્થરનો એક કકડો પાણીમાં ફેંક્યો. ફેંકતાંની સાથેજ તે ડૂબી ગયો. શ્રીરામે હનુમાનજીને પૂછ્યું: "મારા નામથી મોટા પહાડો તરે છે ને મારા હાથથી આ નાનો પથ્થર પણ ન તર્યો તેનું શું કારણ ?" હનુમાનજીએ કહ્યું: "ભગવન્ ! તે પથ્થરને તમે હાથથી તરછોડી નાખ્યો, તેથી તે ડૂબી ગયો. આ સંસારમાં આપ જેનો હાથ મૂકી દો અર્થાત્ આપના શરણને જે છોડી દે છે, તે અવશ્ય આ પથ્થર પેઠે ડૂબી જાય છે." ત્યારપછી રાવણને મારી શ્રીરામ અયોધ્યા આવી ગાદી ઉપર બેઠા. યુદ્ધમાં વિજય મળવાથી શ્રીરામે મંત્રીઓ તથા નગરજનો વગેરેને બોલાવી રાજમહેલમાં મોટો દરબાર ભરી બધાને શિરપાવ આપ્યો, પણ ભક્તશિરોમણી હનુમાનજીને કંઇ આપ્યું નહિ. આથી હનુમાનજીને ખોટું લાગશે, એમ ધારી સીતાજીએ પોતાનો અમૂલ્ય હાર હનુમાનજીને પહેરાવી દીધો. હનુમાનજીએ હાર સામું જોઇ



તેમાંનું એકેક મોતી તોડી તોડીને દૂર ફેંકવા માંડ્યું. એટલે સીતાજીએ કહ્યું: "અરે મૂર્ખ વાનર! આ અમૂલ્ય હાર ટોકમાં પહેરવાનો છે, તેને આ તું શું કરે છે!" હનુમાનજીએ કહ્યું: "આ હાર તો પથ્થરનો છે, તેને તો મૂર્ખ માણસોજ ટોકમાં રાખે. હું તો અમૂલ્ય શ્રીરામનેજ નિરંતર હૃદયમાં ધારણ કરી રાખું છું." એમ કહી પોતાનું હૃદય ચીરી હૃદયમાં અને રુંવે રુંવે શ્રીરામનામનો સાક્ષાત્કાર બધાને બતાવ્યો! આથી શ્રીરામચંદ્રજી ઘણા પ્રસન્ન થયા. પછી શ્રીરામચંદ્રજીએ હનુમાનજીની વધુ પરીક્ષા કરવા પૂછ્યું: "હનુમાન, તું કોણ છે?" તેના ઉત્તરમાં હનુમાનજી કહે છે—

देहदृष्ट्या तु दासोऽहं जीवदृष्ट्या त्वदंशकः ।
वस्तुतस्तु त्वमेवाहमिति मे निश्चिता मतिः ॥

અર્થાત્ જો તમે મને દેહદૃષ્ટિથી પૂછતા હો તો શરીરથી હું તમારો [illegible] છું અને જો જીવબુદ્ધિએ પૂછતા હો [illegible] હું તમારોજ અંશ છું અને [illegible] પૂછતા હો તો [illegible] તમે અને [illegible] આ મારો [illegible] છે." [illegible] હનુમાનજીની શ્રીરામચંદ્રજી [illegible]

૨– [illegible]

[illegible]

અને બધાનું પાલનપોષણ હુંજ કરું છું. મનુ વગેરે શાસ્ત્રકારોએ લાંચ લઈ વિપ્રનું પાલકપણું નકામું શાસ્ત્રોમાં ઘુસાડી દીધું છે.' તેના આ મતને રાજાના નોકરોનો મજબૂત ટેકો હતો. તેઓ રાજાની હાજી હા ભણતા, પણ સાચા માણસો તો રાજાની આ મૂર્ખતા પર હસતા હતા. એક મહાત્માએ વિચાર્યું કે, નોકરો રાજાની પાસે કૂતરાની પેઠે પૂંછડી હલાવે છે. પ્રજાજનો પણ રાજાના હુકમ પ્રમાણે ન ચાલે તો દંડ પામે. માટે આ મૂર્ખમંડળને મારે સાચો બોધ આપવો જોઇએ. એમ વિચારી તેઓ શહેરની બહાર એક વૃક્ષ તળે જઇને બેઠા. તેમની શાંતિદાતા મધુર વાણીથી આકર્ષાઇને ઘણા લોકો ત્યાં આવવા લાગ્યા. તેઓની સાથે રાજા પણ આવ્યો અને 'હુંજ બધાનું પાલન કરું છું' એમ કહેવા લાગ્યો. ત્યારે સંત બોલ્યાઃ "અરે અવિચારી રાજા, તને મૂર્ખાઓએ અવળે રસ્તે ચડાવી મૂક્યો છે. હું તને પૂછું છું કે, તારા દેશમાં કાગડા, કૂતરા અને કીડીઓ કેટલાં છે?" રાજા બોલ્યોઃ "તે હું જાણતો નથી." સંતે કહ્યું: "જ્યારે તું તેઓની સંખ્યા પણ જાણતો નથી, તો કેવા હિસાબથી તું એ બધાને સીધુંસામાન પહોંચાડતો હોઇશ!" રાજા શરમિંદો થઈ બોલ્યોઃ "શું કીડીને પણ ખાવાનું ભગવાન આપે છે? જો એમ હોય તો આ દાબડીમાં હું આ કીડીને પૂરું છું અને પછી જોઉં કે ભગવાન તેને કેવી રીતે ખાવાનું આપે છે." મહાત્માએ કહ્યું: "બહુ સારું, તું સવારે અહીં આવીને આ દાબડી ઉઘાડજે." બીજે દિવસે મહાત્મા પાસે આવી તેણે દાબડી ઉઘાડી તો તે કીડી ચોખાનો એક દાણો ખાતી હતી. તે દાબડી બંધ કરતી વખતે રાજાના કપાળેથી એ ચોખાનો દાણો દાબડીમાં પડ્યો હતો. આ જોઇ તે અભિમાની રાજાએ કબૂલ્યું કે, પરમાત્માજ બધાનું પોષણ કરે છે.

३–मोटा पुरुषनो महिमा

એક વખતે નારદજી ફરતા ફરતા મૃત્યુલોકમાં આવ્યા. ત્યાં એક ગૃહસ્થને અનેક ઉપાયો કર્યા છતાં પુત્ર નહિ હોવાથી તેણે નારદજીને વિનંતિ કરી કે, "આપ મને આશીર્વાદ આપો કે જેથી મારે ઘેર પુત્ર થાય. કેમકે વંધ્યત્વ એ મહાન પાપ છે." નારદજીએ કહ્યું: " બહુ સારું, તમને પુત્ર થશે પરંતુ હું ભગવાન વિષ્ણુનો મત લઈને તમને જવાબ આપીશ." વિષ્ણુ પાસે જઈ નારદજીએ વાત કરી કે, "આ ગૃહસ્થને હું વચન આપીને આવ્યો છું, માટે તેને ત્યાં પુત્ર થવો જોઈએ." વિષ્ણુજીએ નારદજીને કહ્યું કે, "તેને સાત જન્મ સુધી એક પણ પુત્ર નથી. તો આ જન્મમાં ક્યાંથી આપીએ?" નારદજીએ તે ગૃહસ્થને વિષ્ણુ સાથે થયેલી વાતચીત કહી. ગૃહસ્થ નિરાશ થઈ [illegible] એક મહાન જ્ઞાની, રાગદ્વેષરહિત, [illegible] મહાત્મા આવ્યા. આ મહાત્માએ ઘણા દિવસ [illegible] ફરતા ફરતા [illegible]

કહ્યું: "અરે, હું મરી જાઉં છું. કોઇ ઓસડ આપો." નારદજી કહે: "ઓસડનું નામ આપો એટલે હું લાવી આપું." વિષ્ણુજીએ કહ્યું: "ભક્તનું માથું કાપીને તેનું લોહી ચોપડવાથી મને મટશે." પછી નારદજી માથું માગવા નીકળી પડયા. બ્રહ્મા, ઇંદ્રાદિ કોઇએ આપ્યું નહિ અને કહ્યું કે, "તમારું માથું આપોને, બીજાનું શા માટે માગો છો?" અંતે પેલા મહાત્મા મળ્યા. નારદે તેમને વાત કરી એટલે તે મહાત્મા અને નારદ સાથે વિષ્ણુ ભગવાન પાસે આવ્યા. મહાત્માએ ભગવાનને કહ્યું: "હે ભગવન્, આપને માટે મારું માથું કામ આવે તો જલદી કાપી લો." આ જોઈ શ્રીવિષ્ણુ બોલ્યા: "જુઓ નારદજી, આવા પુરુષોજ પુત્રો આપી શકે છે. તમારા કે મારા જેવા નહિ. તમારું માથું હોવા છતાં તમો બીજે ખોળવા ગયા હતા." આ સાંભળી નારદજી શરમાઈ ગયા.

૪–जेवां कर्म तेवां फळ

કરણી તેવી પાર ઉતરણી, શા માટે સૌ ફૂલો;
રાઈરાઈનાં લેખાં લેશે, વાત કદી ના ભૂલો.

એક ગૃહસ્થની સ્રીને થોડાં વર્ષ સુધી કંઇ બાળક ન થયું. આથી તે પુત્ર માટે મૂર્ખ, ધૂર્ત, માણસો પાસે દોરા–તાવીજ, અને મંત્રજંત્ર કરાવતી. એક વખત કોઇ પાખંડીએ એ મૂર્ખ સ્રીને કહ્યું: "અમુક રાત્રે ફલાણાના ઘરમાં અગ્નિ મૂકે, તો ગુરુનું વચન છે કે, તને પુત્ર થશે." 'બળે મુખ તો ખૂલે કૂખ' મૂર્ખ સ્રીએ તે પ્રમાણે કર્યું. તે ભયંકર આગમાં ઘણો માલ તેમજ ગાય, ભેંસો અને વાછરડાંઓ મળીને આઠ જીવ બરાડા પાડતાં પાડતાં બળી ગયાં. પછી થોડા દિવસમાં બાઇને પુત્ર જન્મ્યો. વખત જતાં તે આઠ છોકરાની મા થઇ. તે સ્રીનો વૃદ્ધ સસરો

પોતાના દીકરાની વહુના આ કૃત્યથી જાણીતો હતો. તો વખતે તે બોલ્યોઃ "ભગવાનને ત્યાં પણ અંધારું લાગે છે," આથી પેલીએ બુઢ્ઢાને ખૂબ ભાંડ્યો. તે બાઈ પોતાના છોકરા મોટા થતા ગયા તેમ તેમ તેમને પરણાવતી ગઈ. પરણે કે તરત છોકરા મરી જાય. આમ બધા મરી ગયા. બાઈ ખૂબ રડવા લાગી, ત્યારે બુઢ્ઢો બોલ્યોઃ "ઈશ્વરને ત્યાં અંધેર નથી, ખરો સાચો ન્યાય છે." છોકરાઓના મરણ પાછળ ડોસાનાં આ વચનો પેલી વહુને ઘામાં મીઠાની પેઠે ગરજ સારતાં હતાં. તેથી તેણે ડોસા સાથે લડાઈ કરી કે, "જુવાન જોધ જેવા છોકરા મરવાથી તમો રાજી થાઓ છો." આડોશીપાડોશી પણ ડોસાને ઠપકો આપવા લાગ્યા. ત્યારે ડોસો બોલ્યોઃ "મારો વંશ મને ઘણો પ્રિય છે, પણ આ અભાગણીએ કોઈ પુત્ર[illegible] પોતાના ઘરમાં અગ્નિ મૂકયાં હતાં અને તેમાં [illegible] પાણી બળી મૂઆં હતાં તે [illegible] આવ્યાં છે અને [illegible] મૂકી [illegible] છે" [illegible] લોકો [illegible] સમજ્યું કે મને મારાં કુટુંબનેજ [illegible]

[illegible]

[illegible]

[illegible]

હોય તો ચાલો, આજે આપણે પરીક્ષા કરીએ." શિવજીએ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લીધું અને રસ્તા ઉપર એક કાદવવાળા ખાડામાં પડી ગયા. પાર્વતીએ યુવાન સ્ત્રીનું રૂપ ધારણ કર્યું અને રુદન કરવા લાગ્યાં. તે દિવસે ગંગાજીનો ઉત્સવ હોવાથી હજારો કોશથી સેંકડો મનુષ્યો સ્નાન કરવા ત્યાં આવ્યાં હતાં. પાર્વતીને રુદન કરતાં જોઈ સર્વ કોઇએ પૂછયું: "તું શા માટે રુદન કરે છે?" પાર્વતીએ કહ્યું: "આ મારો વૃદ્ધ પતિ દુ:ખી થાય છે, તેને કોઇ બહાર કાઢશે તેનું ઈશ્વર ભલું કરશે; પણ એટલો ખ્યાલ રાખજો કે જે મનુષ્ય પવિત્ર હોય તેજ અડકજો, બીજો અડકશે તો બળીને ભસ્મ થશે." તે સાંભળી સર્વ કોઇને સંશય થયો કે, આપણે થોડા પણ અપવિત્ર હોઈએ તો બળી જઇએ. આ પ્રમાણે અસંખ્ય મનુષ્યો ત્યાં આવ્યા અને ચાલ્યા ગયા. કોઇ યુવતીને જોઈને હસે, તો કોઈ બુઢ્ઢાને દેખીને હસે; કોઈ તો કહે કે, 'આ બુઢ્ઢાને મૂકી દે અને અમારી સાથે ચાલ,' ત્યારે કોઇ તો 'હર ગંગે, પાર્વતી પતયે નમ:' આદિ વિવિધ ઉચ્ચારો કરતા જાય છે. પણ પરોપકારની કોને પડી છે? સાંજ પડી ગઇ, એવામાં રાતદિવસ કામ કરનાર કોઇ ખેડૂત ગંગાજી ઉપર બહુ શ્રદ્ધા હોવાથી ખેતીનું કામ પરવારી નાહવા આવેલો, તે ત્યાંથી નીકળ્યો. તેણે પાર્વતીને પૂછયું: "આ કોણ છે?" પાર્વતીએ ઉપર પ્રમાણે જણાવ્યું, એટલે ખેડૂતે રાજી થઇ કહ્યું કે, "ગંગાજી પાપનો નાશ કરનારાં છે. હું તેમાં સ્નાન કરી નિષ્પાપ થયો છું તો લાવો હું એને બહાર કાઢું" "એમ કહી મહાદેવજીને ખાડામાંથી બહાર કાઢવા ગયો, ત્યાં મહાદેવજીએ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ બદલી ખેડૂતને પ્રત્યક્ષ દર્શન દીધાં.

६–एक ओरडो लई गया!

એક ગામમાંથી વરને પરણાવા જાન બહારગામ ગઈ હતી. પરણાવીને આવતાં રસ્તામાં રાત રહેવું પડ્યું. આથી એક જમીનદારનું પાંચ ઓરડાવાળું મકાન હતું તે માગી લીધું. રાત રહીને સવારે વહેલા જાનવાળા ચાલ્યા ગયા. જમીનદારે નોકરને કહ્યું કે, "એ તો ખરો, જાનવાળા આપણી કંઈ વસ્તુ તો નથી લઈ ગયા?" સરસામાન બધો તપાસ્યો, તે બરાબર હતો. પછી નોકર મકાનના વચ્ચેના ઓરડામાં ઊભો રહી ઓરડા ગણવા લાગ્યો. જેને ઊભો છે તે ઓરડો ગણ્યો નહિ, તેથી ચાર ઓરડા થયા. તે દોડતો જમીનદાર પાસે ગયો અને કહ્યું: "બીજું બધું તો બરાબર છે, પણ જાનવાળા એક ઓરડો લઈ ગયા લાગે છે." કંઈ વિચાર કર્યા વગર પોતાના માણસોને તેયાર કર્યા. જમીનદાર બોલ્યો "હે ડેંગવાળો, તૈયાર થાઓ, જાંગી [illegible], [illegible] પાડો. કેને [illegible]?" [illegible] ઓરડો જ હો!

જમીનદાર બોલ્યોઃ "હમણા તેઓએ પાંચમો ઓરડો મૂકી દીધો હશે." લોકો હસવા લાગ્યા કે કેવી મૂર્ખાઇ!

૭–मेहसूल माफ कर्युं!

એક મુમુક્ષુ રાજા હતો. તેને કોઇ જ્ઞાની મહાત્માએ ઉપદેશ આપ્યો. બધી પ્રજાએ પણ તે ઉપદેશ લીધો. બધા એક ગુરુના શિષ્યો હોવાથી એ સત્સંગીમંડળ ગણાય. રાજા જાતે સાચો પ્રેમી હતો. બીજા વિશેષે કરીને બાહ્ય દેખાવ કરનારાં હતા. રાજા તરફથી જમીનમહેસૂલ લેવામાં આવ્યું, ત્યારે પ્રજાજનો બોલ્યાઃ "રાજા તો અમારો ગુરુભાઇ થાય, શું અમારી પાસેથી તે મહેસૂલ લેશે?" રાજાએ મહેસૂલ છોડી દીધું. આથી લોકો એક ગુરુપણાના ઓઠા હેઠળ આળસુ બન્યા. સર્વ કોઈ જ્ઞાની બનીને ગમે તેમ વર્તવા લાગ્યા. રાજા કંઈ ન બોલે. રાજ્ય કરજમાં પડયું, તેવામાં ગુરુજી આવ્યા. રાજાને પૂછયુંઃ "આ શું થયું?" રાજાએ સર્વ હકીકત કહી. ગુરુએ વિચાર્યું કે, આ સર્વ જ્ઞાનનો દુરુપયોગ કરે છે, માટે કેટલા સાચા છે તે જોવું જોઇએ. આમ વિચારી ઢંઢેરો પિટાવ્યો. બધા એકઠા થયા ત્યારે ગુરુએ કહ્યું કે, "રાજાને ભયંકર રોગ લાગુ પડયો છે અને તે રોગ દૂર કરવા માટે એકજ ગુરુના શિષ્યોમાંથી તેલ કાઢવું છે." આ સાંભળી બધા નાસી ગયા. માત્ર એક સાચો નીકળ્યો. તે મહાત્મા પાસે આવીને ઊભો રહ્યો. "જે પ્રમાણે તેલ કાઢવું હોય તે પ્રમાણે કાઢો. આ શરીર પરોપકારના કાર્યમાં વપરાતું હોય તો એનાથી વધારે રૂડું શું?" મહાત્માએ પ્રસન્ન થઇને આ એકલાનુંજ મહેસૂલ માફ કરવા કહ્યું.

૮–હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને

યુધિષ્ઠિર રાજા જે વખતે સ્વર્ગારોહણ કરવા નીકળ્યા, તે વખતે તેમના ભાઈઓ તથા દ્રૌપદી રસ્તામાં પાછળ પડી ગયાં. તેઓએ બોલાવ્યા છતાં વિશેષ વાતચીત નહિ કરતાં, યુધિષ્ઠિરે સત્યને માટે આગળ આરોહણ કર્યું. જ્યારે તે પાછલે સ્થલે પહોંચી ગયા, ત્યારે પોતાની બાજુએ કુતરાને ઉભેલો દીઠો. એટલામાં રાજાને સત્યને શિખરે પહોંચેલો જોઈ ઈંદ્ર-દેવ અત્યંત પ્રકટ થયા અને યુધિષ્ઠિરને વિમાનમાં બેસી સદેહે સ્વર્ગમાં આવવાનું કહ્યું. યુધિષ્ઠિર બોલ્યા: "આ મારા અનન્ય આશ્રિતને સાથે વિમાની લો, એટલે હું આવું." ઈંદ્ર બોલ્યા "એમ ન બને. કુતરો સ્વર્ગને લાયક નથી. હજુ તે મનુષ્ય નથી, જ્યારે ત્યાં તે સત્યને શિખરે પહોંચી પછી સ્વર્ગમાં [illegible]

૯–आंखनो मोह खोटो छे

પ્રાચીન કાળમાં સાધુ પુરુષો જંગલમાં રહેતા અને વનફળ ખાતા. કોઇ દિવસ અન્નની રુચિ થાય ત્યારેજ વસ્તીમાં આવતા. આધુનિક જમાનામાં તો રાજ્યોએ ઘણાંખરાં વનવૃક્ષ વેચીને કપાવી નંખાવ્યાં છે અને જે થોડાં બાકી છે તેના પર કર હોવાથી અને પૂરતી સગવડ નહિ રહેવાથી, સાધુઓની પ્રાચીન સ્થિતિમાં પરિવર્તન થયું છે. પ્રાચીન સમયમાં કોઇ વિરક્ત સાધુ એક દિવસ અન્નની રુચિ થવાથી વસ્તીમાં આવી ચઢ્યો. એક બાઇએ બહુજ પ્રેમથી તેને ભિક્ષા આપી અને કહ્યું કે, "તમારે અહીં રોજ ભિક્ષા લેવા આવી અમને કૃતાર્થ કરવાં." સાધુ તો મસ્ત હતો, તે બોલ્યા વિના ચાલ્યો ગયો. બીજે દિવસે તે આવ્યો, એટલે બાઇ ભિક્ષા લઇને તૈયાર ઊભી હતી. આજે બાઈનો શુદ્ધ પ્રેમ મલિન દિશા તરફ વહેતો હતો. આવું ઘણે સ્થળે બને છે. મહાત્મા આવ્યા એટલે ભિક્ષા આપીને કહ્યું કે, "હું તો તમારી રાહ જોઇ ઊભી હતી. તમારી આંખોએ મારું ચિત્ત હરણ કરી લીધું છે." મહાત્મા બોલ્યાચાલ્યા વિના ચાલ્યા ગયા. બીજે દિવસે મહાત્માએ આંખોના ડોળા કાઢીને હાથમાં રાખ્યા અને ભિક્ષા લેવા ગયા. બાઇ ભિક્ષા લાવી ત્યારે મહાત્માએ કહ્યું કે, "જેણે તારું ચિત્ત હર્યું છે તે આંખોના ડોળા તું લે. એને તું તારી પાસે રાખજે અને સુખી થજે." આ સાંભળી તે બાઇ ઘણી પસ્તાઇ. શરીર પરનો મોહ ખોટો છે એમ સમજી તે ત્યારથી વૈરાગ્યપરાયણ થઇ ઈશ્વરભક્તિ કરવા લાગી.

१०–नियमनुं पालन

એક નાના ગામમાં કોઈ વ્યવહારકુશળ મહાત્મા આવ્યા. તે લોકોના અધિકાર પ્રમાણે ઉપદેશ આપતા હતા. ગામના પણ માણસો તેમની પાસેથી બોધ લેવા લાગ્યા. જ્યારે તે [illegible] જવા તૈયાર થયા, ત્યારે બધાને બોલાવી કહ્યું કે, "તમે આજ થી કોઈક નિયમ પાળો. હું ફરીથી આવીને જોઈશ કે તમે જીવનમાં કેટલો સુધારો કર્યો છે." મહાત્માના કહેવાથી કોઈએ [illegible]નું, કોઈએ માળા ફેરવવાનું, તો કોઈ કોઈએ [illegible]વાનું અને [illegible]ના આશા પૂરવાનું વ્રત લીધું. એક [illegible] બોલ્યા કે "હું બીજું કંઈ નહિ કરી શકું, [illegible] મુખ જોઈ હું ભોજન લઈશ." મહાત્મા તો ગયા. પણ નિયમ લીધા. પણ નિયમપાલન [illegible]

[illegible]

તો ધનાઢ્ય થયો, પણ કર્મ કરવાને આવેલો જીવરૂપી ખેડૂત આખી આલમને ઘડનાર ઈશ્વર સંબંધી યોગ્ય નિયમ ન રાખે, તો જન્મજન્માંતરની તેની ભૂખ ભાગે તેમાં કહેવુંજ શું ?

૧૧-कन्याविक्रय

શાસ્ત્રમાં કહ્યું છે કે, अपुत्रस्य गतिर्नास्ति। અર્થાત્ પુત્રરહિતની ગતિ નથી. એક બ્રાહ્મણ અપુત્ર હોવાથી પુત્ર મેળવવા જ્યાં ત્યાં ફાંફાં મારતો હતો. તે માટે દેવોની બાધા રાખી તે તીર્થોમાં ફર્યો, તેમ બધા સિદ્ધોને પણ ખોળી વળ્યો. છેવટે જ્યોતિષીઓ પાસે આવજા કરી પોતાના જોડા અને તેઓનાં પંચાંગો ફાડી નાખ્યાં; છતાં કંઈ વળ્યું નહિ. અંતે એક અઘોરી પાસેથી મલિન મંત્ર લઈ તેણે ભૈરવને પ્રસન્ન કર્યો. ભૈરવે પુત્ર આપવા હા કહી, પણ બદલામાં પાંચ શેર ગાયની માટી માગી. ગરજ ને અક્કલ ન હોય તે પ્રમાણે બ્રાહ્મણે તે માગણી કબૂલ રાખી. તેને પુત્ર થયો કે તરત ભૈરવે ઉઘરાણી શરૂ કરી. "પુત્ર મોટો થશે ત્યારે આપીશ" એમ કહી બ્રાહ્મણે ઠેલવા માંડ્યું. ભૈરવે ઘણા ધક્કા ખાધા પછી, ક્રોધે ભરાઇ કહ્યું: "ગાયની માટી આપી દે નહિ તો તારા પુત્રને હું મારી નાખીશ." બ્રાહ્મણ અકળાઇને બોલ્યો: "પાંચ શેરને બદલે દશ શેર આપું, પણ બ્રાહ્મણથી ગાય કેમ મરાય? લોકો જાણે તો ગૌહત્યારો કહી મને જ્ઞાતિ બહાર મૂકે." ભૈરવે કહ્યું: "હું તને રસ્તો બતાવું છું; તારી પોળમાં પેલા વાણિયાને ત્યાં લગ્ન છે, તેણે છોડી વેચીને પૈસા આણ્યા છે, ત્યાંથી પાંચ શેર અન્ન લાવ, તે અન્ન ગાયની માટી બરાબર છે." બ્રાહ્મણ એક વા યાંથી અન્ન લાવ્યો અને જેવું ઉઘાડે છે તરત અ માંસના

લોચા દેખાયા! લોકો ભેગા થઈ આશ્ચર્ય પામ્યા. છેવટે કહ્યું: " મારે માંસ જોઈતું ન હતું, પણ તમને સમજાવવા આવ્યો કે, ઉધારીના પૈસા લઈ અન્ન ખાવું તે ગાયની માટી બરાબર છે."

૧૨–हुं बराबर छुं के ?

સચ્ચાઈ છીપ નહિ શકતી, બનાવટકી રસૂલો સેં;
ખુશ્બો આની નહિ હરગીજ, કભી કાગજકે ફૂલો સે.

એક વખતે એક મનુષ્યે અજબ કુશળતાથી પોતાની એક આબેહૂબ મૂર્તિ બનાવી કે, અસલ કઈ અને નકલ કઈ, એ કોઈથી જાણી શકાય નહિ. તે સમજ્યો કે, " મનુષ્યો મને અને મારી મૂર્તિને ભિન્ન નહી જાણતા તેથી યમદૂતને પણ શું!" એમ વિચારી તેણે પોતાના જેવા કેટલાક પૂતળાં બનાવ્યાં. જ્યારે યમદૂતો તેને લેવા આવ્યા, ત્યારે તે પૂતળાંમાં [illegible]

૧૩–પ્રભુનેજ વાદ્ય વગાડવા દો !



એક મંદિરમાં સુંદર વાજું હતું. તે કીમતી તથા ઉત્તમ હતું, તેથી તેની દેખરેખ રાખનાર મનુષ્ય કોઇ પણ અજાણ્યા મનુષ્યને વાજાને અડકવા દેતો નહિ. એક વખતે આરતીના સમયે તદ્દન સાદાં વસ્ત્ર પહેરીને સૌમ્ય આકૃતિવાળો એક મનુષ્ય ત્યાં આવી પડયો. તેણે વાજું વગાડવા પોતાની ઇચ્છા જણાવી, પણ પેલા માણસે તેમ કરવાની સ્પષ્ટ મના કરી; કારણ કે અજાણ્યાના હાથ અડકવાથી વાજું બગડી જાય એવો તેને ભય હતો. જ્યારે આરતી પૂરી થઇ ત્યારે સૌ લોકો ચાલ્યા ગયા, પરંતુ પેલા સાદા પોષાકવાળો પુરુષ ગુપચુપ વાજાની પાસે બેસી રહ્યો અને પછી વાજું વગાડવા લાગ્યો. આ મનુષ્ય વાજાનો મૂળ શોધક હતો. કોઇ દિવસ નહિ સાંભળેલો એવો સુંદર સ્વર સાંભળીને બહાર જતા લોકો પણ થંભી ગયા અને વાજું સાંભળવા લાગ્યા. વાજાનો માલિક તો ભાનજ ભૂલી ગયો અને વાજું કોણ વગાડે છે તથા તેને સાચવવું જોઇએ, તેનું પણ તેને ભાનજ રહ્યું નહિ. બધા વાદ્યરસમાં તલ્લીન થઈ ગયાં. જ્યારે વાજાનો માલિક પોતે વગાડતો હતો ત્યારે લોકોને જે આનંદ થતો, તેથી આજે ઓર આનંદ આવતાં હતો. કારણ કે અમુક માણસ વગાડે છે અને અમે સાંભળીએ છીએ એવું તેમને અભિમાન રહેતું. આ ઉપરથી સમજવાનું એ છે કે, આપણે આ શરીરની સંભાળ રાખીએ છીએ અને તેનો અહંકાર રાખીએ છીએ,તેથી એ શરીર દુઃખરૂપજ થઇ પડે છે; પણ શરીરરૂપી વાદ્ય પ્રભુનેજ વગાડવા આપીએ તો પરમાનંદ પ્રાપ્ત થાય.



બને અને દુઃખી સુખી બને. જ્યારે બીજા લોકોને આ વાતની ખબર પડી, ત્યારે બીમાર તથા દુઃખી માણસ તેની પાછળ પડતાં અને તે બધાંનાં દુઃખો દૂર થતાં અને સૌ સુખી થતાં.

૧૫–ઈશ્વરમાં અડગ શ્રદ્ધા

એક વખત મહારાષ્ટ્રમાં વરસાદ નહિ થવાથી પાણીની તંગીને લીધે પશુ તથા માણસો દુઃખી થતાં હતાં. સૌ આગેવાનોએ મળીને વિચાર કર્યો કે, હવે ઈશ્વરની સ્તુતિ કરવી જોઈએ, એવો ઠરાવ કરીને સર્વ કોઈ નક્કી કરેલે સ્થળે એકઠાં થયાં અને પ્રાર્થના કરવા લાગ્યાં. એવામાં એક બાળક જોડા પહેર્યા વિના છત્રી સાથે આવીને સ્તુતિ કરવા લાગ્યો. માણસોએ કહ્યું: "છત્રી શા માટે લાવ્યો છે, વરસાદ તો છે નહિ?" છોકરાએ જવાબ આપ્યો: "તમે સૌ ઈશ્વર પાસે વરસાદ માગવા આવ્યા, એટલે હું પણ તે માટે આવ્યો. સામાન્ય માણસ પણ કંઈ વસ્તુ માગતાં આપણને નિરાશ ન કરે તો પરમેશ્વર તો કરેજ કેમ? તમો સાધન ન લાવ્યા તે ભૂલ કરી." આથી કેટલાક લોક મશ્કરી કરવા લાગ્યા અને શું બને છે તે જોવા લાગ્યા. છોકરાની શ્રદ્ધાથી પ્રભુ પ્રસન્ન થયા અને વરસાદ વરસ્યો! સઘળા ભીંજાયા અને બાળક આનંદ કરતો છત્રી ઓઢી ઘેર આવ્યો.

૧૬–જેવા ગુરુ તેવા ચેલા

એક વણિકપુત્ર ભણેલો છતાં દ્રવ્યહીન હોવાથી તેને કન્યા મળતી નહોતી. એક ધર્માંધ માણસે પોતાનો ધર્મ સ્વીકારવાની અને તિલક કરવાની શરતે તેને કન્યા આપવાનું કહ્યું.

પેટાએ સસરાની શરતો કબૂલ કરી. પ્રથમ તો ગુરુ પાસેથી મંત્ર લેવો જોઈએ. તેમ કરવા જુવાન તૈયાર થયો, પણ ગુરુ બહારગામ ગયેલા એટલે લાચાર. લગ્નને દિવસે ગુરુ પધાર્યા. લગ્નનું કામ ચાલુ થયું હતું. હસ્તમેળાપ ગુરુને હાથેજ કરાવે. સસરો કહેવા લાગ્યોઃ "મહારાજ! જમાઈને કંઠી બાંધી ગુરુ મંત્ર આપો." ગુરુએ આવતી કાલનો વાયદો કર્યો. બીજે દિવસે ઉપવાસ કરી, નાહીધોઈ જમાઈ ગુરુ પાસે ગયો. ગુરુએ કાનમાં કંઈક કહ્યું. જમાઈ ભણેલો હોવાથી તે કંઈ ઠગાય તેમ ન હતો. તેણે પૂછ્યુંઃ "આ મંત્રથી શો લાભ?" ગુરુ કહે: "તને સ્વર્ગ મળશે." જુવાને કહ્યુંઃ "જરૂર મળશે?" ગુરુએ કહ્યુંઃ "હા, બચ્ચા, તને વૈકુંઠ અને કૈલાસ બન્ને મળશે!" જમાઈ આ સહન ન કરી શક્યો, તેણે ગુરુના કાનમાં ફૂંક મારી બોલ્યોઃ "મહારાજ, તમને અમારાં કુટુંબ ને તિજોરી આપ્યાં!" ગુસ્સે થઈ ગુરુ બોલ્યાઃ "હરામખોર! કુટુંબ, તિજોરી શું તારા બાપનાં છે?" જમાઈ બોલ્યોઃ "મહારાજ! ત્યારે શું વૈકુંઠ અને કૈલાસ તમારા બાપનાં છે?" આ. હસ હસ થઈ રહી અને ગુરુજી શરમાઈ ગયા.

ાલાનાં રોદનં બલં। એ કહેવત પ્રમાણે તેણે રડવું શરૂ કર્યું. તે
ટ્ઠણસેર ચાલતાં પડી જતું; તો છાયા પણ પડી જતી. આ
બધું તેની માતા જોઇ રહી હતી. તે દોડી આવી અને બાળ-
કનો હાથ પકડી બાળકના માથા ઉપર મૂક્યો, એટલે બાળક
જે માથું પકડવા મથતો હતો તે સહેજ વારમાં હાથમાં પક-
ડાયું. બાળક બહુ રાજી થઈ હસવાખેલવા લાગ્યો. આમ અજ્ઞાની
મનુષ્યો બાળકની માફક છાયાને પકડવા દોડે છે; પણ હાથમાં
કંઇ ન આવતાં પડે છે, રડે છે અને અતિ દુઃખી થાય છે.

૧૮–સોય શોધે છે!

એક સ્ત્રીના સંબંધમાં ઘણીજ વિચિત્ર વાત છે. એક સ્ત્રીએ પોતાની સોય પોતાના ઘરમાં ખોઈ નાખી અને પછી ઘરની બહાર જઇને ખોળવા લાગી. કોઇએ પૂછયું કે, "તમે શું ખોળો છો?" ત્યારે તેણે જવાબ આપ્યો કે, "હું મારી ખોવાયેલી સોય ખોળું છું." પેલાએ ફરીથી પૂછયું: "તમે તે કયાં ખોઇ છે?" તે બોલી: "ઘરમાં." તે ગૃહસ્થ બોલ્યો: "ઘરમાં ખોવાયેલી ચીજને ઘરની બહાર પોળમાં ખોળવી તે કેટલી બધી મૂર્ખાઇ છે!" ત્યારે તે બોલી: "ઘરમાં દીવો કરવા તેલ નથી અને પોળમાં તો ફાનસનું અજવાળું છે, આથી ઘરમાં નહિ શોધતાં ઘરની બહાર શોધું છું." આ બાઇની માફક પામર મનુષ્યો પોતાનામાંજ રહેલી ભક્તિને ખોળવા બહાર ફાંફાં મારે છે. આનું પરિણામ અંતે એ આવે છે કે, પછી ભક્તિ પ્રાપ્ત થતી નથી અને આ મનુષ્યજન્મનો ફેરો તદ્દન અફળ જાય છે.

१९—ले तारी कंठी अने लाव मारो अर्धो!

એક જમાનાનો ખાપિત માણસ ગુરુ બની ભોળા નિરા-
ક્ષરોમાં જઈ તેમને ચેલા બનાવવા લાગ્યો. તે પોતાની [illegible]
તાણી આખા ગામનો ગુરુ થઈ બેઠો. એ ગામની એક
બીજે ગામ પોતાના પિયરમાં ગયેલી, ત્યાં કથા સાંભળતાં દે[illegible]
[illegible] રહેતી, તે આ ગુરુને લાગ જોઈ પૂછવા લાગી: "ગુરુ[illegible]
[illegible] કેમ થઈ શકે!" ગુરુજી [illegible]
[illegible] મારી [illegible]
[illegible] લાવે છે! બીજાઓની કથા [illegible]
[illegible]; શ્રીમદ્ [illegible]
[illegible], '[illegible]' '[illegible]'
[illegible] નથી.' '[illegible]' [illegible]

[illegible]

અકબર શાહ ગાયોના ટોળામાં ઘેરાઇ ગયા. આથી કેટલીક ગાયો નાઠી અને કેટલીક મોઢામાં તણખલાં સાથે બાદશાહ સામું જોઈ ઊભી રહી. આ જોઈ અકબરે બિરબલને પૂછયું: "આ ગાયો મારી સામું કેમ જુએ છે?" સમય અને વાણી-નો સદુપયોગ કરનાર બિરબલ બોલ્યો: "નામદાર! આ ગાયો મોઢામાં તણખલાં લઈને આપ નામદારને અરજ ગુજારે છે કે, 'અમારાં ચરવાનાં જંગલો ઉપર આપે કર નાખી અમને બેહાલ સ્થિતિમાં મૂકી છે. વળી તમારા મુસ્લિમ અમલમાં કસાઈઓ નિર્ભય થઇ અમારાં ગળાં કાપે છે, તેનું કારણ શું? અમે કોઇનું બગાડયું નથી. અમે ઘાસ ખાઇ નિર્વાહ કરીએ છીએ. અમારામાં હિંદુમુસ્લિમનો ભેદ નથી. વધારામાં હિંદુઓને ગળ્યું અને મુસલમાનોને ખારું દૂધ આપી કોઈ દિવસ અમે પક્ષપાત કર્યો નથી. બેઉને સરખું અમૃત જેવું દૂધ આપીએ છીએ. મૂઆ પછી અમારું ચામડું પણ સર્વના પગમાં સરખી કુમાશ આપે છે. અમે કાનરૂપી હાથ જોડી, મોઢામાં તણખલું લઇ, અરજ કરીએ છીએ કે, કયા અપરાધથી ઈદના તહેવારોમાં અમારી કતલ કરો છો?" આ વાકયો સાંભળી બાદશાહે અમાત્યોને હુકમ કર્યો કે, "મારા રાજ્યમાં ગાયોનાં કતલખાનાં ન જોઇએ એવો કાયદો કરો. તહેવારોને દિવસે જે ગાયોને મારશે તેનો સખત દંડ કરવામાં આવશે."

૨૧–आधुनिक संध्या

એક ન્યાયાધીશે પોતાની પુત્રીને સારી રીતે ભણાવી હોંશિયાર બનાવી હતી. ન્યાતમાંથી એક સારો બી. એ. થયેલો યુવાન ખોળી તેની સાથે તેનાં લગ્ન કર્યાં, થોડા

સમય વીત્યા બાદ જમાઈ પોતાના સાસરે આવ્યો. સં[illegible]
ધ્યાનાં સાયંસંધ્યાનો સમય થયો. સસરાએ નોકરને કહ્યું [illegible]
"મારા આસન સાથે જમાઈ માટે પણ સંધ્યા કરવા આસ[illegible]
નાખજે." નોકરે આસનો બિછાવી દીધાં અને ત્રાંબાનાં [illegible]
પંચપાત્રમાં પાણી ભરી મૂકી દીધું. બન્ને જણ સંધ્યા કર[illegible]
લા. સસરાએ સંધ્યા શરૂ કરી. જમાઈનામાં ધર્મનો છાં[illegible]
યે ન હતો. તેણે તો માત્ર અંગ્રેજી નોવેલો વાંચેલી અ[illegible]
નાટકો જોયેલાં, આથી તેને સંધ્યા શાની આવડે! પોતાનું
પોલ ન ફૂટે તે માટે તેણે મુંગે મોઢે હોઠ ફફડાવી [illegible]
યનું અનુકરણ કરવા માંડ્યું. ન્યાયાધીશ સમજી ગયા કે
જમાઈ પોતાનું અજ્ઞાન ઢાંકવા પ્રયત્ન કરે છે. સસરાએ
[illegible] અને જમાઈની પરીક્ષા કરવા પૂછ્યું કે 'આ[illegible]
દ આવ્યા!' [illegible]
[illegible]

પ્રિય છે, તેઓનાં નામ હું લખું છું." શેખ નિરાશ થઇ બોલ્યોઃ "બીજા લોકોની માફક હું ઇશ્વરભક્ત બનું એવી ઇચ્છા છે, પરંતુ માનવબંધુઓની સેવા કરતાં કરતાં અવકાશ નહિ મળવાથી મેં કદી ઇશ્વરની ભક્તિ કરી નથી, તેમજ ઉપવાસ પણ કર્યા નથી, તેથી મારું નામ તેમાં દાખલ ક્યાંથી થાય?" દેવતા બોલ્યાઃ "એમજ છે." શેખે બીજો પ્રશ્ન પૂછ્યો કે, "ઇશ્વરને નહિ પણ ઇશ્વરની સૃષ્ટિને પૂજે તેની યાદી કરો, તો મારું નામ લખશો." આ સાંભળતાં દેવતા અદૃશ્ય થઇ ગયા. વળી શેખને બીજું સ્વપ્ન આવ્યું. તે વખતે દેવતાના હાથમાં પુસ્તક હતું. દેવતા પુસ્તકનાં પાનાં ફેરવતા હતા. શેખે પૂછ્યું: "શું કરો છો?" દેવતાએ કહ્યું: "ફરીથી આ વાંચી જાઈ ઇશ્વરભક્તોનાં નામો પંક્તિબંધ ગોઠવું છું." શેખે કહ્યું: "મને જરા જોવા દેશો?" દેવતાએ પુસ્તક જોવા આપ્યું. શેખે તેમાં જોયું તો પોતાનું નામ પહેલું દેખ્યું! તે બહુજ વિસ્મય પામ્યો અને સમજ્યો કે **લોકસેવા તેજ ઉત્તમ ઈશ્વરસેવા છે.**

२३–लोभिया वसे त्यां धुतारा भूखे न मरे

એક શેઠ અતિશય લોભી અને સ્વાર્થી હોવાથી કોઈ શુભ કાર્યમાં પણ પાઇ આપતો નહિ. તેમજ ઘરનાં માણસોને સુખથી ખાવા પણ દેતો નહિ. તેના જેવો વ્યાજખાઉ પણ કોઈ ભાગ્યેજ હશે. એક પ્રસંગે એક ઠગે આવી થોડાં વાસણો શેઠ પાસે માગ્યાં. શેઠે તેને તે આપ્યાં. કામ પત્યા પછી પાંચસાત વધુ વાસણો લાવી પેલો ધૂર્ત શેઠને આપવા આવ્યો. શેઠે પૂછ્યું: "આ નાનાં વાસણો ક્યાંથી લાવ્યા? તે અમારાં નથી." ધૂર્ત બોલ્યોઃ "શેઠજી! આપનાં વાસણોને છોકરાં

મરવું એ સ્વાભાવિક નિયમ છે અને તે ઘટમાળ ચાલે તેમાં ગભરાવાનું શું છે? પવન વાય છે, સૂર્ય તપે છે, જળ વહે છે, એવું દેખીને કે શબ્દો સાંભળીને આપણે આશ્ચર્ય પામતા નથી, તો પછી મનુષ્ય જન્મે કે મરે તે દેખીને કે સાંભળીને આશ્ચર્ય શા માટે પામવું?" આ પ્રમાણે મરી ગયેલા છોકરાના બાપે સંદેશો લાવનારને કહ્યું. તેના પોતાના મુખ ઉપર કોઇ પણ જાતનો વિકાર દેખાયો નહિ; આથી તેનું સત્સંગ-મંડળ બહુ પ્રસન્ન થયું અને તે દિવસથી તેનેજ પોતાના મંડળનો ગુરુ બનાવી તેઓ તેને સાચો ભક્ત સમજવા લાગ્યા.

૨૫–हाथी क्यांथी लाव्या ?

એક વખતે વૈશાખ માસમાં દિવસના બાર વાગે કવિ કાળિદાસ જંગલમાં ગયા હતા. તાપ સખત હતો. પાછાં આવતાં રસ્તામાં તેમને એક ગરીબ, બીમાર અને દુઃખી માણસ મળ્યો. તે તાવથી પીડાતો હતો અને રેતીમાં તેના પગ બળવાથી કૂદતાં કૂદતાં બૂમો પાડતો હતો. કાળિદાસ તેની પાસે ગયા અને દયાભાવથી પોતાના પગમાંના જૂના જોડા અને વસ્ત્રો કાઢીને તે દુઃખી માણસને આપ્યાં અને છાયામાં લઇ જઇ તેને બેસાડયો. તેને કહ્યું કે, "હું શહેરમાં જઇને તમારે માટે ખાવાપીવાનું મોકલાવું છું." એમ કહી તેઓ સતત તાપમાં બળતા પગે ગામ તરફ ચાલ્યા. કાળિદાસ આ કોમળ શરીરે કેટલું દુઃખ સહન કરે છે, એમ વિચારી ઈશ્વરે તેના રસ્તામાં હાથી મોકલ્યો. તે કાળિદાસ હાથી ઉપર બેસી શહેરમાં ગયા. ભોજરાજાએ કહ્યું: "કાળિદાસ, આ હાથી તમે કયાંથી લાવ્યા? તમારાં વસ્ત્ર, જોડા ઇત્યાદિ કયાં ગયાં?" ત્યારે નીચેના શ્લોકથી કાળિદાસે રાજાને જવાબ આપ્યો—

उपानहं मया दत्तं जीर्णं कर्ण विवर्जितम् ।
तत्पुण्येन गजारूढो, न दत्तं वै हि तद्गतम् ॥

અર્થાત્ "જૂનો અને કાન વિનાનો જોડો મેં [illegible] આપ્યો, તેના પુણ્ય વડે હું ગજ ઉપર બેઠો છું. ખરેખર, [illegible] દાન નથી થતું તે ગયેલુંજ છે."

૨૬–સૌથી ગરીબ કોણ?

એક ફકીર ગરીબોને તાંબાનાણું વહેંચતો હતો. [illegible] [illegible] પર ધૂમતા હતા. ફકીરે બંનેને થોડું થોડું [illegible] [illegible]. હાથી ઉપર ચઢી એક [illegible] ત્યાં આવ્યો. ફકીરે [illegible]

[illegible]

૨૭–ઈશ્વર ક્યાં છે?

એક બાદશાહે કાજીને પશ્ન પૂછયા કે, "ઈશ્વર કયાં બેસે છે, કઇ દિશામાં મુખ રાખે છે અને તે શું કરે છે?" કાજી અકળાયો. "હું કાલે જવાબ આપીશ" એમ કહી તે ઘેર ગયો. ઘેર પણ ચેન નહિ પડવાથી તે દુઃખી થયો. એવામાં તેનો શાણો નોકર આવ્યો. તેણે કાજીને તેના દુઃખનું કારણ પૂછ્યું. કાજીએ તે કહી સંભળાવ્યું, ત્યારે નોકરે કહ્યું: "તમે ચિંતા કરશો નહિ. એનો જવાબ હુંજ બાદશાહને આપીશ." બીજે દિવસે નોકર કચેરીમાં ગયો અને કહ્યું કે, "આવા મામૂલી જવાબ તો અમે કાજીના નોકરો જાણીએ છીએ, તેથી હું આપના પ્રશ્નોનો જવાબ આપીશ, પણ તે પહેલાં મને યોગ્ય સ્થાન મળવું જોઇએ." વક્તાથી નીચે શ્રોતાએ બેસવું, આ એક નીતિ છે. રાજાએ તેમ કર્યું. તેને ગાદી ઉપર બેસાડ્યો અને પોતે નીચે બેઠો. પછી ઈશ્વર કયાં રહે છે? એ પ્રશ્નનો ખુલાસો માગ્યો. નોકરે દૂધ મંગાવ્યું અને પૂછ્યું કે, "આમાં માખણ કઇ જગાએ છે?" ત્યારે રાજાએ કહ્યું, "સર્વત્ર છે." નોકર બોલ્યો: "તેજ પ્રમાણે ઈશ્વર સર્વત્ર છે. દહીંનું મંથન કરી જેમ માખણ કાઢે છે, તેમ ભક્તો હૃદયમાં મંથન કરી પ્રભુને પ્રકટ કરે છે." ઈશ્વર કઇ બાજુ મુખ રાખે છે? એ બીજો પ્રશ્ન પુછાયો, ત્યારે તેણે દીવો મંગાવ્યો. અને પૂછ્યું, "આ દીવાનું મુખ કઇ બાજુએ છે?" રાજા બોલ્યો: "બધી બાજુએ છે." નોકર બોલ્યો: "તેમજ ઈશ્વર બધી બાજુ પ્રકાશ આપી રહ્યો છે." ઈશ્વર શું કરે છે? એ ત્રીજો પ્રશ્ન પુછાયો. નોકરે કહ્યું: "તમે વજીરની જગાએ બેસો અને વજીર તમારી જગાએ બેસે." રાજાએ તેમ કર્યું, એટલે નોકર બોલ્યો કે, "જેમ તમારી મેં બદલી

૨૯–पतिना दोप जोवा नहिं

એક નવવધૂ પોતાની સાસરીમાં બધાં સાથે હળીમળીને રહેતી હતી અને સઘળાંની સાથે આનંદથી વાતચીત કરતી હતી. તેનો પતિ દૂર દેશમાં ગયો હતો. એક વખતે તેની નણંદ વગેરેએ પોતાનાં ભાઈની વાત કાઢી અને તેમાં ભાઈનું થોડુંક ઘસાતું તે બોલી, એટલે પેલી વહુ બોલીઃ "તમે એમના દોષ મારી પાસે ન કાઢો, કારણ કે મારે તો તે પૂજ્ય છે." આથી નણંદ બોલીઃ "મારા ભાઈના દુર્ગુણ કહું તેમાં તમારે શું? અમે સાથે ઊછરી મોટાં થયેલાં છીએ. એક માતાપિતાનાં બાળક છીએ, ગમે તેમ કહીશું, તું તો કાલે આવીને ધણીઆણી થઈ." ત્યારે વહુ બોલીઃ "બહેન, તમે ચિડાઈ ન જાવ અને મરજીમાં આવે તેમ ન બોલો. કંઈક ...માં સમાઈ શકે એવું બોલો તો ઠીક. હવે તમારે તમારા ...ાઈ સાથે બહુજ થોડા દિવસ કાઢવાના છે, અને મારે તો તેમની સાથે આખી જિંદગી કાઢવાની છે અત્યારથી તેમની નિંદા અને દુર્ગુણ સાંભળું, તો અમારે બંનેને જે પ્રેમ બાંધવો જોઈએ, તે બંધાય નહિ અને અમારો ગૃહસંસાર દુઃખી નીવડે, માટે કૃપા કરીને મને મારા પતિની નિંદા સંભળાવશો નહિ."

૩૦–पिताने पावन कर्या

ભગવાન બુદ્ધ એક રાજાના પુત્ર હતા. તે રાજ્ય છોડી જંગલમાં રહેતા. તે ભૂખ લાગે ત્યારે વસ્તીમાં જઈ ખાઈ આવે. મળે ન મળે, સારું મળે અથવા ખરાબ મળે તેનો તે ઉદ્વેગ

ધરાવતા નહિ. આમ ફરતા ફરતા તેઓ એક વખત [illegible] પિતાના રાજ્યમાં આવી પહોંચ્યા. પિતાને તેની ખબર પડી એટલે તે બુદ્ધની પાસે આવ્યા અને બોલ્યા: "હે પુત્ર! [illegible] ભટકવાની જરૂર નથી, તું આપણા કુળને લાંછન ન લગાડ. [illegible] ફરવાથી તો આપણને નાનમ લાગે." બુદ્ધ હસીને બોલ્યા: "હું જે કુટુંબનો છું, તે કુટુંબ જુદું જ છે અને હવે [illegible] મને મળ્યું છે. તમને તો હું રસ્તામાં મળ્યો હતો, [illegible] સુધી કાંઈ સંબંધ હતો, ત્યાં સુધી રહ્યો. શું જિંદગીના મુસાફરો [illegible] રહેતા હશે? હું મારા મૂળ કુટુંબમાં [illegible] છું. તમો નાહક શોક કરો છો. તમે તમારે ઘેર જાઓ [illegible] હું મારે ઘેર જાઉં." પિતા બોલ્યા: "તું મારો પુત્ર છે. [illegible] છે, [illegible] મેં જ તને [illegible] છે." બુદ્ધ [illegible] બોલ્યા: "રાજા, આ [illegible] [illegible] [illegible] છે, [illegible] તો [illegible] [illegible] [illegible] છે!" [illegible] [illegible]

૨૧—સ્વાર્થી [illegible]

પણ બરાબર નથી. મારી સ્ત્રી સાથે લગ્ન કરતાં પહેલાં તે કોને આધારે જીવતી હશે? છોકરાઓનું ગર્ભમાં રક્ષણ કોણે કર્યું હશે? કર્તાહર્તા તો શ્રીહરિ છે. વળી સંન્યાસાશ્રમનો સમય ઘણો બાકી છે, તે કોણ જાણે છે?

કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;
અવસર બીતી જાય ગો, ફિર કરેગા કબ?

"વધુમાં હું પૂછું છું કે, તમો પ્રોફેસર છો, તો જે ઉપદેશ નિશાળમાં છોકરાઓને આપો છો, તે તમારા ઘરમાં છોકરાં, સ્ત્રી, મા અને અન્ય સગાંને કેમ આપતા નથી?"

પ્રોફેસર બોલ્યાઃ "મારા ઉપદેશને હજી તે લાયક નથી." ત્યારે સ્વામી રામતિર્થ બોલ્યાઃ "મારા વાતાવરણને યોગ્ય હવે મારો ગૃહસંસાર રહ્યો નથી."

૩૨–ભૂતનો ભ્રમ ટળ્યો

કોઈ એક માતાએ પોતાના બાળકને બીક બતાવી એવું ઠસાવ્યું કે, આ ઓરડામાં ભયંકર ભૂત રહે છે. સાંજે તેનો બાપ ઘેર આવ્યો અને છોકરાને તે ઓરડામાંથી વસ્તુ લાવવા કહ્યું, એટલે છોકરો બોલ્યોઃ "ના, ના, હું ત્યાં નહિ જાઉં, ત્યાં તો ભયંકર ભૂત છે." પિતા સમજી ગયા કે, આ બાળકને કોઈ મૂર્ખાએ ભીતિ લગાડી છે, તે મારે કાઢવી જોઇએ. પછી બાપે નોકરને બોલાવી તે ઓરડામાં એક ભૂતના આકારનું ઉશીકું ગોઠવાવ્યું. પછી છોકરાને બોલાવી કહ્યુંઃ "ચાલ, હું તારી સાથે આવું છું. તારા હાથમાં એક સોટી લે અને ભૂતને મારીને કાઢી મૂક." છોકરાને બાપનો સાથ મળવાથી હિંમત આવી. તે બાપની સાથે ઓરડામાં ગયો. પિતાએ કહ્યુંઃ

"જો, આ વાંકું સર્તું છે, તે ભૂત છે. આ તેના પગ છે, આ તેના કાન છે." છોકરો બોલ્યો: "હા, બાપાજી, હું ડરું છું. તેવું તે છે ને!" બાપે કહ્યું: "તું બહુ બળવાન છે. તારા જેવો કમાવી કોઈએ ખાધું નથી. તેં તે દિવસે પેલા છોકરાને પકડી પાડ્યો હતો ને? માટે તું જા અને ભૂતને પણ મારી નાખ." પેલો છોકરો ડરી ડરીને મોટી ડરીશ પર પગલાં ભરતો [illegible] બાજુએ પેલો નોકર ભૂખો પાડતો હતો. [illegible] બોલ્યો: "હવે બસ કર. તે બિચારું મરી ગયું હશે. [illegible] તેં [illegible] ડરીકું બનાવી દીધું. એમ કરી ડરીકું [illegible] [illegible]. છોકરો ડરીકું જોઈ ખુશી થયો. [illegible] [illegible]. ત્યાર પછી તે હમેશાં ઘરમાં [illegible] [illegible] પ્રમાણે મનુષ્ય, એ બાળકનાં આચરણોને [illegible] [illegible] પ્રકાર ઉપદેશ કરશે ત્યારે ગુણી થશે.

[illegible]-मुं [illegible], [illegible] नहीं!

'શું કરું? મારે ખાવા જોઇએ, તેટલું અનાજ પાકવા પણ મારી પાસે જમીન ક્યાં છે? હું ભૂખથી મરી જાઉં છું. પરમાત્માના એક અંશમાં માયા છે, માયાના અંશમાં ત્રણ ગુણ છે, ગુણોના કોઇ ખૂણામાં આકાશ છે. તેના કરતાં અલ્પ વાયુ છે, તેમાં બહુજ થોડો અગ્નિ છે. અગ્નિના એક ભાગમાં પાણી છે. પાણીના સોમા હિસ્સામાં પૃથ્વી છે; તેમાં અર્ધો ભાગ પર્વતોએ રોક્યો છે. વળી નદીઓ, ઝાડો એ તો જ્યાં જુઓ ત્યાં ઊગેલાંજ છે. મારે માટે નાનો ટુકડો પણ રહેવા દીધો નથી. થોડી ઘણી પૃથ્વી રહી, તેમાં અબજો મનુષ્યો છે. બીજાં પ્રાણીઓનો તો પાર નથી. બોલ, હું ભૂખે નહિ મરી જાઉં?" પેલો બોલ્યો: "એમ છે, છતાં તમે જીવો છો તો ખરા? તો શા માટે રડો છો?" મહાત્મા બોલ્યા: "તને વખત મળ્યો ત્યારે તું અહીં આવ્યો છું, તો પછી વખત નથી, વખત નથી, એમ કહી શા માટે બૂમરાણ કરી મૂકે છે? જા, અબઘડી કામે લાગ, નકામું વખતનું બહાનું કાઢીશ નહિ."

३४–अवाज वंध करो

એ તો ગતિ હૈ અટપટી, ચટપટ લખે ન કોય;
જો મનકી ખટપટ મિટે, તો ઝટપટ દર્શન હોય.

એક મનુષ્ય ઘોડા ઉપર બેસીને દૂર દેશ જતો હતો. રસ્તામાં ઘોડાને પાણી પાવા માટે કૂવા ઉપર રેંટ ચાલતો હતો ત્યાં તે ગયો. પાણીની પાસે જતાંજ કોઇ દિવસ નહિ સાંભળેલો એવો રેંટનો અવાજ સાંભળી ઘોડો નાસવા લાગ્યો. ઘોડાવાળાએ કહ્યું: "ભાઇ, જરા અવાજ બંધ કરો તો સારું." પેલાએ રેંટ બંધ રાખ્યો. ઘોડો પાણીના થાળા પાસે આવ્યો,

પણ ત્યાં તો પાણી હતું નહિ. એટલે ઘોડાવાળો બોલ્યોઃ "અરે ભલા માણસ! મેં તો અવાજ બંધ કરવાનું કહ્યું હતું, મેં પાણી બંધ કરવાનું કહ્યું ન હતું." ખેડૂત બોલ્યોઃ "તમારે માટે મને લાગણી છે, તમારી સેવા કરવા હું તૈયાર છું પણ તમારી માગણી મારી શક્તિ બહારની છે. જો તમારે તમારા ઘોડાને પાણી પાવું હોય, તો તેને મજબૂત બાંધી રાખો અને પંપાળો, એટલે તે ઊભો રહેશે. પછી અવાજ તેની મેળે [illegible] અવાજ પણ થશે." પેલાએ તે પ્રમાણે કર્યું એટલે ઘોડાએ પાણી પીધું. આ પ્રમાણે [illegible] ઉપનિષદો [illegible] કર્યું, [illegible] મહર્ષિએ દીઠો, તો આ ઘોડા [illegible] [illegible] કે મન ઘોડાના જેવું છે. [illegible] [illegible] ને [illegible] કાબૂમાં રાખવું. માટે ઉપનિષદો [illegible] [illegible], [illegible] કાબૂમાં રાખીને મુક્તિ-[illegible] [illegible] અમૃત પીવું જોઈએ.

[illegible]

શકાશે નહિ. બે કાળી વસ્તુ ભેગી કરવાથી એક ધોળી વસ્તુ ઊભી થતી નથી. બીજાએ ગુનો કર્યો હોય, તેની સામે ગુનો કરવાથી વસ્તુસ્થિતિ સુધરતી નથી. જેમ બીજાઓ નિંદા કરતા હોય તેમ આપણે કરીએ, તો તેથી અસત્યનો ઉમેરો જ કરીએ છે, તેથી કંઇ સત્યની સિદ્ધિ થતી નથી. સત્યની સિદ્ધિ ઇશુ આદિએ કષ્ટ સહન કરીને પાર પાડી છે; નહિ કે બીજા લોકોને સામું કષ્ટ આપીને. કષ્ટ સહેવામાં જે મિષ્ટ ફળ રહ્યું છે, તે બીજાને કષ્ટ આપવામાં નથી."

૨૯—ભટકતું મન

કોઈ એક ગામમાં બે મિત્રો હતા. તેઓ સાથે હરતા-ફરતા અને બેસતાઊઠતા તથા શુભ વિચારણા પણ કરતા. એક દિવસ તેમાંના એકે કહ્યું કે, "ચાલો આપણે મંદિરમાં કથા સાંભળવા જઇએ." ત્યારે બીજો બોલ્યોઃ "કથામાં શું સાંભળવું છે? તે તો વૃદ્ધાવસ્થાનું કામ છે. ચાલ, આપણે રમવા જઇએ, તેમાં મઝા પડશે." આમ બન્ને એકમત થઇ શકયા નહિ. એક કથા સાંભળવા ગયો અને બીજો રમવા ગયો. હવે એવું બન્યું કે, જે કથા સાંભળવા ગયો, તે કથાકારની સામે જઇને બેઠો ખરો, પણ ઉપદેશને સમજી શકયો નહિ, તેથી તેનું મન કથામાં ચોંટયું નહિ. તેને પોતાનો મિત્ર યાદ આવ્યો, સાથે રમત પણ યાદ આવી. 'હું રમવા ગયો હોત તો સારું થાત, અહીં કયાં આવી ચઢયો?' એમ વિચાર કરી તે ખેદ પામ્યો. જો કે તે બેઠો હતો કથામાં તો પણ તેનું ચિત્ત રમતમાં હતું. પેલો રમવા ગયો, ત્યાં પણ એવું બન્યું કે, તેની સાથે કોઈ રમનારજ ન મળ્યો, બીજાની સાથે બોલતાં બોલતાં તકરાર થઈ. એટલે તે વિચ.. લાગ્યો કે, 'હું શાં

મારે અહીં આવ્યો ? મારા મિત્રની જોડે કથામાં ગયો હોત તો ઠીક થાત. કંઇ બે સારા શબ્દો તો સાંભળી શકત. તેનું મન રમતમાં ન રહ્યું, પણ કથામાં ગયું. આ રીતે જ્યાં શરીર અને મનની ક્રિયામાં ભેદ પડી જાય છે, ત્યાં જેમ પં મોહેયમ મારેલી સફળતા મળતી નથી.

૩૭–શુદ્ધ હૃદયની પ્રાર્થના ફળે છે

બહાર કાઢ.' પ્રભુએ જાણે તેની પ્રાર્થના સાંભળી હોય, તેમ એકાએક બધો ઘોંઘાટ બંધ થયો. ચોર ચોરીનો માલ લીધા વિના ઘરની બહાર નીકળી ગયો. તેનું દિલ શુદ્ધ હતું, તેથી તેની પ્રાર્થના ફળી અને અંતે તે પ્રભુભક્ત બન્યો.

૩૮–ખરો ત્યાગી કોણ ?

એક મહાત્મા પાસે કોઇ રાજા એક વખત દર્શનાર્થે આવ્યો અને તેમને દંડવત્ પ્રણામ કરી ઊભો રહ્યો. તે મહાત્માએ આવી રીતે પૂજ્યભાવ બતાવવાનું કારણ પૂછયું. રાજાએ તેના કારણમાં જણાવ્યું કે, "હે પવિત્ર પુરુષ, આપ સંત છો, તેમજ એક વખત રાજા હોઇને રાજ્યનો ત્યાગ કરી આ સ્થિતિ પ્રાપ્ત કરી છે. આપ પરમ ત્યાગી પુરુષ છો. હંમેશાં ત્યાગીજ માનને પાત્ર છે. રાગીને તો તિરસ્કાર સિવાય બીજું શું હોઇ શકે ? માટે હું તમને નમસ્કાર કરું છું." મહાત્મા બોલ્યાઃ "આજ કારણ હોય તો મારે તમારા પગ ધોઈ પીવા જોઇએ, કારણ કે દુનિયાના બધા ત્યાગી કરતાં તમે વધો છો." રાજા બોલ્યોઃ "આ તો આશ્ચર્ય ! એમ કેમ બને ?" સંત બોલ્યાઃ "એક મોટો મહેલ હોય, તેમાંના કચરાને ત્યાગી દે તે ત્યાગી કે મહેલ ત્યાગી દે તે ત્યાગી ?" રાજા બોલ્યોઃ "કચરો ફેંકી દેનાર ત્યાગી ન કહેવાય." સંત બોલ્યાઃ "ત્યારે માયારૂપી અલ્પ કચરાનોજ મેં ત્યાગ કર્યો છે અને તમે તો સર્વના આશ્રયરૂપ પરમાત્મારૂપી મહેલનો ત્યાગ કર્યો છે; બોલો, ખરો ત્યાગી કોણ તમે કે હું ?" રાજા ચૂપ થઈ ગયો અને પછી ઉદ્ધતાઇ છોડી ઈશ્વરપરાયણ થઇ રહેવા લાગ્યો.

३९-पोताने गजे न मापो

એક ઘાંચી હતો. તેણે પોપટ પાળ્યો હતો. આ ઘાંચી [illegible] કારણપર દુકાન છોડીને બહાર ગયો, એવામાં બિલાડી [illegible] તેને જોઈને પોપટ ગભરાયો અને પાંજરામાં તરફડવા [illegible] માંડ્યો; એટલે પાંજરું નીચે પડ્યું. તે તેલની બરણી [illegible] ઉપર પડવાથી તે ફૂટી ગઈ. એવામાં ઘાંચી આવ્યો. તેણે [illegible] દેખી તેનો મિજાજ ગયો અને પોપટને પકડી તેના [illegible] ના પીંછાં ખેંચ્યાં. તેથી પોપટના માથે ટાલ પડી. [illegible] દુઃખ લાગ્યું અને તે [illegible] [illegible]

છે, છતાં નીચેથી વસ્ત્ર લાવવાની તારામાં શક્તિ ન આવી? જો હું તારી પોતી જલદી લાવી આપું છું." એમ કહી તેણે વસ્ત્રને પોતાની મલિન વિદ્યા વડે બોલાવ્યું. એટલે વસ્ત્ર જલદી ઉપર આવીને પડયું. બ્રાહ્મણ આશ્ચર્ય પામ્યો અને કહેવા લાગ્યોઃ "તમે સિદ્ધ દેખાઓ છો. તમે મને આ વિદ્યા ન શીખવો ?" બીલે પ્રથમ તો ના કહી, પરંતુ બ્રાહ્મણના અતિ આગ્રહથી છેવટે તે વિદ્યા બતાવતાં કહ્યું કે, "સ્મશાનમાં જઇ આ પ્રમાણે જપ કરવો." તેણે તે પ્રમાણે કર્યું. સ્મશાનનાં ભૂત પ્રસન્ન થયાં અને તેઓ અદૃશ્ય રહી કહેવા લાગ્યાં કે, "તારે જોઇએ તે માગ." બ્રાહ્મણ બોલ્યોઃ "પ્રત્યક્ષ થઇને વરદાન આપો તો માગું." ભૂત બોલ્યાં: "અમે તારાથી બળીએ છીએ, કારણ કે તું બ્રાહ્મણ છે અને ચંડીપાઠ કરે છે. વળી વ્રતનિયમવાળો છે. તારી આગળ અમે પ્રત્યક્ષ આવી શકીશું નહિ." આ વચનો સાંભળતાંજ બ્રાહ્મણ બોલ્યો કે, "ત્યારે તો હું મારું વ્રત સાચવીને ચંડીપાઠજ કરીશ."

૪૧–वखत विचारी वर्तवुं

એક ભટજી મહાભારતની કથા કરતા હતા. એક દિવસ એક લૂંટારો કથામાં આવ્યો. તે વખતે ભટજીએ કથામાં કહ્યું કે, "અહિંસા, ક્ષમા અને દયા કોઇ દિવસ ભૂલવાં નહિ, કોઇ મારે તો પણ સહન કરવું." તે દિવસે કથા સમાપ્ત થવાની હતી એટલે મહારાજ માટે લખણી થઇ. કથાકારને લોકોએ પાંચસો રૂપિયા કરી આપ્યા. લૂંટારાએ આ બધું ધ્યાનમાં રાખ્યું. ભટજી બધું લઇને પોતાને ગામ ચાલ્યા. અર્ધે રસ્તે પેલો લૂંટારો ભટજીને લૂંટવા આવ્યો અને ભટજીને કહ્યું કે, "રૂપિયા આપી

દો, નહિ તો હાડકાં ભાંગી નાખીશ." બટુજી જમાદાર ખાધેલા હતા. સામે ભાગોળે લડાઈ હોય અને આ જ રે રે મુજરા લાગે તેવા બીજુ તે ન હતા. તેમની પાસે મજબૂત લાકડી હતી. વધારામાં નીચા નમીને બેચાર પથ્થર હાથ લીધા. પછી બોલ્યા: "હવે આવ, તને પૈસા આપું." શેર બટુજીની દૃષ્ટિમાં જરૂર જોઈ મુખાકૃતિ જોઈને ડરી ગયો અને હાથ જોડી બોલ્યો: "બટુજી મહારાજ, તમે કામમાં કેટ હતા કે, ઠીક ત્યારે. નહિ અને આવું કોણ જાણે" [illegible] "મેં [illegible] [illegible] યુદ્ધ, ભીષ્મ, દ્રોણ અને અર્જુન [illegible] [illegible] હતા, [illegible]" [illegible] [illegible] છે, [illegible]

२२-[illegible]

સઘળી મિલકત ગુમાવી. માત્ર એક ગાયજ તેને ઘેર રહી. તેના ઉપર તે દહાડા કાઢવા લાગ્યો. પેલો પડોશી વૃદ્ધ ડોસો શેઠના પુત્ર પાસે આવ્યો અને બોલ્યોઃ "તું આ ગાયનું દાન ભૂખે મરતાં આ છોકરાવાળા બ્રાહ્મણને કર." તેણે ગાયને આપી દીધી; બીજે દિવસે કોઇ બીજી ગાય લાવી તેને ત્યાં બાંધી ગયું. પેલા ડોસાએ ગાય વેચી અન્નક્ષેત્રમાં તેના પૈસા આપવા કહ્યું. છોકરાએ તેમ કર્યું. ત્રીજે દિવસે પણ તેના નસીબે સુંદર ગાય કોઇ બાંધી ગયું. આ પ્રમાણે પ્રતિદિન સારી સારી ગાયો તેને મળતી ગઇ અને પેલા વૃદ્ધની અનુમતિ પ્રમાણે હંમેશાં તેણે ગાયને વેચી તેના પૈસા ધર્માર્થે વાપરવા માંડયા. છેવટે ઘડપણમાં તે પરોપકારી મનુષ્ય તરીકે પંકાયો અને તેનું કુટુંબ સારી રીતે સુખી થયું. સારાનો બદલો હંમેશાં સારો મળે છે.

૪૩–તર્ક વિતર્ક

એક વહેતી નદીના કિનારા ઉપર કેટલાક મનુષ્યો ઊભા હતા અને નદીના મૂળ સંબંધી તર્કવિતર્ક કરતા હતા. એક વૃદ્ધ અનુભવી બોલ્યોઃ "આ જળ ડુંગરના પથ્થરમાંથી આવે છે, એ મેં નજરે જોયું છે." બીજો બોલ્યોઃ "નહિ, નહિ, એ બનવું અસંભવિત છે. પથ્થરમાંથી તે વળી પાણી નીકળતું હશે? જો નીકળતું હોય તો આ પથ્થર પડ્યો, તેને નિચોવીને પાણી કાઢો." બીજાએ કહ્યું: "આ પાણી તો ખરેખર એક દૈત્યના પરસેવામાંથી નીકળે છે, કારણ કે આપણા નાના શરીરમાંથી પરસેવાના રેલા ચાલે છે, તો રાક્ષસના શરીરમાંથી નદી કેમ ન ચાલે?" ત્રીજો બોલ્યોઃ "તમારી વાત ગલત છે. ઠંડી ઋતુમાં પરસેવો નથી વળતો, ત્યારે નદીનું પાણી બંધ

થવું જોઈએ, છતાં નદી તો વધારો કરે છે." આ પ્રમાણે નદી મૂળ સંબંધી અનેક તર્કવિતર્ક કરી તેમણે બુદ્ધના અનુસારે જુદો પાડ્યો. તેજ પ્રમાણે ઈશ્વર અને તેની આસપાસ રહેલ સંબંધમાં પણ મનુષ્યો પોતાના તર્કવિતર્ક કરી, અનુમાનોથી મન કલ્પનાને પોતાં પાડવાના મૂર્ખાઈભર્યો પ્રયત્ન કરે છે

૨૨-મતલબિયા શું કરે ?

૪૫–ઘોડો મનુષ્યનો દાસ વન્યો

એક સમય એવો હતો કે, મનુષ્યો પણ અરણ્યમાં વસતાં હતાં અને ઘોડા આદિ જનાવરો પણ જંગલોમાં રહેતાં હતાં. એક વખતે એક ઘોડો સાબરની સાથે લડતાં સાબરનું શિંગડું તેને વાગવાથી તે જખમી થયો. ઘોડો મનુષ્ય પાસે મદદ માગવા ગયો. મનુષ્યે કહ્યું: "ઠીક છે, હું તને મદદ કરી તારા દુશ્મનનો નાશ કરીશ." પછી મનુષ્ય ઘોડાની પીઠ ઉપર બેઠો અને હાથમાં તીરકામઠું લઇ સાબરને મારીને પાછો આવ્યો. હવે ઘોડો બોલ્યો: "ભાઇ સાહેબ, તમે મારા પર મહેરબાની કરી છે. મારા લાયક સેવા બતાવજો, હવે હું જાઉં છું." મનુષ્યે કહ્યું: "હવે તું કયાં જઇશ? મને હવેજ ખબર પડી કે તું બેસવામાં ઉપયોગી પ્રાણી છે." ઘોડો વિવશ બન્યો અને મનુષ્યે તેને બંધનમાં નાખી પોતાનું બેસવાનું સાધન બનાવી દીધું. આ સંસારમાં સ્ત્રીપુરુષો લગ્નસંબંધથી બંધાયા પછી પેલા ઘોડાની માફક એકબીજાના બંધનમાંથી છૂટાં પડી શકતાં નથી.

૪૬–ઈશ્વર તમારામાંજ છે

એક ગામ વચ્ચે થઈ કોઈ વિતરાગી મહાત્મા ચાલ્યા જતા હતા, તે વખતે રસ્તામાં એક ઘરમાં સ્ત્રીપુરુષ વચ્ચે ટંટો ચાલતો તેમણે જોયો. તે જોઇ તેઓ ઊભા રહ્યા. પુરુષ બોલ્યો: "હું તો જઈશ અને કાશી જઇ ગંગાજીમાં સ્નાન કરી કાશીવિશ્વનાથનુંજ પૂજન કરીશ અને ઈશ્વર મેળવીશ. તારી સાથે રહેવામાં મારું આટલું આયુષ્ય નકામું ગયું. મારા વિના તારા જે હાલ થશે તે જોજે." સ્ત્રી બોલી: "હું પણ અહીં રહેવાની

નથી. તમારા પહેલાં ચાલી જઈશ અને વૃન્દાવનમાં [illegible] ઘનશ્યામને ભજ્યા હતા, ત્યાં જઈ હું પણ યમુનામાં સ્નાન કરી, શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરીશ. મારા વિના તમને જે આવશ્યક પડે તે લેજો." ભાઈની અંદર સારા સંસ્કાર હ[illegible] તેથી કાશી અને વૃંદાવન જઈ ઈશ્વર મેળવવાનું સૂઝ્યું. [illegible] સંસ્કાર વિના તો પરસ્પર લઢીને પુરુષ અન્ય સ્ત્રી તરફ [illegible] અન્ય પુરુષ [illegible] પોતાના જીવનને ખાડામાં [illegible] [illegible] "તમે કેમ [illegible]" [illegible]

રની ખ્યાતિ સાંભળી મોતિયા કઢાવવા તેઓ આવ્યા હતા. તેમાંનો એક કાચને હાથ લગાડી બોલ્યો કે, "આ કાચ લાલ છે, એમ મારા કાકા કહેતા હતા." બીજો બોલ્યો: "કાચ લાલ નથી, પણ લીલો છે, એમ મારા મામાએ કહ્યું છે. વળી તે અહીંના કમ્પાઉન્ડર છે, તેનું કહેવું જૂઠું હોયજ નહિ." ત્યારે ત્રીજો બોલ્યો: "કાચ લીલો નહિ પણ વાદળી છે, એમ મારા મોટાભાઈએ કહ્યું છે. મારા ભાઈ જેવી બીજાને રંગની માહિતી નથી, કારણ કે રંગની પરીક્ષામાં તે પાસ થયો છે." ત્યારે ચોથો બોલ્યો: "આ કાચ વાદળી નહિ, પણ કાળો છે એમ મારો પુત્ર કહે છે. પરદેશમાં તે વિજ્ઞાનવિદ્યાનો પ્રોફેસર થયેલો છે, એટલે તેનું કહેવું આપણે સઘળાએ માન્ય રાખવું જોઈએ." અરસપરસ ઝઘડો વધ્યો. દરેક પોતાના કથનને વળગી રહ્યો. એવામાં એક આંખવાળો મનુષ્ય વચ્ચે પડ્યો. તેણે કહ્યું: "નકામા શા માટે લઢી મરો છો? તમે કહો છો, તે બધા રંગના કાચ અહીં છે. તમે દેખો નહિ ને નકામો ઝઘડો કરો છો. કહ્યું છે કેઃ—

હાથી જોવા અંધ ગયા, જોઈ એક એક અંગ,
અંગ જેવડો ગજ ગણી, કર્યો પરસ્પર જંગ.

૪૮—सारी वस्तु प्रभुने आपो

ઈશ્વરની સહુ સૃષ્ટિ છે, ઈશ્વરનાં સૌ જન;
ઈશ્વર રૂપ સૌને ગણી, આપો ઉત્તમ અન્ન.

એક સાધુ ઉપદેશ આપવા કોઈ ગામમાં ગયો. સોનીની દુકાને જઈ તે બોલ્યો: "સૌથી સારી વીંટી લાવીને પ્રભુની આંગળીએ પહેરાવો." મોચીને ત્યાં જઈ તેને સારામાં સારા

જોડા પ્રભુને પગે પહેરાવવા કહ્યું. દરજીને ત્યાં જઈને કહે કે ઊંચો પોષાક પ્રભુના શરીર ઉપર પહેરાવવા કહ્યું. લોકો સમજ્યા કે, આ કોઈ ઢોંગી સાધુવેષે લૂંટવા આવ્યો છે. લોકો ભેગા થયા અને સિપાઈને બોલાવી તેને જેલખાને મોકલવાનો વિચાર કર્યો. ત્યારે સાધુએ કહ્યું: "ભલે, હું જેલખાને જઈશ. તૈયાર છું, પણ હું પૂછું તેનો ઉત્તર આપો." સાધુએ પૂછ્યું: આ જગત કોણે બનાવ્યું? લોકો: ઈશ્વરે. સાધુ કહે, આકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા કોણે બનાવ્યા? ઈશ્વરે. આ ભૂમિ [illegible] તથા પ્રાણી કોણે કર્યાં? ઈશ્વરે. આ તમે [illegible] છો? લોકોએ હા કહી. ત્યારે [illegible] [illegible]

તથા કુહાડીરામ જેવા છે. બંનેએ હળીમળીને ચાલવું જોઇએ. લાકડીરામરૂપી સ્ત્રી પાછળ હોય, તો સર્વ કાર્યમાં પૂર્ણ યશ મળે છે, નહિ તો એકલો પુરુષ કુહાડીરામની પેઠે શું કરી શકે? કુહાડીરામ વિના લાકડીરામથી વ્યવહાર ચલવાય નહિ. જો બંને પરસ્પર સંપીને રહે તોજ તેમાં કોઈ જાતની ખામી આવે નહિ.

૫૦–आ सर्व तारुंज छे

રામની ચીડિયાં ને રામનું ખેત,
ખાઇ લે ચીડિયાં ભરી ભરી પેટ.

પંજાબમાં શીખગુરુ નાનક થઇ ગયા છે. તેઓ બાલ્યાવસ્થાથીજ ઈશ્વરમય બની ગયા હતા. તેઓ નાના હતા ત્યારે તેમના માબાપે ખેતર સાચવવા મોકલ્યા. ત્યાં જઇને તે ઈશ્વરસ્મરણ કરતા. એક વખત ખેતરમાં ચારે બાજુ ફરવા લાગ્યા. જ્યારે ફરતા હતા, ત્યારે તેમને દેખીને જાનવરો ઊડી જતાં હતાં. એ જાનવરોને ઊડતાં જોઈને તેમને દુઃખ થયું અને મનમાં વિચારવા લાગ્યા કે, એ જાનવરો પણ પરમાત્માનાંજ છે અને ખેતર પણ રામનુંજ છે, પછી તેમના મુખમાંથી ઉપરનું કવિત નીકળી પડયું. હે જાનવરો, મારાથી ડર્યા વિના તમે પેટ ભરીને ખાઇ લો. જ્યારે તે મોટા થયા ત્યારે તેમના પિતાએ અનાજની દુકાને બેસાડ્યા. એવામાં કેટલાક સાધુઓ દુકાન ઉપર કંઇ લેવા આવ્યા. નાનકજી તેઓને આપવા લાગ્યા. એક, દો એમ અનુક્રમે બારા અને તેરા, એમ બોલ્યા. બસ 'તેરા' આવતાંજ 'તેરા તેરા' કરવા લાગ્યા. તેઓ શરીરનું ભાન પણ ભૂલી ગયા. હિંદીમાં તારાને તેરા કહે છે. તેરા કહેતાંજ તેમણે વિચાર્યું કે, 'હે ઈશ્વર! આ સર્વ તારુંજ છે.'

છે, તેથી તે બારીએથી નાસી ગયો. નવાબ ચાકરાથી કેમ નસાય? જોડા પહેરે ત્યારેને? બીજા નોકરને બોલાવ્યોઃ "એ કલિયા, અહીં આવ." તે આવ્યો, એટલે અપી દરવાજે તૂટ્યો તેથી તે પણ સાવધાનીથી બારીમાંથી નાસી છૂટ્યો; તો પણ મહાન એદી નવાબ ચેત્યો નહિ. ત્રીજા નોકરને બોલાવ્યોઃ "અરે સલિમ, જલદી આવ અને મને જોડા પહેરાવ." તે આવ્યો, તરત તેણે બળવાખોરોને અંદર આવતા દેખ્યા, એટલે નવાબને નાસવાનું કહી તે પણ નાઠો; પણ આ અમીરીરૂપી કંગાલિયતમાં ફસેલા નવાબને પોતાને હાથે જોડા પહેરીને નાસવાનું ન સૂઝ્યું. અંગ્રેજોએ તેને પકડી કેદ કર્યો અને તેનો મુલક કબજે કર્યો. અત્યંત અમીરી ભોગવનારાના અંતે આવા હાલ થાય છે.

૫૩–लीटीने कापो नहि, पण बीजी मोटी खेंचो

એક વખતે અકબરે પોતાના દરબારમાં બધાંની પરીક્ષા લેવા માટે ભીંત ઉપર એક લીટી ખેંચી અને કહ્યું કે, "આને અડકયા વિના ટૂંકી કરો." કોઇ ઉપરથી તો કોઇ નીચેની બાજુએથી લીટીને કાપી કાપીને ટૂંકી કરવા લાગ્યા. અકબરે કહ્યુંઃ "એમ નહિ, કાપ્યા વિનાજ ટૂંકી કરો." સભાજનો ગભરાયા અને કહેવા લાગ્યા કે, "આ વાત અસંભવિત છે." એટલે બિરબલ ઊઠયો અને તે લીટી પાસે એક બીજી લાંબી લીટી તાણી અને કહ્યુંઃ "જુઓ, લીટી ટૂંકી થઇ ગઇ" બાદશાહ અને સભાજનો સૌ વાહ વાહ બોલવા લાગ્યા. આવીજ રીતે કોઈ મનુષ્યને અથવા સંપ્રદાયને નાનો દેખાડવો હોય, તો તેની કાપાકાપી કરવાથી કંઇ નહિ વળે; પણ તેના કરતાં વધારે ગુણવાન બનશો, તો પેલાને મુકાબલે આપોઆપ તેની

ઋષિને સંભળાવ્યું. કૌશિક ઋષિ પ્રસન્ન થયા અને આશ્ચર્ય પામ્યા કે, આવા મહાપાપી વ્યાધે આવું જ્ઞાન કેવી રીતે મેળવ્યું હશે! વ્યાધ, ઋષિના સંકલ્પને સમજી ગયા અને બોલ્યાઃ "મેં તમને જે જ્ઞાન કહ્યું, તે તો કહેણીનું છે; રહેણીનું જોવા મારે ઘેર ચાલો." તે તેમને પોતાને ઘેર લઇ ગયો. તેનાં માબાપે ઋષિને ઊભા થઈ સારો આવકાર આપ્યો. પછી વ્યાધે પોતાનાં માબાપને નવડાવ્યાં, પાટલે બેસાડી પૂજા કરી અને પંખો નાખતાં ભોજન કરાવ્યું. પછી પોતે આસન બિછાવી તેના ઉપર માબાપને બેસાડ્યાં. આ બધું જોઇ કૌશિક ચકિત થયા. સવારમાં જાગીને માતાપિતાના ચરણમાં વ્યાધે નમસ્કાર કર્યો. પોતાના કામ પર જતી વેળા તેમણે માતાપિતાની આજ્ઞા માગી. તેમણે કહ્યું: "હે પુત્ર, તું ધર્માચરણી થા. ધર્મ તારું રક્ષણ કરો, તું દીર્ઘાયુ ભોગવ." રજા મળતાં તે ચાલ્યો. ઋષિ બોલ્યા કે, "સંધ્યાવંદન, દેવદર્શન આદિ શુભ કાર્ય કર્યા વિના તું કેમ ચાલ્યો?" વ્યાધ બોલ્યોઃ "હે મૂને! દેવ કહો, યજ્ઞ કહો, વેદ કહો અથવા કોઇ સારાં કર્મ કહો, એ સર્વ મારે માતાપિતા છે. મારી સ્ત્રી, પુત્ર, મિત્રાદિને તેમની સેવામાંજ રાખ્યાં છે. હે ઋષિ! મારું એવું માનવું છે કે, જેને કલ્યાણની ઇચ્છા હોય તેણે માતાપિતાની સેવા કરવી. ધર્મવ્યાધની ભક્તિ જોઈ ઋષિ આનંદ પામ્યા અને પોતાના મુકામે પાછા ફર્યા.

५६–हुं कंई पेली वगली नथी!

જાજલિ નામના મુનિ ઝાડ તળે તપ કરતા હતા. એમ કહેવાય છે કે, તે એવા એકચિત્તે ધ્યાન ધરતા કે, તેમની જટામાં માળો બાંધી ઈંડાં મૂક્યાં, તેની

આખી રાત રખડીને તે સવાર પડતાં પાછો તેજ દરવાજે આવ્યો અને ત્યાં દાણ ચૂકવ્યું ત્યારેજ તેને અંદર જવા દીધો. જો પ્રથમથી દાણના પૈસા આપ્યા હોત તો તરત શહેરમાં જઈ શકત. આખી રાત ભટકી શિયાળાની ટાઢમાં દુઃખી થયો તે થવું પડત નહિ. આ ઉપરથી સમજવાનું કે આ જીવાત્મા મોક્ષરૂપી નગરમાં ત્યારેજ જઈ શકશે કે, જ્યારે તે પરમાત્માને જાણશે. તે આ જન્મમાંજ પરમાત્માને જાણે કે હજારો જન્મ પછી જાણે, પણ ત્યાં સુધી અજ્ઞાનરૂપી અંધારામાં ભટકવાનું છે. માટે સમજુ લોકોએ આ જન્મમાંજ ભક્તિ દ્વારા પ્રભુને પામવાની મહેનત કરવી જોઇએ.

૫૮–राजाए गुरु कर्यां

એક રાજાનો સુંદર બગીચો હતો. તેમાં જાતજાતનાં વૃક્ષો તેમજ વિવિધ આંબાઓ હતા. એક દિવસ એક ભંગિયણે સુંદર આંબાની કેરીઓ દેખી અને ઘેર જઈ પોતાના પતિને કહ્યું કે, "કેરીઓ લાવી આપો." તે ઢેડની પાસે મંત્રવિદ્યા હતી, તેથી મંત્રના બળે ડાળી નીચે આવે અને કેરીઓ આપી પાછી ડાળી ચાલી જાય. આમ ઘણી કેરીઓ તે લાવ્યો. સવારે કેરીઓ ચોરાઇ ગઇ છે, એમ રાજાએ જાણ્યું. પોતાના પુત્રને ચોર ખોળવાનું કામ સોંપ્યું. કુમારે બહાદુરીથી ઢેડને ખોળી કાઢ્યો. તેને પકડીને રાજા આગળ હાજર કર્યો. "તેં આ કેરીઓ કેવી રીતે લીધી?" એમ પૂછતાં ઢેડે કહ્યું: "મારી મંત્રવિદ્યાથી." એટલે રાજાએ કહ્યું: "આ તો મોટો ચોર છે. તેને મોટી શિક્ષા કરવી જોઇએ." એટલે કુમાર બોલ્યોઃ "પિતાજી, તમારી વાત ઠીક છે, પણ તેની પાસેથી તે વિદ્યા તો શીખી

હો, પછી તેને જે કરવું હોય તે કરજો." રાજા ઉંટડામને બે
અને ઉંટ નીચે બેસી ભણાવવા લાગ્યો, પણ વિદ્યા આવે
નહિ. એટલે પુત્રે કહ્યું: "વિદ્યા આમ ન ભણાય. તમે નીચે
બેસો." રાજાએ તે પ્રમાણે કર્યું. રાજાને વિદ્યા આવી એટલે
ડેકવિદ્યાગુરુ ગયો, તેને શિક્ષા કેમ કરાય, એમ [illegible]

૬૦–मदिरानो प्रताप

એક રાજા પોતાના દુષ્ટ મિત્રો સાથે મદિરા પીને ગાંડો થઈ જતો અને દુષ્ટ ચેષ્ટાઓ કરતો હતો यथा राजा तथा प्रजा। રાજા પ્રમાણેજ પ્રજા થાય છે. જેમ અત્યારે વિદેશી રાજા વ્યાપારી છે તેથી પ્રજા પણ વ્યાપારી અને હિસાબી છે. આ પ્રમાણે તે રાજાની પ્રજા પણ વ્યસની થઇ ગઇ હતી. પ્રજાની આ સ્થિતિ જોઇને એક મહાત્મા શીશીમાં લાલ પાણી ભરી હાથમાં લઇને બજારમાં નીકળ્યા. રાજાએ તેમને જોઇને બોલાવ્યા અને પૂછ્યું: "આમાં શું છે?" તે બોલ્યા: "આમાં ગંગાજળ નથી, દૂધ કે માખણ પણ નથી; આમાં એવો પદાર્થ છે કે જે ક્ષણવારમાં માણસને પશુ બનાવી દે છે. એક બાજુ અપાર દુઃખ અને એક બાજુ આનું પાન એ બન્ને સમાન છે. તે દુઃખ સહન કરવાનું જે કબૂલે તેને હું આ શરબત વેચું છું. આ પીવાથી શરીરનો કબજો છૂટી જાય છે, રસ્તામાં ગમે તેમ બોલી ગમે તેવી જગામાં પડાય છે. આને પીને જીત્યા જિતાય નહિ તેવા યાદવો પણ નાશ પામી ગયા છે. મોટાં કુટુંબો પણ આના પ્રતાપથી તારાજ થઈ ગયાં છે."

૬૧–अन्यायथी सिंहासन पण डोले छे

પૂર્વે વસુરામ, પર્વત અને નારદ એ ત્રણ વિદ્યાર્થીઓ એક ગુરુ પાસે ભણ્યા હતા. પર્વત મુનિ વસુના કુળપરંપરાના પુરોહિત હતા. એક વખતે પર્વત મુનિ શિષ્યોને ભણાવી રહ્યા હતા, એવામાં 'અજ' શબ્દ આવ્યો, તેનો અર્થ પર્વતે બકરો એટલે યજ્ઞમાં

હોમવાનો બકરો એમ કર્યો; નારદ બોલ્યા: "ગુરુએ અર્થ કર્યો ન હતો. તેમણે તો જન્મ ન લે તે અજ, અર્થાત ઉગે નહીં-એવી-વ્રતમાં હોમવાની જૂની ડાંગર એમ અર્થ કર્યો હતો." પર્વતને યાદ તો આવ્યું, પણ શિષ્યોની આગે પોતાનું [illegible] આવરવા પોતાનોજ અર્થ સાચો છે, એવી હઠ લીધી. તેણે વસુ રાજા પાસે જવા નિશ્ચય કર્યો, તે પહેલાં પર્વતની માએ પર્વતને કહ્યું કે, "વસુ રાજા સાચું બોલશે, ત્યારે હું શું કરીશ" પર્વત બોલ્યો: "તું વસુ રાજાને મળ અને કહે કે પર્વતનો અર્થ સાચો છે, એમ કહેજે." તેની મા વસુ [illegible]

[illegible]

૬૭-[illegible]

[illegible]

તેણે ત્રીજો રસ્તો કાઢયો. બદામનાં છોડાં, નાળિયેરની ચોટલી, અને ખારેકના ઠળિયા ઇત્યાદિ નિઃસાર બધો ભાગ દેવને માટે કાઢયો અને તે દેવને ચઢાવ્યો. લોકો તેની ચાલાકીથી નારાજ થાય તો પછી દેવ નારાજ થાય તેમાં નવાઇ શી? "મિયાં ચોરે મૂઠે, ત્યારે અલ્લા ચોરે ઊંટે" એ કહેવત પ્રમાણે બદામ તથા નાળિયેરનાં કોપરાં જે દેવને ઠગી, બચાવ્યાં હતાં, તે આખરે સડી ગયાં અને ગંધાઇ ઊઠયાં.

૬૩–પ્રભુનેજ માન આપો

પૂર્વે એક સત્યવાદી રાજાના નોકરો ખુશામતિયા હતા, પણ રાજાને તે ગમતું નહિ. એક દિવસે રાજાએ તેઓને સમજાવવા ધાર્યું, તેથી સમુદ્રકિનારે ફરવા ગયા. સમુદ્રના પાણીની પાસે ખુરશી ઢાળીને રાજા બેઠા, એટલે પેલાઓએ ખુશામત શરૂ કરી કે, "હે રાજન્! આ પૃથ્વીના માલીક છો આ સમુદ્ર તમારી આજ્ઞા માને છે. તમો દેવ જેવા છો." એવામાં દરિઆમાં ભરતી આવવા લાગી, એટલે રાજાએ કહ્યું: "હે સમુદ્ર, પાછો હઠી જા." તો પણ તે ન હઠયો. રાજાએ કહ્યું: "કેમ નથી હઠતો? હઠી જા, નહિ તો શિક્ષા કરીશ." પણ ભરતી તો વધવાજ લાગી, એટલે રાજાએ ખુશામતિયા સામું જોયું અને બોલ્યોઃ "હે ખુશામતિયાઓ, આ તમારી ખોટી ખુશામતથી હું ઠગાઉં તેમ નથી. આ પૃથ્વી, પાણી, સમુદ્ર, સૂર્ય, ચંદ્ર એ બધું પ્રભુએ બનાવ્યું છે અને પ્રભુને આધીન છે, માટે તેની સ્તુતિ કરો, તેની જય બોલાવો. મારી ખુશામતથી તમને શું મળશે? જુઓ આ મોજાં સરખાં મારાથી ન રોકાયાં, માટે પ્રભુનેજ માન આપો અને તેનેજ સેવો."

६४–आप मूआ विना स्वर्ग न जवाय

એક શેઠને ખેતરમાં ઘઉં વાવ્યા હતા. જ્યારે પાક થયો, ત્યારે બાપદીકરો સવારે ખેતર પાસે [illegible] કાપવા આવ્યા. બાપે કહ્યું: "હે પુત્ર, ઘઉં પકી ગયા છે. તેને કાપવા માટે આજે આપણા કુટુંબના માણસને કહી આવજે કે જેથી જલદી આ કામ પાર પડે." પુત્રે કહ્યું: "જેવી તમારી [illegible]" તે ખેતરમાં તેતરીનો માળો હતો. તેતરીનાં બચ્ચાં [illegible] ડરથી આ વાત સાંભળી અને ગભરાયાં [illegible] "ખેતર [illegible] હવે [illegible] માટે." [illegible] "આ [illegible] [illegible] [illegible]

૬૫–ભોળાનાં ભગવાન છે

મનુ ભગવાનના વંશમાં નભગ રાજા થયો. તેનો સૌથી નાનો પુત્ર નાભાગ હતો. તેને વિદ્યાનો શોખ વધારે હોવાથી તે ગુરુને ઘેર રહી સર્વ વેદ, શાસ્ત્ર વગેરેમાં પારંગત થયો. તેને બહુ દિવસ થવાથી તેના મોટા ભાઇઓએ રાજ્ય વહેંચી લીધું. એટલામાં નાભાગ આવ્યો. તેણે ભાઇઓ પાસે પોતાનો ભાગ માગ્યો. તેઓએ જણાવ્યું કે, "ભાગ વહેંચ્યે ઘણા દિવસો થયા. તારા ભાગમાં પિતા આવ્યા છે." આ કપટવાળું વચન સાંભળી સંતોષી વિદ્વાન નાભાગ પિતાની પાસે જઇ પિતાની સેવા કરવા લાગ્યો. પિતાએ કહ્યું: "હે પુત્ર, તને તેઓએ ઠગ્યો છે, છતાં તું વિદ્વાન છે અને તેઓ મૂર્ખ છે, માટે કલેશ કરવો સારો નહિ. હું તને જીવિકાનો રસ્તો બતાવું છું. અમુક સ્થળે યજ્ઞ થાય છે, ત્યાં તું જા અને ત્યાં શુદ્ધ વેદોનો ઉચ્ચાર, કરીશ એટલે બાકીનું ધન તને મળશે." પિતાના કહેવા પ્રમાણે તે ગયો અને કેટલાંક અપરિચિત વેદોનાં સૂક્તો તે બોલ્યો અને બ્રાહ્મણોને તે બતાવ્યાં. આથી બ્રાહ્મણોએ પ્રસન્ન થઈ અવશિષ્ટ દ્રવ્ય તેને આપ્યું. તે જેવો લેવા ગયો, એટલે રુદ્ર ભગવાન આવ્યા અને કહ્યું: "તું કેમ લે છે, તે તો મારું છે." નાભાગે કહ્યું: "બ્રાહ્મણોએ મને આપ્યું છે." રુદ્ર બોલ્યા: "આ દ્રવ્ય કોનું છે, તે જા તારા બાપને જઇ પૂછ." નાભાગ પિતા પાસે ગયો. પિતાએ જવાબ આપ્યો: "દ્રવ્ય યજ્ઞપુરુષ–રુદ્ર ભગવાનનું છે." પિતાએ જે કહ્યું, તે બધું રુદ્રે સાંભળ્યું. રુદ્ર પ્રસન્ન થયા અને દ્રવ્ય નાભાગને આપ્યું. વળી નાભાગની વિદ્વત્તા, સરળતા અ સત્ય ઉપર પ્રસન્ન થઈ શંકરે તેને આત્મજ્ઞાન પણ આપ્યું

દાટેલા પૈસા ખાઈને જિંદગી ગાળીશું. બાપ બધું સમજતો હતો અને તે છોકરાઓ કંઇ પણ ઉદ્યમ કરતા નહિ તેથી તે દુઃખી પણ થતો હતો. જ્યારે તે મરવા પડ્યો, ત્યારે છોકરાઓ આજુબાજુ આવીને બેઠા. બાપે વિચાર્યું કે દાટેલું ધન કયાં છે તે પૂછવા તેઓ આવ્યા છે, તેથી બાપ બોલ્યોઃ "વહાલા પુત્રો, મારે તમારાથી છાનું કયાં સુધી રાખવું? હવે હું તમને બતાવું છું. આપણા ભાગોળના ખેતરમાં ધન દાટયું છે, તે તમે ખોદી લેજો. તેમાં આળસ કરશો નહિ, સંપીને રહેશો તો સુખી થશો." બાપનો અભિપ્રાય એ હતો કે હું જે પૈસા કમાયો છું, તેની જમીન લીધી છે, તેથી તેમાંજ દાટ્યા છે એમ કહ્યું. તે જમીનને ખોદશો એટલે સારો પાક થશે. પણ પેલા બુદ્ધિહીન છોકરાઓને બાપનું વચન પૂરેપૂરું ન સમજાયું. ડોસાના મરણ પછી મોટા કોદાળા લઈને ચારે ભાઈઓએ ખેતર ખોદવા માંડ્યું. બધું ખેતર ખોદી નાખ્યું, પણ પૈસા નીકળ્યા નહિ, એટલે નિરાશ તો થયા પણ એવામાં વરસાદ વરસ્યો તેથી ખેતરમાં અનાજ વાવ્યું. બીજાના ખેતર કરતાં પોતાના ખેતરમાં ઘણુંજ અનાજ થયું, તેથી છોકરા પ્રસન્ન થયા અને બાપનો ભાવાર્થ સમજ્યા. આ રીત તેમણે બીજાં ખેતરો ઉપર પણ અજમાવી. પરિણામે ખેતરમાં સારો પાક ઊતરવા લાગ્યો અને તેમની સંપત્તિ વધી. અરસપરસના સંપ અને ઉદ્યમથી બધા ભાઈઓ સુખી થયા.

૬૮–पोतानुं कपट पोतानेज दुःख दे छे

એક ખેડૂતની પાસે ઘણીજ થોડી જમીન હતી. તે પૈસેટકે દુઃખી હતો. એક દિવસ ખેતરમાં જતાં ખેતરની પાસેના રસ્તા

६९–चिंता ए महाव्याधि छे

એક મોટા પૈસાદાર શેઠના ઘરની સામે એક મોચી રહેતો હતો. તે જોડા સીવતાં સીવતાં ભજન ગાતો અને આનંદમાં દિવસ ગાળતો. પેલો શેઠ દુકાન તથા લેવડદેવડના વિચારમાં ચિંતાતુર રહેતો. પેલા મોચીનાં વૈરાગ્યવાળાં ભજન સાંભળીને શેઠને શાંતિ વળતી. એક દિવસ શેઠે મોચીને પૂછ્યુંઃ "તું શું કમાય છે?" મોચીએ કહ્યુંઃ "રોજના આઠ આના. જેટલું કમાઉં તે પ્રમાણે મારે ખર્ચ છે." શેઠે કહ્યુંઃ "તારાં ભજનથી મને બહુ આનંદ થાય છે, માટે હું તને પચાસ રૂપિયા આપું છું. મેં જો દવા કરાવી હોત તો, પણ એટલું ખર્ચ તો થાત અને આટલો આનંદ મળત નહિ." મોચીને રૂપિયા મળ્યા, એટલે તેને સાચવવાની ચિંતામાં તે પડ્યો. દિવસમાં બે ત્રણ વખત પેલા રૂપિયા ગણી જુએ. રાતદિવસ તેનું ચિત્ત તેમાંજ રહે. રાત્રે તે ગણી ઉશીકે મૂકે. રાત્રે ઊંઘ પણ ન આવે, એટલે દિવસે જોડા સીવતાં ઝોકાં આવે, તે ભજન ગાવાનું પણ ભૂલી ગયો. તે પૂર્વજન્મનો સંસ્કારી હોવાથી સમજી ગયો કે, આ બધાનું કારણ પચાસ રૂપિયા છે. તે શેઠને ત્યાં જઈ તે રૂપિયા આપી આવ્યો અને શેઠને કહ્યુંઃ "તમે તે બીજે વાપરજો." પછી મોચી પાછો પોતાને ધંધે વળગ્યો અને પહેલાંની માફક ભજન લલકારવા લાગ્યો. શેઠ પણ ફરીથી તેનાં વૈરાગી ભજન સાંભળવાથી ચિંતામુક્ત થયા.

७०–रमकडांवाळो

બુદ્ધ ભગવાન પૂર્વજન્મમાં રમકડાં વેચવાનો ધંધો કરતા હતા. તે એક ફેરિયા સાથે એક ગામમાં ગયા. ગામના નગર-

ચોકના ઘરનાં સઘળાં માણસો મરી ગયાં હતાં, માત્ર એક ડોશી અને નાની છોડી રહ્યાં હતાં. તેમની સઘળી મિલકત [illegible] ગઈ હતી. ડોશી બાકી રહ્યું સાચવવાનું વેઠીને [illegible] વતી હતી. બુદ્ધ ભગવાન "રમકડાં લો રમકડાં!" એમ [illegible] પેલા ફેરિયા સાથે ત્યાંથી નીકળ્યા. પેલી નાની છોડી [illegible] જોઈ ને તે "માજી, મારે હાથી લેવો છે." [illegible] હતા નહિ, આથી [illegible] ઘરમાંથી [illegible] [illegible] આપીને હાથી લેવાનું [illegible]. [illegible]

[illegible]

૭૧–वासनाओथी प्रफुल्ल न बनशो

એક ભૂખે સુકાયેલો ઉંદર મહા મહેનતે નાના કાણાવાળી દાણાની કોઠીમાં પેઠો. તે અંદર જઇને મઝાથી દાણા ખાવા લાગ્યો અને મસ્ત બની ગયો. તે નાચવા કૂદવા લાગ્યો અને મારા જેવો ભાગ્યશાળી બીજો ઉંદર નથી એમ તે માનવા લાગ્યો. એમ કરતાં કોઠીમાં દાણા ખૂટ્યા, એટલે ઉંદરભાઇ બહાર નીકળવા ગયા; પણ તે ખાઇને જાડો થઇ જવાથી કાણા મારફતે બહાર નીકળી શક્યો નહિ. દાંતથી કોઠી કાપવા માંડી, પણ તે લોઢાની હોવાથી તેનું કંઇ વળ્યું નહિ. ઊલટા તેના દાંત પડી ગયા. હવે શું કરે? બહાર નીકળાય નહિ અને અંદર ભૂખ્યું રહેવાય નહિ. એવામાં છિદ્ર પાસે થઇ જતી બિલાડી તે ઉંદરને જોઇ બોલી: "ઉંદરભાઇ, તમે અંદર પેઠા ત્યારે જેવા દુબળા હતા તેવા થશો, ત્યારે બહાર નીકળી શકશો." ઉંદર બિચારો લાચાર થઇ સાંભળી રહ્યો. આ પ્રમાણે આ જીવાત્મા પણ તે માયારૂપી કોઠીમાં પેસી અનેક વિષયો ભોગવી તેની વાસનાથી જાડો જઇ ગયો છે, તે જ્યારે વિષયોને છોડશે, તેની વાસનાઓ ચાલી જશે, ત્યારે માયારૂપી કોઠીમાંથી બહાર નીકળી તે સુખી થશે..

૭૨–मनुष्यनी शोभा तेना सद्गुण छे

એક પુરુષને બે છોકરાં હતાં. એક પુત્ર અને બીજી પુત્રી. પુત્રી રૂપાળી અને પુત્ર કુરૂપ હતો. તે હંમેશાં સાથે ખેલતાં અને રમતાં. એક દિવસ તેઓ દીવાનખાનામાં ગયાં; ત્યાં દર્પણ પડ્યું હતું. છોકરીએ તે હાથમાં લીધું અને ભાઇને કહ્યું:

"જો, આ દર્પણમાં તારૂં મુખ કેવું [illegible] દેખાય છે." [illegible] છોકરો સમજ્યો કે, બહેન મારી મશ્કરી કરે છે. તેથી [illegible] રીસ ચડી અને તેને પોતાના પિતાની પાસે લઈ ગયો [illegible] [illegible] લાગ્યો "પિતાજી, બહેન મારા મુખને દેખી [illegible] [illegible] કરે છે, નહિ તો હું તેને મારીશ." પિતા [illegible] [illegible] રૂપ કે કુરૂપ એ તો વિધિના [illegible] [illegible] સદ્ગુણ સંપાદન કરવા તે આપણા [illegible] [illegible] અને છોકરી રૂપાળી [illegible] [illegible] તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

થઇને એક હોડી જતી હતી; તે વાવાઝોડાથી ઊંધી વળી ગઇ. તેમાં સાત મનુષ્યો બેઠાં હતાં. તરતજ પેલો મનુષ્ય કૂદી પડ્યો અને ત્વરાથી એક પછી એકને બહાર કાઢ્યાં. સાતમાને જ્યારે કાઢતો હતો, ત્યારે ખ્વાજાની સામું જોઈ તે બોલ્યો: "આવો સાહેબ, પરોપકારી હો તો આ સાતમાની મદદે આવો. તમે જાણો છો કે દુનિયામાં બધા માણસ બદમાશ છે; હુંજ એક સારો છું. તે અભિમાન તમને ડુબાડશે. વળી તમારા મનની શંકા હું દૂર કરું છું. આ બાઇ મારી બહેન છે અને પેલી બાટલી પાણીની છે. આ રેતીના રણમાં થઇને જવાનું છે, માટે પાણીથી તે ભરી લીધી છે." ખ્વાજા શરમાઈ ગયા. ત્યારથી કોઇના દોષ જોવા તેમણે છોડી દીધા અને તેમનું અભિમાન ગળી ગયું.

૭૪–મોટાભાઈનું હેત

એક કારીગરને ધંધામાં મોટી ખોટી ગઇ. તેને નાના બે છોકરા અને એક સ્ત્રી હતી. હવે શું કરવું? મૂંઝાઇને સ્ત્રીને વનિતાવિશ્રામમાં મૂકી અને છોકરાઓને પોતાની પાસે રાખી ગુજરાન ચલાવવા લાગ્યો. થોડા સમય પછી તે પણ મરી ગયો. અનાથ છોકરાઓએ માની પાસે જવા વિચાર કર્યો. રસ્તામાં એક ગાડું મળ્યું. ગાડાવાળાએ એક છોકરાને બેસવા કહ્યું. મોટાભાઈએ નાનો ભાઈ નહિ ચાલી શકે એમ ધારી તેને ગાડામાં બેસાડ્યો અને પોતે ચાલવા લાગ્યો. તે પણ બાર વર્ષનોજ હતો. પાસે પૈસા નહિ હોવાથી ભૂખ્યોતરસ્યો ગાડાં સાથે તે ચાલતો હતો. "બા અમને જોઇને ખુશી થશે અને અમે બાને ભેટીશું" એવા વિચારમાં તે આનંદથી રસ્તો કાપતો હતો. રસ્તામાં ગા રહે ત્યારે તે પાછળ રહી ગયો હોય, તો દોડીને

જતો અને પોતાના ભાઈની ખબર કાઢતો. 'મારો [illegible] હશે, તરસ્યો હશે.' લોકોની ઉઘરાણી કરી [illegible] ભાઈને ખવડાવે અને પોતે ભૂખ્યો રહે. હરરોજ [illegible] ભૂખ્યા રહેવું ક્યાં સુધી નભે! કંઈના દિવસો [illegible] ગુસ્સો લાગે. નાનાએ કહ્યું: "ભાઈ, તું [illegible] હવે હું [illegible]." ત્યારે મોટો બોલ્યો "[illegible] કરું છું. તું મારી ફરજ ન [illegible] અને ઈશ્વર [illegible]?" [illegible]

૩૫—[illegible]

બીજાની શિખામણ પ્રમાણે ચાલીને કુસંપથી રહેશો, તો તમે નાશ પામશો અને મારી શિખામણ માની આ લાકડાના ભારાની પેઠે સંપીને રહેશો, તો તમને કોઇ પજવી શકશે નહિ અને સુખી થશો." છોકરાઓ સમજી ગયા અને બોલ્યાઃ "પિતાજી, આજથી તમારું વચન અમે માથે ચઢાવીએ છીએ."

७६–काको–भत्रीजो

એક ગામમાં કાકો અને ભત્રીજો સાથે રહેતા હતા. તેમની પાસે ગાય, ભેંસ, બકરાં વગેરે ઘણી મિલકત હતી. ધંધામાં તેઓ દિવસે દિવસે આગળ વધ્યા. જ્યારે સંપત્તિ વધે છે, ત્યારે મદ, મત્સર આદિ દુર્ગુણો પણ વધે છે. એ પ્રમાણે ભત્રીજાના દુર્ગુણો વધ્યા. કાકો સમજી ગયો કે, આ કોઈની શિખવણીએ ચઢે છે, માટે ટંટો થતાં પહેલાં જુદું કરી નાખીએ તો ઠીક. ભત્રીજાને બોલાવી તેણે કહ્યું: "તારે કયા ભાગમાં રહેવું છે?" તેણે સારો અને ફળદ્રૂપ પ્રદેશ સ્વીકાર્યો. કાકાએ ઉદારતાથી તે તેને આપી દીધો. હવે એવું બન્યું કે, જે રસાળ પ્રદેશમાં ભત્રીજો રહેતો, તે પ્રદેશના લોકો આળસુ હતા, તેથી તે પણ આળસુ થયો અને મોજશોખમાં પડયો. કાકાને ભાગે સૂકો પ્રદેશ આવ્યો, પરંતુ તે અને તેનાં માણસો ઉદ્યમી હતાં, તેથી તે પોતાની મિલકત ઘણી વધારી શક્યો. એક સમયે એવું બન્યું કે, બીજો રાજા ભત્રીજાના રસાળ પ્રદેશ પર ચઢી આવ્યો અને બધું લૂંટી ગયો તથા કેટલાક લોકોને કેદ કર્યા, છતાં આળસુ લોકો સામા ન થયા. તેમાં પેલો ભત્રીજો પણ પકડાઇ ગયો. આ વાત કાકાના જાણવામાં આવી. કાકાએ માણસો એકઠાં કરી શત્રુ પર હલ્લો કરી તેને જીતી લીધો અને ભત્રીજાને છોડાવ્યો, એટલે ત્યાંનો રાજા

ઠાકાને ઇનામ આપવા ગયો. પણ તેણે તે કંઈ ન લી
ધું કે, "મારે તો મારો બચીલો [illegible] જોઈતો [illegible]
વળી એક વાર ત્યાં દુકાળ પડ્યો તેથી [illegible]
ગયો; ત્યારે પણ ઠાકો બચીલને [illegible]
પરિણામે બચીલો ગમજ્યો અને [illegible]
પાણીની [illegible] તેમજ [illegible]
પછી [illegible]

૭૭-[illegible]

૭૮–सहनशीलता

બુદ્ધ ભગવાનના પૂર્વજન્મની આ વાત છે. તેઓને એક જંગલી પાડાનું શરીર મળેલું હતું, ત્યારે પણ તેઓ અલૌકિક ગુણયુક્ત હતા. એક વખતે તે જંગલમાં ચરતા હતા, ત્યારે તેમની ભલાઇનો લાભ લઈ એક વાનર હંમેશાં તેમની પર ચઢે, શિંગડાં પર બેસે, આંખોમાં ચાંચ મારે વગેરે અનેક દુઃખ દે, પણ શાંત સ્વભાવવાળા બુદ્ધ ભગવાન મસ્ત થઇ ઘાસ ચરતા ફરે. એક વખતે દેવોએ આવી કહ્યું: "ઓ શાંતમૂર્તિ ! આ વાનરને યોગ્ય શિક્ષા આપવી જોઇએ. વાનરોએ શું તમને વેચાણ લીધા છે, અથવા તમે શું એનાથી બીઓ છો? તમારામાં એટલી તાકાત છે કે, એક શિંગડું મારો તો તે ચિરાઈ જાય, તો પણ તમે અપમાન સહન કરો છો, એ શું? ક્ષમા અને શાંતિથી દુષ્ટ સુધર્યો તમે કદી જોયો છે?" આ સાંભળી, પોતાના નિશ્ચય પર દૃઢ રહી બુદ્ધ ભગવાન બોલ્યાઃ "હે દેવો, હું વાનરના બધા દોષો જાણું છું અને તેને ચીરી નાખું એટલી તાકાત પણ ધરાવું છું, છતાં અપરાધ સહન કરું છું. આપણાથી વધારે બળવાળાનું કષ્ટ તો સહન કરવું પડે, એ સ્વાભાવિક છે, પણ નિર્બળનું સહન કરે તેનુંજ નામ સહનશીલતા ! પરમાત્માએ આપણને શક્તિ આપી છે, તેથી શું આપણે બીજાને ત્રાસ આપવો? વખત આવે વાનર પણ મારી પાસેથી શાંતિ શોધશે." દેવો આશ્ચર્ય પામી ચાલ્યા ગયા.

૭૯–द्रौपदीनी दया

મહાભારતના યુદ્ધના છેલ્લા દિવસે કૌરવોનો પરાજય થયો. પાંડવોની ઘણી સેના અને યોદ્ધાઓ બચી ગયા હતા.

લે." એમ બોલતાં બોલતાં બંને સારથિ લડી પડયા. એક કહેઃ "મારા રથમાં કાશીરાજ છે," ત્યારે બીજો કહે, "મારા રથમાં કોશલરાજ છે." છેવટે એવો નિર્ણય થયો કે, જે મોટો હોય તેનો રથ સીધો જવા દેવો અને બીજાનો બાજુ પર લઈ લેવો. હવે પ્રશ્ન એ થયો કે, બેમાં મોટો કોને કહેવો? વયમાં તો બેઉ પચાસ વર્ષના હતા. રાજ્ય પણ સરખુંજ ગણાતું. ઊપજ પણ બંનેની સરખી હતી. આમ બંને સર્વ સામગ્રીમાં સરખા હતા. હવે કરવું શું? ટંટાનો નિવેડો ન આવ્યો. પછી એવો ઠરાવ કર્યો કે, જે સદાચારી હોય તે મોટો. કોશલ રાજાનો સારથિ બોલ્યોઃ "ત્યારે તો મારો રાજા મહાન ગુણી છે, કારણ કે ભલાની જોડે ભલો, કોમળની જોડે કોમળ, પૂજ્યોની પાસે નમ્ર અને દુષ્ટોની જોડે દુષ્ટ છે." આ સાંભળી કાશીરાજનો સારથિ બોલ્યોઃ "મારા રાજા તો ભૂંડાને પણ ભલાઇથી જીતે છે. બોલ, કોનો રાજા સદાચરણી?" કોશલરાજના સારથિએ રથ પાછો ખસેડી રાજાને વંદના કરી, કાશીરાજને જવા માટે તરતજ માર્ગ કરી આપ્યો.

૮૧–पोतानी स्थिति विचारो

એક રાજાને ત્યાં ઘણા નોકરો હતા. નોકરો સાથે રાજા કુટુંબના જેવો સંબંધ રાખતો; તેથી પૈસાની જરૂર પડે, તો તેમને તે ગજા પ્રમાણે આપતો. એક વખતે સર્વનાં ખાતાં તપાસતાં એક નોકર પાસે એક હજાર રૂપિયા રાજાના લહેણા નીકળ્યા. કારભારીએ તે નોકરને રાજા પાસે હાજર કર્યો. તેની પાસે પૈસા આપવાને કંઇ પણ સાધન હતું નહિ. તે રાજા પાસે શરમથી બોલ્યાચાલ્યા સિવાય નીચું મોં કરીને ઊભો

પકડી રાજા સમક્ષ ખડા કર્યો. રાજાએ પેલા વટેમાર્ગુઓને પૂછ્યું: "તમે પથ્થર શા માટે ફેંક્યો?" તેઓએ કહ્યું: "અમે ગરીબ માણસો છીએ, અમારું ગામ અહીંથી દૂર છે. ભૂખ લાગી છે, એટલે આ કેરીઓ જોઈ પથ્થર ફેંક્યો. અમે શત્રુતાથી કંઈ કર્યું નથી." રાજા બહુ ભલો હતો તેથી બોલ્યો: "તમને કેટલી કેરીઓ મળી?" વટેમાર્ગુઓએ કહ્યું: "બે કેરી." એટલે રાજા બોલ્યો: "અરે, એક પથ્થર મારવાથી જડ વૃક્ષે તમને બે કેરીઓ આપી, તો હું ચૈતન્યવાળો તમને શું આપું?" એમ કહી પેલા મુસાફરોને ભોજન કરાવ્યું અને વાટખર્ચના પૈસા આપી વિદાય કર્યા!

૮૩–મોટાની લડાઈ

એક દિવસ હઝરતઅલી કુફા શહેરની મસ્જિદમાં સવારની નમાજ પઢી રહ્યા હતા. મુલ્જીમ નામનો માણસ તેમનો પહેલાંનો નોકર હતો, ટંટોફિસાદ કરીને તે નાસી ગયેલો હતો. તે અલીને નમાજ પઢતા જોઈ છૂપી રીતે મસ્જિદમાં પેસી ગયો અને જ્યારે તમામ લોકો હજરતઅલી સાથે નમાજ પઢવામાં રોકાયા હતા, ત્યારે તેણે એકદમ હજરત પર હુમલો કર્યો અને ઝેરનું પાણી ચઢાવેલી તલવાર વડે ત્રણચાર ઘા અલી ઉપર કરીને તે નાઠો. લોકોએ જલદીથી નમાજ પૂરી કરી, કેટલાક હજરતની સારવારમાં રોકાયા અને કેટલાક પેલા ઘાતકીને પકડવા દોડયા. તેને પકડી હજરત અલીની સમક્ષ હાજર કર્યો. એક મુસલમાને શરબતનો પ્યાલો તૈયાર કરી, હજરત સામે ધર્યો. હજરતે કહ્યું: "આ શરબત પહેલાં મારા ખૂનીને આપો. કારણ કે તે દોડવાથી થાકી ગયો હશે, વળી

લીધેલા પૈસા હતા તેટલાજ ગયા હતા. આમ દગાથી મેળવેલું ધન એક યા બીજી રીતે નાશ પામે છે.

૮૫–कमळ जेवा हाथ थया !

શંખ અને લિખિત નામના બે ભાઈઓ એક નદીતીરે થોડે છેટે આશ્રમો બાંધી રહેતા હતા. એક દિવસ લિખિત શંખ ઋષિના સ્થાનમાં ગયા. ત્યાં મનોહર ફળવાળાં વૃક્ષો જોયાં, તેથી ફળ પાડી તે ખાવા લાગ્યા. એવામાં શંખ આવ્યા અને બોલ્યાઃ "આ ફળ કયાંથી લાવ્યો અને કેમ ખાય છે?" ત્યારે લિખિતે કહ્યું: "તમારા જ વૃક્ષનાં તે છે અને મને ભૂખ લાગવાથી હું તેને ખાઉં છું." ત્યારે શંખ ગુસ્સે થઈ બોલ્યાઃ "શું હું પરદેશ ગયો હતો કે તેં પૂછયા વિના ફળ લઈ ખાધાં. આ તેં ખોટું કર્યું છે, માટે રાજા પાસે જા અને પાપનું પ્રાયશ્ચિત્ત કર." તેણે રાજા પાસે જઇ દંડ માગ્યો. રાજા બોલ્યોઃ "મુનિજી! જો હું આપને દંડ દેવાને યોગ્ય હોઉં, તો માફી આપવાને પણ યોગ્ય છું." છતાં લિખિતે હઠ લીધી કે, "બસ મને પૂરેપૂરો દંડ જ આપો કે જેથી આ શરીર વડે એવું કર્મ ફરીથી ન બને." પછી રાજાએ લાચાર થઇ તેમનાં કાંડાં કપાવ્યાં. ઠૂંઠા હાથ લઇ તે પોતાના ભાઈ પાસે હસતે મોઢે આવીને ઊભા રહ્યા. આ જોઈ શંખ રાજી થયા અને દોડીને તેને ભેટી પડ્યા. પછી શંખે કહ્યું કે, "આ પાસેની નદીમાં જા અને સૂર્યનું તર્પણ કર. બધા દેવોનું ધ્યાન ધર, એટલે તું નિર્દોષ થઇશ." તે પ્રમાણે લિખિતે કર્યું અને સૂર્યને અર્ઘ્ય આપવા જળમાં હાથ બોળ્યા, કે તેના હાથ સુંદર કમળ જેવા શોભવા લાગ્યા!

તા નથી, તો કથામાં શા માટે જાઓ છો? તમને તેથી શો લાભ?" ત્યારે તે બહેરો બોલ્યો:" હું કથાકારની નજીકમાં બેસું છું, તેથી ભાંગ્યુંતૂટ્યું સંભળાય છે. વળી એટલો વખત લોકની કૂથલીથી બચીએ છીએ. વળી સજ્જનોની સભામાં તેઓની ચેષ્ટા દ્વારા ઘણું જાણવાનું મળે છે. મુખ્ય લાભ તો બીજો એ થાય છે કે, હું સારા માણસોમાં બેસું છું, સારાં આચરણથી વર્તું છું, તે મારા છોકરાઓ પણ જુએ છે. તેઓ મને અનુસરશે. ઘરના મનુષ્યો હુક્કો પીએ, ચા પીએ, તમાકુ ખાય કે સૂંઘે, તો છોકરાઓ પણ તે પ્રમાણે કરવા લાગે છે. આથી આખું ઘર અને કુટુંબ વ્યસની થઈ જાય છે. એવું કરવામાં તેઓને રોકીએ તો તે રોકાતા નથી, કારણ કે તે ઘરના આગેવાનનો દાખલો સઘળાં લે છે. કદાચ કોઈ છોકરું કહી પણ દે કે, 'તમે ખાઓપીઓ છો અને અમને શા માટે રોકો છો?' તો આપણે મૌન સેવવું પડે. માટે કથામાં આવવાથી ભલે બહેરાશ હોવાથી ઓછું સંભળાય, પણ સત્સંગ તો થશે જ ને? ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે, યદ્યદાચરતિશ્રેષ્ઠસ્તત્તદેવેતરોજનઃ!" માટે જ સદ્‌વર્તન અને સત્સંગનો મહિમા અપાર છે.

૮૮–સાચું ધન વીસરી ગયો

એક વખત એક શ્રીમંતના ઘરમાં આગ લાગી, ત્યારે તેણે પોતાના કુટુંબી તથા નોકરોને બોલાવી ઘણી સાવચેતીથી પોતાનો સામાન ઘરની બહાર કઢાવ્યો. ખુરશીઓ, કબાટો, પહેરવાનાં વસ્ત્રની પેટીઓ, પુસ્તકો, ખતના ચોપડાઓ, તિજોરી વગેરે સામગ્રી બહાર કાઢી. એવામાં અગ્નિ ચોમેર ફેલાઈ

ઓને લઈને વિલાયત જવું છે. કારણ કે તે સુધરેલા દેશની કેટલીક રીતભાત શિખાય તો સારું, માટે તે પ્રથમ કરવા વિચાર છે. કદાચ અન્નક્ષેત્ર ન ખોલીએ તો પણ ચાલે એમ છે. કારણ કે તમારા જેવા રખડતા આવી જાય છે, તેમને અચ્છેર ખીચડી આપીએ છીએ, તે અન્નક્ષેત્ર જ છે ને?" સંન્યાસીએ ધાર્યું કે, આનું અભિમાન છોડાવવું જોઇએ, તેથી ભીંત પરનો નકશો બતાવી પૂછ્યું: "શેઠ, આ પૃથ્વીના નકશામાં હિન્દુસ્તાન કયાં આવ્યું?" શેઠે તે બતાવ્યું. "તેમાં મુંબઈ કયાં છે?" શેઠે એક મીંડા ઉપર આંગળી મૂકી બતાવ્યું. "બસ! આવડું જ મુંબઈ? ઠીક, ત્યારે તમારા માળાઓ બંગલા અને તેમાં રહેનારા તમારા છોકરાઓ બતાવશો?" શેઠ કહે: "તે કાંઇ પૃથ્વીના નકશામાં હોય?" સંન્યાસીએ કહ્યું: "જ્યારે પૃથ્વીના નકશામાં તમારી સમૃદ્ધિનું નામનિશાન નથી, તો તેનું અભિમાન શા માટે?" શેઠ સંન્યાસીનું કહેવું સમજી ગયો અને ત્યારથી ગર્વ છોડી પુણ્યપંથે વળ્યો.

૯૦–ધર્મની થાપણ યશ આપે છે

એક શહેરમાં બે ભાઇઓ હતા. એકને સત્પુરુષોનો સંગ હતો, ત્યારે બીજાને સામાન્ય મનુષ્યોનો સંગ હતો. બન્ને ભાઇઓ પૈસેટકે સમાન હતા. હાલમાં લોકો વધારાનાં નાણાંને ઘરમાં નહિ રાખતાં બીજાને વ્યાજે આપે છે; તેમાં પણ બેંકોમાં વધારે મૂકે છે. નાના ભાઇએ પોતાનાં નાણાં સરકારી બેંકમાં મૂકયાં અને વ્યાજમાં પોતાનો નિર્વાહ સુખેથી કરવા માંડ્યો. મોટા ભાઇએ નાણાં ઘરમાં રાખ્યાં. તે પૈસામાંથી શેઠે પ્રથમ અન્નક્ષેત્ર ખોલ્યું, દવાખાનું કાઢ્યું, વિદ્યા ભણાવવા માટે બ્રહ્મ-

વાળીઃ "થોડાં ઘરેણાંથી હું કદરૂપી નહિ દેખાઉં. હું પણ પુણ્ય વિના કાળે મોઢે ઈશ્વરને ત્યાં જતાં કદરૂપી થઇ જાઉં, માટે તમારી મરજીમાં આવે ત્યાં તે વાપરો." છોકરાએ મોજશોખ છોડી બચેલાં નાણાં બાપને ધર્માદા કરવા આપ્યાં. શેઠે ઘરનો ઘણો ખર્ચ ઓછો કર્યો. તેનું આખું કુટુંબ સાદાઇથી રહેવા લાગ્યું. લોકો ઉપર તેમની સાદાઇની અસર થઇ, શોખ જતાં છોકરાં સાદાં, સાત્ત્વિક અને નિરભિમાની બન્યાં. બીજા ગૃહસ્થને કંઇ અસર થઈ નહિ. તેના છોકરા ઉડાઉ થઇ ગયા, દુર્વ્યસની થઇ દારૂ વગેરે પીવા લાગ્યા અને અંતે નાણાંની પાયમાલી થઇ. આનું જ નામ પેટવરામાં પુણ્યવરો.

૧૨–તૂંબડી તીર્થે ચાલી

બે ભાઇઓ હતા. નાનો ભાઇ વ્યવહારમાં મશહૂર, ખટપટિયો અને લૌકિક ચાતુરીવાળો હતો. મોટોભાઇ ભોળો, આસ્તિક અને નીતિવાળો હતો. નાનાભાઇએ લાંચોથી તથા અનીતિથી ધન ભેગું કર્યું. તેણે તીર્થમાં જવાનો વિચાર કર્યો. મોટોભાઇ નીતિ સાથે જાતમહેનતથી કમાતો હતો, તેથી તીર્થમાં જઈ ખરચે એટલા દામ તેની પાસે હતા નહિ. નાનો ભાઇ જાત્રાએ જવા નીકળ્યો. મોટાભાઇએ એક કડવી તૂંબડી આપી તેને કહ્યું: "આને તીર્થમાં સ્નાન કરાવજે અને પાછો આવે, ત્યારે જળ ભરીને લેતો આવજે." નાનો ભાઇ જાત્રાએ ગયો. બધાં તીર્થોમાં ફર્યો. જ્યાં ગયો ત્યાં પેલી તૂંબડીને સ્નાન કરાવ્યું. છેવટે ગંગાજીનું જળ ભરીને તે પાછો આવ્યો. બેઉ ભાઇ મળ્યા. મોટાએ નાનાને કહ્યું: "તું તૂંબડીનું જળ પી અને કહે કે તે મીઠું થયું છે કે નહિ?" નાનાએ જળ પીધું,

૧૯–हृदयनो पस्तावो वस छे

એક સત્સંગમંડળ પ્રતિદિન નિયમસર એકઠું થાય અને ઈશ્વર સંબંધી વાતો કરે તથા આનંદાશ્રુ સાથે ધ્યાનભજન કરે. આ બધું પાસે રહેનારો એક શેઠનો મુનીમ રોજ જુએ. જેવો સંગ તેવો રંગ. હંમેશાં જેવા વાતાવરણમાં રહીએ તેવા થઇએ. એ નિયમ અનુસાર તે મુનીમ પણ સત્સંગમાં ભળ્યો. તે બધાની જોડે ભજન કરવા બેસે, પણ ચિત્ત એકાગ્ર થાય નહિ. તે સાચાબોલો હતો. સાચાબોલાને જ સાચી વસ્તુ પ્રાપ્ત થાય છે. બીજા ફાંફાં મારે છે, તેથી મુનીમે મંડળીને કહ્યું: "મારું ચિત્ત ભજનમાં લાગતું નથી." ત્યારે મંડળીનો અગ્રેસર બોલ્યો: "તમારા હૃદયમાં પાપ હશે, નહિ તો એવું ન બને." ત્યારે મુનીમ બોલ્યો: "હા, મેં મારા શેઠના બે હજાર રૂપિયા ચોરી લીધા છે. તે કોઇ જાણતું નથી, પરંતુ આજે હું તે પાછા મૂકી દઈશ." થોડા દિવસ પછી તે બોલ્યો: "હવે ભજનમાં થોડું થોડું ચિત્ત લાગે છે, પણ બરોબર નહિ." ત્યારે અગ્રેસરે કહ્યું: "તમે તે પાપની માફી માગી નહિ હોય." તે બોલ્યો: "હું માફી કેવી રીતે માગું? હું તો શેઠને ત્યાં શાહુકાર ગણાઉં છું, માટે મેં તો રૂપિયા છાનામાના મૂકી દીધા છે. મારું નામ જાણે તો મારી કિંમત કોડીની થાય." ત્યારે અગ્રેસર બોલ્યો: "મારા વહાલા, લૌકિક આબરૂ માટે હૃદયમાં પાપરૂપી સાપ સંઘરી રાખીશ નહિ. ચાલ, હું તારી સાથે આવું." તે બન્ને શેઠ પાસે ગયા. પેલાએ માફી માગી. શેઠ તો આ હકીકત સાંભળી આશ્ચર્ય પામી ગયો, પણ મુનીમની સચ્ચાઇથી પ્રસન્ન થઈ તેને ભેટી પડયો અને તેને ખરા દિલથી માફી આપી.

પિતાને સુખ આપી જગતને સુખ આપ્યું અને કંસ, દુર્યોધન તથા મારા જેવા કુપુત્રોએ સૌને દુઃખ આપ્યું. ધન્ય છે તેઓને અને ધિક્કાર છે અમને!" ત્યાર પછી તેનો હૃદયપલટો થયો અને તે સુધરી ગયો. પિતાએ રાજી થઈ તેને આશીર્વાદ આપ્યા.

९६–दुःख कोने नथी?

એક ટૂંકી બુદ્ધિવાળો પુરુષ વારંવાર પોતાની સ્ત્રીને અને જ્યાં ત્યાં કહેતો ફરતો કે, "શું કરીએ, ઘરનો ખર્ચ ભારે છે, છોકરાઓને પરણાવવાં પડશે, વહુઓને ઘરેણાં વિના કેમ ચાલશે? વળી બહેનનો ભાણો પરણશે ત્યારે મામેરું કરવું પડશે. છોકરાના છોકરાઓને પણ કંઇ પરણાવ્યા વિના ચાલશે? વળી બધાંને રહેવા ઘર જોઇશે, શું કરું? હવે વર્ષો બહુ ખરાબ આવે છે, વ્યાપાર પરદેશીઓના હાથમાં એટલે દેશીઓ શું ફાવે? નોકરીના દર પણ ઓછા થયા, માટે આ બધાં કામો પાર પડવાનાં નથી." આ પ્રમાણે બોલી તે હંમેશાં દુઃખી થાય. તેની સ્ત્રી ઘણી શાણી હતી. પોતાના પતિનું હિત ઇચ્છે તેજ સ્ત્રી. એક દિવસ પોતાના પતિને સમજાવવા તેણે પોતાનાં દુઃખ રડવા માંડયાં. તે બોલીઃ "તમારે શું દુઃખ છે? દુઃખ તો મારા પર છે. મારું સાઠ વર્ષનું આયુષ્ય છે એમ જોશીએ કહ્યું છે. તેમાં દશ હજાર મણ તો પાણી લાવવું પડશે, કેટલોય કચરો વાળવો પડશે, પાંચસો મણ અનાજ દળવાનું છે, વીસ હજાર વાસણ માંજવાનાં છે. અરેરે! આ બધું મારાથી કેમ બનશે? હું તો મરવા જ ધારું છું, કારણ કે આટલું બધું દુઃખ સહન કરવું તે કરતાં તો મરવું સારું." ત્યારે પુરુષ બોલ્યોઃ "પણ તારે તે બધું કયાં એક દિવસમાં કરવું

९८–साचो मित्र कोण?

એક મનુષ્યને ત્રણ મિત્રો હતા. ધન, કુટુંબ અને ધર્મ. તેમાં પહેલા મિત્ર ઉપર તેને પરમ પ્રીતિ હતી. તેના વિના તેને ઘડી ન ચાલે. તે તેની પાછળ પાછળ ભમે. બીજા મિત્ર ઉપર સામાન્ય પ્રીતિ હતી. બેચાર દિવસે ખપ પડે ત્યારે તેને બોલાવે. ત્રીજા મિત્ર ઉપર ઘણીજ થોડી પ્રીતિ હતી, કારણ કે પોતાને મોજ કરવા જોઇએ તેમાં પહેલા બે મિત્રો હાજી હા કરે, તેથી તે ઠીક લાગે, પણ ત્રીજો મિત્ર તેમ કરતાં તરત રોકે અને સમજાવે કે, "પરદારાગમન ન કરો, દારૂ ન પીઓ, ચોરી ન કરો, તને આવું ન છાજે, તું કોણ છે? તારે તારા હિતને સમજવું જોઇએ. ભોગ ભોગવવાથી જ ફાવી ગયા તેમ ન સમજવું." આથી ત્રીજા મિત્રને મહિનામાં એકાદ વખત તે બોલાવતો. હવે એવું બન્યું કે, પહેલા મિત્રને માટે બીજા મિત્રના કહેવાથી ટંટો થયો અને તેમાંથી મારામારી થઈ; પરિણામે ફોજદારી થઇ. પોલીસો તેને પકડી ગયા, ત્યારે તેણે પહેલા મિત્રને કહ્યું: "ભાઇ, મારી સાથે ચાલ. તારે માટે જ મેં ટંટો કર્યો છે." ત્યારે તે બોલ્યો: "છટ્! હું કયે દિવસે તારી પાછળ ફર્યો છું? તું જ મારી પાછળ ફરતો હતો." તેણે બીજા મિત્રને કહ્યું: "તું ચાલ." તે બોલ્યો: "કોર્ટના દરવાજા સુધી હું આવું, આગળ નહિ." આથી તે નારાજ થયો. એવામાં ત્રીજો મિત્ર વગર બોલાવ્યે હસતે ચહેરે આવી ઊભો રહ્યો. તે બોલ્યો: "તું શા માટે ડરે છે? હું તારી સાથે ઊભો છું." 'धर्मस्तिष्ठति केवलं' ત્રીજા મિત્રે વકીલ, માજિસ્ટ્રેટ વગેરેને સત્ય હકીકત કહી તેને છોડાવ્યો. આ પ્રમાણે અંત સમયે મનુષ્યના પહેલા બે મિત્રો ખસી જાય છે, પણ ધર્મરૂપી ત્રીજો મિત્ર જ સાથે રહે છે.

ગંગાજીનું પૂજન કર્યું, ઘણી વખત બ્રહ્મભોજન કરાવ્યાં, વળી હંમેશાં માળા ફેરવું છું, છતાં ઈશ્વરની મારા ઉપર કૃપા નથી; કારણ કે મારા પુત્રની મોટી ઉંમર થઇ પરંતુ તેને પુત્ર નથી. હું ઘરડી થઇ છું, મરતાં મરતાં છોકરાના છોકરાનું સુખ જોઇએ તો ઠીક, પણ એટલી યે કૃપા ઈશ્વર કરતો નથી." આ વાત સાંભળી એક ભક્ત બોલ્યોઃ "ડોશીમા તમે અવળું કેમ બોલો છો? શું ઈશ્વરની કૃપા વિના આ મનુષ્યજન્મ તમને મળ્યો હશે? તેમાં વળી હાથપગથી અખંડ શરીર અને આટલું બધું આયુષ્ય ઈશ્વરે તમને આપ્યું, તમને પુત્ર આપ્યો, તમારું કુટુંબ સુખી રાખ્યું, સમય પ્રમાણે તે વર્ષા, શરદી, ગરમી આપ્યાં કરે છે; તમે કાશી આદિ યાત્રાઓ કરી, પછી તમારે શું જોઇએ? માત્ર છોકરાને ત્યાં છોકરો ન આપ્યો, તેથી પ્રભુની આ બધી કૃપાઓ દબાઇ ગઇ?" ડોશી ચૂપ થઇ અને તે દિવસથી ઈશ્વરને અપયશ આપવો ભૂલી ગઈ.

१०१–आपणे सुरदास जेवा छीए.

કોઈ એક તીર્થક્ષેત્રમાં એક સુરદાસ ભજન ગાતો અને ભીખ માગતો ફરતો હતો. તેને કોઈ કોઈ લોકો ચણા, મમરા, કેળાં તથા પાઈપૈસો આપતાં હતાં. આથી સુરદાસ બહુ ખુશી થતો. એવામાં એક ગૃહસ્થ ત્યાંથી નીકળ્યો. તે સુરદાસના ભજનથી રાજી થયો. તેણે પાંચ રૂપિયાની નોટ સુરદાસના હાથમાં મૂકી. સુરદાસ બિચારો નોટથી અજાણ્યો હતો. તેણે ગામડામાં કોઈ દિવસ નોટ દેખી નહોતી, તેમજ નોટમાં શું લખ્યું છે, તે પણ જાણતો નહિ. શેઠે પોતાના હાથમાં કાગળનો કડકો મૂક્યો છે, [illegible]ની તે દિલગીર થવા લાગ્યો.

આજુબાજુ જોવા લાગ્યો પણ શું કરે? ખિસ્સામાં પડેલી દશ હજાર રૂપિયાની નોટો શું કામ આવે? તે વીલે મોઢે પાછો આવ્યો અને બધી વાત શેઠને કરી. શેઠ પણ ગભરાયો. હુંડી પણ અહીં ચાલે તેમ ન હતી. તાર દ્વારા નાણાં મંગાવવાની સગવડ ન હતી. જે કાગળને સાચા રૂપિયા માન્યા હતા, તે અહીં કામ ન લાગ્યા. આ પ્રમાણે જીવાત્માએ મનરૂપી મુનીમ દ્વારા આ સંસારમાં દુનિયાના પદાર્થ એકઠા કર્યા છે અને તેને જ પરલોકનું સાધન માની બેઠો છે, પણ ત્યાં તે ચાલે તેમ નથી. ત્યાં તો પુણ્ય, દાન, તપ, ઈશ્વરભજન, સત્ય વગેરે જ ચાલે છે. માટે ચેતો અને એ સાચું ધન મેળવવા પ્રયત્ન કરો.

१०३–नोकर वन्या !

ચાર દોસ્તો હતા. તેઓ સ્વેચ્છાચારી થઈ જ્યાંત્યાં ફરતા. માબાપના કબજામાં તેઓ રહેતા નહિ. માબાપને તેઓ કહેતા કે, "બસ કરો, તમે બુઠ્ઠાં માણસો મોજશોખમાં શું સમજો? જમાનો પલટાયો છે એની પણ તમને ખબર નથી?" તેઓ ઘરમાંથી લેવાય તેટલો પૈસો લઇ મુસાફરીમાં ગયા. ત્યાં મુસાફરીમાં બધું નાણું થઇ રહ્યું. એવામાં એક મોટું શહેર આવ્યું. તે જોયા વિના કેમ ચાલે? તેઓ શહેરની વીશીમાં ઊતર્યા અને રોજ જુદી જુદી વાનીઓની મજા ઉડાવે. આ પ્રમાણે આ ભવ્ય શહેરને જોતાં અને ખાતાંપીતાં પંદર દિવસ થઇ ગયા. પછી ઘર તરફ આવવા નીકળ્યા, ત્યારે વીશીવાળાએ સો રૂપિયાનું બિલ મૂક્યું. બિલ જોઈને તેઓ ચકિત થઈ ગયા. અહા! આટલું બધું બિલ? ત્યારે વીશીવાળાએ કહ્યું: "હુકમ બજાવતાં અને ખાતાં બહુ સારું લાગતું હતું અને

અને તે રડતાં હોય, તેવા સમયે છપ્પનભોગ પણ તમને ભાવે?' આટલું કહી ભગવાન અદૃશ્ય થઇ ગયા." બાઇ સમજી અને બધાંની સાથે સારી રીતે વર્તવા લાગી.

१०५–फेर केटलो?

એક વિરક્ત મહાત્મા ફરતા ફરતા કોઇ ગામમાં ગયા. ત્યાં તેમના પ્રભાવથી લોકો ઘણાજ ધાર્મિક બની ગયા. ધીરે ધીરે રાજા પાસે આ મહાત્માની વાત ગઈ. રાજાને શ્રદ્ધા બેઠી, તેથી રાજા પણ તેમનો સંગ કરવા લાગ્યો. જતે દિવસે રાજાએ મહાત્મા માટે પોતાના જેવો બગીચો બનાવી આપ્યો અને તેમાં પોતાના મહેલ જેવો મહેલ બંધાવ્યો. પોતાની પાસે જેટલી મોજશોખની સામગ્રી હતી, તેટલી મહાત્મા માટે તેમાં ગોઠવી આપી. એક દિવસે મહાત્મા સાથે રાજા ફરવા ગયો અને રસ્તામાં પૂછયું: "મારી પાસે જેટલી સામગ્રી છે તેટલી તમારી પાસે છે, હવે તમારામાં અને મારામાં શો ફેર છે?" મહાત્માએ કહ્યું: "જરા આગળ ચાલો, પછી કહીશ." આગળ જઇ મહાત્મા બોલ્યા: "મહારાજ ચાલો, આપણે બીજા દેશમાં જઇએ, ઘેર જવું જ નથી, ફેર શું કામ છે?" રાજા બોલ્યો: "મારાથી ન જવાય, મારાં સ્ત્રીપુત્રાદિ રાહ જુએ. હું આવું તો રાજ્યનું શું થાય મહારાજ?" ત્યારે મહાત્માએ કહ્યું: "બસ આટલો જ તમારામાં અને મારામાં ફેર છે." રાજા સમજી ગયો અને મહાત્માને [illegible] વિદાય આપી વિચાર કરતો મહેલ તરફ ફર્યો.



છે અને મેલું જળ રોગ ઉત્પન્ન કરી મૃત્યુ કરે છે, તેમજ વપરાશ વિનાનું એકઠું થયેલું ધન ગર્વ આદિ ઉત્પન્ન કરી, મનુષ્યને અધોગતિએ પહોંચાડે છે. લોભિયો પોતાનાં બધાં નાણાં અઠવાડિયાની અંદર એક વખત ગણી લેતો. તે જ્યારે ગણતો ત્યારે તિજોરીમાં બેઠે બેઠો એકલો ગણે. કોઈને લેવા દે નહિ. એક દિવસ તેણે તિજોરીમાં નોટનો થોકડો ગણીને બાજુએ મૂક્યો અને મહોરોની કોથળીઓ ગણવા જાય છે, તેવો જ તેનો મુનીમ કોઈ કામ માટે તે ઓરડામાં આવ્યો, એટલે લોભિયાએ તિજોરીમાં બેઠાં બેઠાં બારણું બંધ કર્યું. આથી બહારથી ચાવી વસાઈ ગઈ! અંદરથી તેણે ઘણી ય બૂમો પાડી, પણ તિજોરી બંધ હોવાને લીધે તેનો અવાજ કોઈથી સંભળાયો નહિ. ઘરનાં માણસોએ લોભિયાની ખોળ કરી, પણ તેનો પત્તો લાગ્યો નહિ. લોભિયો તિજોરીમાં છે એવી શંકા તો કોઈને આવે જ શાની? બૂમો મારી મારીને આખરે લોભિયો તિજોરીમાં ગૂંગળાઈ મરી ગયો. જ્યારે અઠવાડિયા સુધી ખોળ કરતાં પત્તો લાગ્યો નહિ, ત્યારે આપણી પાસે નાણાં કેટલાં છે, તે જાણવા તેના છોકરાઓએ તિજોરી ઉઘાડી, તો ત્યાં તિજોરીમાંથી તેની ગંધાતી લાશ હાથ આવી!

१०८–जे जन्मे छे, ते मरे छे

એક ડોશીનો એકનો એક છોકરો દૈવેચ્છાથી ગુજરી ગયો. આથી ડોશી માથાં કૂટી રડવા લાગી. લોકો સમજાવે પણ અતિ શોકને લીધે તે શાંત પડે નહિ. ડોશી મુડદાને વળગી પડી. લોકોએ તેને પરાણે છોડાવી. હૈયાફાટ રડતી ડોશી મુડદું લઈ જતા માણસો પાછળ દોડી. રસ્તામાં એક મહાત્મા મળ્યા.

કહેલું માનતો ન હતો, તેનું આ ફળ ચાખ. હજી તને ભાન નહિ આવે. કાલે નિશાળે આવીશ ત્યારે હું તારી ખબર બરાબર લઇશ. હવે કહ્યું માનીશ કે નહિ? બોલ, હજુ ઝાઝાં ખાસડાં ખાવાં છે?" પેલો છોકરો તો નીચે પાણીમાં ડૂબતો હતો, તેના મોંમાં પાણી ભરવા લાગ્યું, છતાં મહેતાજીએ પોતાનું ઉપદેશરૂપી ભાષણ જ જારી રાખ્યું અને છોકરા સામે ક્રોધ કરીને જોઈ રહ્યો. એવામાં એક માછી ત્યાં આવી ચઢયો. છોકરાને ડૂબતો જોઇ તે જળમાં કૂદી પડયો અને ક્રોધમાં આવી જઈ માસ્તરને કટાક્ષમાં કહ્યું: "શું તમે એટલું ય નથી સમજતા કે ઉપદેશ કયારે અપાય?" આમ કહી તેને જલદી બહાર કાઢયો. છોકરાનાં માબાપે પેલા માછીનો ઉપકાર માન્યો.

११०–आवती काले आपीश

મહારાજા યુધિષ્ઠિરની પાસે એક યાચકે આવી કોઇ વસ્તુ માટે યાચના કરી. યુધિષ્ઠિરને તે માણસ સારો લાગ્યો, તેથી પાત્ર સમજી તેને કહ્યું કે, "આવતી કાલે આપીશ." જ્યારે દાનને માટે યુધિષ્ઠિરે વાયદો કર્યો, ત્યારે ભીમે વિચાર કર્યો કે, 'મોટાભાઇ દાનનો મહિમા ચૂકી ગયા છે. પણ જો હું તેમને એ વિષે કહીશ તો તેમને ખોટું લાગશે. પણ મારે અવશ્ય મોટાભાઇનું હિત કરવું જ જોઇએ. ત્યારે હવે કરવું શું?' એમ વિચારી ચોકમાં નગારું પડયું હતું, તેને ઠોકવા માંડયું. એટલે ધર્મરાજાએ પુછાવ્યું કે, "આ નગારું શાનું વાગે છે?" ત્યારે ભીમ બોલ્યો કે, "મોટાભાઇ કાળને જીતી ગયા છે, તેની ખુશાલીમાં હું નગારું વગાડું છું. કારણ કે તેમણે બ્રાહ્મણને આવતી કાલનો વાયદો કર્યો છે, એટલે આવતી કાલ

તે કેવી રીતે પચાવી શકશો?" આ વાક્ય સાંભળી જમીનદાર પોતાની ભૂલ સમજ્યો અને તેના પગ ઢીલા પડી ગયા. તેણે બાઇની માફી માગી અને ખેતર તેને પાછું આપ્યું.

११२–प्रभु रक्षण करे छे

એક ડોશી હતી. તેને ભગવાન ઉપર અટલ શ્રદ્ધા હતી. વાતવાતમાં તે પ્રભુને યાદ કરતી. જેવી સ્થિતિમાં ઈશ્વર રાખે તે સ્થિતિમાં તે રાજી રહેતી. પ્રભુ જે કરે છે, તે સારું જ કરે છે, એવો તેનો દૃઢ નિશ્ચય હતો. તે ડોશીની પાડોશમાં એક નાસ્તિક રહેતો હતો. તે હંમેશાં ડોશી ઉપર બહુ ચિડાયા કરતો. ડોશી વખતસર જાગે, નહાય, મંદિરમાં જાય, પરમાત્માનું નામ લે, કોઇ અતિથિ આવે તેને યથાશક્તિ આપે, સૌની ઉપર પ્રેમ રાખે તથા પ્રભુના ભક્તના ચમત્કારની વાતો કરે. આ બધું પેલા નાસ્તિકને બિલકુલ ગમતું નહિ. એક દિવસ પાસેના ખાલી ઘરમાં ડોશી લાકડાં લેવા ગઇ, ત્યારે પેલા નાસ્તિકે બહારથી સાંકળ બંધ કરી દીધી. ડોશીએ બૂમો પાડી, છતાં કોઇ બોલ્યું નહિ. ત્યારે ડોશી મન વાળવા લાગી કે, 'ભગવાનની મરજી હશે તેમ થશે.' તે તેમાં આનંદથી ઈશ્વરનું નામસ્મરણ કરતી એકવીસ દિવસ સુધી પુરાઇ રહી. પેલા નાસ્તિકે ડોશીની દશા જોવા ઘર ઉઘાડ્યું, તો તેને આનંદથી માળા ફેરવતી જોઇ. આ જોઈ તેને ભારે આશ્ચર્ય થયું અને પોતાની ભૂલ માટે પસ્તાવો કરવા લાગ્યો. પછી તે નાસ્તિક ઈશ્વરને માનતો થઇ ગયો.



ત્યાર પછી તેણે ગાંજો, ભાંગ, તમાકુ વગેરે છોડી દીધાં; એટલું જ નહિ, પણ હજારો મનુષ્યો પાસે તે છોડાવી દીધાં. ત્યારથી તે મહાત્માનો અનન્ય ભક્ત બની ગયો.

११४–आयुष्यनां वर्षो वीते छे

એક શેઠની પાસે સાઠ વહાણ હતાં. તે સઘળાં વહાણમાં માલ ભરી શેઠ સમુદ્રની મુસાફરીએ ઊપડ્યા. વહાણ એક પછી એક ડૂબવા લાગ્યાં, પણ શેઠને તેની કંઇ અસર થઇ નહિ. તે લોકોને કહેવા લાગ્યા કે, "સાઠ વહાણમાંથી થોડાં પણ બચી જશે, તો પણ વ્યાપાર કરી પાછો આવીશ." આ પ્રમાણે એક પછી એક એમ તેમનાં ઓગણસાઠ વહાણ ડૂબી ગયાં; ત્યારે શેઠ પસ્તાયા અને પોતાની સમૃદ્ધિમાંથી કેટલીક રકમ ધર્માદાનાં કાર્યોમાં વાપરવાનો નિશ્ચય કર્યો. તેમણે પ્રભુ-પ્રાર્થના કરીને બાકી રહેલા એક વહાણમાં બહુ સારો ખારવો બેસાડ્યો અને તેને કાળજીથી વહાણ હંકારવાની સૂચના આપી. આમ કરવાથી તે વહાણ પોતાના દેશમાં સહીસલામત પહોંચી ગયું. દુનિયામાં ઘણાં વર્ષો વીત્યા છતાં મનુષ્યો સમજે છે કે, હજુ બહુ વર્ષ બાકી છે, મોટા થઇશું ત્યારે ભજન કરીશું; પણ સંસારસમુદ્રની યાત્રા કરતાં સર્વ વર્ષો પાણીમાં ચાલ્યાં જાય છે. આવે સમયે માયામાંથી મન ખેંચી જો મનુષ્ય પ્રભુપરાયણ થાય, તો તે પણ પેલા શેઠની માફક સંસારસાગર તરી જઇ તે ઇચ્છિત સ્થાને જઇ પહોંચે.

११५–संशयात्मा विनश्यति

એક મનુષ્યે પોતાના ખેતરમાં બે હાથ કૂવો ખોદ્યો એવામાં બીજો મનુષ્ય ત્યાં આવ્યો અને કહેવા લાગ્યોઃ "[illegible]

પડશે." ત્યારે તેની સાસુએ કહ્યું: "એમ નહિ બને, તમે જાઓ, ફરી પાછા આવજો. આજ હું મારી દીકરીને વળાવી ન શકું, કારણ કે કપડાં, ઘરેણાં વગેરે સામગ્રી તૈયાર નથી." ભરવાડ એકલો ઘેર આવ્યો, ત્યારે ઘરનાંએ પૂછ્યું: "વહુ કયાં?" ત્યારે તે શરમાઇ ગયો અને બનેલી વાત કહી. આ પ્રમાણે જીવાત્મા પણ આત્મવિદ્યાને લેવા મનુષ્યજન્મમાં આવ્યો છે, પણ વિષયભોગરૂપી રમતગમતમાં પડી જવાથી સત્યને તે ભૂલી જાય છે અને એકાએક જમડાઓનું તેડું આવે છે, એટલે ભરવાડની માફક વીલે મોઢે તેને આખરે પાછું જવું પડે છે.

૧૧૭–कलम के छरी ?

કલમ છરીની હોડમાં, કરે કલમ બહુ કેર;
છરી છેદ રુઝાય છે, કલમ વધારે વેર.

એક વકીલ કોર્ટમાંથી સાંજે ઘેર જતા હતા. રસ્તા પરની દુકાનમાંથી બેઠેલા શેઠે એક દાવો કરવાની સલાહ લેવા વકીલને અંદર બોલાવ્યા. દુકાન ઉપર ચઢતાં વકીલની કલમ નીચે પડી ગઈ, તેની તેને ખબર ન રહી. એવામાં એક મનુષ્ય ત્યાંથી નીકળ્યો. તે આ વકીલને તેમ શેઠને સારી રીતે ઓળખતો હતો. જૂઠાં ખાતાં પાડી પાંચ પાંચ વખત નાણાં લેવામાં શેઠ જેટલો કુશળ હતો, તેટલો જ આ વકીલ અવળા પક્ષમાં ઊભો રહી સાચાને જૂઠા પાડવામાં પ્રવીણ હતો. વકીલની પડી ગયેલી લેખણ ઉપાડી તે બોલ્યો: "વકીલ સાહેબ, લો આ તમારી છરી." વકીલ ચકિત થઈ બોલ્યો: "ભલા માણસ! તમે ભ્રમિત બન્યા હો એમ લાગે છે. કલમને તે કોઈ છરી કહેતું હશે?" તે બોલ્યો: "સાહેબ, તમે રીસ ચઢા-

११९–दोषारोपण

એક મહાત્મા કોઈ રસ્તા ઉપર સમાધિ લગાવી બેઠા હતા. તેવામાં સવાર પડતાં એક ચોર ત્યાંથી જ નીકળ્યો. તેણે તેમને જોઈ વિચાર્યું કે, 'આ કોઈ ચોર છે. આખી રાત ચોરી કરી થાકીને બેઠો છે, એટલે તેને ઊંઘ આવી હોય એમ લાગે છે. હમણાં પોલીસ આવશે અને તેને પકડી જશે. ચાલ, હું જલદી નાસી જાઉં.' એમ વિચારી તે નાસી ગયો. પછી દારૂડિયો આવ્યો. તેણે વિચાર્યું કે, 'આ કોઈ દારૂ પીને ચાલતાં દારૂ વધારે ચઢવાથી બેસી ગયો છે. સારું થયું કે, મેં થોડો પીધો, નહિ તો મારા પણ આવા હાલ થાત.' એમ ધારી તે ચાલતો થયો. એવામાં એક ઢોંગી માણસ ત્યાંથી નીકળ્યો. તેણે વિચાર્યું કે, 'વાહ ! કેવો કપટી સમાધિ ચઢાવીને બેઠો છે ? લોકોને ઠગવા માટે કેવા ચાળા કરે છે ? આવા ઢોંગીએ જ જગત ઘેરી લીધું છે, આથી મારા જેવા સજ્જનને કોણ પૂછે ?' તેના ગયા પછી કોઈ સાત્ત્વિક માણસ સાધુને જોઈ ત્યાં ઊભો રહ્યો. તેણે વિચાર કર્યો કે, 'ધન્ય છે, આવા પુરુષોને કે જેઓ માયાને લાત મારી, પ્રપંચનો ત્યાગ કરી, કેવા એકાંતસુખનો લાભ લે છે ? આપણે પણ આવી સ્થિતિ પ્રાપ્ત કરીશું ત્યારે જ સાચું સુખ થવાનું છે.' આમ વિચારી તે મહાત્માની પાસે બેઠો અને તેમની સેવા કરવા લાગ્યો. મહાત્માની સેવાથી તેનું ચિત્ત એકાગ્ર થયું અને અંતે તે પ્રભુના પરમધામને પામ્યો.

१२०–जातिस्वभाव

એક વખત શિયાળાની ઋતુમાં કેટલાંક હંસ આકાશમાં ઊડતાં હતાં. એવામાં નીચે જમીન પર ટાઢથી ઠરી ગયેલા

પ્રેમી બીજો કોઇ નથી.' ભગવાન આ વાત જાણી ગયા, તેથી નારદજીને સાથમાં લઇ એક દિવસ જંગલમાં ફરવા ગયા. ત્યાં એક દુર્બળ બ્રાહ્મણ કેડમાં તલવાર બાંધી સૂકાં પાન ખાઈ રહ્યો હતો. નારદજીએ વિચાર્યું: 'આ શું ? સૂકાં પાન ખાય છે, પણ લીલાં પાન તો તોડતો નથી.' આટલો બધો આ અહિંસક છે? વળી બીજી બાજુ હિંસાનું સાધન તલવાર તેણે બાંધી છે. તેને જોઈ નારદે પૂછ્યું: "તેં તલવાર શા માટે રાખી છે?" તે બોલ્યો: "આ તલવાર ભગવાનના ત્રણ દુશ્મન જો મને મળે તો તેમને મારવા રાખી છે." નારદજીએ કહ્યું: "તે કોણ કોણ છે ? " બ્રાહ્મણ બોલ્યો: "એક અર્જુન કે જેણે મારા ભગવાન પાસે રથ હંકાવ્યો, બીજી દ્રૌપદી કે જેણે એંઠી પતરાળી મારા ભગવાન પાસે ઉપડાવી અને ત્રીજો નારદજી કે જે રાતદિવસ મારા ભગવાનને જંપવા જ દેતો નથી." નારદજી તો બ્રાહ્મણનાં આ વચનો સાંભળી ચૂપ જ થઇ ગયા. ભગવાને પેલાને દર્શન આપ્યાં અને નારદજીને ઉપલો દોહરો સંભળાવ્યો.

१२२–बीजाना अवगुण ना जोशो

એક સાધુ શિવાલયમાં રહેતો હતો. તેની સામે વેશ્યાનું ઘર હતું. વેશ્યાને ઘેર રાતદિવસ અનેક સ્વચ્છંદી લોકો આવતા. તે જોઇ સાધુને બહુ ગુસ્સો થતો. એક દિવસ વેશ્યાને બોલાવી સાધુએ ઘણો તિરસ્કાર કરી કહ્યું: "અરે પાપિણી, તું બહુ-પાપ કરે છે, તારી શી ગતિ થશે ?" આ સાંભળી વેશ્યાને ઘણું લાગી આવ્યું, તેથી તે પોતાને ધિક્કારતી પ્રભુની પ્રાર્થના કરવા લાગી. ધીરે ધીરે તેણે કુકર્મ છોડી દીધાં, છતાં તે નામાંકિત હોવાથી મનુષ્યો તો તેને ત્યાં આવ્યા જ કરતા. પેલો સાધુ બધાની

યુરોપમાં પણ એમની પેઠે એક જ વસ્તુનો વિચાર કરતા કરતા ઘણા પાગલ થઇ જાય છે." પરમહંસજીને આ વાતની ખબર પડી, ત્યારે તે પંડિતને બોલાવવા માણસ મોકલ્યું. પેલા પંડિતે બે વાગે આવવાનો વખત આપ્યો, પણ તે સમયે તે આવી શક્યો નહિ. બીજે દિવસ મુકરર કર્યો. તે દિવસે પણ તે આવ્યો નહિ. પછી એક દિવસે અગાઉથી ખબર આપ્યા વિના તે પોતાના માણસો સાથે લઇ પરમહંસની પાસે આવ્યો. પરમહંસ તે બધાને જોઇ હસ્યા અને બોલ્યાઃ "વાહ, કાળી! તારી માયા અજબ છે!" હસતાં હસતાં તેમણે પંડિતને કહ્યુંઃ "હું ગાંડો તો છું, પણ તમારી પેઠે બે દિવસ સુધી બીજાને વખત આપીને ભૂલી જતો નથી. યુરોપમાં જે ગાંડાઓ થાય છે, તે તો જડનું ચિંતન કરતાં કરતાં-થાય છે, પણ સર્વાધાર ચૈતન્યનું ચિંતન કરનારો કદી ગાંડો થતો સાંભળ્યો છે?" પેલો પંડિત સ્તબ્ધ થઇ ગયો અને તે દિવસથી પરમહંસને પોતાના ગુરુ માનવા લાગ્યો.

૧૨૪–મનોનિગ્રહ

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છેઃ "હે મોટા હાથવાળા કુન્તીના પુત્ર અર્જુન! મન ચંચલ છે, તેનો નિગ્રહ જલદી થાય તેમ નથી, પણ અભ્યાસ અને વૈરાગ્ય થી મન વશ થાય છે. (અ૦ ૬–૩૫)

એક શિષ્યે ગુરુ પાસે જઇ પૂછ્યું કે, "હું ઘણાં ધર્મશાસ્ત્રો વાંચું છું, છતાં મનમાં ખોટા વિચારો કેમ ઉત્પન્ન થતા હશે?" ગુરુ બોલ્યાઃ "એક માણસે કૂતરો પાળ્યો હતો. તે રાતદિવસ તેને સાથે લઇને ફરતો. તે કૂતરાને પોતાની પથારીમાં સુવાડે,

१२६–अष्टसिद्धि

એક દિવસ રામકૃષ્ણ પરમહંસને હૃદયનાથ મુખોપાધ્યાયે કહ્યું: "આપને તો કાલીનો સાક્ષાત્કાર છે અને તે આપના પર અતિ પ્રસન્ન છે, તો તેમની પાસેથી સિદ્ધિઓ કેમ મેળવતા નથી? જ્યારે દેવનો સાક્ષાત્કાર કરીએ અને સિદ્ધિઓ ન મેળવીએ ત્યારે સાક્ષાત્કાર કામનો શું?" બાળકસ્વભાવના પરમહંસ એક સમય માતાની પાસે જઇને કહેવા લાગ્યાઃ "માતા, મને સિદ્ધિઓ આપ, મારે તે જોઇએ છે." માગણી થતાં જ વિષ્ટા આદિ મલિન ચીજોના આઠ ઢગલાઓ તેમણે જોયા; તેની ઉપર અપાર માંખો ઊડતી હતી અને કીડીઓનો તો કંઇ પાર ન હતો. સજ્જન અને સભ્ય પુરુષો નાક આગળ વસ્ત્ર રાખી ઝપાટાબંધ ત્યાંથી સામું જોયા વિના ચાલ્યા જાય છે અને મલિન ભંગીઓ તે વિષ્ટાને ઉઠાવી રહ્યા છે, તથા તે ઢગલાઓ ફેંદી તેમાંથી કંઇ વસ્તુઓ શોધી રહ્યા છે છતાં કંઇ જડતું નથી. ઘડીભર આ બધું પરમહંસ જોઇ રહ્યા, ત્યારે માતા બોલીઃ "પુત્ર, લે, આ અષ્ટસિદ્ધિ." પરમહંસ બોલ્યા, "ના, માતા! મારે તે ન જોઇએ, મારે તો તુંજ બસ છે!"

१२७–खेडूत के भक्त ?

એક વખતે નારદજી ફરતા ફરતા શ્રીવિષ્ણુની પાસે ગયા, ત્યારે શ્રીવિષ્ણુએ તેમને સારો આવકાર આપ્યો. આથી નારદજીને લાગ્યું કે, "હું ભગવાનનો ખરેખરો માનીતો છું તેથી મને આટલું માન આપે છે. વળી તે કંઈ મફત માન આપતા નથી. હું નિરંતર તેમનું ભજન કર્યા કરું છું. મારા

સ્વયંવરમાંથી જ રાવણ શ્રીરામનો શત્રુ થયો; કારણ કે તેનો સીતાજી ઉપર મોહ હતો. જ્યારે શ્રીરામ પિતાનું વચન પાળવા વનમાં ગયા, ત્યારે તે સાધુના વેશમાં આવી છળકપટ કરી, સીતાજીને લઇ ગયો અને લંકા શહેરની પાસેના બગીચામાં સીતાજીને રાખ્યાં. સીતાજીને ઠગવા માટે રાવણે અનેક વેશ ધારણ કર્યા, પણ સતીશિરોમણી સીતાજી ઠગાયાં નહિ. એક દિવસ તેના મંત્રીએ રાવણને કહ્યું કે, "તમે રામનો વેશ ધારણ કરો, એટલે સીતાજી ઠગાશે. કારણ કે ઇંદ્રે ગૌતમનું સ્વરૂપ ધારણ કરી અહલ્યાને ઠગી હતી.' રાવણ બોલ્યો: "તમારી વાત સાચી છે, પણ જ્યારે હું રામચંદ્રનું રૂપ ધારણ કરવાનું સ્મરણ કરું છું" ત્યારે બ્રહ્મલોક અને બ્રહ્મલોકના ઉપભોગ મને તુચ્છ ભાસે છે, તો પછી પરસ્ત્રીના સંગની તો વાત જ શી કરવી?" રાવણ જેવા કામાંધને પણ રામનું સ્વરૂપ નિર્વિષયી બનાવે છે, તો સજ્જનની તો વાતજ શી?

૧૨૯–શ્રીમદ્ ભાગવત ભણો

એક બ્રાહ્મણ ઘણાં વર્ષ કાશીમાં રહી વેદ આદિ ભણી ધર્મગ્રંથો તથા શ્રીમદ્ ભાગવત તેણે કંઠે કર્યાં. વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા। ભાગવત કોઇ સામાન્ય બનાવટી ગ્રંથ નથી, પણ જ્ઞાન, ભકિત અને વૈરાગ્યથી ભરપૂર ગ્રંથ છે. તે બ્રાહ્મણ ભાગવત ભણીને એક રાજા પાસે ગયો અને બોલ્યો: "રાજાજી, આપની ઇચ્છા હોય તો હું ભાગવત સપ્તાહ કરું અને આપ શ્રવણ કરો." તે રાજા જનક જેવો જ્ઞાની હતો. તે બોલ્યો: "હજુ ભાગવતનું વધારે અધ્યયન કરી આવો." બ્રાહ્મણને રીસ ચઢી તેથી ચાલ્યો ગયો. રસ્તામાં બબડતો ગયો કે, 'હવે મારે શું

શ્રીવિષ્ણુ તે વખતે કંઈ બોલ્યા નહિ. એક વખત નારદજીને લઇ શ્રીવિષ્ણુ ભગવાન ફરવા ગયા. રસ્તામાં શ્રીવિષ્ણુએ નારદજીને કહ્યું: "મને તૃષા લાગી છે માટે જળ લાવો." નારદજી જળ લેવા ગયા. ત્યાં સામે એક નાની નદી જોઈ. તે નદીને કિનારે સોળ વર્ષની એક સુંદરી બેઠી હતી. નારદજી તેનું રૂપ જોતાં જ ભગવાન અને ભગવાનને માટે પાણી લઇ જવાનું એ બધું તે વીસરી ગયા અને તે સ્ત્રીનું દાસત્વ સ્વીકારી તેની સાથે લગ્ન કર્યાં. લગ્ન થયા બાદ બેત્રણ છોકરાં પણ થયાં. ભાગ્યવશાત્ દેશમાં દુકાળ પડ્યો. તેથી તેઓ સહકુટુંબ વિદેશ જવા નીકળ્યાં. રસ્તામાં એક પુલ ઉપરથી પસાર થતાં પુલ તૂટી પડ્યો. નારદજી સિવાય સૌ કોઈ નદીમાં પડી તણાઈ ગયાં. સ્ત્રી અને છોકરાંના વિયોગથી નારદજી રડવા લાગ્યા. તેટલામાં ભગવાન ત્યાં ફરતા ફરતા આવ્યા. તેમણે નારદજીનો હાથ પકડી કહ્યું: "મેં પાણી પી લીધું; ચાલો, હવે ઘેર જઇએ." નારદજી ગભરાઈ ગયા અને બોલ્યા: "પ્રભુ તમારી માયા ખરેખર ગહન છે."

૧૩૧–બ્રહ્મચર્યનો પ્રતાપ

જયપુરમાં ગોવિન્દજીનું મંદિર છે. તેના પૂજારીઓ પૂર્વે લગ્ન કરતા ન હતા. તેઓ અખંડ બ્રહ્મચારી જ રહેતા. તે સમયે તેઓ અતિશય તેજસ્વી જણાતા અને કોઇની પરવા પણ ન રાખતા. એક વખતે રાજાએ તેમને તેડું મોકલ્યું. ત્યારે સિપાઈઓને તેમણે કહ્યું: "રાજા કો કામ હોગા તબ આવેગા, હમારે કોઈ જરૂરત નહિ હૈ." રાજાએ આ વાત સાંભળી, ત્યારે તેણે તથા દીવાને મસલત કરી તેઓને ધીમે

સાચાના સો પક્ષ એ કહેવત પ્રમાણે આખું ગામ કહેવા લાગ્યું કે, "આ વણકર બહુ જ પવિત્ર છે." ન્યાયાધીશે પૂછયું: "મહેતર! જે બન્યું હોય તે કહો. શું બન્યું?" વણકર બોલ્યો: રામની ઇચ્છાથી હું બહાર ઓટલે બેઠો હતો. રામની ઇચ્છાથી ચોરનું ટોળું આવ્યું. રામની ઇચ્છાથી મને સાથે લીધો. પછી રામની ઇચ્છાથી ચોરીનો માલ મારા માથા ઉપર મૂકયો. રામની ઇચ્છાથી પોલીસ આવ્યા અને રામની ઇચ્છાથી પકડી કોર્ટમાં હાજર કર્યો." વણકરની સ્પષ્ટ નિર્દોષ વાતથી ન્યાયાધીશ પ્રસન્ન થયા અને તેને છોડી મૂકયો. રસ્તે આવતાં કોઇએ પૂછયું: "કેમ મહેતર! કયાંથી આવો છો?" ત્યારે તે બોલ્યો: "રામની ઇચ્છાથી કોર્ટમાં પકડાયો હતો અને રામની ઇચ્છાથી હવે છૂટીને ઘેર જાઉં છું."

૧૨૨–હું ઉપકાર કરતો નથી

એક સદ્‌ગૃહસ્થ ભૂખ્યાને અન્ન આપતો હતો અને તે પણ પોતાને હાથે. કારણ કે યોગ્ય–અયોગ્ય જોઇ, પાત્ર–સુપાત્ર તપાસી તે પ્રમાણે અપાય. તે દાન આપતી વખતે ગંભીર ચહેરો રાખતો અને નીચે જોઇ રહેતો હતો. એક વાર કોઈ મહાત્મા આવ્યા. તેમણે પૂછયું: "પાપીનું મુખ નીચું અને ગ્લાનિવાળું રહે, તમે તો પુણ્ય કરો છો, તો શા માટે નીચું મુખ રાખો છો?" ત્યારે તે બોલ્યો: "આ બધો મહિમા ઈશ્વરનો છે, અન્નાદિ પણ ઈશ્વરનાં છે, આપણે પણ ઈશ્વરનાં છીએ. તો પછી યાચકો મારી સ્તુતિ કરે છે, તેથી હું શરમાઇ જાઉં છું. હું તો વાણોતર જેવો છું. જો હું શામળિયા શેઠનો યશ ખાટી જાઉં તો મને પાપ લાગે. વળી પરમાત્માની

થી. રાજાને તે કન્યા પરણવાની ઇચ્છા થઇ, તેથી તે પશ્ચિમ દિશા તરફ ચાલ્યો. સ્વયંવરમાં ઘણા રાજાઓ એકઠા થયા હતા. કન્યાના પિતાની શરત એ હતી કે, જે ગરમ તેલની કઢાઇમાં સ્નાન કરે, તે મારી કન્યાને વરે. કોઇનાથી તે બની શક્યું નહિ. એવામાં રાજાને મળેલા પેલા યોગીમહાત્મા ત્યાં આવ્યા અને કઢાઇના તેલમાં સ્નાન કરી ઊભા રહ્યા. કન્યા વરમાળ લઇ સામી આવી. યોગીએ કહ્યું: "તું મારી થઇ ચૂકી છે, તો હું કહું છું કે તું હવે આ રાજાને વરમાળ આરોપ." કન્યાએ તે પ્રમાણે કર્યું. રાજા રાજી થયો અને પેલા પ્રશ્નનો ઉત્તર યોગી પાસે માગ્યો. ત્યારે યોગી બોલ્યા: "હજુ તું ન સમજ્યો? જે ગૃહસ્થ હોલાહોલીની માફક આંગણે આવેલા અતિથિનો કોઇ પણ ભોગે આદરસત્કાર કરે છે, તે ગૃહસ્થાશ્રમીઓમાં શ્રેષ્ઠ ગણાય છે અને જે સંન્યાસી કશામાં આસક્તિ ન રાખતાં માત્ર બીજાનું જ કલ્યાણ કરે છે, તે સંન્યાસીઓમાં શ્રેષ્ઠ ગણાય છે." આથી રાજાના મનનું સમાધાન થયું.

૧૩૫–જીભનો સ્વાદ છોડો

મહારાજા યુધિષ્ઠિરે રાજસૂયજ્ઞ આરંભ્યો, ત્યારે શ્રીકૃષ્ણને તેમણે પૂછ્યું કે, "મારો યજ્ઞ પૂરો થયો એમ ક્યારે હું જાણું?" શ્રીકૃષ્ણે કહ્યું: આ પાંચજન્ય નામનો મારો શંખ સ્વયં વાગે ત્યારે યજ્ઞ પૂરો જાણવો." યજ્ઞ પૂરો થયો છતાં શંખ ન વાગ્યો; ત્યારે યુધિષ્ઠિરે પૂછ્યું કે, "શંખ કેમ ન વાગ્યો?" શ્રીકૃષ્ણ બોલ્યા: "નગરમાં જુઓ, કોઇ ભક્ત ભૂખ્યો હશે." નગરમાં તપાસ કરી તો એક મહેતર (ભંગી) આત્મારામી, પોતાને ઘેર બેઠો હતો, તે યુધિષ્ઠિરને ત્યાં આવ્યો નહોતો. જેણે ચૌદ

પાણી માગ્યું. કઠિયારે ઘણા પ્રેમથી ઠંડું પાણી પાયું. રાજા પ્રસન્ન થયો. કઠિયારાનું નામઠામ પૂછી લઈને તે રાજ્યમાં પાછો ફર્યો. ત્યાં જઇ તેણે દીવાનને હુકમ કર્યો કે, "અમુક સ્થળે કઠિયારો જંગલનો ઇજારો રાખી કોલસા પાડી બહુ દુઃખી થાય છે, તેથી તેને આપણા ચંદનનો બગીચો વિના ઇજારે ઈનામ આપી દો, કે તેથી તે બિચારા ગરીબને કોલસા પાડવાની માથાકૂટ મટી જાય." દીવાને તે પ્રમાણે કર્યું. કઠિયારો બહુ રાજી થયો, પણ તેને એ ખબર ન હતી કે ચંદનનાં લાકડાં વેચવાથી પુષ્કળ પૈસા આવશે. આથી તેણે પહેલાંની માફક ચંદન કાપી તેના પણ કોલસા પાડ્યા. લગભગ ચંદન કાપીને બાળી રહ્યો, ત્યારે તે રાજા ત્યાં ફરવા આવ્યો. તેણે આ બધું જોયું. રાજા ગુસ્સે થઈ બોલ્યોઃ "મૂર્ખ! આ તેં શું કર્યું? આ બગીચો તને શા માટે આપ્યો હતો? આ ચંદનનું એક એક વૃક્ષ હજાર હજાર રૂપિયાની કિંમતનું હતું, તેને તેં બાળીને કોલસા કરી નાખ્યા! જા, તું તો ઇજારાને જ યોગ્ય છે." એમ કહી બગીચો તેની પાસેથી લઈ લીધો અને તેને કાઢી મૂક્યો. આ જીવરૂપી કઠિયારાને ઈશ્વરરૂપી રાજાએ મનુષ્યદેહરૂપી ચંદનનો બગીચો આપેલો હોવા છતાં, પેલા કઠિયારાની માફક તેને વિષયો વગેરેમાં વેડફી દઇ વ્યર્થ ગુમાવે છે.

૧૩૭–સાચો યજ્ઞ શું ન કરે?

જ્યારે યુધિષ્ઠિરનો યજ્ઞ પૂરો થયો, ત્યારે ત્યાં પધારેલા ઋષિઓ અને રાજાઓની સભા મળી. ત્યાં યજ્ઞની પ્રશંસા થવા લાગી. સૌ કોઈ કહેવા લાગ્યું કે, "આવી ઉદારતાથી યજ્ઞ થયો હોય એમ અમે સાંભળ્યું નથી. જેમાં નરનારાયણ–અર્જુન

સ્વર્ગમાં લઇ ચાલ્યું." તે વખતે એ જગામાં હું આળોટ્યો, તો અર્ધો સોનાનો થયો; બાકીનો અર્ધો સોનાનો થવા અહીં આવ્યો, છતાં થયો નહિ; માટે તેનો યજ્ઞ આપના યજ્ઞ કરતાં ચઢિયાતો છે." આ સાંભળી બધા ચૂપ થઈ ગયા.

૧૩૮—સર્વમાં ઈશ્વર છે

એક ડોશી કથા સાંભળતી હતી. કથામાં વારંવાર એવું આવતું કે, સર્વમાં ઈશ્વર છે અને ઈશ્વરની મરજી વિના પાંદડું પણ હાલી શકતું નથી. ડોશીના હૃદયમાં આ માન્યતા સુદૃઢ થઈ હતી. હંમેશાં જે સ્થિતિ પ્રાપ્ત થાય તે ઈશ્વરપ્રેરિત છે, માટે ઈશ્વરની મરજીમાં પોતાની મરજી મેળવી તે રાજી રહેતી. દિવસે દિવસે ડોશીનાં આચરણ ઘણાં શુદ્ધ થયાં. એક વખતે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને તેની પરીક્ષા કરવાનું મન થયું. રુદ્ર સર્પ થયા અને વિષ્ણુ સિપાઈ થયા. બ્રહ્મા શાસ્ત્રી થઈ ડોશીની પરીક્ષા કરવા આવ્યા. ડોશીને એક છોકરો હતો, તેને સાપ કરડવાથી છોકરો મરી ગયો. એટલે પેલો સિપાઇ (વિષ્ણુ) તે ડોશીને બોલાવી કહેવા લાગ્યોઃ "ડોશીમા આ લાકડામાં તમારો શત્રુ છોકરાને કરડી ભરાઈ બેઠો છે, તમે કહો તો હું તેને મારી નાખું." ત્યારે ડોશી બોલીઃ "જે થવાનું હતું તે થયું, તેને શા માટે મારવો?" ત્યારે પેલા શાસ્ત્રીજી (બ્રહ્મા) આવ્યા અને બોલ્યાઃ "ડોશી, शठं प्रति शाठ्यं कुर्यात्। હવે તેને હણીએ, તેનો દોષ નવ ગણીએ." ત્યારે ડોશી બોલીઃ "તમે તો વિદ્વાન કહેવાઓ. હું તો અબળા એટલે બહુ ન સમજું. સર્વમાં ઈશ્વર રહેલો છે અને ઈશ્વર જેમ રાખે તેમ રહેવું એ ... ધર્મ છે. સૂર્ય, ચંદ્ર પણ તેના કબજામાં

છે, તો આપણે કોણ માત્ર? વળી મારો ને છોકરાનો સંબંધ પૂરો થયો હશે, તો હું સર્પ સાથે શા માટે નવું વેર બાંધું? માટે સર્પને મારવાનું મને કહેશો નહિ." પછી ડોશીએ છોકરાના મુખમાં ગંગાજળ મૂક્યું. છોકરો ઊભો થયો! દેવતાઓએ રાજી થઈ બંનેને દર્શન દીધાં. ડોશી કૃતાર્થ થઈ.

૧૩૯–વ્યસન મરણને નોતરે છે

એક રાજકુંવર ઘણા લાડમાં ઊછરેલો તેથી તેનમાં ઘણાં દુર્વ્યસનો પેસી ગયાં હતાં. હુક્કો, તમાકુ તો જાણે તેનાં માતપિતા, અફીણ, ભાંગ તો જાણે કે તેનું કુટુંબ. જતે દિવસે કુંવર વ્યાધિથી ઘેરાયો. રાજાએ ઘણી દવાઓ કરી, છતાં તેનો વ્યાધિ મટયો નહિ. ગમે તેટલી દવાઓ ખાય પણ સંયમ વિના રોગ શી રીતે મટે? એવામાં મનુષ્યની પ્રકૃતિને અનુસરીને કામ લેનારા એક સંત આવ્યા. તેમણે કુંવરને જોઈ કહ્યું કે, "આવા તો હજારો કેસ મેં સુધાર્યા છે. કાલથી મારી દવા શરૂ કરો." કુંવરે પૂછ્યું: "પથ્ય શું પાળવાનું?" મહાત્માએ કહ્યું: "તમારે ભાંગ, અફીણ અને દારૂ એ બધું બમણું લેવાનું!" વ્યસની કુંવર બહુ રાજી થયો અને મનમાં વિચાર્યું કે, 'આ વૈદ બહુ સારા કહેવાય.' મહાત્મા ઉપર તેની પ્રીતિ થઈ. પોતે જાતે મહાત્માના ઉતારે દવા લેવા ગયો અને પૂછ્યું: "તમે મને વ્યસન બમણું કરવાનું કેમ કહ્યું? કેટલાક મૂર્ખાઓ તો મને વ્યસન છોડાવતા હતા." ત્યારે મહાત્મા બોલ્યા: "આ વ્યસનોમાં ચાર ગુણ છે. પ્રથમ તો ચોર ન આવે, શરીર નાજુક રહે, બેસવા વાહન મળે અને ઘડપણ આવે નહિ." કુંવર બોલ્યો: "એ કેવી રીતે?" મહાત્મા

બોલ્યા: "તમાકુના વ્યસનીને ખું ખું ઉધરસ આવ્યા કરે એટલે ઊંઘ ન આવે, આથી ચોર રાત્રે આવ્યા હોય તો પણ નાસી જાય. શરીર પર સોજા ચડે, ગોટલા ઘાલે, એટલે તે તાજો દેખાય. પગમાં શક્તિ ન રહે, તેથી કયાંય જવું હોય ત્યારે વાહન જોઇએ. વળી જુવાનીમાંજ મરી જાય, એટલે ઘરડો તો કયાંથીજ થાય?" મહાત્માનાં વચન સાંભળી કુંવર ચમકીને બોલ્યો: "તે તો દુર્ગુણ કહેવાય! હું આજથીજ તે છોડી દઇશ." કુંવરે વ્યસનો છોડી દીધાં અને અંતે તે સુખી થયો.

૧૪૦–अभ्यास

એક સ્ત્રી હતી. તે ભેંસ રાખતી અને તેનાથી પોતાની આજીવિકા ચલાવતી. જતે દિવસે ભેંસ વિયાઇ, તેને પાડી આવી. બાઇ પાડી પરના પ્રેમને લીધે તેને ઊંચકીને ઘણી ઊંચી જગ્યામાં લઇ જતી. હંમેશાં તેની દૃષ્ટિમાં પાડી નાની માલૂમ પડતી; કારણ કે પ્રથમથી તેને ઊંચકવાનો અભ્યાસ પડી ગયો હતો. જેમ જેમ દિવસ ગયા તેમ તેમ પાડીનું વજન વધવા લાગ્યું. બાઇનો ઊંચકવાનો અભ્યાસ પણ વધતો ગયો, તેથી પાડીનો વધતો ભાર તેને જણાયો નહિ. લોકો જોઇને છક થઇ જતા કે; આ સ્ત્રીમાં કેટલું બળ છે, કે તે વર્ષ દોઢ વર્ષની પાડી ઊંચકી ઉપર ચઢી શકે છે! એક દિવસ પાડોશીએ પાડીના વજનથી ઘણા જ ઓછા વજનવાળું પોટલું લઇ ઉપર ચઢવાનું તેને કહ્યું. ત્યારે તે સ્ત્રી બોલી: "આટલું વજન મારાથી ઊંચકી શકાય નહિ." લોકોએ કહ્યું: "આ પાડીને તું કેમ ઊંચકે છે?" ત્યારે તે બોલી: "પાડી તો આજે જ જન્મી હોય એમ મને લાગે છે." આ વાતથી સ તું એ છે કે, અભ્ યાસથી અઘરું કામ પણ સહેલું થઇ


१४१–चिंतनमां फेर हतो

એક મહાન વૈરાગી મહાત્મા ફરતા ફરતા એક રાજાના નગર પાસે આવી ચઢયા. તેમણે વિચાર કર્યો કે, 'જો હું ધર્મશાળામાં ઊતરીશ તો બીજા લોકો મારા કાર્યમાં વિક્ષેપ કરશે અને જો હું કોઈ ગૃહસ્થને ત્યાં ઊતરીશ તો ત્યાં ઉપાધિ નડશે.' આવો વિચાર કરી, તેઓ એક કુંભારનો નિભાડો હતો ત્યાં સૂઈ ગયા. ઠંડી ઘણી હતી. સવાર થયું એટલે રાજા ત્યાંથી જંગલ જવા નીકળ્યો. તેણે તે મહાત્માને જોયા. રાજા આકૃતિ જોઈને સમજ્યો કે, આ કોઈ પવિત્ર મહાત્મા છે. પણ અત્યારે અપવિત્ર અવસ્થામાં તેમની જોડે વાર્તાલાપ કરવો ઠીક નહિ, એમ વિચાર કરી કચેરીમાં જઈ માનપાન સાથે મહાત્માને ત્યાં બોલાવ્યા. રાજા સામો ગયો અને તેમને હારી ઊંચા આસન પર બેસાડયા. પછી રાજાએ પૂછયું: "મહારાજ, રાત કેવી ગઈ?" મહાત્મા બોલ્યા: "કંઈ તારા જેવી અને કંઈક તારા કરતાં સારી." રાજાએ કહ્યું: "એમ કેમ?" મહાત્મા બોલ્યા: "ઊંઘ આવી ત્યારે મને અને તને કંઈ ભાન ન હતું, જ્યાં સુધી જાગતા હતા, ત્યાં સુધી હું ઈશ્વરનું ચિંતન કરતો હતો અને તું રાજ્યની ચિંતા કરતો હતો." મહાત્માનો જવાબ સાંભળી રાજા અત્યંત રાજી થયો.

१४२–वैरनो बदलो प्रेम

એક રાજા ઘણો નીતિમાન હતો. એક વખત એવું બન્યું કે, એક બીજો રાજા મોટા સૈન્ય સાથે તેના ઉપર ચઢી આવ્યો.

આ રાજાનું બધું સૈન્ય કપાઈ ગયું. છેવટે મરણિયો થઈ તે પોતે રણમાં ઊતર્યો. રણમાં જતાં પહેલાં પોતાનો નાનો પુત્ર હતો, તેને માટે બચવાનો રસ્તો તે કરી ગયો. તેણે વિચાર્યું કે, ક્ષત્રિય પુત્ર વેર વાળ્યા વિના કદી રહેશે નહિ, માટે તેના હાથમાં એક માદળિયું બાંધ્યું. તેમાં લખેલું હતું કે, **વેરનો બદલો વેરથી નહિ પણ પ્રેમથી વાળવો.** રાજા તે યુદ્ધમાં મરાયો. રાજપુત્ર અન્ય સ્થળે ઊછરીને મોટો થયો, પણ પિતાનું વેર લેવાનો ડંખ તેના હૃદયમાંથી નીકળ્યો નહિ, તેથી તે રાજપુત્ર પોતાના પિતાના દુશ્મન રાજાના નગરમાં ગયો અને રાજાનો રથ હાંકવા રહ્યો. બહુ હોશિયાર હોવાથી રાજાએ તેને પોતાનો સારથિ બનાવ્યો. એક દિવસ રાજપુત્ર રાજાને રથમાં બેસાડી બહુ દૂર નીકળી ગયો. હવા સારી હતી તેથી રાજા રથમાં ઊંઘી ગયો. રાજપુત્રે વિચાર્યું કે, પિતાનું વેર લેવાનો આ સમય ઠીક છે. તેણે પોતાની તલવાર તાણી, તે જેવો મારવા જાય છે ત્યાં તલવારના તેજથી માદળિયાના અક્ષર દેખાયા. તેણે તલવારની અણીથી માદળિયું ઉઘાડી જોયું, તો તેમાં પિતાના ઉપલા શબ્દો વંચાયા. તે ઘડીભર થંભી ગયો. તલવાર પાછી મ્યાનમાં મૂકી. એવામાં ઘોડાઓએ પગ પછાડ્યા એટલે રાજાની આંખ ઊઘડી ગઈ. પેલા રાજપુત્રે બધી હકીકત રાજાને કહી સંભળાવી. રાજા તેના પર બહુ પ્રસન્ન થયો અને તેના પિતાને ધન્યવાદ આપી, પોતાની પુત્રી આ રાજકુમારની સાથે પરણાવી અને તેને પોતાની ગાદી પર બેસાડ્યો !



१४३–चेतनमूर्तिनी पूजा करो

કોઇ એક મનુષ્ય પરમાત્માની મૂર્તિને જ ઇશ્વર માની પૂજતો. એક દિવસ ગંગાજીમાં સ્નાન કરીને તે આવતો હતો, ત્યારે રસ્તામાં એક મહાત્મા તાવ આવવાથી દુઃખથી પીડાતા હતા. તેમણે કહ્યું: "ભગતજી ! જરા જળ પાતા જાવ, ઈશ્વર તમારું ભલું કરશે. મને આખી રાત તાવ આવ્યો છે." ત્યારે તે બોલ્યો: "આ જળ તો ઠાકોરજી માટે લઇ જાઉં છું, તે એઠું થઇ જાય; તારા જેવા તો રસ્તામાં હજારો પડ્યા છે." આમ કહી તેણે ચાલવા માંડયું અને ઘેર આવી ઠાકોરજીનું પૂજન કરી રાત્રે સૂઇ ગયો. ઊંઘ આવતાં તેને એક સ્વપ્ન આવ્યું. તેમાં તેના ઠાકોરજી તેને કહેવા લાગ્યા કે, "મને તાવ આવ્યો છે." ભગતે પૂછયું: "તમને વળી તાવ કેવો ?" ઠાકોરજી બોલ્યા: "રસ્તામાં જે સાધુ સૂતો હતો તે મારું જ સ્વરૂપ છે. તેને તેં જળ પાયું નહિ અને મને આવીને જળ ચઢાવે છે, પણ તે જળ મને પહોંચતું નથી; માટે મારી ચેતનમૂર્તિઓની તું સેવા કર. આમ કરવાથી હું વધારે પ્રસન્ન થઇશ." એવામાં તેની આંખ ઊઘડી ગઇ. તે બહુ જ પસ્તાયો અને દોડતો દોડતો પેલા બીમાર મહાત્મા પાસે ગયો અને તેમની સાજા થતાં સુધી સારી રીતે સેવાચાકરી કરી. પછી તો તે આખી જિંદગી પરમાત્માની ચેતનમૂર્તિઓની જ સેવામાં રોકાયલો રહેતો અને અંતે ઉત્તમ ગતિને પામ્યો.

१४४–साधुनी परीक्षा

કોઇ બાઇને એક મહાત્માને પોતાને ત્યાં ભોજન લેવડાવવું હતું. તે ભોજનનો સમય થયો, ત્યારે તેમને ચોખાની ...

રસ્તામાં આવતાં પેલા મનુષ્યે કહ્યું: "બાપજી, પેલું આપણું ઘર છે, ત્યાં આપ પધારો, હું કંઇ કામ છે તે કરીને આવું છું." મહાત્મા ઘેર ગયા, ત્યાં તેની સ્ત્રી બોલી: "તમારા જેવા તો ઘણા ભટકતા આવે છે, જાઓ, થોડી વાર છે." મહાત્મા પ્રસન્ન મુખે પાછા ફર્યા. ત્યાં ભક્ત તેમને સામો મળ્યો. તેણે કહ્યું: "ચાલો બાપજી, તેણે આપને ઓળખ્યા નહિ હોય, હું સાથે છું." મહાત્મા પાછા ગયા. ભક્ત આગળ જઇ મેડા ઉપર ચઢી ગયો એટલે સ્ત્રીએ મહાત્માને ધમકાવ્યા. "તમને લાજ. શરમ છે કે નહિ? સાધુ થયા એટલે નાક-કાન વિનાના છો? ગૃહસ્થીઓના શું હાલ થાય છે તેની કંઇ તમને ખબર છે?" મહાત્મા હસતે મોઢે પાછા ફર્યા, એટલે પાછલી બારીએથી ભક્તે તેમને ઉપર બોલાવ્યા અને કહ્યું: "માફ કરો, તે તો એવી જ છે. તેના બોલવા સામું જોશો નહિ." મહાત્માને મેડે ચઢતા જોઇ સ્ત્રી બોલી: "હવે ખાધા વિના છોડશો નહિ, પેટ ન ભરાતું હોય તો ફોડી નાખો ને!" આમ બોલતાં બોલતાં તેણે ભાણું પીરસ્યું. મહાત્માએ પ્રસન્ન ચહેરે ભોજન કર્યું. પછી સ્ત્રી તેમને પગે પડીને બોલી: "બાપજી, માફ કરજો. આપ સાક્ષાત્ ઈશ્વર છો અને શાંતિના સાગર છો, તે મેં જોઇ લીધું. માનઅપમાન તો આપ ગળી જ ગયા છો." ત્યારે મહાત્મા બોલ્યા: "અમારાથી તો કૂતરાં સારાં છે, કારણ કે તેને મારો છો છતાં પણ તે પાછાં આવે છે. તમે તો મને ગાળો જ આપી છે ક્યાં માર માર્યો છે?"

૧૪૫–બીજાને દુઃખ દેશો નહિ

એક શિયાળ જંગલમાં ફરતું હતું. તેને ઘણી તરસ લાગી હતી. તે પાણીને માટે ઘણું ભટક્યું, પણ પાણી કંઇ મળ્યું

નહિ. આખરે તે થાકી ગયું. એવામાં તેણે એક ખાડો જોયો. તેમાં થોડું પાણી હતું. તેમાં ઊતરીને પાણી પી શકાય તેમ હતું, પણ પાછું બહાર નીકળાય તેમ ન હતું. હવે શું કરવું તે વિચાર કરે છે એવામાં એક બકરો ત્યાં આવી ચડ્યો. તે પણ પાણી ખોળતો હતો. શિયાળે કહ્યું: "મિત્ર! આ ખાડામાં પાણી છે, તેમાં ઊતરી શકાય તેમ છે, પણ બહાર નીકળી શકાય તેમ નથી. જો તમે તમારા બે પગ ઊંચા ભરાવશો, તો હું તમારા ઉપર થઇ નીકળી શકીશ અને પછી હું તમારાં શિંગડાં પકડી તમને બહાર ખેંચી કાઢીશ." ગરજવાનને અક્કલ ન હોય. બકરાએ શિયાળની માગણી કબૂલ રાખી. બેઉ પાણી પીવા ઊતર્યાં. શિયાળ બકરાની પીઠ ઉપર ચઢીને બહાર નીકળી ગયું. પછી બકરે કહ્યું: "હવે મને બહાર ખેંચી લે." ત્યારે શિયાળ બોલ્યું: "અરે મૂર્ખ! હું આટલું નાનું તને કેવી રીતે બહાર કાઢી શકું? હું તને કાઢતાં પાછું અંદર પડી જાઉં. માટે રામ, રામ! હું જાઉં છું." એમ કહીને તે ચાલતું થયું. બીજાને દુઃખ આપી કોઈ સુખી થતું નથી. એ ન્યાયે તે શિયાળ થોડે દૂર ગયું, ત્યાં તો વાઘે તેને ફાડી ખાધું. ખાડામાં પડેલો પેલો બકરો બેં બેં કરતો હતો. એવામાં કોઈ ભલા માણસે તેનો અવાજ સાંભળ્યો. તે ખાડા પાસે આવ્યો અને બકરાનાં શિંગડાં ઝાલી તેને બહાર ખેંચી કાઢયો.

૧૯૬–भर्तृहरि अंन हीगे

એક વખતે રાજર્ષિ ભર્તૃહરિ જંગલમાં ગુફા નીચે બેઠા હતા. એવામાં પાસેના રસ્તામાં એક હીરો પડેલો તેમણે જોયો. પૂર્વના અભ્યાસથી તે હીરાની તેમની મરજી થઈ, પણ પછી

વિચાર્યું કે, "અગણિત હીરાઓ છોડી પરમાત્માનું શરણ લીધું, તો પછી એક હીરાને લોભે પાછું તલચાવું તે ઠીક નથી. વળી અત્યારે મારે તેનો ઉપયોગ પણ શું છે? વસ્તુ આવે ત્યારે તેના કરતાં તે દશગણી ચિંતાને સાથે લાવે છે, તો પછી આ શાન્તિ શી રીતે ભોગવાય?" આવો ગંભીર વિચાર કરી તેઓ અંતર્મુખ થયા. એવામાં બે બાજુથી બે રાજપૂતો હાથમાં તલવાર લઇને ત્યાં આવી ચઢ્યા. બેઉની દૃષ્ટિ એકી સાથે તે હીરા ઉપર પડી. તેઓ સાથે દોડ્યા અને સાથે હીરા ઉપર હાથ પણ નાખ્યા. મમત કરી બેઉ આગ્રહમાં આવી ગયા. બેમાંથી એક પણ નમ્યો નહિ. હીરાને બેઉ સ્વયં પચાવી પાડવા ધારતા હતા, તેથી બેઉએ સાથે તલવારો ખેંચી અને બેઉ કપાઇને મરણ પામ્યા. હીરો ત્યાંનો ત્યાં જ પડ્યો રહ્યો! ભર્તૃહરિએ તેમને વાળવા પ્રયત્ન કર્યો, પણ તેમનું સાંભળે જ કોણ? દુનિયામાં પણ લોકો મમતના માર્યા આવાં કેટલાં યે અવિચારી કાર્યો કરે છે અને આખરે ખુવાર થઇ પાછળથી પસ્તાય છે.

૧૪૭–નમાજ પઢો

ગુરુ નાનક પંજાબમાં મહાન તત્ત્વવેત્તા થઇ ગયા. તેઓ હિંદુમુસ્લિમની એકતાના સાધક હતા. એક વખત સુલતાનપુરના નવાબે ગુરુ નાનકને કહ્યું: "મુસ્લિમ અને હિંદુધર્મના રહસ્યમાં કંઇ ભેદ નથી એમ તમે કહો છો, તો આજે મારી અને કાજીની સાથે તમે નમાજ પઢો." નાનકજીએ કહ્યું: "બહુ સારું." પછી સૌ મસ્જિદમાં ગયા. ગુરુ નાનક એક બાજુ ઊભા રહ્યા અને રાજા તથા કાજી નમાજ પઢવા લાગ્યા, પણ તેમનું મન તો બીજે ભટકતું હતું. પછી નવાબે ગુરુ નાનકને કહ્યું: "કેમ

ઊભા છો? તમે પણ નમાજ પઢો ને!" નાનકજી બોલ્યા: "તમે નમાજ ક્યાં પઢો છો? તમે તો કાબૂલમાં ઘોડા લેવા ફરતા હતા અને કાજી સાહેબ કૂવો ખોદાવતા હતા. ખરી નમાજ તો હું જ પઢ્યો છું, કે જેનો સ્વીકાર ખુદાએ કરી લીધો છે." આમ ગુરુ નાનક તેમના મનની વાત જાણી ગયેલા જાણી નવાબ અને કાજી તો દંગ થઇ ગયા અને નાનકને પગે પડી તેમની સ્તુતિ કરવા લાગ્યા.

૧૪૮—गुरु नानक अने मक्का

ગુરુ નાનક ભારતવર્ષનાં બધાં તીર્થોમાં ફર્યા. એક વખતે તેઓ મક્કા શરીફની હજ કરવા ગયા. અગાઉ ગાડીઓ કે મોટરો હતી નહિ કે, એક દિવસમાં પહોંચી જવાય. તેઓ ઘણે દિવસે મક્કા પહોંચ્યા. ચાલવાના પરિશ્રમથી તેઓ થાકી ગયા હતા. રાત્રે કાબા તરફ પગ કરીને તેઓ સૂઈ ગયા. કાજીએ ગુસ્સે થઇને તેમને ઘણો ઠપકો દીધો, કારણ કે મુસ્લિમધર્મ પ્રમાણે તે અપરાધ ગણાય છે. નાનકે કહ્યુ: "સાહેબ! આટલા ગુસ્સે શા માટે થાઓ છો? હું થાકી ગયો છું, તો જે બાજુ એ ખુદાનું ઘર ન હોય તે તરફ મારા પગ ખસેડી મૂકો." આથી કાજીને બહુ રીસ ચઢી અને જોરથી તેમના પગ પકડી બીજી દિશા તરફ ફેંકયા. કાજીને કાબાનું દેવળ પણ તેજ દિશાએ દેખાયું. બીજી દિશા તરફ પગ કર્યા તો ત્યાં પણ તેમજ થયું. કાજી બોલ્યા: "આમ કેમ થાય છે?" ત્યારે નાનકે કહ્યું: "કાજી સાહેબ! શું ખુદાનું ઘર ચારે બાજુ નથી? શું ખુદા અહીં જ રહે છે? કાજી શરમાઈ ગયો અને તેમને પગે પડી તેમની સ્તુતિ કરવા લાગ્યો.

૧૪૯–वाणी वेर करावे छे

પાંડવપુત્ર ધર્મરાજાએ જ્યારે રાજસૂય યજ્ઞ કર્યો, ત્યારે મય દાનવ દ્વારા એક ઘણી જ સુશોભિત સભા રચી હતી. આ સભા રચવામાં મય દાનવે એવી કુશળતા વાપરી હતી કે, જ્યાં સ્થળ હોય ત્યાં જળ જણાય અને જળ હોય ત્યાં સ્થળ જણાય. એક દિવસ દુર્યોધન તે સભામાં આવ્યો અને આવી યુક્તિવાળી રચનાથી ભ્રમિત થઇ તે ફાંફાં મારવા લાગ્યો. તેને સભામાં અફળાતો જોઇ, સતી દ્રૌપદીએ તેના તરફ જોઈ કહ્યું કે, "આંધળાના પુત્ર દેખતા કયાંથી હોય?" આ કઠોર વાણી દુર્યોધનના હૃદયમાં સાલવા લાગી અને તેનો બદલો તેણે યુધિષ્ઠિરને દ્યૂતમાં હરાવી દ્રૌપદીને છતી લઈ, ભરી સભામાં વડીલોના દેખતાં, તેનાં ચીર ખેંચી વાળ્યો. કઠોર વાણી બોલવાથી દ્રૌપદીને આવું મહાન સંકટ આવી પડયું. ચીર ખેંચતાં દુર્યોધન ભીમ તરફ જોઇ તેને કહેવા લાગ્યો કે, "કોઆ! તારાથી બને તે કરી લે અને તારામાં તાકાત હોય તો આ વખતે તેને મદદ કર." વળી તેણે ભીમના સાંભળતાં દ્રૌપદીને પણ ઘણાં કટુ વચન કહ્યાં. ભીમથી આ અપમાન સહન થઈ શકયું નહિ, તેથી તેણે દુર્યોધનના રુધિરથી દ્રૌપદીનો ચોટલો બાંધવાની અને તેને મારી નાખવાની પ્રતિજ્ઞા કરી. મહાભારતનું યુદ્ધ તે આ પ્રતિજ્ઞાનું પરિણામ હતું. કઠોર વાણી ઉચ્ચારવાથી આવાં અનિષ્ટ પરિણામ આવે છે.

૧૫૦–पुरोहित केवो जोईए ?

'પુરોહિત' શબ્દનો અર્થ યજ્ઞયાગાદિ કરાવનાર આચાર્ય એવો થાય છે, પરંતુ જે હિત કરે તે પુરોહિત એવો અર્થ

આપણે અહીં લઈશું. જો કે આ અર્થ વ્યાકરણથી વિરુદ્ધ છે, છતાં ભાવ ઘણો જ સારો છે. એક વખત મેવાડનો પરાક્રમી રાણો પ્રતાપ યુવાવસ્થામાં પોતાના ભાઈ શાક્તસિંહની સાથે શિકાર કરવા ગયો હતો. ત્યાં નિશાનની બાબતમાં બે બંધુઓ વચ્ચે કજિયો થયો. રાણા પ્રતાપે કહ્યું કે, "મેં નિશાન ભેદ્યું છે." ત્યારે શાક્તસિંહ કહેવા લાગ્યો કે, "મેં પાડ્યું છે." તેઓ બન્ને વાદે ચડ્યા અને ક્રોધિત થઈ ગયા. કોણે ભેદ્યું તેનો નિશ્ચય થયો નહિ, ત્યારે ભવાં ચઢાવી હાથમાં ભાલો લઈ પ્રતાપ બોલ્યો: "આવી જા મેદાનમાં. કોણે નિશાન તાક્યું છે તેનો નિર્ણય કરીએ." ત્યારે શાક્તસિંહ પણ જિતપુર ડર્યા વિના હાથમાં ભાલો લઈ સામો હાજર થઈ ગયો. આ બન્નેની ઝપાઝપી સાંભળી લોકો ભેગા થઈ ગયા. તેઓએ બન્નેને વાર્યા છતાં કોઈનું તેઓએ માન્યું નહિ. લોકો ગભરાઈ ગયા અને અવશ્ય રાજ્યનું નિકંદન જવા બેઠું એમ માનવા લાગ્યા. એવામાં રાજ્યપુરોહિત આ ખબર સાંભળી દોડતો ત્યાં આવ્યો અને બન્નેને સમજાવવા લાગ્યો, પણ તેઓ સમજે શાના! પછી પુરોહિત કૂદીને બેઉની મધ્યમ [illegible] રહ્યો અને કહ્યું: "મારા વીર પુત્રો! તમારી વીરતા [illegible] શરીર પર [illegible] આવો, મારાથી આ દૃશ્ય જોવાતું નથી. આ [illegible] દેશને નુકસાન થાય છે, દુશ્મનોને [illegible] છે. [illegible] પ્રતાપ ઉપર દેશની લોકોની આશાઓ નષ્ટ થાય છે." [illegible] વચનો સાંભળી બન્ને બંધુઓને [illegible] [illegible]



१५१–कनिष्ठ नोकरी

બંગાળામાં રૂપગોસ્વામી કરીને પંદરમા સૈકામાં શ્રીચૈતન્ય મહાપ્રભુજીના શિષ્ય થઇ ગયા. તે ઘણા બુદ્ધિશાળી અને સંસ્કૃતના અગાધ પંડિત હતા. તેમણે અલાઉદ્દીન બાદશાહના વજીર તરીકે ઘણાં વર્ષો કામ કર્યું. બાદશાહ તેમના પર ઘણો પ્રસન્ન રહેતો અને તેમનો માનમરતબો સાચવતો. એક દિવસ એવું બન્યું કે, રૂપગોસ્વામી વહેલા પરોઢિયે ઊઠી નવાબના હુકમ પ્રમાણે તેમના દરબારમાં જતા હતા. તે વખતે વરસાદ મુસળધાર પડી રહ્યો હતો. રસ્તામાં કોઇની અવરજવર બિલકુલ દેખાતી નહિ. રસ્તે ચાલતાં એક પતિપત્ની વચ્ચે થતી વાત તેમણે સાંભળી.

બ્રાહ્મણી બોલી: "તમને ઘરની કંઇ ખબર જ નથી. જાઓ, જલદી કાંઇક મજૂરી કરી અથવા ભિક્ષા માગી અનાજ લાવો. ઘરમાં ખાવાનું કંઈ નથી." ત્યારે બ્રાહ્મણ બોલ્યો: "હજુ સવાર થવાને વાર છે, વરસાદ બહુ વરસી રહ્યો છે, આવા સમયે ગુલામ કે પારકાની નોકરી કરનાર માણસ સિવાય બીજું કોણ બહાર જાય? કૂતરાં અને શિયાળવાં પણ બહાર નીકળે નહિ, તો હું શા લોગે બહાર જાઉં? મેં એવાં શાં કાળાં કર્મો કર્યાં છે?" આ વચનો સાંભળતાં રૂપગોસ્વામીને પોતાના ઉપર ધિક્કાર છૂટયો અને ત્યાંથી જ તેઓ પાછા વળ્યા. ઘેર જઇ નોકરીનું રાજીનામું મોકલી આપ્યું. 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી' એ કહેવત તદ્દન સાચી છે.

૧૫૨–अतिथिनो आशीर्वाद फळ्यो

એક ગામમાં મારુત ભક્ત રહેતા હતા. તેમને કંઈ સંતાન નહોતું. તેઓ ઈશ્વરભક્તિમાં પોતાના દિવસો નિર્ગમન કરતા હતા. એક દિવસ સંધ્યાકાળે એમના ઘરમાં એક અજાણ્યા અતિથિએ આશ્રય લીધો. તે જ રાત્રિએ તે અતિથિ બેહદ માંદો થઇ ગયો. મારુતે બે રાત સુધી ઊંઘ્યા વિના ખડે પગે તેની ચાકરી કરી. ત્રીજી રાત્રિએ અતિથિની વધતી દશા હોવાથી મારુત સૂનો. એવામાં અતિથિ કારમી ચીસ પાડી બોલ્યો: "હે ઈશ્વર! આવા નાદાનના ઘરમાં મને ક્યાં નાખ્યો? અહીં તો કોઇ ભાવ જ પૂછતું નથી." આ સાંભળી મારુતની પત્ની બોલી: "આવા નગુણાની સેવા ન કરવી જોઈએ; સાંભળો, તે કેવું બોલે છે! આની સેવા કરવાથી શું ફળ મળવાનું છે? તમારું કરેલું તે ધૂળ મેળવે છે." ત્યારે મારુત બોલ્યો: "એમ ન બોલ." તે બિચારો બીમારીની પીડાથી બોલે છે તેથી તેની રીસ આપણે શા માટે કરવી? વળી આપણે તેને પ્રસન્ન કરવા સેવા કરતા નથી, આપણે તો ઈશ્વરને પ્રસન્ન કરવો છે. ઈશ્વર તો આપણા ઉપર પ્રસન્ન જ છે, નહિ તો આપણે પણ બીમાર હોઈએ. જો આપણાં શરીર કેવાં તાજાં છે! તે ઈશ્વરની કૃપા વિના બીજું શું હોઇ શકે!" મારુતે આ પ્રમાણે કહ્યું, એટલે તે સ્ત્રી સમજી ગઈ અને ખાત-રદારીથી પોતાની સેવા કરવા લાગી. જ્યારે તે સાજો થઇને ઘેર જવા નીકળ્યો, ત્યારે દંપતીને આશીર્વાદ આપતો ગયો અને તેમને ત્યાં પાછળથી પુત્રરત્ન સાંપડ્યું!

१५३–ईश्वरनो पगार एक लक्ष!

પંઢરપુરમાં દામોદરપંત નામનો સાચો ભક્ત રહેતો હતો. તે મામલતદારની નોકરી કરતો હતો. એક વખત દેશમાં ભયંકર દુકાળ પડયો, તેથી ખેડુતો મહેસૂલ ભરી શકયા નહિ. રાજાએ મહેસૂલ વસૂલ કરવા દબાણ કરવા માંડ્યું. દામોદરપંતથી આ સહન થઇ શકયું નહિ. "વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે" આવાં લક્ષણથી યુક્ત તે દામોદરપંત ખેડૂતને દુઃખ આપી શકયા નહિ અને ઊલટું પોતાનું ઘર વેચી જે કંઇ રૂપિયા આવ્યા તે મહેસૂલ ખાતે રાજ્યમાં એક સિપાઇ સાથે મોકલ્યા. તેઓ વિચાર કરવા લાગ્યા કે, જો પૂરેપુરું મહેસૂલ ભરાય એટલા પૈસા મારી પાસે હોત તો હું ગરીબ ખેડૂતોના સઘળા પૈસા ભરી દેત. સાચા ભક્તના અંતઃકરણનો અવાજ અંતર્યામી પરમાત્મા સાંભળે છે, તેથી પરમાત્માએ સિપાઇનું રૂપ લઈ પૂરું મહેસૂલ રાજાને આપી દીધું. રાજા બહુ પ્રસન્ન થયો અને સિપાઇને પૂછયું: "તારો પગાર કેટલો છે?" ત્યારે પરમાત્મા બોલ્યાઃ 'એક લક્ષ' રાજાએ વિચાર્યું કે, 'લાખ દોકડા હશે.' તે કંઇ વધારે કહેવાય નહિ. આવા વર્ષમાં પણ મહેસૂલ વસૂલ કરી માટે બે લક્ષ આપીએ તો પણ ઓછા છે. રાજાએ જણાવ્યું કે તને આજથી બે લક્ષ મળશે. વેશધારી સિપાઇ ભગવાન બોલ્યાઃ "મારે તો એક લક્ષ જ બસ થશે." રાજા હસ્યો કે આ મૂર્ખ સમજતો નથી. પછી ભગવાન ચાલ્યા ગયા. હવે દામોદરપંતે મોકલેલો પેલો સિપાઇ થોડા પૈસા લઇને રાજા પાસે આવ્યો. રાજાએ પૂછપરછ કરી તપાસ કરી તો માલૂમ પડયું કે, પહેલાંનો સિપાઇ એ તો

સાક્ષાત્ ઈશ્વર હતા! રાજા સમજ્યો કે, પ્રભુ પોતાના ભક્તોના અંતરના આર્તનાદને કેવું માન આપે છે!

૧૫૪–दुःख दूर करो

હજરતઅલી જ્યારે મુસલમાનોના ખલીફા હતા, ત્યારે એક દિવસ તેઓ નમાજ પઢીને ધર્મોપદેશ આપતા હતા. તે વખતે એક આરબે આવી તેમને બહુ ગાળો દીધી અને કહ્યું: "અરે દુષ્ટ, ઢોંગી! લોકોને આમ શા માટે ઠગે છે? તારો દોજખમાં નિવાસ થશે. આ ખલીફાનું પદ તું છોડી દે." હજરતઅલી મહમ્મદ સાહેબના પ્રિય જમાઈ થતા હતા, એટલે એમનું આ પ્રમાણે અપમાન થયેલું જોઈ લોકો બહુ ગુસ્સે થયા અને આરબને મારવા તૈયાર થયા. ઉપદેશ પૂરો થયા પછી હજરતઅલી પ્રસન્ન વદને અને ગળગળા સ્વરે બોલ્યા: "તમો તેને મારશો નહિ. એ માણસને પૂછી જુઓ, કે એને કોઈ પ્રિય સંબંધીનો વિયોગ થયો છે? માથે કેવું થયું છે! પેટ ભરીને ખાવાનું મળે છે કે કેમ?" લોકોના પૂછી જોતાથી જણાયું કે, તેને માથે કરજ થયું છે. શાહુકાર તેને કેદ પકડવા તૈયાર થયો છે, તેથી તે ગભરાયેલો રહે છે. પછી હજરતઅલીએ પોતાને ઘેરથી પૈસા મંગાવી તેને કરજમાંથી મુક્ત કર્યો! ત્યારથી તે આરબ તેમનો પ્રિય શિષ્ય થઈને રહ્યો. સાધારણ મનુષ્ય જ્યારે પોતાનો ખ્યાલ ભૂલી મોટા માણસ માટે અઘટિત વર્તન કરે, ત્યારે સમજવું કે તેને કાંઈ વેદના છે ને તે વખતે તેનું દુઃખ દૂર કરવું તે મોટાનો ધર્મ છે, નહિ કે તેને શિક્ષા કરવી

૧૫૫–નિઃસ્પૃહી ફકીર

વાયવ્ય પ્રાંતમાં ગંજમુરાદાબાદ નામના ગામમાં એક ફકીર રહેતો હતો. તે હંમેશાં નાની ઝૂંપડી બાંધી તેમાં એક તૂટેલી ખાટ પર પડ્યો રહેતો હતો. ગોદડાં કે બિછાનાની તેને જરૂર ન હતી. ખાટની સામે એક સાદડી પડી રહેતી. બહારથી આવનાર તેના પર બેસતું. એક દિવસ હાથનો તકિયો બનાવી ફકીર સૂઇ રહ્યો હતો, તેવામાં એ પ્રાંતનો ગવર્નર પોતાના દુભાષિયાને સાથે લઇ ત્યાં આવ્યો. ફકીર બોલ્યોઃ "કોન હૈ?" દુભાષિયાએ કહ્યુંઃ "પ્રાંતના લાટ સાહેબ છે." ફકીરે સૂતાં સૂતાં કહ્યુંઃ "બેઠતા કયું નહિ? બેઠ જાઓ, બેટા!" અંગ્રેજી પોષાકમાં જમીન પર બેસવું સગવડભર્યું નથી, છતાં ફકીરને માન આપવા ટોપી ઉતારીને ગવર્નર બેઠો. ફકીર લાટ સાહેબના મુખ સામું જોઇ, મહારાણી વિકટોરિયાને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "જે આ રાજ્યના માલિક છે તે દુનિયાના માલિકની મહેરબાનીને પાત્ર છે! તે સાધુ અને ફકીરોના આશીર્વાદને પણ પાત્ર છે. તે જેવી ઉદાર છે, તેવા તમે અમલદારો ઉદાર નથી; તેથી પ્રજા પીડાય છે! તમે લોકો તેના જેવું ઉદાર મન રાખી, પ્રજાનું પાલન કરશો તો પ્રભુ તમારા રાજ્યનું સર્વદા સારું કરશે. ન્યાયાધીશ આદિની ગાદી પર બેસો ત્યારે હૃદયમાંથી રાગદ્વેષ કાઢી નાખજો. મારા કહ્યા પ્રમાણે ચાલશો, તો પછી આ રાજ્ય સંબંધી મારે કહેવાનું બાકી નહિ રહે. જાઓ, બચ્ચા!" ગવર્નર હાથમાં ટોપી લઇને શાન્ત ફકીરના મુખ સામું નિહાળી ચાલ્યો ગયો! ગામમાં લાટ સાહેબની પધરામણી થયેલી સાંભળી ઘણા લોકો તેમને લેવા અને માન આપવા આવ્યા, ત્યારે સાહેબે દુભાષિયાને કહ્યુંઃ "હું આ

લોકોનું માન મેળવવા નથી આવ્યો; આ લોકો જેવા હજારો રાજાઓ અને નવાબો મારી આસપાસ વીંટળાઇ રહે છે. હું તો આવા રાજાઓના રાજા જેવા નિઃસ્પૃહી ફકીરને મળવા જ અહીં આવ્યો હતો." એમ કહી પોતાને સ્થાને જવા નીકળી ગયા.

१५६–मातृभापा परनो प्रेम

બંગાળાના દેવેન્દ્રનાથ બાબુ પાકા સુધારકવાળા તથા નવા વિચારના હતા. તેઓ ફારસી તથા અંગ્રેજી ભાષાના પંડિત હોવા છતાં પોતાની હિન્દી માતૃભાષા પર તેમને અત્યંત પ્રેમ હતો. મિત્રો સાથેના પરસ્પર વાર્તાલાપમાં અને પત્રવ્યવહારમાં પણ તેઓ માતૃભાષા જ વાપરતા અને બીજાને તેમ કરવાનું કહેતા. એક વખત કોઇ નિકટના સગાનો તેમની ઉપર પત્ર આવ્યો. તે અંગ્રેજીમાં લખેલો હતો, તેથી તેમણે પત્ર વાંચ્યા વિના પાછો મોકલી દીધો. વર્તમાનયુગમાં થોડુંઘણું અંગ્રેજી જાણનાર પોતાનો પત્રવ્યવહાર અને વાર્તાલાપ અંગ્રેજીમાં જ કરવામાં ગૌરવ માને છે, એ શરમાવનારું છે. દેવેન્દ્રનાથ કહેતા હતા કે, " એક ભારતવાસી વિદ્વાન અમેરિકામાં વિદ્યાભ્યાસ કરતા હતા. તે ત્યાં જે કુટુંબમાં રહેતા હતા, તે કુટુંબના એક અમેરિકન બાળકને ભારતવર્ષની ભાષા કેવી હશે, તે જાણવાની ઇચ્છા થઈ. એક દિવસ ભારતવર્ષની ટપાલ આવી, ત્યારે તે બાળક આનંદિત થઈ તેમને કહેવા લાગ્યો કે, 'જો આપને આવડતી ન હોય તો અમેરિકાની કંઈ નહિ તમારો પત્ર મને જોવા આપો. મારે તમારી હિન્દી ભાષા શીખવી છે.' પરંતુ અફસોસની વાત હતી કે, તે પત્ર અંગ્રેજી ભાષામાં જ હતો! બાળકે પત્ર લઈ જોયો અને નિરાશ થઈ પૂછ્યું: "શું તમારે ત્યાં

માતૃભાષા જ નથી ?" હાય ! ભારતવાસી શું ઉત્તર આપે ? પેલો વિદ્વાન આ બાળક પાસેથી માતૃભાષાના ગૌરવનો મર્મ સમજ્યો."

૧૫૭–न बोल्यामां नव गुण

એક વિદુષી સ્ત્રીની આગળ તેની પાડોશણે આવી કહ્યું: "બહેન, મારા પતિનો મિજાજ ઘણો ખરાબ છે, તે જોઇને મારો મિજાજ પણ જાય છે; તેથી ઘણી વખત રાંધ્યાં ધાન પણ પડયાં રહે છે અને અમે બેઉ બળ્યા કરીએ છીએ. દિવસે દિવસે અમારો દ્વેષાગ્નિ વધતો જ જાય છે." પેલી વિદુષી બાઇ બોલી: "અહો ! એમાં શી મોટી વાત છે ? મારી પાસે એવી દવા છે કે, તારો ઊભરો નહિ રહે. માત્ર તારો પતિ બોલવા માંડે ત્યારે આ દવાવાળા પાણીનો ઘૂંટડો મુખમાં રાખજે !" એમ કહી તેણે દવાની શીશી આપી. તે બાઇએ ઘેર જઇ તે પ્રમાણે કર્યું, એટલે તેનો પતિ થોડી વાર બોલી ચૂપ થઇ ગયો ! પછી વિદુષી પાસે જઇને તેણે કહ્યું: "બહેન, તમારી દવા બહુ સારી છે, મને તે વધારે આપો." ત્યારે વિદુષી બોલી: "એમાં કંઇ દવા નથી ! માત્ર તમને પાણી જ આપ્યું હતું અને મુખમાં પાણી રહે એટલે બોલાય જ નહિ ! આપણે ન બોલીએ એટલે સામો માણસ થોડી વાર બોલી બંધ રહી જાય. એ જ એમાં રહસ્ય છે." પેલી બાઇ સમજી ગઇ અને પછી પતિપત્ની પ્રેમથી રહેતા લાગ્યાં. કહેવત છે કે, "ન બોલ્યામાં નવ ગુણ."

૧૫૮–गान तो ईश्वरनां ज गवाय !

એક દિવ ... ગવૈયાના ગાયનથી ખુશ
થરે તેને પ ... સુંદર સંગીત ત

શીખ્યા?" તાનસેને કહ્યું: "મારા ગુરુ હરિદાસજી પાસેથી." અકબર બોલ્યોઃ "ચાલો, આપણે તેમની પાસે જઈએ." પછી તાનસેનને લઈ અકબર પોતાની મંડળી સહિત હરિદાસજીના રહેઠાણે ગયા. હરિદાસ સુરદાસજીની પેઠે નિરંતર ઈશ્વરભક્તિમાં મસ્ત રહેતા. તેઓ ઈશ્વરનાં ભજન સિવાય બીજું સંગીત ગાતા જ નહિ. બાદશાહે હરિદાજીને કંઈ ગાયન સંભળાવવાની વિનતિ કરી. બાદશાહની વિનતિથી હરિદાસજીએ સુંદર ભજન ગાયું. બાદશાહ અતિ પ્રસન્ન થયો. પછી અકબર હરિદાસજીનો યથાયોગ્ય સત્કાર કરી ત્યાં પાછો આવ્યો. એક દિવસ કચેરીમાં અકબરે તાનસેનને પોતાના ગુરુએ ગાયેલું ભજન ગાવાનું કહ્યું. તાનસેને ગાયું તો ખરું પણ બાદશાહને તે દિવસના જેવી મજા ન પડી. ત્યારે બાદશાહે તેને પૂછ્યું: "તે દિવસના જેવું ભજન પ્રિય ન લાગ્યું તેનું કારણ શું?" તાનસેન બોલ્યોઃ "હું આપને પ્રસન્ન કરવા ગાઉં છું. મારા ગુરુ આપને રાજી કરવા ભજન ગાતા ન હતા, પરંતુ બાદશાહના બાદશાહને પ્રસન્ન કરવા ગાતા હતા, તેથી જ એ તફાવત આપને માલુમ પડે છે! બાકી ભજન તો તેનું તે જ છે." બાદશાહ બહુ રાજી થયો અને ત્યાર પછી હરિદાસજીના સમાગમમાં તે વધુ આવવા લાગ્યો.

૧૫૨.–વધુ શિક્ષા કરત!

[illegible] આવતાં પહેલાં [illegible] ... [illegible] પુરુષ [illegible] ... [illegible] તેમના [illegible] ... [illegible] ત્યારે તેમના

તેમને ખૂબ માર મારતા. માધવસિંહ રાજા થયા, પછી એક દિવસ કચેરીમાં વિનોદ કરતાં તેઓ બોલ્યાઃ "બાબુ સંસારચંદ્ર કંઇ કાચા નથી, તેઓ મને ભણાવતા ત્યારે બહુજ મારતા અને હાથ ધરવાનું કહેતા, પણ બંદા જલદી હાથ ધરે એવા કયાં હતા? તેઓ મને મારવા આવે ત્યારે હું ટેબલની ચારે બાજુ દોડતો, છતાં તેઓ મને પકડીને મારતા. કોઈ કોઇ વાર મને વિચાર થતો કે, 'લાગ આવે તો તેમને સીધા કરી નાખું!' આજે તેઓ મારી પાસે ઊભા રહે છે. હવે હું કહું કે, 'હાથ ધરો' તો?" બીજો હોત તો ગભરાઈ જાત અને કાલાવાલા કરત, પણ નીડર સંસારચંદ્ર બાબુ હસીને બોલ્યાઃ "મહારાજા! મને જો એ વખતે બરાબર ખબર હોત કે આપ જયપુરના મહારાજા થનાર છો, તો એથી પણ વધારે માર મારીને વધારે ભણાવત! અત્યારે તે વિદ્યા વધુ સુશોભિત દેખાત!" આ જવાબથી રાજા બહુ પ્રસન્ન થયો અને તેમને અંત સુધી પોતાની પાસે રાખી તેમની પ્રત્યે માનથી વર્તવા લાગ્યો.

१६०—सचकु दे खुदाताला

લખનૌના નવાબ અસફ-ઉદ્-દૌલા પુણ્યદાન માટે પ્રખ્યાત હતો. એક દિવસે તેણે રાજમાર્ગ ઉપર એક ફકીરને નીચે પ્રમાણે સાદ પાડતો સાંભળ્યો. 'જિસકો ન દે ખુદાતાલા ઉસકો દે અસફ-ઉદ્-દૌલા.' નવાબે ફકીરને પોતાના મહેલમાં બોલાવી એક તડબૂચ આપ્યું. ફકીર ઉદાસ થયો કે નવાબે નજીવી ચીજ આપી મારો તિરસ્કાર કર્યો. તેણે ખિન્ન થઇ એ તડબૂચ બે પૈસામાં વેચી દીધું અને તે બે પૈસાના ચણા લઇને ખાધા. જે માણસે ફકીર પાસેથી તડબૂચ લીધું,

તેણે ઘેર જઈને તે કાપ્યું તો તેમાંથી હીરામોતી અને રત્નો નીકળ્યાં! પુનઃ જ્યારે ફકીરનો મેળાપ થયો, ત્યારે નવાબે પૂછ્યું: "સાંઈબાવા! પેલું તડબૂચ કેવું હતું?" ફકીરે જવાબ આપ્યો કે, "એ તડબૂચ તો મેં બે પૈસા લઈ વેચી નાખ્યું." નવાબે કહ્યું: "એની અંદર હીરામોતી ભર્યાં હતાં તેનું શું થયું?" નવાબનાં વચન સાંભળી ફકીરે ઊંડો નિઃશ્વાસ મૂક્યો. પછી નવાબે કહ્યું: "હવે લોકોને ખોટી સલાહ નહિ આપતા, પણ સાચી વાત જણાવજો કે, 'જિસકો ન દે ખુદાતાલા ઉસકો ન દે આસફ-ઉદ્-દૌલા; જિસકો ન દે આસફ-ઉદ્-દૌલા ઉસકો દે ખુદાતાલા.'"

१६१—आबरू पदवीमां छे के माणसाईमां?

એક વખત સિકંદરે પોતાના એક સજ્જન સેનાપતિને વિનાકારણે નારાજ થઈ સુબેદારના હોદ્દા પરથી ઉતારી પાડ્યો. થોડા દિવસ પછી કામપ્રસંગે તેને સિકંદરે બોલાવ્યો. એ માગ્યા વિના પ્રસન્ન મુખે તે આવ્યો. સિકંદરે પૂછ્યું: "હું તમને પહેલાંના જેવા જ ખુશમિજાજ જોઉં છું તેનું શું કારણ?" સુબેદારે ઉત્તર આપ્યો: "મને હવે ઘણું સારું લાગે છે. આખી રાજના સુબેદારો મને હવે ઘણું માન આપે છે, બધા વિનયથી મારી સલાહ પૂછે છે. સાધારણ સિપાઈ જે પહેલાં મારી પાસે આવતાં ગભરાતો તે હવે ખુશીથી મારી પાસે આવે છે અને હું તેમને હવે સારી સલાહ આપી શકું છું. તેઓનો પણ હું [illegible] માનીતો થઈ પડ્યો છું. ઘણા આદમીઓ ચાહે એવા આ સંસારમાં મોટું સુખ મને સાંપડ્યું છે." સિકંદરે પૂછ્યું: "[illegible] ઈનામ શું તમને નથી મળ્યું?" [illegible]

રે કહ્યું કે, "આબરૂ પદવીમાં છે કે માણુસાઈમાં? જે માણુસ પોતાને સોંપાયેલું કામ બરાબર કરે અને બીજાને મદદ કરે છે, તેને જ લોકો ભલો માણુસ કહે છે. મોટો માણુસ થઈને લાંચરુશવત લે, તો નાના સિપાઈઓ કરતાં પણુ તે હલકો ગણાય છે." આ વાકયો સાંભળી સિકંદર બહુ રાજી થયો અને બધા સિપાઈઓનો તેને ફરીથી ઉપરી નીમ્યો!

૧૬૨–कूतरानो वैद

એક રાજાએ એક દિવસ પોતાના રાજ્યવૈદને કહ્યું: "આ મારો પાળેલો પોપટ બોલે છે અને આ પાળેલો કૂતરો કેમ બોલતો નથી? તેની જીભમાં રોગ હોવો જોઇએ અને તે તમારે મટાડવો જોઇએ. જો નહિ મટાડો તો તમને ફાંસીએ ચઢાવવામાં આવશે." રાજવૈદ સમજી ગયો કે, 'રાજા, વાજાં અને વાંદરાં કોઈનાં નહિ, માટે કંઇ યુક્તિ કરવી જોઇએ.' એમ વિચારી તે બોલ્યો: "રાજાજી! આ પરંપરાનો રોગ છે, તે જલદી નહિ મટે, તેને માટે ચૌદ વર્ષ જોઇએ. રાજવૈદે પ્રતિદિન તે કૂતરાને મંદિરમાં બાંધી તેના માથામાં અમુક દવા ચોપડવા માંડી અને પોતે આઠ આઠ કલાક શ્રીરામનો જપ કરવા લાગ્યો. આમ કરતાં કરતાં ઘણા દિવસો વીતી ગયા. એક દિવસ તેના મિત્રે કહ્યું: "આવો ઢોંગ શા માટે કરે છે? આમ કરવાથી શું કૂતરો બોલશે ખરો?" રાજવૈદ બોલ્યો: "મારે તો ખરું ફાવ્યું છે. ભલે કૂતરો બોલતો ન થાય, પણ એકચિત્તથી ભજન તો થાય છે! હું તો આખો વખત મનોહર રામની મૂર્તિ હૃદયમાં રાખું છું. ચૌદ વર્ષની અવધિ છે, એટલામાં હું, રાજા, કે કૂતરો ત્રણમાંનો એક અવશ્ય

મરણ પામશે, એટલે કામ પૂરું થયું." મિત્ર તેનો આ જવાબ સાંભળી રાજી થયો અને તેને ધન્યવાદ આપવા લાગ્યો કે, "ખરું તો તું જ સમજ્યો છે!"

૧૬૩—प्रार्थना प्रयत्नथी फळे छे

કાશીપુરીની સંસ્કૃત પાઠશાળામાં ઘણા વિદ્યાર્થીઓ ભણતા હતા. તેઓમાંનો એક વિદ્યાર્થી બધા સવાલ જવાબ કરી લાવતો. ત્યારે બીજા વિદ્યાર્થીઓએ તેને પૂછ્યું કે, "તને બધું યાદ રહે છે તેનું કારણ શું?" ત્યારે તે વિદ્યાર્થી બોલ્યો: "હું પ્રાતઃકાળમાં જાગું છું અને સરસ્વતીનું સ્તોત્ર બોલી પૂજન કરું છું. પછી એકાગ્ર ચિત્તે મારો પાઠ વાંચું છું અને દેવીની પ્રાર્થના કરું છું કે, આગલાપાછલા મારા કોઈ પાઠ ભુલાય નહિ. આમ કરવાથી મને યાદ રહે છે." બીજા વિદ્યાર્થીઓએ પણ બીજે દિવસે સરસ્વતીનું પૂજન કર્યું અને પ્રાર્થના પણ કરી, પરંતુ પોતાનો પાઠ ન વાંચ્યો, તેથી પાઠશાળામાં પાઠ ન આવડ્યો. પેલો વિદ્યાર્થી બોલ્યો: "દેવીની પ્રાર્થના સાથે પાઠ વાંચવો જોઈએ. મનુષ્ય પ્રયત્ન ન કરે તો દેવો કંઈ કરતા નથી; મનુષ્યનો પુરુષાર્થ હોય તો દેવ તેના મદદ કરે છે. હું પુસ્તક વાંચું છું, તેથી દેવી મને મદદ [illegible] તમારે તો મહેનત કરવી નથી અને [illegible] છે, તે કેમ બને? તમે પ્રાર્થના [illegible]"

૧૬૪—बापने [illegible]

[illegible]

પુત્ર સામું બોલતો, ગાળો દેતો, કોઇ દિવસ હાથ પણ ઉપાડતો. શેઠ હંમેશાં તેના પર નારાજ રહેતા. પુત્રના આવા વર્તનથી શેઠનો વિચાર તેને પોતાની મિલકતમાંથી ભાગ આપવાનો હતો નહિ. જો શેઠ પોતાનાં મુખથી ના કહે, તો પેલો પુત્ર શેઠને મારી નાખે. આથી મરતી વખતે શેઠે ચોપડામાં લખ્યું કે, "ત્રણ પુત્ર મારા વારસદાર છે, એક નહિ." પુત્રોએ ચોપડા તપાસ્યા તો આ લખાણ માલૂમ પડ્યું. બધા મૂંઝાવા લાગ્યાં. આ વાત ભોજ રાજા પાસે ગઇ. રાજા પણ મૂંઝાયો. તે વખતે કવિ કાળિદાસ રિસાઇ ગયા હતા. આ કોયડો ઉકેલવા ભોજે કાળિદાસને પૂરા માન સાથે મનાવી આણ્યા અને આ કેસનો ફેંસલો આપવા કહ્યું. કાળિદાસે એક કોટડીમાં શેઠની છબી મૂકી અને એક એક પુત્રને વારાફરતી અંદર બોલાવીને કહ્યું: "આ તમારા બાપને જે ખાસડું મારશે, તેને ભાગ મળશે." શેઠના ત્રણ ડાહ્યા પુત્ર હતા તે બોલ્યાઃ "અમે અમારા બાપને ખાસડું કદી પણ નહિ મારીએ, અમારે અમારો ભાગ જોઇતો નથી." ચોથો પુત્ર જે વર્ણસંકર હતો, તે તો કહેતાંની સાથે ખાસડું ઉઠાવી મારવા લાગ્યો. આ ઉપરથી કાળિદાસે ઇન્સાફ આપ્યો કે, "આ છોકરો વર્ણસંકર છે, તેથી એને ભાગ આપવો નહિ." સૌ કાળિદાસની યુક્તિનાં વખાણ કરવા લાગ્યા. રાજ્યના હુકમની સામે પેલા છોકરાથી કંઇ પણ બોલી શકાયું નહિ.

૧૬૫–શ્રેષ્ઠ કોણ?

એક વખતે એક સભામાં ચર્ચા ચાલી, કે મનુષ્ય બધાં પ્રાણી કરતાં મોટો છે, કારણ કે બધાં પ્રાણીને વશ કરે છે. ત્યારે

બીજો પક્ષ ઊભો થયો, કે મનુષ્ય તો કૂતરાથી પણ નીચ છે, કારણ કે કૂતરાઓનો સંયમ મનુષ્યો કરતાં હજારગણો ઉત્તમ છે! આ બેઉ પક્ષોનો વાદવિવાદ ચાલતો હતો, એવામાં ખુદાના દોસ્ત હુસેન જે સત્યવક્તાઓમાં શ્રેષ્ઠ ગણાતા હતા, તે ત્યાં આવી પહોંચ્યા. બંને પક્ષવાળાઓએ તેમને પૂછ્યું કે, "તમે અમારું સમાધાન કરો. મનુષ્ય શ્રેષ્ઠ કે કુતરો?" ત્યારે હુસેન બોલ્યાઃ "હું મારી વાત કહું છું, તેમાંથી તમે તોલ બાંધી લેજો. જ્યાં સુધી હું મારા જીવનને પુણ્યના કામમાં ગાળી રહ્યો હોઉં છું, ત્યાં સુધી તો હું કૂતરાના કરતાં ઊંચો થ[illegible] હોઉં છું, પરંતુ જ્યારે જીવન પાપમય બને, ત્યારે કૂતરો મારા જેવા સો હુસેન કરતાં પણ ચઢિયાતો છે!"

१६६–जिंदगीनी किंमत आंको

રાજકુમાર સિદ્ધાર્થ નાનપણથી ઘણા જ દયાળુ હતા. તેઓ એક દિવસ બગીચામાં ફરતા હતા, એવામાં ઊડતાં પક્ષી[illegible] ઉપર તેમના કાકાના પુત્ર દેવદત્તે બાણ ફેંક્યું. બાણ[illegible] વીંધાઈ તે પક્ષી સિદ્ધાર્થની પાસે પડ્યું. એકદમ સિદ્ધાર્થ તેની પાસે જઈ પહોંચ્યા અને વાગેલું બાણ કાઢી તેને પંપ[illegible] લાગ્યા. દેવદત્તે આવી કહ્યું કે, "તેને મેં માર્યું છે, મને તે સોંપી દો." સિદ્ધાર્થ બોલ્યાઃ "એ પક્ષી મરી ગયું હોત તો તારો હક હતો, પણ જીવે છે એટલે હું તને નહીં આપું." બેઉ રાજકુમારો તકરાર કરવા લાગ્યા. [illegible]

અત્યારે ને અત્યારે જલદી આપી દે." ત્યારે બાઈએ છોકરાંનાં શબ બતાવ્યાં! રબ્બી દેખીને દંગ થઈ ગયા! બાઈ બોલી: "ખુદાએ આપ્યાં અને ખુદાએ લીધાં તેમાં આપણે શું?" રબ્બી પોતાની સ્ત્રીનું જ્ઞાન જોઈ પ્રસન્ન થયા. આવી સ્ત્રીઓ જ ગૃહની લક્ષ્મીઓ છે અને તે ઘરને શોભાવે છે.

१६९–सात पैसा आप्या !

ઉદયન મંત્રીના પુત્ર બાહડે પિતાની અધૂરી રહેલી ઈચ્છા પૂરી કરવા જૈનોના શેત્રુંજય તીર્થનો પુનરુદ્ધાર કરાવ્યો હતો. તીર્થોદ્ધારનો આરંભ થયો, તે વખતે આ પુણ્યકાર્યમાં ભાગ લેવા ઘણા ગૃહસ્થો આવ્યા અને કહેવા લાગ્યા કે, "મંત્રીજી! અમને પણ પુણ્યકાર્યમાં યથાશક્તિ ભાગ લેવા દો. જો કે તમે એકલા તે કાર્ય કરવાને સમર્થ છો, છતાં અમને પણ પુણ્યકાર્ય કરવામાં ભાગ આપો." ગૃહસ્થીઓએ યથાશક્તિ પૈસા આપ્યા. મંત્રીએ તે બધાનાં ટીપમાં નામ ભર્યાં. એવામાં ભીમ નામનો એક ગરીબ મજૂર સાત પૈસા લઈને આવ્યો અને બોલ્યો: "મંત્રીજી! હું આ સાત પૈસા મહામહેનતે બચાવી શક્યો છું. મારી અલ્પ રકમ સ્વીકારી મને આભારી કરો." મંત્રીએ રાજી થઈ તેના સાત પૈસા લીધા અને ટીપમાં તેનું નામ સૌથી પહેલું રાખ્યું! શેઠિયાઓએ ટીપ જોઈ પૂછ્યું: "મંત્રીજી! આમ કેમ કર્યું?" મંત્રી બોલ્યો કે, "ભીમ જે કમાયો તે બધું લાવ્યો છે અને તમે કમાઈનો અમુક જ ભાગ લાવ્યા છો, માટે તેનું દાન સર્વસ્વ કહેવાય; અને તેથી જ તેનું નામ પહેલું લખ્યું છે!"

ત્યારે શંકરમિશ્રે સહસ્રશીર્ષા નામનું સુક્ત બોલી તેનો અર્થ કરતાં કહ્યું કે,- "હે રાજા, તમે ઈશ્વરાંશ છો, માટે તમારે ઈશ્વરની પેઠે પ્રજાનું પાલન કરવું જોઈએ. રાજા પ્રસન્ન થયો અને પોતાનો અમૂલ્ય હાર તેમને પહેરાવી દીધો. તે લઈને તે ઘેર ગયા. તેમની માતાએ તે હાર જોયો. માતાએ પુત્રને ઊભો રાખી દાઈને બોલાવી કહ્યું: "આ છોકરાના જન્મ વખતે તેની પહેલી કમાઈ તને આપવી કહી હતી તે આ છે." દાઈ બોલી: "પણ આટલી બધીને હું શું કરું!" માતાએ ઘણો આગ્રહ કર્યો તેથી દાઈએ તે હાર લઈને પોતે [illegible] તેની કિંમતમાંથી એક તળાવ ખોદાવ્યું. અત્યારે પણ તે તળાવ દરભંગામાં દાઈનું તળાવ કહેવાય છે.

૧૬૮–पुत्र प्रभुनी थापण छे

બિરવરિયા નામની એક ઉચ્ચ વિચારની બાઈ હતી. તેના પતિનું નામ મહાત્મા રબ્બી હતું. તેનો પતિ પણ વિદ્વાન અને જ્ઞાની હતો. તેમને તેઓના જેવા જ બુદ્ધિશાળી બે પુત્રો હતા. દુર્ભાગ્યવશાત્ બેઉ પુત્રો એક સાથે માંદગી પડયા અને મરણ પામ્યા. તે વખતે મહાત્મા રબ્બી ઘેર ન હતા. બાઈને ઘણું જ દુઃખ થયું. પણ પછી વિચાર કર્યો કે, જન્મમરણનો પ્રશ્ન કોઈ ઉપાય લેતો નથી. પરમાત્માની માયા એવી જ છે. પતિ ઘેર ન હોવાથી [illegible] પતિ રબ્બી ઘેર [illegible]

કુંવરો લડે છે તેનો ન્યાય કરો." મહાત્મા બોલ્યાઃ "જો જિંદગીની કંઈ પણ કિંમત હોય, તો જેણે મારવાનો પ્રયત્ન કર્યો તેના કરતાં બચાવવાના પ્રયત્ન કરનારનો તે જીવતા પ્રાણી ઉપર વધારે હક ગણાવો જોઇએ." આ વૃદ્ધનાં ન્યાયયુક્ત વચનો સાંભળી બન્નેને સંતોષ થયો.

१६७–राजाए प्रजानुं पालन करवुं जोईए

बालोऽहं जगदानंद न मे बाला सरस्वती ।
अपूर्णे पञ्चमे वर्षे वर्णयामि जगद्त्रयम् ॥

અર્થાત્ હે જગતને આનંદ આપનાર રાજન્! હું બાળક છું, પણ મારી વાણી બાળક નથી. હજુ મને પાંચ વર્ષ પૂરાં થયાં નથી, છતાં હું ત્રણ જગતનું વર્ણન કરું છું.

શંકરમિશ્ર નાનપણથી પ્રતિભાશાળી હતા. એક વખતે એવું બન્યું કે, તે દેશનો રાજા ફરતો ફરતો શંકરમિશ્રના ગામમાં આવ્યો. એક અમલદાર આવે તો પણ છોકરાંનાં ટોળાં ભેગાં મળે છે, તો રાજા આવ્યો એટલે કહેવાનું જ શું? છોકરાંઓ સાથે શંકરમિશ્ર પણ હતા. તેમને પૂરાં પાંચ વર્ષ પણ થયાં ન હતાં. તેમના હસતા મુખનાં સૌંદર્ય ઉપર રાજાની દૃષ્ટિ પડી. રાજાએ તેમને પોતાની પાસે બોલાવીને કહ્યુંઃ "વત્સ! કંઈ કવિતા સંભળાવીશ?" શંકરમિશ્ર બોલ્યાઃ "કવિતા મારી બનાવેલી કે બીજાની બનાવેલી સંભળાવું?" રાજાએ કહ્યુંઃ "શું તું કવિતા બનાવી પણ જાણે છે?" જવાબમાં શંકરમિશ્રે ઉપલો શ્લોક બોલી સંભળાવ્યો. રાજાએ તેમને શાબાશી આપી. પછી બીજાની બનાવેલી કવિતા સંભળાવવા કહ્યું,

બીજો પક્ષ ઊભો થયો, કે મનુષ્ય તો કૂતરાથી પણ નીચ છે કારણ કે કૂતરાઓનો સંયમ મનુષ્યો કરતાં હજારગણો ઉત[illegible] છે! આ બેઉ પ્રશ્નોનો વાદવિવાદ ચાલતો હતો, એવામાં પુરા[illegible] દોસ્ત હુસેન જે સત્યવક્તાઓમાં શ્રેષ્ઠ ગણાતા હતા, તે ત[illegible] આવી પહોંચ્યા. બંને પક્ષવાળાઓએ તેમને પૂછયું કે, "ત[illegible] અમારું સમાધાન કરો. મનુષ્ય શ્રેષ્ઠ કે કુતરો?" ત્યારે હુસેન બોલ્યા: "હું મારી વાત કહું છું, તેમાંથી તમે તોડ કાઢી લેજો. જ્યાં સુધી હું મારા જીવનને પુણ્યના કામમાં ગ[illegible] રહ્યો હોઉં છું, ત્યાં સુધી તો હું કૂતરાના કરતાં શ્રેષ્ઠ હોઉં છું, પરંતુ જ્યારે જીવન પાપમય બને, ત્યારે કૂતરો મારા જેવા સો હુસેન કરતાં પણ ચઢિયાતો છે!"

१६६–जिंदगीनी किंमत आंको

રાજકુમાર સિદ્ધાર્થ નાનપણથી ઘણા જ દયાળુ હતા. તેઓ એક દિવસ બગીચામાં ફરતા હતા, એવામાં ઊડતાં પક્ષી[illegible] ટોળા ઉપર તેમના કાકાના પુત્ર દેવદત્તે બાણ ફેંક્યું. બાણથી વીંધાઈને પક્ષી સિદ્ધાર્થની પાસે પડ્યું. એટલે સિદ્ધાર્થ તેની પાસે જઈ પહોંચ્યા અને વાગેલું બાણ કાઢી તેને પં[illegible] વવા લાગ્યા. દેવદત્તે આવી કહ્યું કે, "તેને મેં માર્યું છે, મ[illegible] મને તે સોંપી દો." સિદ્ધાર્થ બોલ્યા: "જો પક્ષી મરી ગયું હોત તો તારો હક હતો, પણ જીવે છે એટલે હું તને નહિ આપું." [illegible]

કુંવરો લડે છે તેનો ન્યાય કરો." મહાત્મા બોલ્યા: "જો જિંદગીની કંઈ પણ કિંમત હોય, તો જેણે મારવાનો પ્રયત્ન કર્યો તેના કરતાં બચાવવાના પ્રયત્ન કરનારનો તે જીવતા પ્રાણી ઉપર વધારે હક ગણાવો જોઇએ." આ વૃદ્ધનાં ન્યાયયુક્ત વચનો સાંભળી બન્નેને સંતોષ થયો.

१६७–राजाए प्रजानुं पालन करवुं जोईए

बालोऽहं जगदानंद न मे बाला सरस्वती ।
अपूर्णे पञ्चमे वर्षे वर्णयामि जगत्त्रयम् ॥

અર્થાત્ હે જગતને આનંદ આપનાર રાજન્! હું બાળક છું, પણ મારી વાણી બાળક નથી. હજુ મને પાંચ વર્ષ પૂરાં થયાં નથી, છતાં હું ત્રણ જગતનું વર્ણન કરું છું.

શંકરમિશ્ર નાનપણથી પ્રતિભાશાળી હતા. એક વખતે એવું બન્યું કે, તે દેશનો રાજા ફરતો ફરતો શંકરમિશ્રના ગામમાં આવ્યો. એક અમલદાર આવે તો પણ છોકરાંનાં ટોળાં ભેગાં મળે છે, તો રાજા આવ્યો એટલે કહેવાનું જ શું? છોકરાંઓ સાથે શંકરમિશ્ર પણ હતા. તેમને પૂરાં પાંચ વર્ષ પણ થયાં ન હતાં. તેમના હસતા મુખનાં સૌંદર્ય ઉપર રાજાની દૃષ્ટિ પડી. રાજાએ તેમને પોતાની પાસે બોલાવીને કહ્યું: "વત્સ! કંઈ કવિતા સંભળાવીશ?" શંકરમિશ્ર બોલ્યા: "કવિતા મારી બનાવેલી કે બીજાની બનાવેલી સંભળાવું?". રાજાએ કહ્યું: "શું તું કવિતા બનાવી પણ જાણે છે?" જવાબમાં શંકરમિશ્રે ઉપલો શ્લોક બોલી સંભળાવ્યો. રાજાએ તેમને શાબાશી આપી. પછી બીજાની બનાવેલી કવિતા સંભળાવવા કહ્યું,

ત્યારે શંકરમિશ્રે સહસ્રશીર્ષા નામનું સુક્ત બોલી તેનો અર્થ કરતાં કહ્યું કે, "હે રાજા, તમે ઈશ્વરાંશ છો, માટે તમારે ઈશ્વરની પેઠે પ્રજાનું પાલન કરવું જોઈએ. રાજા પ્રસન્ન થયો અને પોતાનો અમૂલ્ય હાર તેમને પહેરાવી દીધો. તે લઈને તે ઘેર ગયા. તેમની માતાએ તે હાર જોયો. માતાએ પુત્રને ઊભો રાખી દાઈને બોલાવી કહ્યું: "આ છોકરાના જન્મ વખતે તેની પહેલી કમાઈ તને આપવી કહી હતી તે તું લે." દાઈ બોલી: "પણ આટલી બધીને હું શું કરું!" માતાએ ઘણો આગ્રહ કર્યો તેથી દાઈએ તે હાર લઈને પોતે નગરમાં તેની કિંમતમાંથી એક તળાવ બંધાવ્યું. અત્યારે પણ તે તળાવ દરભંગામાં દાઈનું તળાવ કહેવાય છે.

१६८–पुत्र प्रभुनी थापण छे

બિરવનિયા નામની એક ઉચ્ચ વિચારની બાઈ હતી. તેના પતિનું નામ મહાત્મા રબ્બી હતું. તેનો પતિ પણ વિદ્વાન અને જ્ઞાની હતો. તેમને તેઓના જેવા જ બુદ્ધિશાળી બે પુત્રો હતા. દુર્ભાગ્યવશાત્ બેઉ પુત્રો એક સાથે [illegible] પામ્યા અને [illegible] પડવાને વખતે મહાત્મા રબ્બી ઘેર ન હતા. [illegible] દુઃખ થયું, પણ પછી વિચાર કર્યો કે, [illegible]

અત્યારે ને અત્યારે જલદી આપી દે." ત્યારે બાઈએ છોકરાં-નાં શબ બતાવ્યાં! રબ્બી દેખીને દંગ થઈ ગયા! બાઈ બોલી: "ખુદાએ આપ્યાં અને ખુદાએ લીધાં તેમાં આપણે શું?" રબ્બી પોતાની સ્ત્રીનું જ્ઞાન જોઈ પ્રસન્ન થયા. આવી સ્ત્રીઓ જ ગૃહની લક્ષ્મીઓ છે અને તે ઘરને શોભાવે છે.

૧૬૧–સાત પૈસા આપ્યા!

ઉદયન મંત્રીના પુત્ર બાહડે પિતાની અધૂરી રહેલી ઇચ્છા પૂરી કરવા જૈનોના શેત્રુંજય તીર્થનો પુનરુદ્ધાર કરાવ્યો હતો. તીર્થોદ્ધારનો આરંભ થયો, તે વખતે આ પુણ્યકાર્યમાં ભાગ લેવા ઘણા ગૃહસ્થો આવ્યા અને કહેવા લાગ્યા કે, "મંત્રીજી! અમને પણ પુણ્યકાર્યમાં યથાશક્તિ ભાગ લેવા દો. જો કે તમે એકલા તે કાર્ય કરવાને સમર્થ છો, છતાં અમને પણ પુણ્યકાર્ય કરવામાં ભાગ આપો." ગૃહસ્થીઓએ યથાશક્તિ પૈસા આપ્યા. મંત્રીએ તે બધાનાં ટીપમાં નામ ભર્યાં. એવા-માં ભીમ નામનો એક ગરીબ મજૂર સાત પૈસા લઈને આવ્યો અને બોલ્યો: "મંત્રીજી! હું આ સાત પૈસા મહામહેનતે બચાવી શકયો છું. મારી અલ્પ રકમ સ્વીકારી મને આભારી કરો." મંત્રીએ રાજી થઈ તેના સાત પૈસા લીધા અને ટીપ-માં તેનું નામ સૌથી પહેલું રાખ્યું! શેઠિયાઓએ ટીપ જોઈ પૂછ્યું: "મંત્રીજી! આમ કેમ કર્યું?" મંત્રી બોલ્યો કે, "ભીમ જે કમાયો તે બધું લાવ્યો છે અને તમે કમાઈનો અમુક જ ભાગ લાવ્યા છો, માટે તેનું દાન સર્વસ્વ કહેવાય; અને તેથી જ તેનું નામ પહેલું લખ્યું છે!"

१७०–प्रभुनुं काम पहेलुं करो

એક દિવસ મક્કા શહેરમાં એક હજામ કોઈ ગૃહસ્થની હજામત કરતો હતો. એવામાં ફકીર જુનેદ ત્યાં આવ્યા અને કહ્યું: "ખુદાની ખાતર મારી હજામત કર." ખુદાનું નામ સાંભળી તેની આંખોમાં પાણી ભરાઈ આવ્યું! તેણે પેલા ગૃહસ્થ ઘરાકને કહ્યું: "હમણાં હું આપની હજામત નહિ કરી શકું. થોડી વાર આપ ઊઠી જાઓ. હમણાં તો ખુદાની ખાતર આ ફકીરની હજામત કરવાની છે. ખુદાનું કામ સૌથી પહેલું કરવું જોઈએ; કારણ કે તેની કૃપાથી જ આપણો વ્યવહાર ચાલે છે." આમ કહી તે ગૃહસ્થને ઉઠાડી ફકીરને બેસાડ્યો અને બહુ ખંતથી હજામત કરી અને પછી નમન કરી રજા આપી. પછી પેલા ગૃહસ્થની હજામત કરી. કેટલાક દિવસ બાદ ફકીરને બસરા નગરના ગૃહસ્થે રૂપિયાની કોથળી આપી. કોથળી લઈ ફકીર ખુદાના પ્યારા બન્દા હજામ પાસે આપવા આવ્યો, પણ હજામે તે લીધી નહિ અને બોલ્યો: "આપને ખુદાની શરમ નથી આવતી? આપે ખુદાની ખાતર હજામત કરવા કહ્યું હતું, આ લક્ષ્મીની ખાતર નહિ." પોતાની મંડળીમાં જુનેદ ફકીર હંમેશાં કહેતો હતો કે, "નિષ્કામ ઈશ્વરભક્તિ હું એક હજામ પાસેથી શીખ્યો છું!"

१७१–बे भाग नहि पण चार भाग

[illegible]

વૃદ્ધ થયા, ઘણું કમાયા, છતાં અંત સુધી મિલકત વહેંચી નહિ. મોટાભાઇને ત્રણ અને નાનાને એક પુત્ર હતો. એક દિવસ રામે રઘુમણિને કહ્યું: "હવે આપણે મિલકત વહેંચી લઇએ." રઘુમણિએ કહ્યું: "મોટાભાઈ! તમે આ શું બોલ્યા? મૂર્ખાઓ જુદા થાય તેમ આપણે પંડિતો પણ શું જુદા થઇશું? લોકો શું કહેશે?" રામ બોલ્યા: "આપણે જુદા નથી થવું, પણ આ છોકરાઓને વહેંચી આપીએ તો સારું, કારણ કે ભવિષ્યમાં આપણી માફક તેઓ સંપ સાચવી શકે." રઘુમણિએ કહ્યું: "આપની મરજી." પછી રામશિરોમણિ મિલકતના બે ભાગ પાડ્યા. એક ભાગમાં પોતાના ત્રણ પુત્ર અને એક ભાગમાં નાનાભાઇનો એક પુત્ર. આ વહેંચણી જોઇ રઘુમણિ બોલ્યા: "ભાઈ! તમે આ શું કર્યું? આપણે જુદા થયા હોત તો બે ભાગ ઠીક હતા, પણ જુદા તો પુત્રો થાય છે; માટે ચાર સરખા ભાગ કરી ચારે પુત્રોને આપવા અને એમાં જ મારું મન બહુ પ્રસન્ન રહેશે!"

१७२–पेट घड्युं ते पोपण करशे

કાશીધામમાં શિવરામ કિંકર નામના બ્રાહ્મણ રહેતા હતા. તે મહાયોગી અને જ્ઞાની પુરુષ હતા. તેમણે મોટી વયે અભ્યાસ શરૂ કર્યો. તેમની સ્મરણશક્તિ અજબ હતી. તેઓ અત્યંત ગરીબ અવસ્થામાં હતા, તેથી તેઓ પુસ્તકો માગીને ભણતા અને વાંચીને પુસ્તક પાછું આપી દેતા. વ્યાકરણ વગેરેના સંપૂર્ણ ગ્રંથો તેઓ ભણી ચૂક્યા. છેવટે વ્યાકરણભાષ્ય વાંચવાની તેમની ઇચ્છા થઇ. તે [illegible] કોઇએ માગ્યો આપ્યો નહિ. તેમની પાસે થોડા [illegible] તેમાંથી ગ્રંથ

લાવે તો ભૂખ્યું રહેવું પડે અને ગ્રંથ લાવે નહિ તો ભ[illegible] ભણ્યા વિના રહી જાય છે! 'પેટ ઘડયું તે પોષણ કરશે' એવો નિશ્ચય કરી તેમણે પુસ્તક ખરીદ્યું. પછી બીજે દિવસે પૈસા ન હોવાથી ઉપવાસ કર્યો. ત્રીજે દિવસે તેમના પર એક કવર આવ્યું. તેમાં ભાષ્યની કિંમત કરતાં ચારગણું નાણું હતું. વળી તેમાં લખ્યું હતું કે, "મારા ઇષ્ટદેવે સ્વપ્નમાં આવી તમારું શિરનામું આપ્યું છે અને પૈસા મોકલવાનું કહ્યું છે. તમારા નામનો માણસ છે કે નહિ, તેની મને ખબર નથી." આ પ્રસંગ ઉપરથી શિવરામ પ્રભુભક્ત બન્યા અને ઈશ્વરની અગાધ શક્તિનાં વખાણ કરવા લાગ્યા.

१७३–हुं फावे तने आपुं

રામચરણ બાબુ પોતાની છેલ્લી અવસ્થામાં પોતાના ગુરુ બાલાનંદ સ્વામી સાથે વૈજનાથ મહાદેવમાં રહેતા હતા. એક દિવસ શિયાળામાં તેમણે સ્વામીજીને શાલ આપી. સ્વામીજી એ શાલ ઓઢીને એક દિવસ બહાર ગયા અને માર્ગમાં એક માણસને ટાઢથી ધ્રુજતો જોઈ તેને એ શાલ આપી દીધી. [illegible] પાછા આવતાં બાબુએ સ્વામીજીના અંગ ઉપર શાલ જોઈ નહિ, તેથી તેમણે બહુ જ નમ્રતાપૂર્વક ગુરુજીને પૂછ્યું "મહારાજ! શાલ ક્યાં ગઈ?" ત્યારે ગુરુએ હસીને કહ્યું કે, [illegible]

પુરુષો કોઈ પણ વસ્તુમાં મોહ રાખતા નથી. વહાલામાં વહાલી વસ્તુનો સરળતાથી ત્યાગ કરવો એ જ ત્યાગીનું લક્ષણ છે.

१७४–जागीर पाछी न खपे

ગુજરાતના સુલતાન બીજા મુજફ્ફરના વખતમાં એક ખોજા અમલદારે એક મરી ગયેલા જાગીરદારની જાગીર જપ્ત કરી, પુષ્કળ પૈસા લાવી, બાદશાહ આગળ રજૂ કર્યા. સુલતાને પૂછ્યું: "આ કોના પૈસા છે અને ક્યાંથી લાવ્યા છો?" અમલદારે ઉત્તર આપ્યો: "બાદશાહના છે, કારણ કે પહેલા મુજફ્ફરના વખતથી આ જાગીરો ધાર્મિક પુરુષોને બક્ષિસ આપવામાં આવી હતી અને ત્યારથી આજ સુધી તે જાગીરોની આવક વધતી ગઇ છે. મેં તપાસ કરી ત્યારે માલૂમ પડ્યું કે, અસલ જાગીરદારોમાંના ઘણા મરી ગયા છે; તેથી તેમની જાગીરોની આવક ભેગી કરી આપની પાસે રજૂ કરી છે." બાદશાહે ઠપકો આપ્યો અને સખ્તાઇથી કહ્યું: "અરે બેવકૂફ, બેશરમ માણસ! તને હું શું કહું? તું મરદ હોત તો તને બાયલો કહેત, ઓરત હોત તો ખરાબ વર્તણૂકવાળી ઓરત કહેત, પરંતુ તું નથી આદમીમાં કે નથી ઓરતમાં! બન્નેના ખરાબ ગુણો તારામાં છે. જે જાગીરદારો મરી ગયા તેના છોકરાઓ હશે, છોકરા નહિ હોય તો છોકરીઓ હશે અને તે નહિ હોય તો તેનું કુટુંબ તો હશેજ ને? એક વખત આપેલી વસ્તુ પાછી લેવાય જ કેમ? તેં તારી આપખુદીથી આ ઘણું જ ખરાબ કામ કર્યું છે. જેમની પાસેથી આ પૈસા લીધા હો[illegible]ને તે પૈસા પાછા આપી દે અને ગરી[illegible] ઘાયલ [illegible]

માફી માગ." પછી બાદશાહે હુકમ કાઢ્યો કે, 'જે કોઈ આવું કામ કરશે તેને હું સખત શિક્ષા કરીશ.'

૧૭૫–હું દારૂડિયો નથી

કલકત્તામાં સ્વરૂપચંદ નામનો એક ધનાઢ્ય માણસ રહેતો હતો. તેણે કેળવણી પણ સારી લીધી હતી. અંગ્રેજી વિદ્યાને લીધે ત્યાંના યુવકોમાં દારૂની કુટેવ બહુ વધી પડી હતી. સ્વરૂપચંદમાં તો એ દોષ વધારે પડતો હતો. તે કુટેવ એટલે કોઈનું માને નહિ. એક દિવસ તેમના ઘરને [illegible] એક મજૂરને બોલાવ્યો અને કહ્યું કે, "મારા ઘરની મરામત કરાવવી છે, તો તું આજે જ કામ શરૂ કરી દે." મજૂર બોલ્યો: "સાહેબ! આજે નહિ બને. પરમ દિવસે હું [illegible] કામે આવીશ. બે દિવસનો મેં બીજે વાયદો કર્યો છે." ત્યારે સ્વરૂપબાબુ બોલ્યા: "પરમ દિવસનો વાયદો તો [illegible] છે ને?" મજૂરે કહ્યું: "સાહેબ, હું કંઈ દારૂડિયો નથી કે મારો આપેલો વાયદો ન પાળું." આથી સ્વરૂપચંદને ઘણું લાગી આવ્યું અને કહ્યું કે, "શું દારૂ પીનારા માણસો જ [illegible] હશે!" મજૂર બોલ્યો: "શેઠ, દારૂ પીવાથી મ[illegible] છે. તેને પોતાની જાતનું પણ ભાન રહેતું નથી." મજૂરનાં આ વચનોની અસર એવી થઈ કે, [illegible] અને તેજ વખતે [illegible]

१७६–हुं संत नथी, तेम कपटी पण नथी

બાબુ બંકિમચંદ્રનું, જુઓ નિરભિમાન;
ગણી દોષ પોતા તણો, આપ્યું અન્ય ને માન.

બંગાળના સુપ્રસિદ્ધ નવલકથાકાર અને વંદેમાતરમ્ ગીતના પ્રણેતા બંકિમચંદ્ર બાબુથી કોઇ ભાગ્યે જ અજાણ્યું હશે. તેમણે એક વિષય ઉપર પહેલાં જે મત પ્રકટ કરેલો તેમાં પાછળથી ફેરફાર કર્યો. આ અભિપ્રાય બદલવા માટે તેમના ઉપર ઘણા લોકોએ ચંચળ, અસ્થિર મનવાળા, ઇત્યાદિ આક્ષેપો કર્યા. તેના ખુલાસામાં બાબુએ જણાવ્યું કે, "જેને કદી પણ પોતાનો મત બદલવાની જરૂર પડતી નથી તે મહાપુરુષ છે અને જે પોતાનો પહેલો મત ભૂલભરેલો છે એમ જાણે છતાં તે જ મતને વળગી રહે તે કપટી છે. આ બેમાંથી 'મહાપુરુષ તો હું છું જ નહિ અને કપટી બનવાની મારી વૃત્તિ નથી, માટે મેં મારો મત બદલ્યો છે." બંકિમબાબુના આ જવાબથી લોકો નિંદા અને આક્ષેપ કરતા બંધ થયા.

१७७–जेवा सवाल तेवा जवाव

એક નાસ્તિકે એક સાચા ફકીરને ત્રણ પ્રશ્નો પૂછ્યાઃ "ઈશ્વર સર્વત્ર છે એમ સૌ કોઇ કહે છે, તો ઈશ્વર દેખાતો કેમ નથી? તે કયાં છે? મને તે બતાવો. મનુષ્યો ઈશ્વરની પ્રેરણાથી સર્વ કર્મો કરે છે, તો કોઇ કોઇ વખત તેને સખત દંડ ઈશ્વર શા માટે દે છે? ઈશ્વર સેતાનને શિક્ષા કરે છે તે કેમ બને? કારણ કે સેતાન અગ્નિરૂપ છે અને ઈશ્વર પણ અગ્નિરૂપ છે, તો અગ્નિ ઉપર અગ્નિનું જોર કે લે?" આ

ત્રણે પ્રશ્નો ફકીરે [illegible] પૂર્વક [illegible] ફેંક્યો [illegible] જમીન પરથી એક [illegible] ઉપાડી [illegible] માથામાં માર્યું ! [illegible] ફરી કાજીએ ફકીરને બોલાવ્યો અને પૂછ્યું [illegible] કેમ માર્યું ?” ફકીરે ઉત્તર આપ્યો [illegible] પ્રશ્નનો એ ઉત્તર છે ” કાજીએ પૂછ્યું [illegible] ફકીરે કહ્યું, “આ મનુષ્ય કહે છે કે [illegible] વાગી જે દુઃખ થયું તે [illegible] હું ઈશ્વર [illegible] પ્રેરણાથી કર્યું, તો તે તેને [illegible] છે ! તે કારણથી ઈશ્વર [illegible] તેનું શરીર માટીનું બનેલું છે અને [illegible] છે. તો માટી ઉપર જોર કેમ ચાલે ?” [illegible] ચાલે છે.” આ પ્રશ્નોના ઉત્તર [illegible] તથા કાજી [illegible] અને ફકીરને [illegible] નાસ્તિક તે દિવસથી આસ્તિક બન્યો.

૧૭૮—[illegible] મળ્યો !

[illegible] અમેરિકામાં એક સમયે [illegible]
[illegible]

થાળ આપો." થાળ હાથમાં આપતાં જ પિત્તળનો થઈ ગયો! શાસ્ત્રીજી શરમાઇ ગયા. પછી રાજા પોતે આવ્યો અને બોલ્યો કે, "મેં સોનાનો કળશ સાચા ભાવથી ચઢાવ્યો છે અને શિવરાત્રિએ સાચા ભાવથી દર્શને આવ્યો છું." રાજાના હાથમાં થાળ મૂકતાં લોઢાનો દેખાયો, તેથી તે પણ શરમાઇ ગયો. પછી એક મોટો શેઠ આવ્યો અને તેણે કહ્યું: "જળાધારી મેં બંધાવી છે, નીચે આરસ અને રૂપિયા મેં જડાવ્યા છે અને હું હજારો ગાઉથી પ્રેમથી આવ્યો છું; માટે થાળનો અધિકારી હુંજ છું." તેને થાળ આપતાં પણ તેવા જ હાલ થઈ ગયા. એવામાં પાસેના ગામડાનો ખેડૂત ઘણા દિવસથી દર્શન કરવા ઇચ્છતો હતો, પણ પૈસાને અભાવે અને ખેતીના કામને લીધે આવી શકતો નહિ; પણ આજે મહા મહેનતે થોડા દામ બચાવી ખાવા માટે ભાથું બાંધી ચાલ્યો આવતો હતો. રસ્તામાં આવતાં ભૂખેતરસે પીડાતો એક ગરીબ માણસ પડેલો હતો, કોઇ તેનો ભાવ પૂછતું નહોતું. કારણ કે બધાને સોનાનો થાળ લેવો હતો; તેથી દરિદ્રનારાયણને કોણ પૂછે? આ ખેડૂતે પેલા દુઃખી ગરીબ માણસને લોટામાંથી પાણી પાઇ, પોતાની પાસેનું ભાથું તેને ખાવા આપ્યું અને પાસેની ધર્મશાળામાં તે તેને મૂકી આવ્યો. પછી તે ખેડૂત કાશીવિશ્વનાથના દહેરામાં ગયો. મહાદેવજીની પૂજા કરી તે બહાર નીકળ્યો, ત્યારે કોઇએ મશ્કરીમાં કહ્યું કે, "આ મહાદેવનો ખરો ભક્ત છે માટે આને થાળ આપો." એમ કહેતાંજ પૂજારીના હાથમાંથી થાળ સરકી ગયો અને પેલા ખેડૂતના હાથમાં તે સુવર્ણરંગે ચળકવા લાગ્યો! શાસ્ત્રી, રાજા અને પૂજારીને આશ્ચર્ય થયું અને સર્વ કોઇ ખેડૂતને ધન્યવાદ આપવા લાગ્યા!

१८०–विद्यानुं अभिमान न करो

કાશ્મીરમાં કેશવ ભટ્ટ નામના મહાન વિદ્વાન રહેતા હતા. તેમને વિદ્યાનું બહુ જ અભિમાન હતું, તેથી તે દેશાટન કરી દિગ્વિજય કરવા નીકળ્યા. ફરતા ફરતા તે બંગાળામાં આવ્યા. તેમનું નામ સાંભળી નદિયાના પંડિતો ચકિત થઇ ગયા. હજારો પંડિતો તેમના અનુયાયી હતા, તેથી તેમના ગર્વનો પાર જ ન હતો. આ વખતે ગૌરાંગ પ્રભુની ઉમ્મર સાત વર્ષની હતી. તેઓ પંડિતોની સભામાં આવ્યા. આ અલૌકિક બાળકને જોઇ કેશવ ભટ્ટની નજર તેમના ઉપર ગઇ. ગૌરાંગ પ્રભુ બોલ્યાઃ "હું બાળક છું, આપ સમર્થ વિદ્વાન છો, માટે કંઇ સંભળાવો." ભટ્ટ બોલ્યાઃ "તું મારી વાતોમાં શું સમજે?" ગૌરાંગ પ્રભુએ કહ્યુંઃ "મને ગંગાજીની સ્તુતિ સંભળાવો, હું તે સાંભળી પ્રસન્ન થઇશ." પંડિતે ફુલાઇને પોતાના રચેલા શ્લોક સંભળાવ્યા. ત્યારે ગૌરાંગ પ્રભુએ કહ્યુંઃ "હવે આ કવિતાના ગુણદોષ સંભળાવો." ભટ્ટે કહ્યુંઃ "મારી કવિતામાં દોષ તો હોતો જ નથી." ગૌરાંગ પ્રભુ બોલ્યાઃ "મને આજ્ઞા આપો તો હું તે બતાવી આપું." આમ કહી કાવ્યદૃષ્ટિએ તેમણે ઘણા દોષ બતાવ્યા. કેશવ ભટ્ટ તો દંગ જ થઇ ગયા. પછી તેઓ પોતાનું પાંડિત્ય ધૂળમાં મળ્યું એમ માની બીજે દિવસે ગૌરાંગ પ્રભુને ઘેર જઈ કહેવા લાગ્યા કે, "આપ ખરેખર વિદ્યાનિધિ છો." ત્યારે ગૌરાંગ પ્રભુએ કહ્યું: "પંડિતજી, બે જ વાતો ધ્યાનમાં રાખજો. પહેલી વાત એ છે કે, ભગવાનની ભક્તિ કરવાથી જન્મ સફળ થશે અને બધા ગુણો આપોઆપ પ્રકટી નીકળશે. બીજી વાત એ છે કે, કોઇની જોડે

શાસ્ત્રાર્થ ન કરશો, કારણ કે તેથી અહંકાર અને પક્ષપાત વધે છે." તે દિવસથી કેશવ ભટ્ટનું અભિમાન ટળ્યું અને તેઓ દિગ્વિજયનું કાર્ય છોડી ઈશ્વરની ભક્તિ કરવા લાગ્યા.

१८१–पत्नीअे पतिने शिक्षा करी !

સંસારમાં અનેક વિદુષી સ્ત્રીઓને કર્કશ પુરુષ મળે છે અને અનેક મહાપુરુષોને કર્કશા સ્ત્રી મળેલી હોય છે, પણ વિચારશીલ સ્ત્રીપુરુષો પોતાની સમજણના પ્રભાવથી પોતાના ગૃહસંસારને સ્વર્ગ સમાન બનાવી દે છે. મહાન ભક્ત તુકારામને પણ કર્કશા સ્ત્રી મળી હતી. તુકારામનો પંથ પ્રેમ, સેવા, સમાજસેવા અને નીતિથી ચાલવાનો હતો. આ તેમની કર્કશા સ્ત્રીને પસંદ પડતું નહિ; કારણ કે તે સ્વાર્થી અને કજિયાખોર હતી. કોઈ દિવસ તુકારામ શેરડીના સાંઠા લઈ ઘેર આવતા હતા. રસ્તામાં ગરીબ માણસો અને તેમનાં છોકરાં સામાં મળ્યાં. તેઓના ઉપર તુકારામને દયા આવી. તેમણે શેરડીના સાંઠા વહેંચવા માંડ્યા. વહેંચતાં વહેંચતાં એક જ સાંઠો બાકી રહ્યો. તે તેમણે ઘેર લઈ જઈ પત્નીને આપ્યો [illegible]

૧૮૨–ખરો પ્રેમી પ્રભુને જોઈ શકે છે

તુકારામ હંમેશાં ઈશ્વરભજનમમાં મસ્ત રહેતા. એ વાત નક્કી છે કે, જેને પરમાત્માનો પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ થયો હોય, તે જ વિશેષ અંતર્મુખ રહી શકે છે. એક દિવસ લોકોએ તેમને કહ્યું કે, "અમને પ્રભુનાં દર્શન કરાવો તો ઘણું સારું." તુકાજી બોલ્યાઃ "હું ઈશ્વરને પૂછીશ." પછી પરમાત્માની સંમતિ લઈ તુકારામે કહ્યું: "આજ રાત્રે તમને ઈશ્વરનાં દર્શન થશે, માટે કાળજીપૂર્વક બેસી રહેજો." ભગવાને તુકારામને કહ્યું કે, "જ્યાં સુધી હું તને ન બોલાવું, ત્યાં સુધી તારે આંખ ઉઘાડવી નહિ અને ભજન જ કર્યે જવું!" તુકારામની વાત ગામમાં વાયુવેગે ફેલાઈ ગઈ. વિનામહેનતે પરમાત્માને જોવાની કોની ઇચ્છા ન હોય? રાત્રે પુષ્કળ મનુષ્યો ભેગાં થયાં. તુકારામે તો વિઠ્ઠલ, વિઠ્ઠલની ધૂન મચાવી. જેમ જેમ સમય જતો ગયો, તેમ તેમ મનુષ્યો નિરાશ થઈ વિખેરાવા લાગ્યાં. કોઈ કહે, 'આ તો ઢોંગ કરે છે.' કોઈ કહે, 'એમ ઈશ્વર રસ્તામાં નથી પડ્યો.' ત્યારે કોઈએ કહ્યું: 'ચાલો નકામી ઊંઘ બગડે છે.' આમ અર્ધી રાત થતાં સભા ખાલી થઈ ગઈ! માત્ર બે મનુષ્યો જ બેસી રહ્યા. ત્યારે એકને ઘેરથી ચોરીના અને બીજાને ઘેરથી અગ્નિ લાગ્યાના સમાચાર આવ્યા, એટલે તેઓ પણ ગયા. પછી ભગવાન બોલ્યાઃ "તુકા, આંખ ઉઘાડી જો!" તુકાજી જુએ છે તો કોઈ મનુષ્ય દેખ્યું નહિ! ભગવાને કહ્યું: "તુકાજી, ખેદ ન કરીશ. જે ખરો પ્રેમી હોય તેજ મને જોઈ શકે છે!"

१८३-प्रेमी प्रभुमां आंधळो बने छे

કોઇ એક સ્ત્રીને એક પુરુષ સાથે સાચો પ્રેમ બંધાયો હતો. તે તેના વિના સંસારમાં કોઇને ચહાતી ન હતી. એક વખતે એ પ્રિયતમનો તેને વિયોગ થતાં, તેણે ખાવુંપીવું છોડી દીધું. આથી તેની સુકોમળ કાયા સુકાવા લાગી. કેટલાક દિવસ પછી તેને તેના પ્રિયતમના સમાચાર મળ્યા, ત્યારે પ્રેમઘેલી થઇને તે તેને મળવા ચાલી. રસ્તામાં અકબર બાદશાહ [illegible] પાથરી નમાજ પઢી રહ્યા હતા. આ હરખઘેલી સ્ત્રી તે [illegible] પર થઇને ચાલી ગઇ. આ બધું નમાજ પઢતા બાદશાહે જોયું. તેના ગુસ્સાનો પાર ન રહ્યો, પણ નમાજ વખતે કંઇ [illegible]

१८४-[illegible]

મિત્રે આવી તેને ઘણો સમજાવ્યો, ત્યારે તે બોલ્યોઃ "હવે આજે તમારા કહેવાથી હું સમજ્યો કે દારૂ આદિ દુર્વ્યસનો શરીર, પૈસા તથા મનને બગાડે છે, એટલું જ નહિ પણ પારલૌકિક ગતિને પણ રોકે છે; માટે હવે હું ધીરે ધીરે તે મૂકી દઇશ." ત્યારે તે સદ્‌ગુણી ગૃહસ્થ બોલ્યોઃ "મારા વહાલા મિત્ર! ધીમે ધીમે છોડીશ, એનો અર્થ કંઇ નથી. કોઇ માણસ અગ્નિકુંડમાં પડયો હોય, તે શું ધીમે ધીમે બહાર નીકળી શકે? તે તો એકદમ બહાર નીકળવા કૂદકો મારે તો જ બચી શકે; નહિ તો તે બળીને ભસ્મ થઇ જાય. તું પણ આ દુરાચારરૂપી અગ્નિકુંડમાંથી બહાર નીકળવા માગતો હોય, તો જલદી પ્રતિજ્ઞા કર કે, 'આજથી મદ્યાદિનો સ્પર્શ પણ નહિ કરું.'" વ્યસનીને આ વચન સત્ય લાગ્યું, તેથી તેણે તે દિવસથી દારૂનું વ્યસન છોડી દીધું. આથી તે સુખી થયો.

૧૮૫–प्रणवमंत्रथी स्वामीजीनो सत्कार थयो !

ચીનદેશ સાથે પરદેશીઓની સંધિ થયેલી હોવા છતાં કેટલાંક નક્કી કરી રાખેલાં શહેરોમાં જ પરદેશીઓ દાખલ થઇ શકે છે. એ શહેરોની સીમા ઓળંગી ગામડાંઓમાં જવાનો અધિકાર પણ પરદેશીઓને હોતો નથી. તેથી કોઇ પરદેશી નક્કી કરેલી સીમાની પાર જાય તો ચીનાઓ તેમને મારે છે. સ્વામી વિવેકાનંદ એક ચીના દુભાષિયાને સાથે લઇ કેન્ટ શહેર જોવા ગયા હતા. તેમની સાથે બે જર્મન મુસાફરો હતા. શહેરની બહાર ગામડામાં થોડે દૂર એક મોટું દેવળ દેખાતું હતું. સ્વામી વિવેકાનંદે દુભાષિયાને તે બાજુ લઇ જવા કહ્યું. બધા તે ગામડા તરફ જવા નીકળ્યા. જ્યારે

તેઓ ગામડાની પાસે આવ્યા, ત્યારે ગામડાના લોકો લાઠીઓ લઇને તેમને મારવા આવ્યા! જર્મનો તો નાઠા. સ્વામીજીએ દુભાષિયાને કહ્યું: "હું આ ગામ લૂંટવા આવ્યો નથી, તેમજ વ્યાપારની પણ મને ઇચ્છા નથી, તે તમે તેમને સમજાવો. અમે સંન્યાસીઓ બને તો બીજાનું હિત કરીને છીએ." તે પ્રમાણે દુભાષિયાએ લોકોને કહ્યું. વિશેષમાં તેણે જણાવ્યું કે, આ તો હિંદુસ્તાનના ધર્મગુરુ છે, એટલે લોકોએ લાકડીઓ મૂકી દઇ સ્વામીજીને પ્રણામ કર્યા. પછી તે કોઇ કહે કે મારો છોકરો માંદો છે, કોઇ કહે કે, મારા બાપને ભૂત છે, માટે આપ કરુણા લાવીને આપો. સ્વામીજીએ દરેકને ચહેરે શુદ્ધ ભાવનાથી આશીર્વાદ આપીને બધાને આપ્યો. સ્વામીજીની ખાતરી હતી કે, સમગ્ર દુઃખનો નાશકર્તા ઇશ્વર છે. પછી [illegible] સ્વામીજીએ [illegible] કર્યો અને તેમને ઉપદેશ [illegible].

૧૮૬—જ્ઞાન પૂરતું સંઘરો, વસ્તુનો સદુપયોગ કરો

કંઇ ઊપજ થતી નથી, એ તો આશ્ચર્યની વાત છે. આપ જેવા સમજુ રાજાઓએ તો આની સુવ્યવસ્થા કરવી જોઈએ. મારા ઘરની પાસે એક ગરીબ વિધવા રહે છે. તેણે બે પથરા ઘંટી માટે ખરીદ્યા છે. તેને તે વાપરીને પોતાનું ગુજરાન ચલાવે છે, એટલું જ નહિ પણ પોતાના પુત્રને તેમાંથી આવક કરી કેળવણી આપે છે. તો આ બધી પ્રજા આપની છે, તો વિધવાની માફક આ પથરાઓને વાપરીને પ્રજાને કેળવણી વગેરે આપવામાં તેનો ઉપયોગ કરો તો કેવું સારું ? " રાજા સમજુ અને વિદ્વાન હતો, તેથી તેને મુસાફરનાં વચન ગળે ઊતર્યાં અને ત્યાર પછી ખપ પૂરતું ઝવેરાત રાખી, બાકીનું વેચી દઇ તે પૈસા પ્રજાકલ્યાણમાં વાપરવા માંડ્યા! હાલના રાજાઓ અને શ્રીમંતો મુસાફરનું કથન ધ્યાનમાં લે, તો દેશની દુર્દશા નાબૂદ થયા વગર રહે જ નહિ.

१८७–राजा अने काजी कसोटीमांथी पसार थया

દિલ્હીનો બાદશાહ ગ્યાસુદ્દીન એક સમયે ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતો હતો. એવામાં અકસ્માત્ તેનું એક તીર છૂટી એક છોકરાને વાગ્યું. તીર વાગવાથી તે છોકરો મરી ગયો. છોકરાની માતાએ કાજી પાસે બાદશાહ સામે ફરિયાદ કરી. કાજીએ બાદશાહ ઉપર અદાલતમાં હાજર રહેવા હુકમ કાઢ્યો. બાદશાહ મુદત પ્રમાણે કચેરીમાં હાજર થયો. કાજીએ આ વખતે રાજાને બિલકુલ માન આપ્યું નહિ અને સાધારણ ગુનેગારની માફક અદાલતમાં ઊભો રાખ્યો. રાજાએ અજાણતાં થયેલો અપરાધ પોતે સ્વીકારી લીધો અને તે છોકરાની વિધવા માતાની ક્ષમા માગી અને પુષ્કળ ધન આપી તેનું મન મનાવ્યું.

કાષ્ઠે મુઠ્ઠીઆમાંથી શાહને મુક્ત કર્યો. ત્યાર પછી [illegible] તલવાર કાઢી કાષ્ઠને બતાવી કહ્યું: "તમે તમારું [illegible] બરાબર દીપાવ્યું છે અને કુળને પ્રમાણે વર્ત્યા છો; હું પ્રસન્ન થયો છું. જો તમે આજે બરાબર ન્યાય ન કર્યો હોત તો આ તલવારનો ઉપયોગ તમારા ઉપર જ હું કરત. હતો." કાષ્ઠે પોતાની છાતી તથા મજબૂત [illegible] કહ્યું, "તમે જો ગુનો કબૂલ કર્યો ન હોત તો આ [illegible] વાળો મેં પણ નિશ્ચય કર્યો હતો! આજે આપણે બન્ને [illegible] [illegible]

૧૮૮–કર્મના બદલામાં ચંગટી ગઈ!

[illegible]

વીશ પણ નહિ, એટલે તમને આ બનાવ વધારે યાદ રહેશે." રમાબાઈને બહુ જ ખેદ થયો. સાંજે વિનોદ કરતાં રાનડે બોલ્યા: "આજ સવારનું પોણોસો રૂપિયાનું અથાણું તો લાવો! બંગડી ખોવાઈ તેમાં આટલો શોક શાના કરો છો? મેં પણ આજે ચપ્પુ ગુમાવ્યું છે. તમારા પાપના છાંટા મને પણ લાગ્યા છે."

૧૮૯–મન જ બંધન કે મોક્ષનું કારણ છે

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે, "હે તાત! જો તું મુક્તિની ઈચ્છા કરતો હોય તો ઝેરની પેઠે વિષયોનો ત્યાગ કર અને ક્ષમા, સરળતા, દયા, સંતોષ અને સત્યને અમૃતની પેઠે સેવ!"

એક વખત રાજા જનકે સભા ભરીને બધા વિદ્વાનોને બોલાવ્યા અને પ્રશ્ન કર્યો કે, "તમારામાંથી કોઈ એવો ઉપાય બતાવો કે, બે કલાકમાં જ ઈશ્વરપ્રાપ્તિ થાય!" તે સભામાં ઘણા પ્રખ્યાત પંડિતો હાજર હતા, પણ રાજાના આ પ્રશ્નનો કોઈ જવાબ આપી શક્યા નહિ. અષ્ટાવક્ર બહાર ગયા હતા. તે ઘેર આવી માતાને પૂછવા લાગ્યા કે, "પિતાજી ક્યાં ગયા છે?" માતાએ કહ્યું કે, "જનકરાજાને ત્યાં વિદ્વાનોની મોટી સભા ભરાઈ છે ત્યાં તે ગયા છે." અષ્ટાવક્ર પણ ત્યાં ગયા. તેમના શરીરના આઠ વાંક જોઈને સભાના મનુષ્યો હસ્યા. સભાજનોના હસવાથી અષ્ટાવક્રને કંઈ ગ્લાનિ થઈ નહિ, પરંતુ પોતે પણ બધાની સાથે ખડખડાટ હસી પડ્યા. સભાસદોએ પૂછયું: "તમે શા માટે હસ્યા?" અષ્ટાવક્રે સામું પૂછયું: "ત્યારે તમે શા માટે હસ્યા?" સભાસદો બોલ્યા: "તમારું આઠ વાંકવાળું શરીર જોઈને." અષ્ટાવક્રે કહ્યું: "આ હાડ, ચર્મ-

વાળા ચમારોની સભા જોઈને હું પણ હસ્યો, કારણ કે દે મારું જ્ઞાન ન જોયું પણ શરીર જોયું." જનકરાજ શું આશ્ચર્ય પામ્યા અને અષ્ટાવક્રની નિઃસ્પૃહતા જોઈને તેમ ચરણમાં પડયા અને તેમને વંદન કરવા લાગ્યા. અષ્ટાવક્રે કે, "તારી વસ્તુ મને અર્પણ કર." રાજા બોલ્યોઃ "શું રાજ્ય આપું?" ગુરુ અષ્ટાવક્ર બોલ્યાઃ "તું રાજ્ય મારા નો જેનાથી સંકલ્પ કરે છે તે મન મને આપ." ત્યારે જનકે સંકલ્પાત્મક મન ગુરુને અર્પણ કર્યું! મન આપ્યા પછી બાકી શું રહ્યું? ત્યારથી જનક વિદેહી કહેવાયા! મનુએ કહ્યું છે કેઃ मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः।

११०–मन माताने स्वाधीन कर्युं के

કહ્યું: "ઠીક, હું માતાને પૂછી જોઈશ." પછી ધ્યાનમાં માને પૂછીને પરમહંસે વિવેકાનંદને જણાવ્યું કે, "મેં માને પૂછયું કે દર્દવાળા ગળામાંથી ખાતાં તને દુઃખ થતું નથી? ત્યારે માએ તારા ગળા તરફ આંગળી બતાવી કહ્યું કે, 'આના મુખથી ખાઈશ!' તારા મુખથી હું થોડા દિવસ નહિ ખાઉં?" વિવેકાનંદ પરમહંસના અનન્ય શિષ્ય હતા. માતાની આ આજ્ઞા સાંભળી તે ગળગળા થઈ ગયા!

૧૯૧–गरीब कोण?



ખેડૂત ખેતરનો પાક લણી જાય, પછી જે કણ પડયા હોય તે વીણી લાવી મહર્ષિ કણાદ પોતાનું ગુજરાન ચલાવતા, તેથી તેમનું નામ કણાદ પડયું હતું. તપ તથા સાદા ખોરાકના પ્રભાવથી તેમણે વૈશેષિક દર્શન રચ્યું હતું. એક દિવસ તે દેશના રાજાને ખબર પડી કે, દેશમાં આવા તપસ્વીઓ દુઃખી થાય છે, તેથી રાજાએ ઘણી સમૃદ્ધિ આપવા પ્રધાનને કણાદ પાસે મોકલ્યો. પ્રધાન કણાદ પાસે આવ્યો, ત્યારે કણાદ બોલ્યા: "મારે તે ન જોઈએ. ગરીબ પ્રજાને વહેંચી આપો." પ્રધાન પાછો ગયો. રાજાએ થોડું જાણી બમણું ધન મોકલ્યું; ત્યારે કણાદે કહ્યુ: "ગરીબ મનુષ્યોને વહેંચી દો." પ્રધાન પાછો આવ્યો. આખરે રાજા જાતે ગયો, ત્યારે કણાદ બોલ્યા: "જેને જરૂર હોય એવા કંગાલોને તે દ્રવ્યથી પોષો." રાજા ચકિત થઈ ગયો કે, જેની પાસે માત્ર કૌપિન છે તે પણ બીજાને કંગાલ કહે છે! તે ઘેર આવ્યો. રાણી પણ વિદુષી હતી, તેને રાજાએ વાત કરી. તે બોલી: "મહર્ષિ કણાદ તો દુનિયાનો રાજા છે. તેમને ઈશ્વર સિવાય

કથાની જરૂર નથી. તે મહા વિદ્વાન છે, માટે તમે તેમની પાસે જાઓ અને રસાયનવિદ્યા શીખો." રાજા મધરાતે કણાદ પાસે ગયો. ત્યારે કણાદ બોલ્યાઃ "હું કોઈ પણ દિવસે તારી પાસે માગવા આવ્યો નથી અને તું તો ઘોર રાત્રિએ આવ્યો છે. બોલ, કોણ ગરીબ?" રાજા તો ચૂપ થઈ ગયો. ત્યાર પછી ઋષિએ તેને બ્રહ્મવિદ્યાનું સાચું અને પરમ રસાયણ આપ્યું!

१९२–प्रमाणिक मनुष्य शुं न करी शके?

મોગલ રાજાઓની પૂર્ણ સત્તાના સમયમાં દિલ્હીમાં એક મંજુ નામનો બ્રાહ્મણ રહેતો હતો. મંજુને ઘેર દમન નામનો પહાડનો છોકરો નોકર હતો. દમન ગરીબ અને પ્રમાણિક હતો. પોતાના સ્વામીનું કામ તે સાચા મનથી કરતો તેથી સેવાથી પ્રસન્ન થઈ મંજુએ તેને એક પિંજર અને [illegible] આપ્યા અને તેને [illegible] વખત દમન પિંજરમાં [illegible] ફેરવતો હતો. તેવામાં [illegible] પ્રમાણિક દમન તે મંજુને [illegible] મંજુએ કહ્યું: "દમન, તે પિંજર [illegible]

ચલણી સિક્કા ઉપર પણ 'ગંગુ બ્રાહ્મણ' એવા શબ્દો કોતરાવ્યા! હિંદુ-મુસ્લિમની એકતાનો કેવો સુંદર આદર્શ છે!

૧૯૩–राणी जातमहेनत करती

મહારાજા સાતમા એડવર્ડનાં પત્ની એલેકઝાંડ્રા કુંવારાં હતાં, ત્યારથી જાતે ઉદ્યમ કરતાં હતાં. મહારાણીપદે આવ્યા પછી તેઓ વર્ષમાં આશરે સાઠ પહેરણ ભરીને ગરીબોને વહેંચતાં. "તમને આટલો સમય ક્યાંથી મળે છે?" એમ કોઇએ પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે, "મારા ઓરડામાં હું પહેરણ ગૂંથવાનો સામાન રાખું છું. જ્યારે નવરાશ મળે છે ત્યારે હું જલદી ઓરડામાં જઇ પહેરણનું જ કામ કરું છું. રાત્રે પણ જ્યારે મારા પતિ વાંચવા બેસે છે, ત્યારે હું સાંભળતી જાઉં છું, વાતો કહેતી જાઉં છું અને પહેરણ ભરતી જાઉં છું." આપણા દેશની મોટા ઘરની સ્ત્રીઓએ આ વાત ખ્યાલમાં રાખવા જેવી છે; કારણ કે તેઓ પોતાનો નવરાશનો વખત આળસમાં અને નકામાં ગપ્પાં મારવામાં ગાળે છે.

૧૯૪–प्रमाणिकतानो बदलो

સને ૧૯૧૦માં સહરાનપુર જિલ્લાની નહેરના એક ગોરા-અમલદારનો સોનાની ગીનીથી ભરેલો વાટવો રસ્તામાં પડી ગયો હતો; ત્યાં કોઇ હિંદુ મુસાફર ફરતો હતો તેને તે જડ્યો. રસ્તામાં જતાં સાહેબને વાટવો તપાસતાં મળ્યો નહિ. ઘોડો દોડાવતો તે પાછો આવ્યો, તે વખતે પેલો મુસાફર એક વૃક્ષ નીચે બેઠો હતો. તેણે ગીનીથી ભરેલો તે વાટવો ગોરા અમલદારને આપ્યો. પછી સાહેબ ગીનીઓ ગણીને બોલ્યોઃ "ત્રણ

ગીની ઓછી કેમ ?" મુસાફરે કહ્યું: "તેની મને ખબર નથી." મુસાફરને પકડાવી સહરાનપુરની અદાલતમાં ઊભો કર્યો. ન્યાયાધીશે મુસાફરની જુબાની લીધી. તેના લેખા ઉપરથી ન્યાયધીશ સમજી ગયો કે, આ માણસ પ્રમાણિક છે. ન્યાયાધીશે ત્રણ ગીનીઓ મંગાવીને ગોરા અમલદારને કહ્યું કે, "લો, આ ત્રણ ગીનીઓ આ વાટવામાં નાખો." વાટવો ગીનીથી ભરેલો હોવાથી અંદર ત્રણ ગીનીઓ આવી નહિ. એટલે ન્યાયાધીશે ત્યારે ફેંસલો આપ્યો કે, "તમારો વાટવો તો આના કરતાં ત્રણ ગીની વધારે માય તેવો હતો, માટે જાઓ, તેને બીજે ખોળો. આ વાટવો તમારો નથી." એમ કહી તે વાટવો મુસાફરના હાથમાં આપ્યો. મુસાફરે ના કહી, છતાં ન્યાયાધીશે તે પરાણે આપ્યો. પેલો ગોરો અમલદાર તો આ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયો!

૧૩૫–પ્રભુ કેવો છે?

એક મનુષ્ય હતો. ઈશ્વર પ્રત્યે તેને વિશ્વાસ ન હતો. ઈશ્વરના અસ્તિત્વની દલીલો તેના અંતરમાં ઊતરતી નહિ. [illegible]

રીતે હોઇ શકે ?" તે બોલ્યોઃ "પ્રભુ એવડા મોટા છે કે, સ્વર્ગ વગેરે કરતાં પણ વધી જાય! બધાં બ્રહ્માંડોનો તેની અંદર સમાવેશ થઇ જાય છે! તે એટલો બધો નાનો છે કે, નાનામાં નાના મારા હૃદયમાં તેમ તમારા હૃદયમાં પણ તે રહેલો છે!" ગામડિયાનો આ સરળ ઉત્તર સાંભળી, પેલો નાસ્તિક માણસ અજાયબ થયો. તે ઉત્તર ન આપી શકયો. તે દિવસથી તેણે ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકાર્યું અને શ્રદ્ધાળુ બન્યો.

૧૯૬–માતૃભક્તિ

સ્વર્ગસ્થ આશુતોષ બાબુ કલકત્તા હાઇકોર્ટના સર ન્યાયાધીશ તથા વિશ્વવિદ્યાલયના વાઇસ ચેન્સેલર હતા. પોતાનાં માતપિતા પ્રત્યે તેમની અત્યંત શ્રદ્ધા હતી. ઘણા મિત્રો તેમને વિલાયત જવાનું કહેતા; પરંતુ તેમનાં માતુશ્રી તેનાથી વિરુદ્ધ હતાં. તે વખતે લોર્ડ કર્ઝન વાઇસરૉય હતા. તેમણે આશુતોષને બોલાવીને વિલાયત જવા આગ્રહ કર્યો. આશુતોષે જવાબ આપ્યો કે, "મારાં માતુશ્રી વિલાયત જવા ના કહે છે, તેથી હું જઈ શકીશ નહિ." મોટા મોટા રાજાઓ જેની સામે બોલી શકે નહિ એવા સત્તાધીશ લોર્ડ કર્ઝનની સામે તેમણે પોતાનો નિશ્ચય જણાવ્યો. લોર્ડ કર્ઝને કહ્યુંઃ "જાઓ, તમારાં માતુશ્રીને કહી દો કે, ગવર્નર મને વિલાયત જવાનો હુકમ કરે છે." આશુતોષ પ્રસન્ન મુખે બોલ્યા કે, "હું માતાની સામે નહિ બોલી શકું. હું આપને જણાવવાની રજા લઉં છું કે, હું ગવર્નર જનરલની આજ્ઞાને માતાની આજ્ઞાથી ચડિયાતી માનતો જ નથી!" લોર્ડ કર્ઝન આશુતોષની આવી દૃઢ માતૃભક્તિ જોઈ અતિ આશ્ચર્ય પામ્યા!

१९७–शुद्ध प्रेमनी परीक्षा

શ્રીરામકૃષ્ણ પરમહંસ એક દિવસ શ્રીવિવેકાનંદ વગેરે શિષ્યોની સમક્ષ બેઠા હતા. તેવામાં એક દૂબળો ગામડિયો માણસ ધૂળવાળા જોડા અને મેલાં વસ્ત્ર પહેરી ત્યાં આવ્યો અને બોલ્યો કે, "કેમ રામકૃષ્ણ, મજા છે ને?" એમ કહી તે રામકૃષ્ણની ગાદી ઉપર જઈ બેઠો અને સ્વામીજીનો બરડો થાબડવા લાગ્યો. તે પછી બોલ્યો: "દોસ્ત, એક ચલમ તો ભરી લાવ!" રામકૃષ્ણ જલદી ઊભા થયા અને ચલમ ભરવા ગયા. શિષ્યોએ દોડી હાથમાંથી ચલમ લઈ લીધી અને પેલા ગામડિયાને ચલમ ભરીને આપી. તે ગામડિયો પરમહંસના બચપણનો અને તેમનો બાળગોઠિયો મિત્ર હતો. તે ફરી વાર તમાકુ પીને ચાલતો થયો. જતી વખતે તે બોલ્યો કે, "તમે તો તેવા ને તેવા જ સ્વભાવના છો હો! મેં તો સાંભળ્યું હતું કે, તમે બદલી ગયા છો. ઠીક, ભાઈ, હવે હું જઉં છું. આવજે, રામ રામ!" આમ કહીને પેલો ગામડિયો ચાલ્યો ગયો! આ રીતે શ્રીરામકૃષ્ણ પરમહંસે ગામડિયા પ્રત્યેના શુદ્ધ પ્રેમનો શિષ્યોને પાઠ ભણાવ્યો!

१९८–[illegible]

[illegible]

ત્યાં આવે છે! તે યોગીરાજની પાસે આવ્યો અને તેમના ચરણ ચાટવા લાગ્યો! યોગીએ આંખ ઉઘાડી કહ્યું કે, "તું આવ્યો બેટા! સારું, હવે ચાલ્યો જા." તરતજ વનરાજે જંગલની વાટ લીધી! ત્યાર પછી મહાત્મા મુનશીરામ તે યોગીની પાસે ગયા અને આશ્ચર્ય પામી કહ્યું કે, "આ મોટો ચમત્કાર ગણાય!" ત્યારે યોગી બોલ્યાઃ "આમાં ચમત્કાર શાનો? હું એક દિવસ ચાલ્યો આવતો હતો ત્યારે કોઈ શિકારીની ગોળી આ સિંહને વાગી હતી, તેથી તે દુઃખી થતો હતો. મેં તેના પગમાંથી ગોળી કાઢી અને વનસ્પતિ ચોપડી પાટો બાંધ્યો હતો, ત્યારથી તે મારી પાસે આવી આ રીતે વર્તે છે. તમે નક્કી સમજજો કે, અહિંસા અને સેવા કદી પણ નિષ્ફળ જતાં નથી." મહાત્મા મુનશીરામના જીવનમાં આ દશ્યે અજબ ફેરફાર કર્યો.

૧૯૬–जाते महेनत करो

વ્યાકરણ મહાભાષ્ય ઉપર ટીકા લખનાર કૈયટ અસાધારણ શક્તિવાળા હતા. શાસ્ત્રો તથા પરમાત્માના ચિંતનમાં તે પોતાના ચિત્તને હમેશાં પરોવી રાખતા. ઘર ચલાવવાનું પણ તેમને ભાન હતું નહિ. તેમની પતિવ્રતા સ્ત્રી જંગલમાંથી મુંજ કાપી લાવી તેનાં દોરડાં બનાવી ઘરનું ગુજરાન ચલાવતી! બહુ જ કષ્ટ તથા સંયમથી આ દંપતી રહેતાં. આ વાત દેશના રાજાએ જાણી. રાજા પોતે તેમને ઘેર આવ્યો અને બોલ્યો કે, "આપ જેવા તપસ્વી પુરુષો મારા રાજ્યમાં દુઃખી થાઓ તે સારું નહિ; કારણ કે મને તેથી તો પાપ લાગે." ત્યારે કૈયટે પોતાની પત્નીને કહ્યું: "દેવી! ચાલો, સાદડી લો. આપણાથી રાજાને પાપ લાગે છે. આપણે બીજે સ્થળે જઇ રહીશું." રાજા

ખેડૂતોને વહેંચી આપો કે જેથી તેમની આશિષથી આપણું રાજ્ય ટકે. રાજ્યનો આધાર ખેડૂતો પર જ છે; માટે ખેડૂત આબાદ હશે, તો આપણું રાજ્ય પણ આબાદ રહેશે."

૨૦૧–મારી પ્રજાને સુખી કરો

સમ્રાટ અશોકે પોતાના જન્મદિવસે રાજ્યના બધા સૂબાઓને બોલાવી હુકમ કર્યો કે, "આજે મારે વર્ષ દરમ્યાન સૌથી સારું કામ કરી બતાવનાર સૂબાને ઇનામ આપવું છે. દરેક પોતાની હકીકત મને કહી સંભળાવો." ઉત્તરનો સૂબો બોલ્યોઃ "નામદાર, મેં મારા પ્રદેશની આવક ત્રણગણી વધારી દીધી છે." દક્ષિણનો સૂબો આગળ આવીને બોલ્યોઃ "રાજ્યની તિજોરીમાં દર સાલ મોકલાતું સોનું મેં આ વર્ષે બમણું મોકલાવ્યું છે." પૂર્વનો સૂબો બોલ્યોઃ "રાજાજી! પૂર્વની બંડખોર પ્રજાને મેં કચડી નાખી છે. હવે તે કોઇ દિવસ આપણી સામે આંખ પણ ઊંચી કરી શકે તેમ નથી." પશ્ચિમનો સૂબો બોલ્યોઃ "મેં પ્રજા પાસેથી લેવાતો કર વધાર્યો છે અને રાજ્યના નોકરોનો ખર્ચ કમી કરીને ઊપજમાં સારો વધારો કર્યો છે અને તે વાત ખજાનચી જાણે છે." અંતે મધ્યપ્રાંતનો સૂબો બોલ્યોઃ "મહારાજા, ક્ષમા કરજો. હું રાજ્યની ઊપજમાં આ વર્ષે વધારો કરી શક્યો નથી; ઊલટું રાજ્યની તિજોરીમાં દર વર્ષ કરતાં ઓછું ધન મેં મોકલ્યું છે. કારણ કે મારા પ્રદેશની આપની પ્રજાને શિક્ષણ આપવા નવી શાળાઓ ખોલી છે, ખેડૂતો માટે વાવકૂવા બંધાવી સગવડો કરી છે, સાર્વજનિક ધર્મશાળાઓ, દવાખાનાં વગેરે કામોમાં આ વર્ષે ખર્ચ વધારે થયું છે." મધ્યપ્રાંતના સૂબાની પોતાની પ્રજા પ્રત્યે લાગણી જોઇને રાજાને જે

ઇનામ આપવાનું હતું તે તેને આપ્યું; અને પછી રાજા અકે[illegible] બધા સૂબાઓને સંબોધી બોલ્યો કે, "મારે ત્રાજવાની ઊપજ ન જોઇએ, તેમ બમણું સોનું પણ ન જોઇએ. મારી પ્રજાની રાજ[illegible]ના મારે છીનવી લેવી નથી. વળી પ્રજા પર કર વ[illegible] નોકરોનું ખર્ચ ઓછું કરીને તથા ઊપજ વધારી મારે [illegible] પોટલાં બાંધવાં નથી. પરમાત્માએ આપણને રાજ્યના [illegible] સ્થાપક નીમ્યા છે. એથી પ્રજાનું ધન પ્રજાકલ્યાણ મા[illegible] વાપરી તેને સુખી કરવી જોઇએ. માલ્વાના સૂબાએ તે [illegible] કર્યું છે, હવે તમે પણ તે પ્રમાણે વર્તન રાખજો."

૨૦૨–गुरु कहे ते करीए

આદ્ય જગદ્ગુરુ શ્રીશંકરાચાર્યના સંબંધમાં એવું કહે વાય છે કે, તેમના કેટલાક શિષ્યો તેમનું પોતું અનુકરણ કર[illegible] અને અમુક વખતના શરીરમાં પ્રવેશી [illegible] કરવાની વાત [illegible] શ્રીશંકરાચાર્યે [illegible] [illegible]

છો, કે જે તમારે માટે નરકનું સાધન છે; અને સ્વર્ગનું પદ અપાવનાર સદ્ગુણોને તો તમે તિલાંજલિ આપો છો! ગુરુ કહે તે કરીએ, કરે તે ન કરીએ." એ સાંભળી સૌ શિષ્યો શ્રીમદ્ શંકરાચાર્યને પગે પડીને માફી માગવા લાગ્યા!

૨૦૩–खंडणी अने हाजरी माफ थई



ગુજરાતમાં સિદ્ધરાજ જયસિંહ ઘણો જ પ્રખ્યાત રાજા થઈ ગયો છે. તેણે પોતાના નામ પરથી સિદ્ધપુર વસાવ્યું હતું. સિદ્ધરાજનો બાપ કરણસિંહ તેને ત્રણ વર્ષનો મૂકી મરી ગયો હતો, તેથી રાજ્ય તેની માતા મીનળદેવી ચલાવતી હતી. સિદ્ધરાજે પાટણમાં સહસ્રલિંગ તળાવ બંધાવ્યું હતું. એક વખત દિલ્હીના સમ્રાટે મીનળદેવીને કહેવડાવ્યું કે, "તમારો પુત્ર મોટો થયો છે; માટે તેને દિલ્હી દરબારમાં હાજરી આપવા મોકલવો." મીનળદેવીએ સિદ્ધરાજને દિલ્હી મોકલવા તૈયાર કર્યો અને ત્યાં કેમ બોલવું, શી રીતે વર્તવું, તે સમજાવવા લાગી. ત્યારે સિદ્ધરાજ બોલ્યોઃ "તું શીખવે છે તેનાથી બીજું પૂછશે તો?" તેની માતા સમજી ગઈ અને બોલી કે, "જા, બેટા! હવે તને શીખવવું નહિ પડે." સિદ્ધરાજ દિલ્હી ગયો. સમ્રાટે તેને ધમકી આપી અને એકદમ તેના બે હાથ પકડી પૂછયું કે, 'તું બાળક શું કરી શકે એમ છે?" ત્યારે સિદ્ધરાજ ખડખડાટ હસ્યો! રાજાએ તેને હસવાનું કારણ પૂછયું. સિદ્ધરાજે જવાબ આપ્યો કે, "અમારા પ્રદેશમાં એવો રિવાજ છે, કે સ્ત્રીનો એક હાથ પુરુષ પકડે છે, તો તેને જિંદગીભર પાળે છે, અહીં તો દિલ્હીના સમ્રાટે મારા બે હાથ પકડયા છે, તેથી હવે મારે ચિંતા શી હોય?" સિદ્ધરાજનો જવાબ

સાંભળી હિંદુનરેશ પ્રસન્ન થયો અને સિદ્ધરાજને રાજ [illegible]
આપી, તેની ખંડણી અને રાજની માફ કરી!

૨૦૪–तुं याचक मने शुं आपीश?

એક વખતે એક [illegible] જંગલમાં જઈ ચડ્યો. ત્યાં તેને એક [illegible] ફકીર સાથે વાતચીત કરી [illegible] વખતે પોતાની [illegible] ફકીરને [illegible] ત્યારે ફકીરે કહ્યું "આ [illegible] નહિ [illegible] આવે છે. [illegible] આ ઝુંપડી [illegible] શા માટે [illegible]" સુલતાન બોલ્યો, "[illegible] પધારો અને મને પવિત્ર કરો." [illegible] તેમની સાથે [illegible] સુલતાને ફકીરને [illegible] કહ્યું કે, "આપ [illegible] મહેરબાની કરી [illegible]" [illegible] કરતાં બોલ્યો કે, "હે ખુદા, તું મને [illegible] [illegible]! [illegible]

૨૦૫–હૃદયથી હરિનું નામ લો !

એક પાપી માણસને એક વખત પોતાના પાપને માટે પશ્ચાત્તાપ થયો. તેને જોઇને કોઇએ કહ્યું કે, "તું કબીર પાસે જા, તે તારા ચિત્તનું સાંત્વન કરશે." તે મનુષ્ય જેમ રોગી ઔષધાલયમાં જલદી જાય તેમ કબીરને ત્યાં ગયો. કબીર ઘેર હતા નહિ તેથી તેમનાં પત્નીએ તેને દઢતાપૂર્વક ત્રણ વખત હરિના નામનું ઉચ્ચારણ કરવા કહ્યું. તેણે સાચા ભાવથી તે પ્રમાણે કર્યું. પછી તેના મનનું સાંત્વન થવાથી તે નાચતોકૂદતો ઈશ્વરસ્મરણમાં મસ્ત બન્યો! એવામાં કબીર ઘેર આવ્યા. આવા પ્રેમી મનુષ્યને જોઈ તે પ્રસન્ન થયા. પત્નીએ પેલા ભક્તની સર્વ વાત કહી. કબીર ખેદયુક્ત થઈ પોતાની પત્નીને કહેવા લાગ્યા કે, "હરિનું નામ એક વખત લેવાથી સંપૂર્ણ સિદ્ધિ થાય છે, તો તેં તેને ત્રણ વખત લેવાનું કેમ કહ્યું? ખરેખર, તને ઈશ્વર ઉપર વિશ્વાસ નથી." સ્ત્રી બોલી: "ત્રણ વખત નામ લેવાનું કહેવામાં મારો આશય કાયિક, વાચિક અને માનસિક મેલને દૂર કરવાનો છે. અર્થાત્ પહેલું નામ શરીરથી, બીજું જિહ્વાથી અને ત્રીજું મનથી હરિનું નામ લેવાથી તે કલ્યાણકારી નીવડે છે; માટે મેં તેને ત્રણ વખત નામ લેવાનું કહ્યું." કબીર પત્નીની આવી સાચી સમજણ જોઇને અતિ પ્રસન્ન થયા.

૨૦૬–હું તો ગુનેગાર છું

કબીરના ઘરની નજીકમાં એક વેશ્યા રહેતી હતી. તેની કુટિલતાથી ગામ લોકો થાકી ગયા અને એક દિવસ ગામના બધા લોકો મળીને વેશ્યાને શિક્ષા આપવા સારુ તેના ઘરને ઘેરો ઘાલી

૨૦૭–साचो उपदेशक

ભગવાન બુદ્ધનો પૂર્ણ નામનો એક શિષ્ય હતો. તે ઘણો લાયક હોવાથી બુદ્ધદેવે તેને કહ્યું: "હવે તારે ધર્મપ્રચાર કરવા જવું જોઈએ. બોલ, કયાં જઇશ ?" પૂર્ણ બોલ્યો: "હું સરહદ પ્રાંતમાં જઈશ." બુદ્ધે કહ્યું: "પણ ત્યાંના લોકો અતિ કઠોર છે. તે તારી નિંદા કરશે, ગાળો દેશે, ત્યારે તને કેવું લાગશે ?" પૂર્ણ બોલ્યો: "ત્યારે મને બહુ સારું લાગશે, કારણ કે તેઓએ મારા પર હાથ તો નથી ઉઠાવ્યો ને ?" બુદ્ધે કહ્યું: "કદાચ પથ્થરથી માર્યો તો ?" પૂર્ણે કહ્યું: "મારા પર દંડ-પ્રહાર તો કરશે નહિ ને ? તેથી તો તેઓ લાયક છે, એમ હું સમજીશ." પછી બુદ્ધ બોલ્યા: "કદાચ દંડ માર્યો તો ?" પૂર્ણ બોલ્યો: "તલવાર આદિ શસ્ત્રપ્રહાર ન કર્યો એ માટે તેઓ ભલા છે એમ માનીશ." પછી ભગવાન બુદ્ધે કહ્યું: "કદી ઠાર કર્યો તો ?" પૂર્ણ બોલ્યો: "ઘણા મનુષ્યોને વિના વાંકે મરવું પડે છે, તો મારે તેમ ન કરવું પડ્યું અને લોકોએ મારો રસ્તો સાફ કર્યો, તે માટે હું તેઓનો આભારી થઇશ." આ વાકય સાંભળી ભગવાન બુદ્ધ તેને ભેટી પડયા અને કહ્યું કે, "ખરે-ખર તું ઉપદેશ આપવાને લાયક જ છે."

૨૦૮–दयाळु दिल शुं न करे ?

એક મોલવી બાદશાહના છોકરાને ભણાવવા જતા હતા. રસ્તામાં બે ચોર મળ્યા. ચોરોએ આવીને કહ્યું: "તમારી પાસે હોય તે આપી દો." મોલવી સમજ્યો કે, આ ગરીબ માણસો

છે, તેથી પોતાનો દુપટ્ટો અને અંગરખું તેમને આપ્યાં. તે લઈને ચાલ્યા, એટલે મોલવીને દયા આવી. આ બિચારા ખરે જ ગરીબ લાગે છે, નહિ તો રાત્રીએ શા માટે માગવા નીકળે! તેમને પાછા બોલાવી, ખિસ્સામાંથી ચાર રૂપિયા આપ્યા અને કહ્યું કે, "કાલે-તમે મારી સાથે આવજો. હું તમને રાજા પાસે લઈ જઈને વિશેષ અપાવીશ." રાજાનું નામ સાંભળીને બે ડરી ગયા અને બોલ્યાઃ "ભાઈ સાહેબ, ક્ષમા કરો. રાજાને આ વાત ન કહેશો. તેઓ અમને મારી નાખશે. અમે તો ચોર છીએ." એમ કહીને મોલવીને રૂપિયા પાછા આપીને ચાલતા થયા. મોલવીએ તેમને બોલાવ્યા ત્યારે તેઓએ કહ્યું કે, "હવે અમે ચોરી નહિ કરીએ અને મહેનત કરી ગુજરાન ચલાવીશું." દયાળુ દિલ શું ન કરે!

२०२–दीकरानो भोग न लें

ાંથી બકરાની આકૃતિ બનાવી સૌના પહેલાં દેવીને ચઢાવી દીધો. લોકો આ જોઇ બોલ્યાઃ "નિર્જીવ માટીના બકરાથી શું દેવી પ્રસન્ન થશે?" મહાત્માએ કહ્યું: "દેવી પથ્થરની જડ છે અને બકરો પણ માટીનો જડ છે. 'છાણના દેવને કપાસિયાની આંખો' એ કહેવત પ્રમાણે મારી પૂજા બરાબર છે. દેવી તો જગતજનની છે. બકરા પણ તેના છોકરા થાય; તેથી તે કોઇ દિવસ પોતાના છોકરાનો ભોગ લે નહિ. માતા તો હંમેશાં છોકરાને પ્રેમથી પાળે છે. તમે શા માટે દેવીનું નામ દઈ પાપનાં પોટલાં બાંધો છો?" મહાત્માનાં વચન સાંભળી લોકો પોતાની ભૂલ સમજ્યા અને તમામ બકરાંને છોડી મૂક્યાં. ત્યાર પછી ત્યાં હિંસા વિનાની સાત્ત્વિક પૂજા થવા લાગી અને લોકો પહેલાંના કરતાં વધારે સુખી થયા.

૨૧૦–ગોરક્ષા

એક ગાય નદીકિનારે પાણી પીવા ગઈ. ત્યાં ચીકણો કાદવ હોવાથી તે તેમાં ખૂંચી ગઈ. તે બરાડા પાડવા લાગી. કોઈ એક ચોર ખૂન તથા ચોરી કરીને ત્યાંથી ચાલ્યો જતો હતો. ગાયના બરાડા સાંભળી તેનું હૃદય પીગળ્યું અને તે ત્યાં જલદી દોડી ગયો. તેણે મહામહેનતે ગાયને બહાર કાઢી, તેને સુરક્ષિત સ્થળે પહોંચાડી દીધી અને તેને આસપાસથી ઘાસ લાવી નાખ્યું. પછી તે ચાલ્યો ગયો. રાત્રે સૂતાં સૂતાં તેને વિચાર આવ્યો. આજે બે કામો કર્યાં છે. એક ઘોર પાપ અને બીજું અતિ પુણ્ય. એ પાપપુણ્યે ચોરના હૃદયમાં લડવા માંડ્યું. ચોરે પ્રતિજ્ઞા કરી કે, 'આ પાપથી જો હું બચીશ તો પુનઃ આવું પાપ નહિ કરું અને જિંદગીભર ગાયોની

ગયો! તાત્પર્ય એ છે કે, જીવાત્મા અજ્ઞાનમાં સૂતો છે. સંસારરૂપી સર્પ તેનું લોહી પીવા મથી રહ્યો છે. જો સત્યનિષ્ઠ ગુરુ મળે તો સંસારરૂપી સર્પને જીવાત્માથી શરીર અલગ છે, તે તેને સોંપી દે અને સત્યના પ્રભાવથી તે જન્મમરણના ફેરાથી બચે!

૨૧૨–वाणियाए वरसाद वरसाव्यो

વિક્રમ સંવત ૧૭૪૦ માં હિંદુસ્તાનના પશ્ચિમ ભાગમાં ભારે દુકાળ પડયો. અન્નવસ્ત્ર વિના લોકો હેરાન થઇ ગયા. બીજું વર્ષ પણ તેવું જ નીવડયું. અષાડ માસ વીતવા આવ્યો છતાં વરસાદ થયો નહિ. હવે શું કરવું? રાજાએ બહુ તજવીજ કરી. સિદ્ધો, ઓલિયા, ફકીરો વગેરેને તેણે બોલાવ્યા, પણ કંઇ વળ્યું નહિ. એક સજ્જને આવી રાજાને કહ્યું કે, "રાજાજી, આપણા શહેરના દરવાજા બહાર એક વાણિયો રહે છે, તે વરસાદને વરસાવવાની તાકાત ધરાવે છે." રાજા ત્યાં ગયો અને હઠ પકડી બેઠો કે, "શેઠ, મારી ખાતર નહિ તો મારી પ્રજાની ખાતર પણ તમારે વરસાદ વરસાવવો જ પડશે." ગરીબ વાણિયાએ કહ્યું: "હું તો ઘણો તુચ્છ માણસ છું, મારા કહેવાથી વરસાદ શી રીતે વરસે? આપ કોઈ સિદ્ધની પાસે જાઓ." આમ વાતો કરતાં કરતાં રાતના બાર વાગી ગયા. ઉઘાડે માથે, ઉઘાડે પગે, રાજા દુકાનની બહાર બેઠો છે. પ્રજાના દુઃખથી તે વ્યાકુળ બની ગયો હતો અને વાણિયાને તે સવારનો કાલાવાલા કરી રહ્યો હતો. વાણિયો સમજ્યો કે, હવે રાજા છોડશે નહિ. તેણે પોતાનાં ત્રાજવાં હાથમાં લીધાં. પછી ઈશ્વરનું ધ્યાન ધરી તે બોલ્યો: "હે પરમાત્મન્! જો આ ત્રાજવાંથી કદી પણ ન્યૂનાધિક લીધું–દીધું ન હોય, તો વરસાદ

વરસાવો !” આ શબ્દો નીકળતાં વરસાદ પડ્યો! રાજા [illegible]
પ્રસન્ન થયો અને તે પ્રમાણિક વાણિયાને નમસ્કાર કરી [illegible]

२१३–मकाईनी रोटी उत्तम छे

એક સમયે ગુરુ નાનક ફરતા ફરતા પહાડની તળે[illegible] આવ્યા. ત્યાં એક ગામના બગીચામાં તે ઊતર્યા. તેમને ખ[illegible] માટે એક ખેડૂત મકાઈની રોટી અને સરસવની ભાજી [illegible] વ્યો. એવામાં એક શ્રીમંત અનેક પ્રકારની સ્વાદિષ્ટ [illegible] બનાવીને લઈને ગુરુ નાનક પાસે આવ્યો. ગુરુ નાનકે મ[illegible] ખેડૂતનું ખાણું ખાઈ લીધું અને શ્રીમંતના ભોજનને [illegible] અડકાવી પાછું આપી દીધું. આ જોઈ પેલા શ્રીમંતે પોતાની [illegible] ન ખાવાનું કારણ પૂછ્યું. ગુરુ નાનક બોલ્યા: “ આ ખેડૂત [illegible] મહેનત કરી, અને અન્ન પકાવી, આણી પ્રીતિથી લાવેલ છે, અને તે અમૃત સમાન છે અને તમે તો વ્યાજવટાવ કરી, [illegible] દગા કરી, લોકોને લૂંટી, પાપ એકઠું કરી [illegible] લાવ્યા છો, માટે તે લોહી બરાબર છે.” એમ કહી [illegible] [illegible]

२१४–[illegible]

ાંભલો મળ્યો. માણસો તેને લઇને આવ્યા. રાજાને સંદેશો હેવડાવ્યો. એટલે રાજા અને આખું ગામ તે થાંભલાને ોવા ભેગું મળ્યું. એક મહાત્મા પણ ત્યાં ગયા અને થાંભલા-ી પાસે જઇ, કાન ધરી વાતો કરતા હોય એમ દેખાવ કરવા ાગ્યા! રાજાએ પૂછયું: "આપ શું કહો છો?" મહાત્મા ોલ્યાઃ "હું આ થાંભલાને પૂછું છું કે, તારામાં એવો શું ગુણ છે કે આટલા મનુષ્યો તને જોવા તલપાપડ થઇ રહ્યા છે?" ત્યારે થાંભલે જવાબ આપ્યો કે, 'હું સીધો છું, વચ્ચે પોલો નથી, ખવાયલો નથી અને સુંવાળો છું, માટે મને લોકો જોવા આવે છે.' હે રાજન્! ખરેખર સીધો, સરળ, સત્યવાદી અને નિષ્પ્રપંચી મનુષ્ય હોય તેનાં સર્વ કોઇ દર્શન કરે છે! દંભી અને કપટી મનુષ્યથી સર્વ કોઇ દૂર રહે છે." રાજા પ્રસન્ન થયો અને પોતાના વર્તનમાં ફેરફાર કર્યો!

૨૧૫–फळनुं नजराणुं फळ्युं!

એક દેશ એવો હતો કે ત્યાંનો રાજા પ્રજાથી વિરુદ્ધ કામ કરી શકે જ નહિ. બધી પ્રજા સંપીલી, સત્યવાદી અને વફાદાર હતી. રાજા કોઇને જોરજુલમ કરી શકતો નહિ. કોઇ અથડામણનો પ્રસંગ ઊભો થાય, તો પ્રજા રાજાનો અસહકાર કરીને તેને સીધો કરી દેતી. ઘણાં વર્ષો આ પ્રમાણે ચાલ્યું. એક સમયે કોઇ વિદેશી રાજા ત્યાં આવ્યો અને પ્રજાને બોલાવી કહ્યું કે, "હું તમારો રાજા થાઉં. તમારી કેળવણી વગેરેની હું સુવ્યવસ્થા કરીશ, તમારી પાસેથી કર લઇશ નહિ, ફક્ત તમારે મને બાર મહિને એક એક ફળ નજરાણામાં મૂકી જવું." ભોળી પ્રજાએ તેને પોતાનો રા ા અને તેની માગણી

મુજબ ફળનું નજરાણું કર્યું. પછી રાજાએ કહ્યું: "હવે તમે તમારાં પોતપોતાનાં ફળ પાછાં લઈ જાઓ." ફળ સેળભેળ થઈ ગયેલાં હોવાથી સર્વનાં ફળ બદલાઈ ગયાં. મુસદ્દી રાજાએ પ્રજાના માણસોમાં ફાટફૂટ પડાવી અને તે કહેવા લાગ્યો: "અમુક માણસ તમારું ફળ લઈ ગયો અને અમુક તમારું લઈ ગયો." પ્રજા ફળ માટે અરસપરસ ઝઘડવા લાગી. ત્યારે તેમાંના કેટલાક માણસોને પક્ષમાં લઈ તેણે પોતાનું રાજ જમાવી દીધું! હવે પ્રજામાં સત્ય ન રહ્યું. પ્રજા ભાંગી થઈ. દિનપ્રતિદિન તેમની પડતી થવા લાગી. ત્યારે કોઈ મહાપુરુષે તેમને તેમની જૂની સ્થિતિની યાદી આપી. ત્યારે લોકો સમજી ગયા અને પરદેશના જેવો સંપ કરી પેલા રાજાને ઉઠાડી મૂકી સ્વતંત્રપણે અમલ કરવા લાગ્યા.

२१६-अन्न तेवो ओडकार

"એક સોની સીધું આપી ગયો હતો." પંડિતે સોનીને ઘેર જઇ પૂછયું કે, "તારી કમાણી કેવી છે?' સોની સાચું બોલ્યો અને કહ્યું કે, "એક ઘરાકનું સોનું મેં ચોરી લીધું હતું અને તેમાં-થી એક સીધું તમને મોકલ્યું હતું." પંડિતે વિચાર્યું કે, 'ચોરીનું અન્ન ખાવાનું જ આ ફળ છે!' તેણે પ્રાયશ્ચિત્તરૂપે એક અપવાસ કરી દીધો અને ત્યારથી સ્ત્રીને હુકમ કર્યો કે, "કોઇ ગમે તે વસ્તુ આપવા આવે તો પણ કદી તે લેવી નહિ."

२१७–सो रूपिये सवाशेर केफ!

એક નગરની બહાર કોઇ તપસ્વી તપ કરતા હતા. રાજાએ એક દિવસ મહોરોની કોથળી ભરી તે તપસ્વીની સામે ધરી રાખી. તપસ્વીએ આંખ ઉઘાડી કહ્યું: "ઉઠાવી લે, કારણ કે મને તેની દુર્ગંધ આવે છે. મારા મગજ પર તેની ખરાબ અસર થશે." રાજા બોલ્યોઃ "સોનું તો પવિત્ર ગણાય છે. તેમાં દુર્ગંધ હોય જ નહિ." તપસ્વી ઊભા થઈ રાજાને સાથે લઇ વાતો કરતા કરતા ચામડાંના કુંડ પાસે ગયા. રાજાએ દુર્ગંધથી નાક આડું વસ્ત્ર ધર્યું. તપસ્વીએ કહ્યું: "રાજન, અહીં દુર્ગંધ ક્યાં છે? આ ચમારો ક્યાં નાક આડું વસ્ત્ર ધરે છે?" રાજા બોલ્યોઃ "તેમને હંમેશનો અભ્યાસ હોવાથી તેઓને દુર્ગંધ ન લાગે." તપસ્વી બોલ્યાઃ "તેવી જ રીતે આ મહોરોની દુર્ગંધ તમને ન લાગે. કારણ કે તમે હંમેશાં તેને પાસે રાખો છો; પરંતુ મને તો તેની દુર્ગંધ આવે છે. 'સો રૂપિયે સવાશેર કેફ ચડે છે' તે કહેવત તમને યાદ નથી?" રાજા સમજી ગયો અને તે તપસ્વીને નમસ્કાર કરી ચાલતો થયો.

૨૧૮–जात तेवी भात

એક રાજા પોતાના વજીર અને ગુલામ સાથે ફરવા [illegible] ત્રણે જુદા પડી ગયા. રાજા ફરતો ફરતો એક સડક પર આવ્યો ત્યાં એક આંધળાને [illegible] તેણે જોયો. રાજાએ પૂછ્યું: "પ્ર[illegible] ચક્ષુજી, અહીંથી કોઈ ગયું છે?" આંધળે કહ્યું: "ના રાજન્, અહીંથી કોઈ ગયું નથી." [illegible] વજીર ત્યાં આવ્યો તેણે પૂછ્યું "કેમ [illegible]જી, અહીં [illegible] આવ્યું હતું." આંધળે [illegible] "હા વજીર સાહેબ, રાજા રસ્તેથી ગયા છે." [illegible] ગુલામ [illegible] તેણે પૂછ્યું "ઓ આંધળા, આ રસ્તેથી કોઈ ગયું છે?" [illegible] ગુલામ, અહીંથી રાજા અને વજીર [illegible]

[illegible]

રાજાએ ખુશી થઇને બીજો સવાલ પૂછયો: "હું કેવો દાતા છું?" આંધળાએ કહ્યું: "તું રાજા નહિ પણ વાણિયો છે. તારો બાપ પણ વાણિયો હતો, કારણ કે મારા જેવા પરીક્ષકને બીજો હોય તો ગામ આપી દે! તેં તો અધો શેર સીધું જ આપ્યું."

૨૧૯–मने अंदरना शत्रुनो भय छे

એક નગરની બહાર એક દેવમંદિરમાં પરમ વૈરાગ્યવાન મહાત્મા રહેતા હતા. તે આખી રાત ઊભા ઊભા ઈશ્વરસ્મરણ કરતા. એક દિવસ રાજા ત્યાંથી નીકળ્યો. રાજાને ખબર હતી કે, આ મહાત્મા આવી રીતે ઈશ્વરને ભજે છે, છતાં રાજાએ તેમને પૂછયું: "આપ આખી રાત શા માટે જાગો છો? ચોરનો ડર હોય તો હું પોલીસને મોકલું. તમારી પાસે ચોર લઇ જાય એવી શી વસ્તુઓ છે કે જેથી આપને આખી રાત ઊભા રહેવું પડે છે?" મહાત્મા બોલ્યા: "રાજન! મને બહારના ચોરનો તો ડર જ નથી, ચોરને લૂંટવા યોગ્ય મારી પાસે કોઇ વસ્તુ નથી. ચોર આવે એટલે હું જાગી પણ જાઉં; પરંતુ મને તો કામક્રોધાદિ અંદરના શત્રુઓનો ડર છે. તે ચોર એવા તો વિલક્ષણ છે કે, આપણને ફૂંકતા જાય અને કરડતા જાય, જેની ખબર પણ ન પડે. તે માટે હું આખી રાત ઊભો રહી ઈશ્વરસ્મરણ કરું છું."

૨૨૦–नायिकाए उपदेश आप्यो

બહુત ગઈ થોડી રહી, થોડી ભી અબ જાય;
નર કહે સુન નાયિકા, તાલમે ભંગ ન પાય.

એક રાજા અતિ કૃપણ હતો. તેને સંતાનમાં એક પુત્ર અને

પુત્રી હતાં. તે મોટી ઉંમરનાં થયાં પણ ખર્ચ થશે એમ [illegible] તેણે તેમનાં લગ્ન કર્યાં નહિ. તે શહેરમાં એક નાયિકા રહેતી હતી. તે ઘણા દિવસથી રાજ્યમાં નાચવાનું કહેવડાવતી, છતાં ધન [illegible] પડશે એમ વિચારી રાજા તેને ના કહેતો હતો. એક [illegible] પ્રધાને કહ્યું: "નાયિકાને પૈસા અમે આપીશું. એને એક [illegible] નચાવો, નહિ તો રાજ્યની આબરૂ જશે." રાજાએ હા [illegible] નાયિકા નાચવા લાગી. આખી રાત નૃત્ય કરી તે થાકી ગઈ, [illegible] કોઈએ કંઈ આપ્યું નહિ અને તેના પગ ઢીલા પડી [illegible] ત્યારે તેની સામેનો નટ ઉપરનો [illegible] [illegible] રાનું રહસ્ય સમજી ગઈ અને પહેલ [illegible] એક તપસ્વીએ એ દોહરો [illegible] આપી, તરતજ કુંવરે સોનાની [illegible] પોતાનો હાર આપ્યો. આ જોઈ [illegible] તેને શા માટે આપ્યું?" તપસ્વીએ [illegible] તપ કર્યું અને અહીં [illegible] આખી [illegible] [illegible]

૨૨૧–રાજ્યમાં સુખ નથી

એક રાજાએ બીજા રાજા પર ચઢાઇ કરી, ત્યાંના રાજાને મારીને રાજગાદીનો કબજો લીધો. પછી થોડા દિવસ ત્યાં રહી રાજાએ ત્યાંના અમલદારને પૂછ્યું કે, "આ રાજાના વંશનો કોઈ માણસ હોય તો તેને બોલાવો, આપણે તેને ગાદીએ બેસાડીએ." અમલદારોએ કહ્યું: "તેના વંશમાં તો કોઇ નથી, પણ તેનો સગોત્રી એક મનુષ્ય છે, તે વિરક્ત દશામાં પાસેના સ્મશાનમાં રહે છે." રાજાએ તેને બોલાવ્યો, પણ તે આવ્યો નહિ. રાજા જાતે ત્યાં ગયો અને કહ્યું કે, "તમને હું ગાદી આપવા ધારું છું માટે ચાલો." તેણે ચોકખી ના પાડી. રાજાએ બહુ આગ્રહ કર્યો, છતાં તેણે માન્યું નહિ; ત્યારે રાજાએ કહ્યું કે, "મારી પાસેથી કંઈ પણ વસ્તુ માગો." તે બોલ્યો: "મારે તો કંઇ ન જોઇએ." રાજાએ બહુ આગ્રહ કર્યો, ત્યારે તે બોલ્યો: "મારે એવું જીવન જોઇએ કે પુનઃ મૃત્યુ ન પામે, મારે એવો આનંદ જોઇએ કે જેથી કોઇ દિવસ દિલગીર ન થવાય, ત્રીજી વાત એ જોઇએ કે, મને ઘડપણ ન આવે." રાજા બોલ્યો: "એ તો હું ન આપી શકું, એ બધું તો ઈશ્વરના જ હાથમાં છે." તે બોલ્યો: હે રાજા! મેં ઈશ્વરનો આશ્રય તેથી જ લીધો છે. હવે હું રાજ્યને લઇ શું કરું?"

૨૨૨–મારું કૌપીન લાવો

એક મહાત્મા ફરતાં ફરતાં થાકી ગયા હતા અને ભૂખ પણ લાગી હતી. આથી તે એક નગરના દરવાજા આગળ આવીને બેઠા. તે જ દિવસે તે નગરનો રાજા મરી ગયો હતો. રાજાને

[illegible] હતો કે, "[illegible]
પુત્ર ન હોવાથી ઉમરાવોએ એવો ઠરાવ કર્યો હતો કે, "[illegible] રમાં શહેરનો દરવાજો ઉઘાડતાં જે પ્રથમ સાધુ મળે તેને [illegible] બનાવવો." એ નિયમ પ્રમાણે સવારે દરવાજો ઉઘાડતાં, [illegible] મહાત્મા સામે મળ્યા. મહાત્માને લઈ જઈને ગાદી પર બેસા[illegible] પછી અમલદારો બોલ્યા: "આપ હવે અમારા રાજા થયા, [illegible] હુકમ ફરમાવો." મહાત્મા બોલ્યા: "આ મારી કૌપીન [illegible] એક પેટીમાં રાખી મૂકો. તમે બધા તમારી મરજી પ્રમાણે [illegible] રાજ્ય ચલાવો, મને કંઈ પૂછશો જ નહિ. તથાપિ તેના [illegible] તમે છો." પોતાની જાત પર જવાબદારી આવી પડવાથી [illegible] આ મહાત્માના પ્રભાવથી રાજ્ય પણ આબાદ થયું [illegible] હવેલીમાં એક આસન ઉપર બેસી ઈશ્વરનું ધ્યાન ભજન [illegible] એવામાં એક રાજા આ રાજ્ય પર ચડી [illegible] [illegible] રે." [illegible] સમાચાર આપ્યા ત્યારે તે બોલ્યા [illegible] રાજા મહાત્મા [illegible] પોતું કૌપીન [illegible] બોલાવશે. [illegible]

૨૨૩–[illegible]

સામાન લેવો છે." એટલે છોકરો કથામાં બાપને બોલાવવા ગયો. વાણિયો કથા સાંભળીને કંટાળી તો ગયો હતો, એવામાં છોકરો બોલાવવા આવ્યો, એટલે કહેવું જ શું? છોકરો બોલાવવા આવ્યો ત્યારે કથામાં આ પ્રસંગ ચાલતો હતો કેઃ-ભગવાન બોલ્યાઃ 'હે ઉદ્ધવ, સર્વ પ્રાણીઓની અંદર હું રહેલો છું. કોઇને ખોટી રીતે દૂભવવું નહિ. દૂભવવાથી હું જ પીડા પામું છું.' છોકરાએ આ વચન સાંભળ્યાં. પછી તે દુકાને જઇ બેઠો. એવામાં એક ગાય આવીને દાણા ખાવા લાગી. છોકરો કથામાં સાંભળેલાં વચનનું મનમાં ચિંતન કરતો હતો. શેઠ દુકાને આવ્યા ત્યારે ગાયને દાણા ખાતી જોઇ એકદમ છોકરા ઉપર ગુસ્સે થયા અને ગાયને મારવા લાગ્યા. આ જોઇ છોકરો બૂમો પાડી રડવા લાગ્યો. વાણિયો બોલ્યોઃ "તું શા માટે રડે છે?" છોકરો બોલ્યોઃ "કથામાં આવ્યું હતું કે સર્વમાં એક જ આત્મા છે, તેથી ગાયને મારેલું મને વાગે છે." શેઠે કહ્યુંઃ "કથાની વાત કથામાં રહેવા દઇએ." છોકરો બોલ્યોઃ "એમ ન ચાલે. હવે તમારો માર્ગ અને મારો માર્ગ જુદો છે." એમ કહી તે ચાલતો થયો, પછી તે સર્વત્ર એક જ આત્માને જોવા લાગ્યો.

૨૨૪–વેશધારી વાણિયો

એક ધનાઢ્ય વાણિયો હતો. તેને પોતાના ધનનું અતિશય અભિમાન હતું. તે કોઇને ગણતો ન હતો. એક વખત તે દુકાનમાં બેઠો હતો, તેવામાં એક સાધુ ત્યાં થઇને જતા હતા. સાધુએ શેઠને જોઇ 'રામ રામ' કર્યો, પણ શેઠ કંઈ બોલ્યા નહિ. સાધુએ વિચાર્યું કે, 'શેઠે ટીલું તો કર્યું છે, પણ ગર્વનો ભરેલો છે. માટે તેનો ગર્વ ઉતારવો જોઇએ.' એમ

૨૨૫–પત્નીએ પતિને સદુપદેશ આપ્યો

એક વાણિયો ઘણો ધનાઢ્ય હતો. તેની સ્ત્રી ઘણી જ શાણી અને ચતુર હતી. તે વિવેક અને વૈરાગ્યવાળી હોવાથી હંમેશાં કહેતી કે, "આ જન્મ પરોપકાર અને ઈશ્વરભજન કરવા માટે મળ્યો છે." સ્ત્રીનાં આ વચન સાંભળી શેઠ કહેતો કે, "હજુ ઘણા દિવસો બાકી છે." સ્ત્રીએ વિચાર કર્યો કે, યુક્તિ વિના શેઠ માનશે નહિ. વિષયોમાં જ મસ્ત રહેવું એ સ્ત્રી તથા પુરુષોનો ધર્મ નથી, પણ સાથે રહી એકબીજાને સમય પર ચેતાવી, સંસારસાગરની યાત્રા પાર પાડવાનો છે. એક દિવસ શેઠને બીમારી આવી. વૈદ્ય બોલાવ્યો. વૈદ્યે તેને ઓસડ આપ્યું. સ્ત્રીએ તે ઓસડ મૂકી રાખ્યું. પછી શેઠ બોલ્યોઃ "વૈદ્ય આપી ગયા છે, તે દવા જલદી લાવ. હું દુઃખી થાઉં છું." સ્ત્રી બોલીઃ "હજુ ઘણા દિવસ છે. દવા ખવાશે. શી ઉતાવળ છે?" એટલે શેઠ બોલ્યોઃ "શું દવા મર્યા પછી ખાવાની છે?" સ્ત્રીએ કહ્યુંઃ "ત્યારે શું પરોપકાર અને ઈશ્વર-ભજન મર્યા પછી કરવાનાં છે?" શેઠ પત્નીનો આ કટાક્ષ સમજી ગયો અને ત્યારથી તે ઈશ્વરસ્મરણ અને પરોપકારમાં લાગી ગયો. ધન્ય છે આવી સ્ત્રીઓને!

૨૨૬–અમીરીમાં ફકીરી!

એક રાજા વૈરાગ્યવૃત્તિવાળો હતો. તેનો પુત્ર જ્યારે યોગ્ય ઉંમરનો થયો, ત્યારે તેને ગાદી આપીને તે જંગલમાં તપ કરવા ચાલ્યો ગયો. રાજાના ત્યાગની બહુ પ્રશંસા થવા લાગી. તેના રાજ્યની પાસે એક બીજો રાજા હતો, તે પણ વૈરાગી

હતો. તેણે એક રાજાના રાજ્યની વાત સાંભળી, તેને મળવા તે જંગલમાંથી ગયો. રાજાને નમસ્કાર કરી તે રાજ્યની પ્રશંસા કરવા લાગ્યો: "આપ મોટા ભાગ્યશાળી છો. આવા જેવી સુખસાહેબી ક્યાંયે નથી. આપે પણ જ બહાદુરીનું કામ કર્યું છે. હવે મારી આપને એક વિનંતિ છે કે, આપ કાલે મારે ત્યાં આવીને ભોજન લો. કેટલીક આનાકાની કર્યા પછી તેમણે ભોજનનું આમંત્રણ સ્વીકાર્યું. રાજા પાછો ગયો. બીજે દિવસે તપસ્વી રાજા તેના મહેલમાં ગયો. રાજાએ તેને આખા નગરમાં ફેરવ્યો. અનેક પ્રકારના ભંડાર, હાથી, ઘોડા વગેરે સાધન તેમને બતાવ્યાં. રાજમહેલમાં આવી રાણીએ બનાવેલી રસોઈ બંને જણા ખાવા બેઠા. રસોઈની વાનીઓ થોડી સાદી હતી, તે જોઈ તપસ્વી હસ્યો. ત્યારે રાજાએ પૂછ્યું: "આટલું બધું જોઈ આપ ન હસ્યા અને રસોઈ જોઈને કેમ હસ્યા!" તપસ્વી બોલ્યો: "આટલો ઠાઠ છતાં, તારું સાત્વિક ભોજન જોઈ મને આનંદ થયો છે." રાજાએ કહ્યું: "હું રાજ્યનું અન્ન ખાતો નથી, પણ મારી પાસે બેચાર વીઘાં જમીન છે, તેમાં હું અને મારી સ્ત્રી જાતે મજૂરી કરીએ છીએ અને જે આવે તેમાંથી ખાઈએ છીએ." તપસ્વીએ કહ્યું: "તમારાં ધન્યભાગ્ય છે કે આવા રાજ્યમાં રહીને પણ તમે ત્યાગવૃત્તિવાળા રહી શકો છો! આનું નામ જ અમીરીમાં ફકીરી!"

૨૨૭–हुं लाडुभट्ट नथी

એક રાજા હતો, તેણે બ્રાહ્મણોની ચોરાશી કરી. ઘણા બ્રાહ્મણો ભોજનને માટે આવ્યા હતા. રાજા જમણ વખતે જાતે ઊભો રહી સૌને પિરસાવતો હતો. જ્યારે સૌ જમી રહ્યા

અને આચમન થઇ ગયું ત્યારે રાજા બોલ્યો કે, "હવે જે બ્રાહ્મણ એક લાડુ ખાશે તેને એક રૂપિયો અને બે ખાશે તેને બે રૂપિયા એ પ્રમાણે વધુ દક્ષિણા મળશે!" ઘણા બ્રાહ્મણોએ ફરીથી ખાવા માંડયું. એક બ્રાહ્મણને હાથ જોડી બેસી રહેલો જોઇ રાજા બોલ્યા: "આપ કેમ ખાતા નથી?" બ્રાહ્મણ બોલ્યો: "હું આચમન થઇ ગયા પછી કોઇ દિવસ ગમે તેમ થાય તો પણ ખાતો નથી." રાજાએ કહ્યું: "આપ જો એક લાડુ ખાઓ તો પાંચ રૂપિયા આપું." બ્રાહ્મણે કહ્યું: "હું મારો નિયમ નહિ તોડું." રાજા વધતાં વધતાં હજાર રૂપિયા સુધી ગયો. છેવટે કહ્યું: "એક લાડુ ખાવાના હું તમને દશ હજાર રૂપિયા આપું છું! મહારાજ, પછી પસ્તાવો થશે. મારા જેવો તમને દાતા.નહિ મળે!" બ્રાહ્મણ બોલ્યો: "આપના જેવા ઉદાર રાજાઓ લાડુ ખવડાવવા માટે લાખો રૂપિયા આપનાર મળશે; પરંતુ તેનો ત્યાગ કરનાર મારા જેવો બ્રાહ્મણ નહિ મળે!" રાજાએ વિચાર્યું કે, 'કળિયુગમાં પણ હજી સાચા બ્રાહ્મણો વસે છે ખરા!'

૨૨૮–કોથળીઓ કોઈ છોડતું હશે ?

ધૂર્ત લોકોના એક ટોળાએ પોતાનામાંના એકને ગુરુ બનાવ્યો, બાકીના તેના શિષ્યો બન્યા. તેઓ એક શહેરની બહાર ઉતર્યા. જતાઆવતા લોકો ત્યાં જવાઆવવા લાગ્યા. શિષ્યોએ ગુરુની સિદ્ધિઓ કહેવા માંડી. ગુરુ પાસે કોઇ પૈસો, પાઈ, રૂપિયો કે ફળ ધરે, ત્યારે તેને ગુરુ લાત મારીને ફેંકી દે. આંખો મીંચી સમાધિઅવસ્થા ભોગવતા હોય તેમ દેખાડે. પછી તો લોકોનું કહેવું જ શું? ટોળેટોળાં ત્યાં ઊભરાવા લાગ્યાં. સર્વ

કોઇ જુદી જુદી જાતનું. ભેટ માટે લાવે, પણ ઢોંગી ગુરુ તે સ્વીકારે નહિ. લોકો ઘણું માને ને પછી લઇ જાય. વસ્તુ પાછી આવે અને બહાર વાહ વાહ કરેતાય, એટલે આખું શહેર આશ્ચર્ય પામ્યું. સૌ કોઇ કહેવા લાગ્યું કે, "આવા મહાત્મા તો કદી જોયા નથી!" તે ધૂર્તોની આબરૂ એટલી ફેલાઈ કે, બીજા સાત્વિક પુરુષોને કોઇ પૂછે પણ નહિ. ગામમાં બે આબરૂદાર શેઠ હતા. તેઓએ ધાર્યું કે, "ચાલો આપણે પણ હજાર રૂપિયાની ભેટ કરીએ અને ગામમાં વાહ વાહ બોલાવીએ." પૈસા પણા હતા, છતાં તેઓ લોભી હતા 'રૂપિયા ક્યાં જવાના છે? નકામાં આપણી કીર્તિ વધશે.' એવો વિચાર કરીને પેલા ગુરુની પાસે ઝવેરાતની બે કોથળીઓ મૂકી ગુરુએ ઇસારાથી પોતાના શિષ્યોની પાસે તે ઉપડાવી લીધી! પેલા શેઠ સમજ્યા કે થોડી વાર પછી તે આપણને પાછી આપશે. પણ હવે પાછી આપવાની વાત શી? લોભિયાઓ થોડી રાહ જોઇ બોલ્યા કે, "આપ તો વિરક્ત છો, પૈસાને તો આપ અડકતા પણ નથી, એમ અમે સાંભળ્યું હતું, તેથી અમે તે લાવ્યા હતા, માટે થેલીઓ પાછી આપી દો." ધૂર્ત સાધુ બોલ્યો: "બચ્ચા! પાંચ પચીસ તો અમે લેતાજ નથી, પણ કોથળીઓ કોઈ છોડતું હશે? ગુરુ ગોરખની તમારા પર કૃપા થઇ એમ માનજો." આ સાંભળી લોભિયા વીલેમોઢે પાછા ગયા. ગામમાં વાત ફેલાઇ ગઈ અને પેલું ઢોંગીનું ટોળું મધરાત થતાં પલાયન કરી ગયું.

૨૨૯–તે ઈશ્વરની જ ઝંખના કરતો હતો

બૈઠે હે તેરે દરપે, તો કુછ કરકે ઉઠેંગે,
યા વસ્લ ભી હો જાયગા, યા મરકે ઉઠેંગે.

એક મનુષ્યે કથામાં એવું સાંભળ્યું કે, આ દુનિયામાં બધી

વસ્તુઓ મળવી સહેલી છે,'પણ પરમાત્મા મળવા મુશ્કેલ છે; તેથી તે ઈશ્વરની શોધ કરવા સાચા પ્રેમથી ચારે બાજુ ફરવા લાગ્યો. આ પ્રમાણે ફરતાં ફરતાં ઘણા દિવસો વીતી ગયા. પણ ઇશ્વર મળ્યા નહિ. પછી તેણે ખાવુંપીવું છોડી દીધું. જો હૃદયની શાંતિ ન થાય તો જીવીને શું કરવું છે? એમ ધારી તે જંગલમાં ચાલ્યો ગયો અને ભૂખ્યોતરસ્યો એક ઝાડ નીચે ઈશ્વિરની ઝંખના કરતો બેઠો. બીજી બાજુ એવું બન્યું કે, જુનૈદ નામનો એક ભક્ત પોતાના ઘોડા ઉપર બેસી પાણી પાવા જતો હતો. ઘોડો જળાશય તરફ ન જતાં આ વન તરફ દોડવા લાગ્યો. જુનૈદે ઘોડાનું ચોકડું ઢીલું મૂકી દીધું. ઘોડો પૂરપાટ દોડતો પેલા અનશનવ્રતધારી જિજ્ઞાસુ પાસે જઈ ઊભો રહ્યો. જુનૈદે પેલાની દશા જોઇ તેને ઈશ્વરીજ્ઞાન આપ્યું. જ્ઞાન મળતાં તેને હૃદયમાં શાંતિ થઈ. ઘોડા ઉપર બેસી પાછા જતી વખતે જુનૈદે કહ્યું કે, "હું પાસેના શહેરમાં રહું છું. જો ફરી જરૂર હોય તો ત્યાં આવી જજો." મુમુક્ષુએ કહ્યું: "હવે મને ઈશ્વિર ઉપર પાકો વિશ્વાસ બેઠો છે, તેથી મારે કોઇની જરૂર જ પડવાની નથી અને કદાચ જરૂર પડશે તો તમારે અથવા તમારા જેવા બીજાએ તણાઇને અહીં આવવું પડશે!" ખરું કહ્યું છે કેઃ—

અસર જબ ઉલ્ફત મેં હૈ, તો ખીંચકર આ જાયેંગે.
હમેં પરવા નહિ ઉસકો, સુગર વહ રસ બૈઠે હૈ.

૨૩૦–માતાની આજ્ઞા પાળી

એક બ્રાહ્મણીને એક પુત્ર હતો. તેને તેણે બહુ લાલનપાલનથી ઉછેર્યો હતો. પુત્ર ચતુરગુણી હતો. તે મોટો થયો,

ત્યારે એક દિવસ માતાને કહેવા લાગ્યો કે, "મારે કાશીએ વિદ્યાધ્યયન કરવા જવું છે." માતા બોલી: "બેટા! વિદ્યાધ્યયન અવશ્ય કરવું જોઈએ. તું સુખેથી કાશી જા, પણ મારું એક વચન પાળજે. કોઈ દિવસ જૂઠું બોલીશ નહિ." તેણે કહ્યું: "હું પ્રાણ જતાં પણ તમારું વચન પાળીશ." માતાએ તેને વીસ મહોરો ડગલામાં સીવીને આપી અને કહ્યું કે, "જ્યારે જરૂર પડે ત્યારે તેને વાપરજે." છોકરો કાશીએ જવા નીકળ્યો. રસ્તામાં વાતનાં વાતનાં એક સંઘ મળી ગયો. છોકરો તેની સાથે ચાલ્યો. સંઘે જંગલમાં રાતવાસો કર્યો. અચાનક લૂંટારાઓએ આવી તે સંઘને ઘેરી લીધો. પેલો છોકરો પાસે સૂતો સૂતો બધું જોઈ રહ્યો હતો. લૂંટારાઓએ લૂંટી લીધા પછી છોકરા પાસે આવી પૂછ્યું: "બોલ, તારી પાસે શું છે!" તે બોલ્યો: "આ મારા ડગલામાં મારી માતાએ આપેલી વીસ મહોરો છે. તે તમારે જોઈએ તો લઈ જાઓ." ચોરનો સરદાર બાળકનાં આવાં વચન સાંભળી બોલ્યો કે, "તેં તે શા માટે કહી દીધું, ના કહ્યું હોત તો અમે શું જાણવાના હતા!" છોકરો બોલ્યો: "મારી માએ જૂઠું બોલવાની ના કહી છે. માતાની આજ્ઞા ઈશ્વરની આજ્ઞા બરાબર છે. જેમ ઈશ્વરની આજ્ઞા નહિ પાળનારને નરક મળે છે, તેમ માતાપિતાની આજ્ઞા નહિ પાળનારને પણ નરક પ્રાપ્ત થાય છે." ચોરોએ આ છોકરાની સચ્ચાઈ જોઈ વિચાર્યું કે, 'આ બાળક પણ જૂઠું બોલતાં ઈશ્વરથી ડરે છે અને આપણે ડરતા નથી. આપણને ધિક્કાર છે!' એમ વિચારી તેમણે સંઘનું લૂંટેલું ધન પાછું આપ્યું અને ચોરીનો ધંધો છોડી, બીજા પ્રમાણિક ધંધે વળગ્યા.



૨૩૧-हुं तो तमारो चोर छुं

સ્વલ્પ સંગ પણ સંતનો, આપે સુખ હંમેશ,
ચોરે પણ ચોરી તજી, લીધો તપસ્વી વેશ.

એક નગરની બહાર બે મહાત્મા રહેતા હતા. તેમની પાસે રાજા પણ અવારનવાર આવતો હતો. નગરની પાસે એક પ્રખ્યાત ચોર રહેતો હતો, તે પણ જતાંઆવતાં તે મહાત્માને જોતો. દિવસ જતાં ચોરનું અંતઃકરણ કંઇક શુદ્ધ થવા લાગ્યું. તેણે પણ મહાત્માઓની વચ્ચે બેસી ધ્યાન-ભજન કરવા માંડયું. એક દિવસ રાજાએ ધ્યાનમાં બેઠેલા ચોરને મહાત્મા સમજી નમસ્કાર કર્યા; એટલું જ નહિ પણ એને નવા આવેલા મહાત્મા સમજી રૂપિયાની ભેટ ધરી. ચોર બોલ્યોઃ "રાજન, આ રૂપિયા ઉઠાવી લો, હું તો તમારા ગામનો ચોર છું. મેં બહુ ચોરીઓ કરી છે; પરંતુ હવે આ મહાત્માઓના સંસર્ગથી મારી વૃત્તિઓમાં ફેર પડ્યો છે; એટલે હવે હું અહીં બેસી પાપનું પ્રાયશ્ચિત્ત કરું છું. હું તો તમારા દંડને પાત્ર છું; તમારા સત્કારને પાત્ર નથી." રાજાએ કહ્યું: "ભલે, ભૂતકાળમાં એમ હોય પણ હવે હું રાજીખુશીથી આપું છું તેને ગ્રહણ કરો." ચોર બોલ્યોઃ "હું તપ કરી જૂનો ભાર ઉતારવા માગું છું, તેમાં તમારો નવો ભાર વધારે ક્યાં ચઢાવું? હવે હું હાથીની સવારી કરીને ગધેડા પર બેસવા નથી માગતો."

૨૩૨-देवने पडछायो न होय

એક ચોર મરવા પડ્યો ત્યારે પોતાના પુત્રોને કહેવા લાગ્યોઃ "પુત્રો, તમે કોઇ દિવસ સારા મનુષ્યોનો સંગ કરશો

નહિ. મારી કથા તો કદી સાંભળશો જ નહિ." પુત્રોએ કહ્યું: "બહુ સારું." તેના મરણ પછી એક દિવસ તેનો છોકરો ગામમાં કથા થતી હતી, ત્યાં થઈને જતો હતો. કથા સાંભળવાની પિતાની મનાઈ છે અને રસ્તે જતાં સંભળાય તે પણ ઠીક નહિ; તેથી તે કાનમાં આંગળીઓ ઘાલી ત્યાંથી નીકળ્યો. એવામાં તેના પગમાં કાંટો વાગ્યો. હાથ વડે કાંટો કાઢવા જતાં કાન ખુલ્લા થયા. ત્યારે તેના સાંભળવામાં આવ્યું કે, 'દેવને પડછાયો ન હોય અને દેવના પગ જમીન પર અડકે નહિ.' આ બે વાક્યો સંભળાઈ ગયાં. પછી એક વખત રાજાને ત્યાં ચોરી થઈ. છેવટે ચોર ન પકડાયા ત્યારે રાજાએ ઈનામ કાઢ્યું. ઈનામ લેવા માટે જાસૂસોએ અનેક તરકીબો રચવા માંડી. એક દિવસ રાત્રે દેવીનો વેશ લઈ, એક માણસના હાથમાં સળગતી સગડી આપી, તેઓ પેલા ચોરને ત્યાં ગયા અને પેલો સગડીવાળો બોલ્યો: "હું માતા છું. તમારા પર પ્રસન્ન છું. તમે રાજાની ચોરી કરી છે, તે મારી મદદથી કરી છે. હવે મારો ભોગ ધરી ચોરીનું ધન વાપરો. હવે કોઈ તમારું નામ નહિ લે. તે જ્યાં મૂક્યું હોય ત્યાંથી મને બતાવો. જલદી કરો, નહિ તો હું અંતર્ધાન થઈ જઈશ." ચોરો માતાને જોઈ રાજી થઈ ગયા. જ્યાં ધન દાટ્યું હતું, ત્યાં ખાડો ખોદી તે દેવીને બતાવ્યું. જે ચોરે કથામાંથી સાંભળ્યું હતું કે, દેવને છાયા ન હોય તેને તે યાદ આવ્યું. તપાસ કરતાં જણાયું કે આ દેવીને તો પડછાયો છે! આથી ચોરને વહેમ પડ્યો કે, આ દેવી નથી પણ કંઈક દગો લાગે છે. જો આ વાત બહાર પડશે તો આપણે મરી જઈશું, એમ વિચારી તેણે તલવારથી પેલા દેવી બનેલા જાસૂસને કાપી નાખ્યો. ચોર પકડાતાં બચી ગયા. પેલાએ બીજા ચોરોને સમજાવ્યું કે, "આપણે કથાના

પ્રતાપથીજ બચ્યા છીએ, માટે હવેથી આપણે ચોરીનો ધંધો છોડી કથાકીર્તન સાંભળી સત્સંગ કરવો જોઇએ."

૨૩૩–સાચો મણિ મોક્ષ આપે છે

કોઇ એક શહેરમાં એક શાહુકાર રહેતો હતો. તેની પાસે એક અમૂલ્ય મણિ હતો. તે જ્યારે વૃદ્ધ થયો, ત્યારે તેણે તે મણિ પોતાના પુત્રોને આપીને કહ્યું: "આ મણિ અમૂલ્ય છે તેને તમે સાચવજો. રાત્રે પણ તેનું રક્ષણ કરજો." પુત્રોએ તે વાત સ્વીકારી. તેઓ રાતે જાગીને મણિનું રક્ષણ કરતા. પ્રથમ નાનો છોકરો જાગ્યો. તેણે મણિને બહાર કાઢયો, એટલે પ્રકાશ થયો. તે થોડી વાર મણિને જોતો બેસી રહ્યો. પછી સમય નહિ જવાથી મણિને તે ધૂળમાં દાટવા અને કાઢવા લાગ્યો. ત્યાર પછી બીજાનો વારો આવ્યો. તેણે પણ તે મણિના પ્રકાશથી જ્યાં ત્યાં કોઈની વસ્તુઓ પડી હતી તે એકઠી કરવા માંડી. પછી ત્રીજાનો વારો આવ્યો. તેણે બારણું ઉઘાડી મણિને બહાર મૂકયો. ચંદ્રનાં કિરણ મણિ ઉપર પડયાં, એટલે મણિમાંથી અમૃત ઝરવા લાગ્યું. તેણે તે પીધું અને અમરપણું મેળવ્યું. સારાંશ એ છે કે, ભક્તિ પ્રાપ્ત કરીને તમોગુણી મનુષ્ય ભોગ ભોગવે છે. 'અમે તો શુદ્ધ છીએ, અમને શું લાગવાનું છે?' એમ કહી પોતાના ઉપર અને શાસ્ત્ર ઉપર તે ધૂળ નાખે છે. બીજો રજોગુણી છે તે શાસ્ત્ર સમજાવી, યુક્તિઓ કરી, પૈસા લૂંટે છે અને રજોગુણમાં પડયો રહે છે. ત્રીજો સત્ત્વગુણી મનુષ્ય ભક્તિથી મોક્ષ મેળવે છે.

२३४–उंदर अने गणपतिने लई ले

એક બ્રાહ્મણે પાંચ તોલા સોનાની ગણપતિની મૂર્તિ બનાવી હતી અને ગણપતિના વાહન ઉંદરની પણ તેટલા જ વજનની આકૃતિ બનાવી હતી. તે બંનેની તે પૂજા કરતો. એક વખત એવો આવ્યો કે, બ્રાહ્મણને પૈસાની જરૂર પડી. બીજો કંઈ આધાર રહ્યો નહિ, ત્યારે તે ગણપતિ તથા તેમના વાહનની મૂર્તિઓ લઈ સોનીને ત્યાં વેચવા ગયો. સોનીએ બેઉને તોળીને બંનેના સરખા પૈસા આપવા માંડ્યા. ત્યારે વિપ્ર બોલ્યો: "અરે સોની, તું કેવો મૂર્ખ છે! બેઉની કિંમત સરખી કેમ કરી શકાય! ગણપતિ દેવ છે અને ઉંદર તો એક પ્રાણી છે!" સોની બોલ્યો: "ભૂદેવ, તારા ગણપતિ તથા ઉંદરને લઈ લે. હું તો માત્ર સોનું રાખવાનો છું. ગણપતિપણું અને ઉંદરપણું તારી દૃષ્ટિમાં છે, મારી દૃષ્ટિએ તો તે સોનું જ છે." આમાં સમજવાનું એ છે કે, જગત પરમાત્માને આધારે છે. બધાં શરીર પરમાત્માથી સુશોભિત છે. તે પરમાત્મા શરીરને છોડી દે તો તુચ્છ મડદું પડી રહે છે. અજ્ઞાની મનુષ્યો શરીરની કિંમત કરે છે, તેથી તે શરીરને અને શરીરના ભોગોને પ્રાપ્ત કરવા દોડે છે. પ્રભુના ભક્તો તો શરીરની અંદર રહેલા આત્માને જાણી પરમેશ્વરને જ સર્વભાવે ભજે છે.

२३५–एक ब्राह्मण अने तेना छोकरा

એક નગરમાં એક બ્રાહ્મણ હતો. તેને ત્રણ છોકરા હતા. એક પંદર વર્ષનો, બીજો છ વર્ષનો અને ત્રીજો બે વર્ષનો

હતો. તે નગરની બહાર એક શિવાલય હતું ત્યાં મેળો ભરાયો. બ્રાહ્મણ પોતાના છોકરાઓને સાથે લઈને ત્યાં ગયો. મોટો છોકરો પાછળ ચાલ્યો આવતો હતો. વચ્ચેનો બાપની આંગળી પકડીને ચાલતો હતો અને નાના છોકરાને બાપે પોતાના ખભા ઉપર બેસાડ્યો હતો. મોટો છોકરો મેળામાં છૂટો પડી ગયો. તેણે ઘણા ધક્કા ખાધા અને તે બહુ જ દુઃખી થયો. સાંજે રખડતો રખડતો તે ઘેર આવ્યો. જેણે આંગળી પકડી હતી તેણે પણ ધક્કા ખૂબ ખાધા, પણ પિતાની સાથે રહી શક્યો. જે ખભા ઉપર બેઠો હતો તેને તો કોઈ પ્રકારની અડચણ પડી નહિ. તે સુખેથી મેળો જોઈ શક્યો. આ દુનિયામાં ત્રણ પ્રકારના મનુષ્યો છે. તેઓ અનુક્રમે કર્મ, ઉપાસના અને ભક્તિ સહિત જ્ઞાનમાં મચ્યા રહે છે. તેઓ આ જગતરૂપી મેળાને દેખે છે. કર્મકાંડી સ્વતઃ કર્મ દ્વારા જગતનો મેળો જોવા ધારે છે અને તેથી સ્વર્ગનરકાદિમાં ફર્યા કરે છે. ઉપાસનાકાંડી પરમાત્માને વળગ્યો રહે છે તેથી વૈકુંઠ વગેરેમાં ધક્કા ખાય છે અને જ્ઞાનીભક્ત તો આવાગમનરહિત થઈને અક્ષય સુખ ભોગવે છે.

૨૩૬–प्रभुए दूध पीधुं!

દક્ષિણમાં નામદેવ નામના ભક્ત થઈ ગયા છે. તેમના પિતા ભગવાન વિઠોબાની રોજ પૂજા કરતા. બચપણમાં નામદેવ તેમની પાસે જઈ બેસતો. પિતાની સાથે 'વિઠ્ઠલ વિઠ્ઠલ' બોલતાં તે નાચતો કૂદતો હતો. દિવસે દિવસે તેના સંસ્કાર દૃઢ થતા ગયા. 'પૂજા કરવાનું કામ પિતા મને ક્યારે સોંપશે?' તેને આવો હંમેશાં વિચાર આવતો. એક વખત તેના પિતા બહારગામ

ગયા, ત્યારે નામદેવને પૂજા કરવાનું કહ્યું. આ વખતે તેને પહેલો જ હર્ષ થયો. તેણે આખી રાત્રી પૂજાના વિચારમાં જ કાઢી. સવારમાં વહેલા ઊઠી સ્નાન કરીને તેણે પૂજા શરૂ કરી. આ વખતે તેનાં તન, મન, અને વાણી એક તાર હતાં. પિતાની માફક ક્રમવાર પૂજા કરી. છેવટે ઠાકોરજીને દૂધનો ભોગ ધર્યો. ઠાકોરજીની મૂર્તિએ તે દૂધ ન પીધું, ત્યારે તે થોડી વાર આંખ બંધ કરી રાહ જોવા લાગ્યો. આંખ ઉઘાડીને જોયું તો દૂધ વાસણમાં પડ્યું છે. પછી તે કહેવા લાગ્યો કે, "આપ દૂધ કેમ પીતા નથી? શું દૂધમાં કચરો છે? તે મોળું છે કે હું પાપી છું?" આમ આજીજી કરવા છતાં દૂધ એમનું એમ જ રહ્યું, હવે તે રડી પડ્યો અને પોતે નાલાયક છે તેથી ભગવાન દૂધ પીતા નથી એમ સમજી હાથમાં છરી લઈ પોતાનું ગળું કાપવા તૈયાર થયો. ભગવાને જાણ્યું કે, આ બાળકનો મારા પ્રત્યે સાચો પ્રેમ છે. બીજાની પેઠે ઘંટડી વગાડી, હાથ બતાવી પોતે આરોગી જવા માગતો નથી; તેથી ભગવાન પ્રગટ થયા અને દૂધ પી ગયા! જ્યારે નામદેવનો બાપ પાછો આવ્યો, ત્યારે કૂદતો કૂદતો તે કહેવા લાગ્યો કે, "બાપા, પહેલે દિવસે ભગવાને મને બહુ પજવ્યો; પણ પછી તો હું આપું છું તેટલું દૂધ પ્રભુ પીજાય છે અને મારી જોડે આનંદથી વાતો કરે છે!" પ્રભુ પ્રત્યે પોતાના પુત્રની સાચી ભક્તિ જોઈ તે પ્રસન્ન થયો.

२३७–हुं चोर छुं

એક માણસે જિંદગીનો ઘણો ભાગ પાપમાં ગાળ્યો હતો. પછી તેને પસ્તાવો થવા લાગ્યો. તે એક વખત કોઈ મહાત્મા પાસે જઈ ચઢ્યો. મહાત્માએ કહ્યું કે, "તેં ઘણાં પાપ કરેલાં છે,

તેનું ફળ તારે ભોગવવું પડશે અને હવે શુદ્ધ જીવન ગાળવા તારે કઠિન વ્રતો કરવાં પડશે." તે પાપી મનુષ્ય ચોરીનું કામ કરતો હતો. તે બોલ્યોઃ "મારાથી વ્રત કે નિયમ પાળી શકાય તેમ નથી, છતાં કંઇ વ્રત પાળવાનું બતાવો. જો પળાશે તો તે માટે બનતી મહેનતે પાળીશ." મહાત્મા બોલ્યાઃ "તારાથી બીજું ન પળાય તો કંઇ ફિકર નહિ. આજથી સાચું બોલવાનું વ્રત લે." ચોરે વિચાર કરી કહ્યુંઃ "હું આજથી સાચું જ બોલીશ." પછી તે ચોર એક રાત્રે સ્વભાવ પ્રમાણે ચોરી કરવા નીકળ્યો. નગરચર્ચા જોવા નીકળેલા રાજાએ તેને રસ્તામાં પૂછ્યુંઃ "તું કોણ છે?" તે બોલ્યોઃ "હું ચોર છું." રાજા નવાઇ પામ્યો! ચોર કદી 'હું ચોર છું' એમ ન કહે. આ મનુષ્ય આમ કેમ બોલે છે? પરીક્ષા કરવા રાજાએ કહ્યું કે, "હું પણ ચોર છું. આપણે બંને સાથે જઇએ." એમ કહી તે તેની સાથે ગયો. પછી ચોર આગળ અને રાજા પાછળ એમ બંને રાજ્યભંડારમાં પેઠા. ભરઊંઘમાં પડેલા દરવાને પૂછ્યું કોણ જાય છે? ચોરે કહ્યુંઃ 'હું ચોર છું.' કોઇ મશ્કરી કરે છે એમ સમજી દરવાન સૂઇ રહ્યો. ચોરે બે તિજોરીઓ કાઢી. સવાર થતાં વહેંચી લઈશું એવો ઠરાવ કરી તેને એક જગાએ સંતાડી, બંને છૂટા પડ્યા. સવારે રાજ્યમાં દોડાદોડ થઇ રહી. દીવાને બે તિજોરીને બદલે ત્રણ ગૂમ થઇ છે, એમ વાત બહાર પાડી અને એક તિજોરી પોતે પચાવી ગયો. પછી ઘણી શોધ કરી પણ કંઈ પત્તો લાગ્યો નહિ. રાજાએ ઢંઢેરો બહાર પાડ્યો કે, "જેણે ચોરી કરી હશે તે આવીને સાચું કહી દેશે તેને ઇનામ આપવામાં આવશે." પેલા ચોરે આવીને કહી દીધું કે, "બે તિજોરીઓ અમે ચોરી છે. અમે બે જણ હતા." રાજાને જોઇ તે બોલ્યો કે, "બીજો કદમાં તમારા જેવો હતો. તે તમારા જેવું જ બોલતો હતો, પણ આપ

નામદારને મારાથી કેમ કહેવાય કે તમે ઠગ!" રાજાએ ચોરની ચતુરાઈ માટે તેને શાબાશી આપી. પછી પેલા ચોરે જિલેરીઓ પાછી આપી અને રાજાએ તેને મોટું ઇનામ આપ્યું.

૨૨૮–જોડા ખાધા તે નફામાં!

એક મનુષ્ય બીજા મનુષ્ય પાસે સો રૂપિયા માગતો હતો. દેવાદાર મનુષ્ય કંજૂસ હતો, તેથી ઘરમાં રૂપિયા પડ્યા હતા છતાં તે આપતો નહિ. પેલો લેણદાર આવ્યો અને કહેવા લાગ્યો કે, "મારા પૈસા આપી દે, નહિ તો આ સો ડુંગળીના ગાંઠિયા ખાઈ જા." કંજૂસે ડુંગળી ખાવી કબૂલ કરી. પછી તે ખાવા લાગ્યો. સાતઆઠ ગાંઠિયા ખાધા, પછી તે વધારે ખાઈ શક્યો નહિ. ત્યારે લેણદારે કહ્યું: "સો મરચાં ખાય તો છોડી દઉં." તેણે મરચાં ખાવાં શરૂ કર્યાં, પણ તે પૂરેપૂરાં ખાઈ શક્યો નહિ. છેવટે શાહુકારે કહ્યું: "પૈસા આપી દે, નહિ તો સો જોડા માથામાં મારવા દે." કંજૂસે જોડા ખાવા કબૂલ કર્યા. પાંચદશ જોડા માથામાં પડ્યા કે, તેણે બુમરાણ કરી મૂક્યું, ત્યારે ધનિક બોલ્યો: "તારે પૈસા આપવા નથી, તેમ જોડા પણ ખાવા નથી. તે બેઉ વાત નહિ બની શકે, માટે રૂપિયા આપી દે. તું રૂપિયા નહિ આપે તો અદાલતમાં દાવો કરીને લઈશ." કંજૂસે પૈસા આપી દીધા અને જોડા ખાધા તે નફામાં. કહેવાનો ભાવાર્થ એ છે કે, મનુષ્ય અનેક પ્રકારના ત્રિવિધ તાપ ભોગવીને પણ અંતે ઈશ્વરનો આશરો લે છે, ત્યારે જ તે મોક્ષ પામે છે. તો પછી પ્રથમથી જ ઈશ્વરનો આશ્રય લઈ મોક્ષ પ્રાપ્ત કરવા પ્રયત્ન કેમ ન કરવો?

२३९–विषयभोग हेरान करे छे

બે મિત્રો બહારગામ જતા હતા, તેમાં એક આંધળો અને બીજો દેખતો હતો. તેઓ થોડેક દૂર ગયા એટલે આકાશમાં એકદમ આંધી ચઢી આવી. કોઈ દિશા સૂઝે જ નહિ! આંખમાં પુષ્કળ ધૂળ ભરાઈ ગઈ અને આંખ પણ ન ઊઘડે. પેલા બિચારા હેરાન થઈ ગયા. જ્યારે પવનનું તોફાન શમી ગયું, ત્યારે બન્નેએ શરીરે લાગેલી ધૂળ તથા આંખે લાગેલી ધૂળ પાણીથી ધોઈ સાફ કરી. દેખતાને દેખાવા લાગ્યું, પણ જે આંધળો હતો, તેને તો આંધી ઊતરી જવા છતાં કંઈ દેખાયું નહિ. સમજવાનું એ છે કે, ભક્ત અને અભક્ત આ સંસારમાં ચાલ્યા જાય છે, તેમાં વિષયભોગોની આંધી આવે છે, તે બેઉના પર સરખો હુમલો કરે છે; પરંતુ વિચારવંત મનુષ્યને પુનઃ આત્મભાન થાય છે, પણ અભક્તને વિષયો હઠી જવા છતાં આત્મભાન થતું નથી. પરિણામે અજ્ઞાન મનુષ્ય વિષયભોગમાં જ હેરાન થયા કરે છે.

२४०–ज्ञानीने पण घसडावुं पडे छे

એક રાજા મંત્રીને સાથે લઈ શિકાર કરવા ગયો. ત્યાં રાજાને ખૂબ તરસ લાગી. તેણે વજીર પાસે પાણી માગ્યું. વજીરે આજુબાજુ જોયું તો તેને દૂરના ગામ તરફથી એક માણસ આવતો જણાયો. ઘણે દૂર નજર કરતાં પાણી જેવું દેખાયું. વજીરે તે માણસને કહ્યું કે, "જા, સામી નદીમાંથી જળ ભરી લાવ." તે માણસ બોલ્યોઃ "તે નદી નથી, પણ ઝાંઝવાના

જળનો દેખાવ માત્ર છે. આપ બેસો, હું ગામમાંથી જલદી પાણી લઈ આવું છું." વજીરે તેને બે ચાર પીલો લગાવી કહ્યું: "તું અમારી વાત માનતો નથી. જા, સામી નદીમાંથી પાણી લાવ. જલદી જા." તેની મરજી ન હતી, છતાં તે પાણી લેવા ગયો. પાણી ક્યાં મળવાનું હતું? આમાં સમજવાનું એ છે કે, પ્રભુના ભક્તોએ સંસારભોગો ત્યજી દીધા છે અને પોતે સમજે છે કે, તે મૃગજળ જેવા છે; પણ પ્રારબ્ધરૂપી વજીર તેને સખ્તાઇ કરીને ભોગો તરફ પ્રેરે છે. આથી કોઈ વખતે ભક્તને પણ ઘસડાવું પડે છે, પણ સાચો ભક્ત તો તરત જ સઘળી અસારતા સમજી જઈ પાછો વળે છે.

૨૪૧—લોટામાં વહાણ ન ચાલે

એક ગામની બહાર મહાત્મા રહેતા હતા. તેની પાસે જઇ કોઇએ પૂછ્યું કે, "તમે કહો છો કે જીવ અને ઈશ્વરમાં એક ચૈતન્ય છે, તો ઈશ્વરની પેઠે જીવ સર્વજ્ઞ કેમ નથી?" મહાત્માએ કહ્યું: "એ વાત ઠીક છે, પણ પ્રથમ મને તૃષા લાગી છે, માટે ગંગામાંથી પાણીનો લોટો ભરી લાવ, ત્યાર પછી તારા પ્રશ્નનો જવાબ આપીશ." પેલો મનુષ્ય ગંગાજીમાંથી જળનો લોટો ભરી લાવ્યો અને તે મહાત્માને આપ્યો. મહાત્માએ કહ્યું: "ગંગાજીમાં જે જળ છે તે જળ આ લોટામાં છે, છતાં ગંગાજીમાં વહાણ ચાલે છે અને આ લોટામાં વહાણ કેમ નથી ચાલતું?" પેલો મનુષ્ય બોલ્યો: "ગંગાજીમાં વધારે જળ છે, લોટામાં થોડું છે." ત્યારે મહાત્માએ કહ્યું: "તે જ પ્રમાણે જીવાત્માની અંદર થોડું ચૈતન્ય

છે અને ઈશ્વરની અંદર અનંત છે, તેથી તે સર્વજ્ઞ છે અને જીવ અલ્પજ્ઞ છે." પેલો મનુષ્ય જીવ અને ઈશ્વરનો ભેદ સમજી ગયો અને પ્રસન્ન થઈ ઘેર ગયો.

૨૪૨–पुरुषार्थ करवाथी पुरुष थवाय छे

એક જંગલમાં મહાત્મા રહેતા હતા. તે હંમેશાં ગામમાં ભોજન કરવા જતા. રસ્તામાં વેશ્યાનું ઘર આવતું. તે વેશ્યા નિત્ય મહાત્માને પૂછયા કરતી કે, "તમે મરદ છો કે સ્ત્રી?" મહાત્મા કહેતા કે, "એક દિવસ જવાબ આપીશ." આમ કરતાં ઘણાં વર્ષો વીતી ગયાં. એવામાં મહાત્મા મરણપથારીએ પડ્યા, ત્યારે વેશ્યાએ આવીને પૂછયું: "મહાત્માજી, હવે જવાબ આપો." ત્યારે મહાત્મા બોલ્યા: "હું પુરુષ છું. હવે આ લોકમાંથી અખંડ શુદ્ધ આચરણ કરીને જાઉં છું." ત્યારે વેશ્યા બોલી: "તમે પુરુષ તો પ્રથમથી જ હતા. તો કેમ કહેતા ન હતા અને આજે કહો છો કે હું પુરુષ છું?" ત્યારે મહાત્માએ કહ્યું કે, "પુરુષજાતિમાં જન્મ લેવાથી પુરુષ થવાતું નથી, પણ પુરુષોનાં કામો કરવાથી પુરુષપણું પ્રાપ્ત થાય છે. મેં મારા પુરુષાર્થથી પુરુષજાતિ સાર્થક કરી છે એમ હવે મને લાગે છે." એમ કહી તેમણે છેલ્લો શ્વાસ ખેંચ્યો.

૨૪૩–अंध पुत्रनो उपदेश

એક દેવશર્મા નામનો બ્રાહ્મણ હતો. તેની સ્ત્રીનું નામ સુધર્મા હતું. તેમને પુત્ર નહિ હોવાથી તેઓ હંમેશાં દુઃખી થતાં. તે પતિપત્નીએ તપ કરવાનો વિચાર કરી સાથેજ કઠિન

તપશ્ચર્યા આદરી. પછી મહાદેવજીને પ્રસન્ન કરી એક પુત્ર તેમની પાસે માગ્યો. તેમને પુત્ર તો થયો, પણ તે આંધળો હતો. માતાપિતાની ઉંમર સાઠ વર્ષની થઇ ત્યારે તે છોકરો પાંચ વર્ષનો થયો. પુત્રને યજ્ઞોપવીત વગેરે સંસ્કાર કરીને આશ્રમમાં ભણવા મોકલ્યો. છોકરો ભણીને બાર વર્ષે પાછો આવ્યો. એક દિવસ આંધળો પિતા પુત્ર પાસે બેઠો હતો, તે વખતે પુત્રે પૂછ્યું કે, "કયા પાપથી મનુષ્ય આંધળો થતો હશે ?" પિતાએ કહ્યું: "જે મનુષ્ય પૂર્વજન્મમાં રત્નની ચોરી કરે, તે ઉત્તરજન્મમાં આંધળો થાય છે." ત્યારે પુત્ર બોલ્યો: "એ વાત કદાચ ઠીક હશે, પણ હું તો માનું છું કે, બાપના ગુણ છોકરામાં ઊતરે છે. મને તો લાગે કે તમે આંધળા છો માટે હું આંધળો થયો છું !" "બાપ બોલ્યો:" હું તો આંધળો નથી. ત્યારે પુત્રે કહ્યું: "તમે મુક્તિ આપવાવાળા મહાદેવને આરાધીને મોક્ષ નહિ મેળવતાં માત્ર પુત્ર મેળવવાની ઇચ્છામાં એ તપશ્ચર્યા ખોઇ નાખી ! તેમ કરવામાં તમે શું આંધળા બન્યા નથી ? હે પિતાજી, તમે તો બ્રહ્માસ્ત્ર જેવું મહાન અસ્ત્ર ધારણ કરીને મૃગને માર્યું છે; માટે જ તમે આંધળા જેવા છો." અંધ પુત્રનાં આવાં વચન સાંભળી માતપિતા પ્રભુભક્ત બન્યાં.

૨૪૪–साथे फरतां साकर मळी

બે કીડીઓ હતી. એક કીડી મીઠાના ગાંગડા પર રહેતી અને બીજી સાકરના ગાંગડા પર રહેતી. દૈવસંયોગે એક દિવસ બેઉ એક સ્થળે ભેગી મળીને વાર્તાલાપ કરવા લાગી. સાકરના ગાંગડાવાળી કીડીએ જણાવ્યું કે, "બહેન, તમે કેમ દુર્બળ દેખાઓ છો ?" તે બોલી: "હું જ્યાં રહું છું, ત્યાંનો ખોરાક જ એવો છે. હું ઘણું ખાઉં છું છતાં શરીર પુષ્ટ થવાને બદલે

સુકાય છે.” સાકરવાળી કીડી બોલીઃ “ એવું હોય તો મારી સાથે ચાલ, ત્યાં તો બહુ આનંદ છે. જેટલો વધારે ખોરાક લેવામાં આવશે, તેટલું શરીર વધારે પુષ્ટ થશે.” તે કીડી સાકરવાળી કીડીની સાથે ગઇ અને પોતાના ગાંગડાની મમતા છોડી ત્યાં જ રહેવા લાગી. જતે દિવસે તે ઘણી સુખી થઈ. સંસારમાં વિષયરૂપી ખારમાં રહેનારો મનુષ્ય અને ઈશ્વરરૂપી સાકર ઉપર રહેનારાં ભક્ત મનુષ્ય કોઇ દિવસ સાથે મળે છે; ત્યારે ભક્ત તેને ઉપદેશ આપીને ઈશ્વરી આનંદરૂપી સાકરનો સ્વાદ ચખાડે છે. કહેવત છે કેઃ—

વિષય વળૂંધ્યો વલખાં મારે, ડૂબ્યો દુઃખને દરિયે;
કીડાવાળું કૂતરું દોડે, જંપે નહિ તે જરીએ.

२४५–एकता अनुभवो

એક રાજા પરદેશ મુસાફરી કરવા ગયો. ત્યાં ઘણા દિવસ રહી દેશાટન કર્યું. જ્યારે તેને ઘેર આવવાની મરજી થઈ, ત્યારે પોતાને ઘેર કાગળ લખી રાણીઓને પૂછાવ્યું કે, “અહીં ઘણી જાતની ચીજો મળે છે. તમારી મરજીમાં આવે તે ચીજ મંગાવશો. હું તે લેતો આવીશ.” રાણીઓએ પોતાને મનગમતી ચીજો મંગાવી. એક રાણીએ રાજાની આજ્ઞા પ્રમાણે કાગળ તો લખ્યો, પણ અંદર માત્ર કોરા કાગળમાં એકડો જ લખી મોકલ્યો. રાજાએ બધા કાગળો વાંચી, તેમાં લખેલી ચીજો બજારમાંથી મંગાવી લીધી. જ્યારે પેલી રાણીની ચિઠ્ઠી ઉઘાડી ત્યારે દીવાનને બોલાવી રાજાએ પૂછ્યુંઃ “ આ એકડો લખવાનું શું તાત્પર્ય હશે ?” દીવાને કહ્યુંઃ “રાજાજી, રાણીનો એકડો લખવાનો ભાવાર્થ એ છે કે, મારે કોઈ પદાર્થ જોઈતો નથી, મારે

સર્વસ્વ તમે જ છો. માટે તમને એકલાને જ ચાહું છું." રાજા બહુ ખુશી થયો. થોડા વખતમાં તે બધી ચીજો ખરીદી દેશમાં આવ્યો. જે રાણીઓએ જે જે ચીજ મંગાવી હતી, તે તેમને પહોંચાડી. બાકીની બધી ચીજો લઇ તે પેલી પતિપરાયણ પત્ની પાસે ગયો. તેણે ચીજોની સામે પણ જોયું નહિ અને પતિને મળવાથી પ્રસન્ન થઈ ! જે મનુષ્યોએ પ્રભુનો આશરો લીધો છે, તેમને દુનિયાની અન્ય ચીજોની દરકાર હોતી નથી.

२७६–मोहनो महिमा अपार छे!

એક વાણિયો ઘરડો થયો. એક દિવસ તેના પૌત્રે કંઇ કારણસર ડોસાને બે ચાર લાતો મારીને ઘરની બહાર કાઢી મૂકયો. ડોસો નિઃશ્વાસ નાખતો અને પૌત્રને ગાળો દેતો ઘરની બહાર ઓટલે બેઠો બેઠો રડતો હતો. એવામાં એક મહાત્મા ત્યાં થઇને જતા હતા. તેમણે ડોસાને પૂછ્યું કે, "તમારા શા હાલ છે? આટલી ઉંમરે રડવું કેમ પડે છે! ગાળો કોને દો છો?" ડોસાએ અથથી ઇતિ સુધી બનેલી વાત મહાત્માને કહી સંભળાવી કે, "હું આખી જિંદગી કમાયો. હવે કમાવાની શક્તિ નથી; તેથી છોકરાઓ અપમાન કરીને મને માર મારે છે. આ બધાં ઘરો મહા મહેનતે મેં બંધાવ્યાં છે, છોકરાઓને મેં પરણાવ્યા છે, તેમનાં છોકરાં થયાં તેમને પણ ભણાવીગણાવી મેં જ મોટાં કર્યાં છે. એ સઘળો મારો જ પ્રતાપ છે. મેં કંઇ ન કર્યું હોત તો તેમની આ દશા ન હોત, પરંતુ છોકરાઓ તે ગુણ ભૂલી ગયા છે. હું હવે દુઃખના દરિયામાં ડૂબ્યો છું." મહાત્માએ કહ્યું: "ડોસા, એમ હોય તો માટી ગાળો ગાળો. આ દુનિયાનો મોહ હવે છોડી દો.

બાકીનું આયુષ્ય હવે ઈશ્વરભજનમાં ગાળો." બુઢ્ઢો બોલ્યોઃ "તમને કોણે વકીલ બનાવ્યા છે? શું તમે મને છોકરાઓથી જુદો પાડવા ચાહો છો? અપમાન કરે, મને મારે, તો પણ છોકરા તો મારા જ છે ને? જેને ન હોય તેને કોણ મારતું હશે?" મહાત્મા બોલ્યાઃ "મોહનો મહિમા અપાર છે!"

२४७–मननी मनमां रही गई

એક ધનાઢ્ય વાણિયાને ચાર છોકરા હતા. તે છોકરાઓ જ્યારે ઉંમરલાયક થયા ત્યારે તેઓને મિલકતમાંથી અમુક ભાગ સરખે ભાગે વહેંચી આપ્યો. મિલકતનો બાકીનો ભાગ પોતાની પાસે પુણ્યદાન કરવા રાખ્યો. તેણે વિચાર કર્યો કે, આવતા વર્ષમાં અમુક સંસ્થા ખોલીશું, અમુક રૂપિયા ગાયો- માં આપીશું, પાઠશાળા સ્થાપીશું, દવાખાનાં બાંધીશું, એમ તે પોતાના મિત્રોને હંમેશાં કહેતો. એવામાં અચાનક તે બીમાર પડ્યો, ત્યારે તેના મિત્રોએ કહ્યું: "શેઠ, હવે અંતનો સમય છે, બહુ કમાયા છો તો પુણ્યદાન કરી થોડી કમાણી સાથે લઈ જાઓ. આ વખતે શેઠથી બોલી શકાતું ન હતું, તેથી જે ભીંતમાં પૈસા દાટ્યા હતા તે તરફ આંગળી કરી તેને કાઢવાનો ઇસારો કર્યો. છોકરાઓ સમજ્યા તો ખરા, પણ પોતાના સ્વાર્થને લઈને લોકોને કહેવા લાગ્યા: "બાપ કહે છે કે પૈસા તો હતા, પણ તેની આ દીવાલો બંધાવી. શેઠને ભાન હોવાથી છોકરાઓનું કહેવું તેણે સાંભળ્યું, તેથી શેઠે લખીને પોતાનો અભિપ્રાય પ્રગટ કરવા ઇસારાથી લખવાનું સાધન માગ્યું, ત્યારે લુચ્ચા છોકરાઓ બોલ્યા: "શેઠને હવે ત્રિદોષના ચાળા દેખાય છે." શેઠને બહુ આઘાત લાગ્યો અને

તેજ આપાતમાં તેણે પોતાનો દેહ મૂક્યો. મનની ઇચ્છા મનમાંજ રહી ગઇ! હાથે કર્યું આવે તે સાથે, લોક વદંતા હાથે તે સાથે.

૨૨૮–પૈસા દેખી સેવા કરી

એક શેઠ ઘણો પૈસાદાર હતો. તેણે પોતાના છોકરાઓને સઘળી મિલકત વહેંચી આપી. છોકરાઓએ બાપને રાખવા તથા ખવડાવવાના વારા બાંધ્યા. જેનો વારો આવે તેને ત્યાં બાપ જાય. છોકરાઓની વહુઓ શેઠને અપશબ્દો કહે, ટાઢું-ઊનું ખાવાનું આપે. કોઇ તેમની દરકાર કરે નહિ. શેઠ તો પૈસા આપી પસ્તાવા લાગ્યો. એવામાં શેઠનો એક મિત્ર મળ્યો અને તેને પોતાના દુઃખની વાત કહી. "સૌ કોઇ સ્વાર્થનું સગું છે, છોકરાઓ સ્ત્રીઓના ગુલામ થઇ ગયા છે, સ્ત્રીઓ મારા ખાવાની કાળજી રાખતી નથી, હું દાંત વિનાનો અને મિલકત વિનાનો થઈ ગયો છું, હવે મને કંઈ રસ્તો સૂઝતો નથી. 'आपदि मित्रपरीक्षा' દુઃખમાં મિત્રની પરીક્ષા થાય છે, માટે મારે શું કરવું તે તમે કહો." મિત્ર બોલ્યોઃ "હું એક પેટી પથ્થરથી ભરી તમારા ઓરડામાં મૂકી જઇશ. અને સાથે સાથે સો રૂપિયા આપીશ. પેટીની કૂંચીઓ તમે તમારી પાસે જ રાખજો અને સાંજસવાર રૂપિયા ખખડાવજો." મિત્રે તે પ્રમાણે ગોઠવણ કરી. શેઠે તે પ્રમાણે કરવા માંડ્યું. છોકરાઓની વહુઓએ વિચાર્યું કે, ડોસા પાસે હજી પેટી ભરેલી છે. રોજ રૂપિયા ગણતા સંભળાય છે, માટે જો હું સેવા કરીશ તો મને તે જરૂર આપશે, એમ વિચારી બધી વહુઓએ ડોસાની સારી રીતે સારવાર કરવા માંડી. શેઠે પણ

કહી દીધું કે, "અંત સુધી જે મારી સેવા કરશે તેને હું મારા આ પૈસા આપીશ." પછી તે ડોસો બહુ જ સુખી થયો. ખરું કહ્યું છે કે–'દામ કરે કામ ને લૂંડી કરે સલામ.'×

૨૪૧–બકરો પૂર્વજન્મનો બાપ હતો

એક સમયે નારદ પોતાના શિષ્ય તુંબુરુ સાથે ફરતા ફરતા એક શહેરમાં આવ્યા. રસ્તામાં એક બકરાનું ટોળું જતું તેમણે દેખ્યું. તેમાંથી એક બકરો કૂદીને રસ્તાની દુકાન ઉપર ચઢ્યો અને કંઈક ખાવા લાગ્યો. તેને દુકાનદારે જોતાં દોડીને તેનું મોઢું પકડી મારવા માંડ્યો. બકરાના મોઢામાંથી ખાધેલા દાણા કઢાવી નાખ્યા અને તેના શરીર પરના વાળ પણ તોડી નાખ્યા. પછી પકડીને તે બકરાને કસાઇને હવાલે કર્યો. આ બધો તમાસો દેખીને નારદજી હસ્યા. તુંબુરુએ તેમને હસવાનું કારણ પૂછ્યું. નારદ બોલ્યાઃ "આ બકરો દુકાનદારનો પૂર્વજન્મમાં બાપ હતો. તે પહેલાં આ જ દુકાને બેસતો અને આ છોકરાને માટે ભોળા માણસોનાં ગળાં રહેંસતો. તેના પાપથી જ તે આ બકરો થયો છે. દુકાને ચઢવાનો અભ્યાસ હોવાથી તથા વાસનાના વેગથી આ જન્મમાં તે દુકાન ઉપર ચઢ્યો. તેના છોકરાએ તેનો કેવો સુંદર સત્કાર કર્યો! જેને માટે તેણે સદ્વર્તન, ઈશ્વરભજન વગેરે છોડી પાપથી ધન ભેગું કર્યું, તેના આ હાલ થયા! તે પોતાના મુખમાંથી કાઢી

× સાધારણ સાંસારિક મનુષ્યો માટે આ દાખલો બોધક હોઇ અહીં તે રહેવા દીધો છે. બાકી તો એ ડોસામાં કંઇ પણ ઈશ્વર ઉપર શ્રદ્ધા હોત તો તેને આવી યુક્તિપ્રયુક્તિનો આશ્રય લેવાની જરૂર જ ન રહેત. —સંપાદક

છોકરાને ખવડાવતો, તેના બદલામાં આજે ખાધેલા દાણા પણ તેના છોકરાએ પાછા કઢાવ્યા! છોકરાને જો કોઈ મારતું તો પોતે મરવા તૈયાર થતો, તેજ છોકરો આજે તેને કસાઈને સુપરત કરતો જોઈ મને હસવું આવે છે!"

૨૫૦–राजमहेल के धर्मशाळा ?

તપિયા તપ કયું છોડિયા, યહાં પલ નહિ ઠોક;
વાસા સબ્બી સરાઇકા, સબ્બી મુસાફિર લોક!

એક મહાન વિરક્ત સાધુ હતા. તે ફરતા ફરતા કોઈ એક શહેરમાં આવી ચઢ્યા. એક મોટા મકાનને ધર્મશાળા જાણી તેમાં તે આવી બેઠા. એટલામાં સિપાઈએ આવી અસભ્યતાથી તેમને ધમકાવ્યા કે, "આ રાજમહેલમાં તું કેમ પેઠો છે?" સાધુએ કહ્યું: "હું આ મકાનને ધર્મશાળા સમજી બેઠો છું." સિપાઇ વધારે ચિડાયો અને વધારે બડબડાટ કરવા લાગ્યો: "આ વાત જગજાહેર છે કે, મનુષ્યને સત્તા મળતાં તે વધારે અભિમાની બને છે. સૂર્ય પોતાનાં કિરણોથી જેટલો નથી બાળતો તેટલી સૂર્યથી તપેલી રેતી બાળે છે!" આ પ્રમાણે સિપાઇ પેલા સાધુનો તિરસ્કાર કરવા લાગ્યો. એવામાં ત્યાં રાજા આવ્યો. તે સાધુને જોઇ બોલ્યો કે, "મહારાજ, આપ ભૂલા પડ્યા લાગો છો કે શું? ધર્મશાળા બાજુએ છે, આ તો રાજમહેલ છે." સાધુ બોલ્યા: "હે રાજન, આ બધાં મકાનો ધર્મશાળાઓ જ છે અને બધા મનુષ્યો મુસાફરો છે. કોઇ અત્રે સ્થાયી નથી! હું તો આ મહેલને પણ ધર્મશાળા માનું છું; કારણ કે તમારા બાપદાદા આ મહેલમાં મુસાફરની માફક રહી ચાલ્યા ગયા! હવે તમે રહો છો, પછીથી તમારા

છોકરાઓ રહેશે." સાધુનાં આ વાક્યો સાંભળી રાજા ઘણો પ્રસન્ન થયો અને મહાત્માની માફી માગવા લાગ્યો.

૨૫૧–શરીર આત્માની ધર્મશાળા છે

એક સંન્યાસી મહાન વિરક્ત દશામાં ફરતા હતા. યોગવાસિષ્ઠમાં કહેલી છઠ્ઠી-સાતમી ભૂમિકાએ તે પહોંચેલા હતા. તેમને પોતાના શરીરનું ભાન ન રહેતું, તો પછી શરીરનું અભિમાન તો હોય જ ક્યાંથી? તેઓ એક દિવસ એક ગામની ભાગોળે બેઠા હતા, એવામાં બેચાર મસ્તીખોર છોકરાઓ આવ્યા. એક છોકરો બોલ્યોઃ "આ બાવાની જાંઘ કેવી જાડી છે! તેના પર આપણે ચોપાટ રમીએ." બીજાએ ચપ્પુ કાઢી જાંઘ પર ચોપાટના લીટા કરવા શરૂ કર્યા, એટલે જાંઘમાંથી લોહીની ધારા વહેવા લાગી. છોકરાઓ ગભરાયા અને નાસી ગયા. મહાત્મા આ બધું જોઈ હસતા હતા. લોકો ભેગા મળ્યા. પાટો બાંધવા કોઈ વૈદને બોલાવી લાવ્યા, પણ મહાત્માએ પાટો બાંધવા દીધો નહિ. લોકોએ તેમને સમજાવવા બીજા સાધુને બોલાવ્યા. તે સાધુએ કહ્યું કે, "મહાત્માજી, જ્યાં સુધી શરીરરૂપી ઘરમાં આપણે રહીએ છીએ, ત્યાં સુધી તેને સાફસૂફ રાખવું જોઈએ." મહાત્મા બોલ્યાઃ "આપણાં શરીરો તો ધર્મશાળાઓ જેવાં છે. આપણે બધી ધર્મશાળાઓની ક્યાં ખબર લેતા ફરીએ? તમે યાત્રાએ ગયા હશો, ત્યાં રસ્તામાં કેટલીય ધર્મશાળાઓ આવી હશે, તેમાંની તમે કેટલી સમરાવી!" આમ કહી મહાત્મા ત્યાંથી ચાલતા થયા. લોકો મહાત્માની વાણીથી મુગ્ધ થયા!

૨૫૨–મોઢું કાળું છે, હૃદય કાળું નથી!

એક સંન્યાસી નદીકિનારા ઉપર પર્ણકુટી બાંધીને રહેતા હતા. તેમની કીર્તિ ચારે બાજુ ઘણી ફેલાઈ હતી. રાજાએ તેમને પોતાને ત્યાં બોલાવવા વજીરને મોકલ્યો. વજીરે આવીને કહ્યું: "મહારાજ, આપને રાજાજીએ દરબારમાં પધારવા વિનતિ કરી છે." મહાત્માએ વિચાર કર્યો કે, 'જો હું નહિ જાઉં, તો રાજા, વાજાં અને વાંદરાં એ કોઈનાં નહિ. તે પોતાનું અપમાન થયેલું માનશે. મારું તો શું બગડવાનું છે, પણ તે બીજા સંતપુરુષ સામે દ્વેષ કરશે. ભગવાનનું વચન છે કે, 'સર્વ કોઈને ધર્મમાં જોડવા.' જો હું રાજાને ત્યાં જાઉં છું તો વિરક્ત લોકો કહેશે કે, આ મહાત્માને લાલચ થઈ. તેને રાજાને ત્યાં શું કામ હતું? પરમાત્મા પણ ધારી લેશે કે, આને મારામાં શ્રદ્ધા ન રહી, એટલે રાજાનો આશ્રય લીધો. આમ સઘળાની પાસે મારું કાળું મોઢું થશે.' આ સઘળાનો વિચાર કરી, તેમણે પોતાને હાથે પોતાનું મોઢું કાળું રંગી વજીર સાથે દરબારમાં ગયા. રાજાએ તેમને સારું માન આપ્યું. તેમની પાસેથી બોધ લીધો અને જતી વખતે કાળું મોઢું કરવાનું કારણ પૂછ્યું. મહાત્માએ જેવું હતું તેવું કહી દીધું. રાજા બહુ રાજી થયો. પછી તે દરરોજ મહાત્માનાં દર્શન કરવા પર્ણકુટીમાં જવા લાગ્યો.

૨૫૩–મનનો કાટ કાઢો

"બોધકમાં નહિ બાધ, પાત્રમાં પાપ રહ્યું છે."

એક ધનાઢ્ય શેઠની પુત્રીને ગરીબની પુત્રી જોડે બહેનપણાં હતાં. દરરોજ બેઉ મળે અને સુખદુઃખની વાતો કરે. ગરી-

બની પુત્રી પોતાની ગરીબાઇ જણાવે. એક દિવસ ધનાઢયની પુત્રીએ કહ્યું કે, "મારે ત્યાં પારસમણિ છે માટે તું લોઢું લેતી આવે તો સોનું કરી આપું." પેલી ગરીબની પુત્રીએ લોઢું આણી પોતાની બહેનપણીને આપ્યું. આખી રાત પારસમણિ જોડે તે લોઢું મૂકયું પણ તે સુવર્ણ થયું નહિ. આથી ધનાઢયની પુત્રી રડવા લાગી, એટલે તેના બાપે પૂછયું: "તું શા માટે રડે છે? તને શું દુઃખ છે?" પુત્રી બોલી: "આપણા રૂપિયા પાણીમાં ગયા. આપણો પારસમણિ એક કોડીનો પણ રહ્યો નથી." શેઠે પૂછયું: "શાથી?" પુત્રી બોલી: "મારી સખીને માટે સોનું બનાવવા હું મણિ લઈ ગઈ હતી, પણ તેનાથી સોનું બન્યું નહિ." શેઠે લોઢું જોયું તો તે કાટવાળું હતું. લુહાર પાસે કાટ ઉતરાવ્યો અને ફરીથી તેનો પારસમણિ સાથે સ્પર્શ કર્યો કે તત્કાળ તેનું સોનું થયું! પુત્રી રાજી થઇ. તેની સખી આનંદમાં આવી ગઇ અને તે તથા તેનું કુટુંબ સુખી થયું. આ પ્રમાણે મનુષ્યના હૃદયમાંથી જ્યાં સુધી પાપરૂપી કાટ જાય નહિ, ત્યાં સુધી ઈશ્વરરૂપી મણિ તેને શુદ્ધ કરી શકતો નથી.

૨૫૪–चार पहोर वीती गया

એક રાજા એક ગરીબ ઉપર પ્રસન્ન થયો અને તેને કહ્યું કે, "આજ હું તને રજા આપું છું કે, મારા રત્નભંડારમાંથી સૂર્ય અસ્ત થતાં સુધીમાં જેટલું ધન લઇ જવાય તેટલું તું લઇ જા." તે ગરીબ બહુ રાજી થયો અને સવારથી રાજાના મહેલમાં ગયો. ત્યાં જઇ જુએ તો એક કોટડીમાં છોકરાઓ ખેલે છે, કસરત કરે છે. ગરીબ આ જોવા ઊભો રહ્યો. એક પહોર થયો એટલે છોકરાં રમત બંધ કરી ચાલ્યાં ગયાં. ગરીબ બીજા ઓરડામાં ગયો. ત્યાં સ્ત્રીઓ

અનેક પ્રકારના શણગાર સજી રહી છે, કોઈ રસોઈ બનાવે છે તો કોઈ ગાય છે; પેલો તે જોવા ઊભો રહ્યો. ત્યાં તો બીજો પહોર પૂરો થઇ ગયો. સ્ત્રીઓએ પોતાનો ઓરડો બંધ કર્યો. ગરીબ આગળ ચાલ્યો અને ત્રીજા ઓરડા આગળ આવ્યો. ત્યાં કોઇ મનુષ્યો પૈસા ગણી રહ્યા છે, તો કોઈ હિસાબ કરે છે. ત્યાં પણ તે બેઠો. એટલામાં ત્રીજો પહોર વીતી ગયો. 'હજી એક પહોર દિવસ છે. મારે ફાવશે તેટલાં રત્ન હું લઇશ.' તે આવો વિચાર કરતો હતો, એવામાં તે ઓરડો પણ બંધ થયો. પછી તે આગળ ગયો, તો ત્યાં છત્રપલંગ, બિછાવેલાં ગાદલાં તથા અનેક પ્રકારનું ફર્નિચર ગોઠવેલું જોયું અને ત્યાં કેટલાક મનુષ્યો આરામ લઈ રહ્યા હતા. આ મનુષ્ય પણ ત્યાં સૂતો અને ઊંઘી ગયો! ચોથો પહોર થઇ ગયો, એટલે તે ઓચિંતો એકદમ રત્નભંડારમાં પેઠો, ત્યાં તો દિવસ અસ્ત થઈ ગયો, તેથી તેને પહેરાવાળાઓએ ધક્કા મારી બહાર કાઢયો. તે એક પણ રત્ન લઇ શકયો નહિ. આ પ્રમાણે આ જીવાત્મા ઈશ્વર ભક્તિરૂપી રત્ન લેવા મનુષ્યજન્મમાં આવ્યો છે. અનુક્રમે બાળક, જુવાન, આધેડ અને વૃદ્ધ ચારે અવસ્થાઓ તેની વીતી જાય છે, છતાં ઈશ્વરને તે ઓળખવા પ્રયત્ન કરતો નથી અને વૃથા જન્મ ગુમાવી આ ભવાટવીમાં ભમ્યા કરે છે. સાચું જ કહ્યું છે કેઃ—

બાલાપન ખેલમેં ખોયા, જોબનમેં કામવશ હોયા,
બુઢાપે ખાટમેં સોયા, આશા મનકો સતાતી હૈ!

૨૫૫–નિશ્ચયી મનુષ્ય શું ન કરે ?

એક રાજાને પુત્ર નહિ હોવાથી તેણે એક ઢંઢેરો બહાર પાડયો કે, "દિવાળીને દિવસે જે મને બરાબર બાર વાગે મારા

બગીચામાં મળશે, તેને હું મારું રાજ્ય આપીશ. તે સમાચાર દેશદેશાવર પહોંચી ગયા. ઘણા લોકો તે રાજ્ય તરફ જવા નીકળ્યા. રાજ્ય કોને લેવું ન ગમે? પેલા રાજાએ પોતાના રાજ્યની ચારેમેર રસ્તામાં ખાવાપીવાનો બંદોબસ્ત કરાવ્યો હતો. લોકોને માટે રસોડાં, દુકાનો, બગીચા, મીઠાઇઓ વગેરેનો ઠાઠ રાખ્યો હતો. જે કોઇ રસ્તેથી આવતું તે રસ્તામાં જ મોજ ઉડાવતું ત્યાં રહી જતું. તેઓ કહેતા કે, "હજુ ઘણા દિવસો છે. આપણે તે દિવસે પહોંચી જઈશું અને રાજ્ય લઇશું." એક મનુષ્ય લગભગ સો કોસથી ચાલીને આવ્યો. તેને રસ્તામાં લોકોએ બહુ બોલાવ્યો પણ કોઇનું તેણે માન્યું નહિ. તે તો સીધો રાજાને મળવા શહેર તરફ ચાલ્યો. દિવાળીને દિવસે બરાબર બાર વાગે તે રાજાને બગીચામાં મળ્યો. રાજાએ તેને પોતાનું રાજ્ય આપી દીધું. બીજાઓ એશઆરામ કરવા રસ્તામાં રોકાયા હતા, તે પાછળથી દોડતા દોડતા આવવા લાગ્યા; પણ તેમને પોલીસોએ મારીને પાછા કાઢી મૂકયા. આ પ્રમાણે જે મનુષ્ય પરમાત્મારૂપી રાજાને મળવા બધું છોડીને એક જ નિશ્ચયથી ચાલ્યો જાય છે, તેને ઈશ્વર જરૂર મળે છે. જે વચમાં વિષયોમાં ફસાઇ રોકાઇ રહે છે, તેને જમડાઓ મારીને અંતે લઇ જાય છે.

૨૫૬–ત્રણ પૂતળીઓ

માળવાની ગાદી ઉપર રાજા ભોજ રાજ્ય કરતો હતો. તે સમયે એક કારીગર સરખા આકારની તથા સરખા રૂપની ત્રણ પૂતળીઓ બનાવી દરબારમાં ગયો. ભોજ રાજાએ તેની કિંમત પૂછી ત્યારે કારીગર બોલ્યો: "આ ત્રણે પૂતળીઓ

એકસરખી દેખાય છે, પણ તેમાં આકાશપાતાળનો ફેર છે! એક પૂતળી લાખ રૂપિયાની છે, બીજી લાખ દોકડાની છે અને ત્રીજી એક કોડીની પણ નથી. તમે કોઈ એવો પરીક્ષક બોલાવો, કે જે તેની પરીક્ષા કરી લે." ભોજ રાજાએ કવિ કાળિદાસને બોલાવ્યા. તેમણે પૂતળીઓ હાથમાં લઈ એક સળી પૂતળીના કાનમાં નાખી, તે આરપાર ચાલી ગઈ. કાળિદાસે તેની કિંમત એક કોડીની પણ ન કરી. બીજી પૂતળીના કાનમાં સળી નાખી, તો તેના મુખમાં થઇ બહાર નીકળી ગઈ. તે જૂજ કિંમતની છે, એમ તેમણે કહ્યું. ત્રીજી પૂતળીના પેટમાં સળી સીધી ચાલી ગઇ. "આ પુતળી અમૂલ્ય છે" એમ કાળિદાસ બોલ્યા. ભોજ રાજાએ તેનો સાર પૂછ્યો, ત્યારે કાળિદાસે કહ્યું કે, "જે માણસ આ કાનેથી સાંભળી બીજે કાને વાત કાઢી નાખે છે તે કોડીનો છે, જે વાત સાંભળી મુખથી બીજાને કહે છે, તે જૂજ કિંમતનો છે અને જે વાતને પેટમાં પચાવી દે અથવા તે પ્રમાણે ચાલે તે ખરો મનુષ્ય છે!"

૨૫૭–लोभे लक्षण जाय

એક શેઠ પાસે ધન હતું, છતાં તેના લોભની સીમા ન હતી. તેને હંમેશાં એવી ઇચ્છા થતી કે, 'આ દુનિયામાં મારા જેવો બીજો કોઇ ધનાઢ્ય ન હોવો જોઈએ. એક દિવસ કોઈ યોગી આવી ચડ્યા. શેઠે તેમની સેવા કરી પ્રસન્ન કર્યા. યોગીએ વરદાન માગવાનું કહ્યું. ત્યારે શેઠે કહ્યું કે, "હું જેને અડકું તે સોનું બની જાય!" યોગીએ કહ્યું: "જાઓ, તેમ થશે." એક દિવસ શેઠ જંગલમાં ગયો અને દાતણને અડકયો કે દાતણનું સોનું બની ગયું. તેનો દૂચો થયો નહિ, તેથી તે

દાતણ કર્યો વિના રહ્યો. નદીમાં નાહવા પડ્યો. ત્યારે જળને અડકવાથી જળ સોનું થઈ ગયું, એટલે તે નાહી શકયો નહિ. પછી ઘેર આવી ભોજન કરવા બેઠો; ત્યારે ભોજન પણ અડકવાથી સોનું થઈ ગયું! એટલે તે ભૂખ્યો રહ્યો. છોકરાઓને રમાડતાં છોકરા પણ સોનાના થઈ ગયા. હવે તે પોક મૂકી રોવા લાગ્યો. એટલે પેલા મહાત્માએ આવી પૂછયું કે, "તું શા માટે રડે છે?" શેઠ બોલ્યોઃ "મારે આ વરદાન જોઈતું નથી." મારા પર આપ કૃપા કરો. મહાત્માએ વરદાન પાછું લઈ લીધું. તેથી તે સુખી થયો. અતિ લોભ તે પાપનું મૂળ.

૨૫૮–સંચિત પ્રમાણે જન્મ મળે છે

એક કઠિયારો, તેની સ્ત્રી તથા છોકરો લાકડાં કાપી પોતાનું જીવન ચલાવતાં હતાં. એક વખતે નારદજી તે જંગલમાંથી જતા હતા. તેમને આ લોકોને મહેનત કરતા જોઇ દયા આવી, તેથી તેમને સુખી કરવા ભગવાન પાસે જઇ વિનતિ કરી. ભગવાને કહ્યું કે, "મનુષ્યને પૂર્વના સંસ્કાર પ્રમાણે જન્મ મળે છે, છતાં જો તમારે તેમને કંઈ આપવું હોય, તો ભલે એક એક વરદાન આપો." નારદજીએ પ્રથમ કઠિયારાની સ્ત્રીને વરદાન માગવા કહ્યું. તેણે કહ્યું કે, "હું રાજાની રાણી બનું એવું વરદાન આપો." નારદજીએ 'તથાસ્તુ' કહ્યું. તે સ્વરૂપવાન બનતાં એક રાજાની રાણી થઈ. રાજા તેને લઇ જંગલમાં ફરવા નીકળ્યો. પછી પેલો કઠિયારો બહુ દુઃખી થયો અને તેણે ક્રોધમાં માગ્યું કે, "મારી સ્ત્રી મને જંગલમાં મૂકી ચાલી જઈ રાણી બની છે, તે હવે જંગલમાં ભટકનાર ભૂંડણી બની જાય!" તે સ્ત્રી ભૂંડણી બની ભટકતી ભટકતી ત્યાં આવી.

પોતાની માતાને દુઃખી થતી જોઇ છોકરાએ માગ્યું કે, "મારી મા પહેલાં હતી તેવી થાય." તે સ્ત્રી પાછી કઠિયારણ બની ગઈ. પછી ત્રણેએ લાકડાંના ભારા ઉઠાવ્યા અને તે વેચીને પહેલાંની માફક પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યાં. પુનઃ નારદજીએ આવીને જોયું, તો આ લોકોને જોઇને તેઓ આભા જ બની ગયા! તેઓએ વિચાર્યું કે, 'મેં વરદાન આપ્યાં તે ફોકટ ગયાં અને ભગવાનના કથન મુજબ જ થયું.'

૨૫૯–दुनिया दोरंगी छे

એક મહાત્મા તીર્થયાત્રા કરવા ગયા હતા. તેઓ એક રાત્રે પૂર્વ તરફ ઓશીકું કરીને સૂઇ ગયા. આ વખતે કોઈ માણસે આવીને કહ્યું કે, "તમારા પગ પશ્ચિમ તરફ છે તે બહુ ખોટું છે, કારણ કે તે તરફ દ્વારકા છે અને ત્યાં સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્ર બિરાજે છે." આ સાંભળી પેલા મહાત્માએ તુરત જ પશ્ચિમ તરફ ઓશીકું કર્યું, એટલે પગ પૂર્વ તરફ થયા. તે વખતે બીજો માણસ આવ્યો અને બોલ્યોઃ "મહારાજ, પૂર્વ તરફ સાક્ષાત્ જગન્નાથ બિરાજે છે, માટે તે તરફ પગ ન કરાય." ત્યારે તેણે પગ ઉત્તર તરફ કર્યા, ત્યારે ત્રીજાએ આવીને કહ્યું: "ઉત્તર દિશામાં બદરીનારાયણ છે, તે તરફ તમે પગ કર્યા તે ઠીક ન કર્યું." તેણે દક્ષિણ દિશામાં પગ કર્યા. હવે ચોથાએ આવીને કહ્યું: "દક્ષિણમાં તો રામેશ્વર બિરાજે છે, તેમનું તમે અપમાન કર્યું." મહાત્માએ અકળાઇને નીચે માથું અને ઊંચે પગ રાખ્યા. ત્યારે પાંચમો આવ્યો અને બોલ્યોઃ "મહાત્માજી, આકાશમાં સૂર્યચંદ્ર તથા વૈકુંઠ આદિ લોકો છે તેની સામે પગ કરવા તે અધમ કાર્ય ગણાય." તેણે

છેવટે ઊભું રહેવું પસંદ કર્યું. ત્યારે છઠ્ઠા માણસે કહ્યું: "તમે ઘણું જ ખરાબ કામ કર્યું. કારણ કે પાતાળમાં શેષનાગ રહે છે, તેની ઉપર વિષ્ણુ શયન કરે છે, તે બાજુ પગ રખાય જ નહિ." હવે મહાત્મા થાક્યા અને બોલ્યા: "મેં તમારી બધાની શરમ રાખી, પણ તમે કોઈએ મારી ન રાખી; માટે જાઓ, હું મારી મરજી પ્રમાણે સૂઈશ." આ દુનિયા દોરંગી છે, વિચારશીલ મનુષ્ય તેમાં ન ઘસડાતાં મરજી મુજબ વર્તે છે.

૨૬૦–जगतने कोणे जीत्युं छे ?

એક વખત પાર્વતીએ મહાદેવજીને કહ્યું કે, "આ દુનિયામાં મનુષ્યો એવાં કામ શા માટે કરતા હશે કે, તેઓ લોકમાં નિંદાય છે?" ત્યારે શિવજીએ કહ્યું કે, "લોકોનો પ્રવાહ જ એવો છે કે, ગમે તેવા સિદ્ધને પણ સર્વ કોઈ નિંદે." પાર્વતીએ કહ્યું: "એમ ન બને. સાચવીને લોક કહે તેમ ચાલે તો કોઈ વિરુદ્ધ ન બોલે." મહાદેવે કહ્યું: "ચાલો, આપણે જોઈએ." એમ કહી નંદી ઉપર બેસી શિવ, પાર્વતી અને ગણપતિ ત્રણે એક શહેરમાં ગયાં. તેમને જોઈને લોકોએ કહ્યું કે, "આ ત્રણે કેટલાં નિર્દય છે? એક અવાચક પ્રાણી ઉપર ત્રણે બેઠાં છે." મહાદેવજી ઊતરી પડ્યા. ફરી લોકો બોલ્યા: "આ સ્ત્રી કેટલી બધી ક્રૂર છે! આ વૃદ્ધ ડોસાને ચલાવે છે અને પોતે ઉપર બેઠી છે. તેને જરા પણ શરમ આવતી નથી!" પાર્વતી પણ ઊતરી ગયાં. ત્યારે લોકોએ કહ્યું: "આ યુવાન છોકરો બદમાસ લાગે છે, નહિ તો તેનાં માબાપ પગે ચાલે અને પોતે ઉપર બેસે? ખરેખર, હવે કળિયુગ આવ્યો!" આ સાંભળી ગણપતિ પણ ઊતરી ગયા. ત્રણેએ પગે ચાલવા માંડ્યું. લોકો

બોલ્યા: "આ વાહન શા માટે રાખ્યું હશે? કેટલાં મૂર્ખ છે કે છતે વાહને પગે ચાલે છે!" મહાદેવજી ફરીથી નંદી ઉપર બેઠા. ત્યારે લોકો કહેવા લાગ્યા કે, "આ બુઢ્ઢાને કેટલાં વર્ષ જીવવું હશે? આ બિચારી સ્ત્રી તથા છોકરો ચાલે છે અને ઠાસો ઉપર મહાલે છે!" મહાદેવજી પાર્વતી સામું જોઈ હસ્યા, તેથી પાર્વતી બોલ્યાં: "તમે કહો છો તેમજ છે." આ દુનિયા જિતાય તેમ નથી. ભાષ્યકારે સાચું જ કહ્યું છે કે—

દુનિયા પવિત્રને પિશાચ, વિલક્ષણ બુદ્ધિવાળાને ચંચળ, ક્ષમાવાળાને અશક્ત, બળવાનને દુષ્ટ, નિશ્ચયવાળાને ચોર અને રૂપાળાને કામી કહે છે. જો આમ છે, તો પછી લોકને વશ કરવા કોણ સમર્થ છે?

२६१–स्नेहने खातर शिकार छोड्यो

વીરસિંહ નામના વાઘેલા રાજાનો રામચંદ્ર નામનો મિત્ર હતો. તેઓ બંને હંમેશાં સાથે રહેતા હતા. એકબીજા વિના ઘડી પણ ચાલે નહિ, એવા તે સાચા સ્નેહીઓ હતા. એક વખત તેઓ શિકાર કરવા ગયા, ત્યારે રામચંદ્રે મૃગનું ચામડું પહેર્યું અને મૃગના ટોળામાં પેસી આગળ દોડવા લાગ્યો. મૃગના ટોળાને લઈ તે જ્યાં વીરસિંહ ઊભો હતો ત્યાં આવ્યો. આ વાત પ્રસિદ્ધ છે કે, 'વાવે તેવું લણે અને કરે તેવું પામે.' વીરસિંહનું બાણ મૃગચર્મધારી પોતાના મિત્ર રામચંદ્રને જ લાગ્યું. વીરસિંહ તેની પાસે જતાં બહુ પસ્તાયો અને વિચાર કરવા લાગ્યો કે, 'શિકાર કરવો તે અધર્મ છે, તેનું ફળ આજે મને મળી ચૂક્યું.' તે પ્રાર્થના કરવા લાગ્યો કે, "હે પરમાત્મા! હું આજથી પ્રતિજ્ઞા કરું છું કે, હવે હું કદી પણ

શિકાર કરીશ નહિ, તેમ કોઈને મારા રાજ્યમાં શિકાર કરવા પણ દઈશ નહિ. મારા મિત્ર વિના હું કેવી રીતે જીવી શકીશ? હે ઈશ, કૃપા કરી તેને જીવતો કરો." તેના અંતઃકરણની શુદ્ધ ભાવના ઈશ્વરે સાંભળી અને આકાશવાણી થઇ કે, "તારું અર્ધું આયુષ્ય આપીશ, તો તારો મિત્ર જીવતો થશે. પછી જ્યારે મૃત્યુ આવશે ત્યારે તમે સાથે મરશો." પેલાએ રાજી થઈ તે પ્રમાણે કર્યું. મિત્ર જીવતો થયો. તે દિવસથી રાજાએ શિકાર કરવો છોડી દીધો અને આખા રાજ્યમાં શિકાર નહિ કરવાનો ઢંઢેરો પિટાવ્યો.

૨૬૨–શત્રુ ઉપર દયા રાખો

દાન આપવું સહેલ છે, સહેલો પરોપકાર;
પણ શત્રુને પાળવો, તે મુશ્કેલ અપાર.

એક રાજાને ત્રણ પુત્રો હતા. રાજા વૃદ્ધ થયો ત્યારે પુત્રોને પાસે બોલાવીને કહેવા લાગ્યો કે, "મારી પાસે એક અંગૂઠી છે, જે એક અઠવાડિયાની અંદર નેકીનું કામ કરી બતાવશે તેને હું તે આપીશ." વાત સાંભળી ત્રણે પુત્રો પોતાની સાચી નીતિ સિદ્ધ કરવા માટે ઘરની બહાર નીકળી પડ્યા. સાત દિવસ પછી તેઓ પાછા આવ્યા અને પોત-પોતાની નેકી સંભળાવવા લાગ્યા. પહેલો બોલ્યોઃ "પિતાજી, હું અહીંથી નીકળી ગામડામાં ગયો, ત્યાં એક માણસ સામો આવતો હતો. તેને સો રૂપિયા જોઇતા હતા, તે વિના તે આપઘાત કરવા તૈયાર થયો હતો. મેં તેને રૂપિયા આપી બચાવ્યો!" પિતા બોલ્યા: "એ તારો ધર્મ હતો." બીજો બોલ્યોઃ "પિતાજી, હું અહીંથી જંગલમાં ગયો, ત્યાં એક

માણસ તળાવમાં ડૂબવાની તૈયારીમાં હતો. મેં જઈ તેને ઉગાર્યો. જો હું થોડો વિલંબ કરત તો તે અવશ્ય મરી જાત." પિતાએ કહ્યું: "આ પણ મનુષ્યનો ધર્મ છે. તેમાં તેં કંઈ વધુ કર્યું નથી." ત્રીજો નાનો છોકરો બોલ્યો: "પિતાજી, હું અહીંથી પહાડ તરફ ગયો. ત્યાં એક મારો કટ્ટો શત્રુ ઘસઘસ નિદ્રામાં સૂતો હતો. તે એવી જગાએ સૂતો હતો કે, જો ત્યાંથી તે નીચે પડે તો એક પણ હાડકું સાજું ન રહે. વળી તે પડવાની તૈયારીમાં હતો. હું ઘણા દિવસથી તેને મારવા ફરતો હતો, તે આજ અચાનક મળી ગયો. મેં દુશ્મનાવટ છોડી એકદમ દોડી જઈ તેને સચેત કરી સારી જગ્યાએ બેસાડ્યો અને કહ્યું કે, "તું ડરીશ નહિ." પિતાએ આ છોકરાને અંગૂઠી આપી અને કહ્યું: "સાચી નીતિ તેં બતાવી છે, કારણ કે તેં શત્રુ ઉપર દયા કરી છે."

૨૬૩–પ્રભુનું સાચું સ્મરણ શું ન કરે?

એક ગરીબ વિધવા સ્ત્રીને બે નાના પુત્ર હતા. તે પોતાના પુત્રના પોષણ માટે બીજા મનુષ્યોનું કામ કરી મહા મુશ્કેલીથી આજીવિકા ચલાવતી હતી. પોતે ભૂખી રહી છોકરાઓને દૂધ અને પતાસાં આપતી. એક દિવસ તેની પાસે કંઈ ન હતું અને પુત્રોએ દૂધ તથા પતાસાં માટે હઠ કરી. માતા બોલી: "પુત્ર, દૂધપતાસાં પરમેશ્વર પાસે માગો." છોકરાઓ બોલ્યા: "તે ક્યાં રહે છે?" માતા ઊંચો હાથ કરી બોલી: "વૈકુંઠમાં." ભૂખ્યા છોકરાઓ પ્રભુને યાદ કરતા નિશાળે ગયા. ત્યાં જઈ બેઉએ મળીને એક ચિઠ્ઠી લખી કે, "હે દયાળુ પિતા! આ બાળકોને દૂધપતાસાં મોકલી આપજો." કાગળ

ઉપર વૈકુંઠ ગામ લખ્યું! પછી તેઓ ટપાલમાં કાગળ નાખવા ગયા પણ તે નાના હોવાથી પેટી સુધી પહોંચ્યા નહિ. એટલે તેમણે એક મનુષ્યને તે ચિઠ્ઠી પેટીમાં નાખવા આપી. સરનામું વાંચી પેલા મનુષ્યને અજાયબી થઇ કે આ નિર્દોષ બાળકોનો પ્રભુ પ્રત્યે કેટલો વિશ્વાસ છે? પછી તે બોલ્યોઃ "બાળકો! મને પરમ પિતા પરમેશ્વરે હુકમ કર્યો છે, માટે તમે મારે ત્યાંથી શેર દૂધ અને ૦। શેર પતાસાં હંમેશાં લઇ જજો." છોકરાઓ રાજી થઇ ઘેર ગયા. તેમણે માતાને બધી બનેલી વાત કરી. છોકરાઓનો ઈશ્વર ઉપર આવો સાચો પ્રેમ જોઇ માતાએ તેમને છાતીસરસા ચાંપ્યા!

२६४–ईश्वर जे करे छे, ते सारुंज करे छे

એક રાજાનો વજીર હતો. તેને ઈશ્વર પર પૂર્ણ વિશ્વાસ હતો. તે હંમેશાં એમ માનતો કે, ઈશ્વર જે કરે છે તે સારું જ કરે છે. એક વખતે તે અને તેનો રાજા શિકાર ખેલવા ગયા. ત્યાં સિંહ ઉપર પ્રહાર કરતાં રાજાની આંગળી કપાઈ ગઈ, ત્યારે વજીરે કહ્યું: "ઈશ્વર જે કરે છે તે સારું જ કરે છે." રાજાને રીસ ચઢી અને બોલ્યોઃ "મારી આંગળી કપાઈ ત્યારે તું સારું થયું કહે છે, માટે દુષ્ટ, અહીંથી તું ચાલ્યો જા. મારે તારી જરૂર નથી." "ઈશ્વર જે કરે છે તે સારું જ કરે છે." એમ કહી વજીર ઘેર ગયો. રાજા આગળ વધ્યો, ત્યાં ચોરના ટોળાએ તેને પકડ્યો. ચોર લોકો પોતાની દેવીને ભોગ આપવા રાજાને ઉઠાવી દેવીની પાસે લઈ ગયા. મારાએ તલવાર ખેંચી, એટલામાં તેની આંગળી કપાયેલી દેખી. ખોડીલો મનુષ્ય દેવીને ન ચઢાવાય એમ સમજી રાજાને છોડી

માણસ તળાવમાં ડૂબવાની તૈયારીમાં હતો. મેં જઈ તેને ઉગાર્યો. જો હું થોડો વિલંબ કરત તો તે અવશ્ય મરી જાત." પિતાએ કહ્યું: "આ પણ મનુષ્યનો ધર્મ છે. તેમાં તેં કંઈ વધુ કર્યું નથી." ત્રીજો નાનો છોકરો બોલ્યો: "પિતાજી, હું અહીંથી પહાડ તરફ ગયો. ત્યાં એક મારો કટ્ટો શત્રુ ઘસ-નિદ્રામાં સૂતો હતો. તે એવી જગાએ સૂતો હતો કે, જો ત્યાંથી તે નીચે પડે તો એક પણ હાડકું સાજું ન રહે. વળી તે પડવાની તૈયારીમાં હતો. હું ઘણા દિવસથી તેને મારવા ફરતો હતો, તે આજ અચાનક મળી ગયો. મેં દુશ્મનાવટ છોડી એકદમ દોડી જઈ તેને સચેત કરી સારી જગ્યાએ બેસાડ્યો અને કહ્યું કે, "તું ડરીશ નહિ." પિતાએ આ છોકરાને અંગૂઠી આપી અને કહ્યું: "સાચી નીતિ તેં બતાવી છે, કારણ કે તેં શત્રુ ઉપર દયા કરી છે."

૨૬૩–પ્રભુનું સાચું સ્મરણ શું ન કરે?

એક ગરીબ વિધવા સ્ત્રીને બે નાના પુત્ર હતા. તે પોતાના પુત્રના પોષણ માટે બીજા મનુષ્યોનું કામ કરી મહા મુશ્કેલીથી આજીવિકા ચલાવતી હતી. પોતે ભૂખી રહી છોકરાઓને દૂધ અને પતાસાં આપતી. એક દિવસ તેની પાસે કંઈ ન હતું અને પુત્રોએ દૂધ તથા પતાસાં માટે હઠ કરી. માતા બોલી: "પુત્ર, દૂધપતાસાં પરમેશ્વર પાસે માગો." છોકરાઓ બોલ્યા: "તે ક્યાં રહે છે?" માતા ઊંચો હાથ કરી બોલી: "વૈકુંઠમાં." ભૂખ્યા છોકરાઓ પ્રભુને યાદ કરતા નિશાળે ગયા. ત્યાં જઈ બેઉએ મળીને એક ચિઠ્ઠી લખી કે, "હે દયાળુ પિતા! આ બાળકોને દૂધપતાસાં મોકલી આપજો." કાગળ

ઉપર વૈકુંઠ ગામ લખ્યું! પછી તેઓ ટપાલમાં કાગળ નાખવા ગયા પણ તે નાના હોવાથી પેટી સુધી પહોંચ્યા નહિ. એટલે તેમણે એક મનુષ્યને તે ચિઠ્ઠી પેટીમાં નાખવા આપી. સરનામું વાંચી પેલા મનુષ્યને અજાયબી થઇ કે આ નિર્દોષ બાળકોનો પ્રભુ પ્રત્યે કેટલો વિશ્વાસ છે? પછી તે બોલ્યોઃ "બાળકો! મને પરમ પિતા પરમેશ્વરે હુકમ કર્યો છે, માટે તમે મારે ત્યાંથી શેર દૂધ અને ૦।શેર પતાસાં હંમેશાં લઇ જજો." છોકરાઓ રાજી થઇ ઘેર ગયા. તેમણે માતાને બધી બનેલી વાત કરી. છોકરાઓનો ઈશ્વર ઉપર આવો સાચો પ્રેમ જોઇ માતાએ તેમને છાતીસરસા ચાંપ્યા!

૨૬૪–ઈશ્વર જે કરે છે, તે સારુંજ કરે છે

એક રાજાનો વજીર હતો. તેને ઈશ્વર પર પૂર્ણ વિશ્વાસ હતો. તે હંમેશાં એમ માનતો કે, ઈશ્વર જે કરે છે તે સારું જ કરે છે. એક વખતે તે અને તેનો રાજા શિકાર ખેલવા ગયા. ત્યાં સિંહ ઉપર પ્રહાર કરતાં રાજાની આંગળી કપાઈ ગઈ, ત્યારે વજીરે કહ્યું: "ઈશ્વર જે કરે છે તે સારું જ કરે છે." રાજાને રીસ ચઢી અને બોલ્યોઃ "મારી આંગળી કપાઈ ત્યારે તું સારું થયું કહે છે, માટે દુષ્ટ, અહીંથી તું ચાલ્યો જા. મારે તારી જરૂર નથી." "ઈશ્વર જે કરે છે તે સારું જ કરે છે." એમ કહી વજીર ઘેર ગયો. રાજા આગળ વધ્યો, ત્યાં ચોરના ટોળાએ તેને પકડ્યો. ચોર લોકો પોતાની દેવીને ભોગ આપવા રાજાને ઉઠાવી દેવીની પાસે લઈ ગયા. મારાએ તલવાર ખેંચી, એટલામાં તેની આંગળી કપાયેલી દેખી. ખોડીલો મનુષ્ય દેવીને ન ચઢાવાય એમ સમજી રાજાને છોડી

ધન લૂંટાઇ જાત અને હું મરી જાત. હવે હું સાજેતાજે ઘેર જઇ સ્ત્રીપુત્રાદિને મળીશ એ પ્રભુની જ કૃપા છે. પ્રભુ સર્વનું રક્ષણ કરે છે તે વાત ખરી છે."

૨૬૬–आज्ञाभंगनी शिक्षा

એક માળીએ ઘણો સુંદર બગીચો બનાવ્યો હતો. તેમાં હવા ખાવા તથા ફરવા માટે સર્વ કોઇને આવવાની છૂટ હતી, પણ બગીચાનાં પુષ્પ ચૂંટવાની કે તેને અડકવાની સખત મનાઇ હતી. એક મનુષ્ય તે બગીચામાં ફરવા ગયો. દરવાજામાં પેસતાં પાટિયું વાંચી તે અંદર ગયો. ત્યાં ગયા પછી તેનું મન બગડયું. તેણે થોડાંક ફૂલ ચૂંટી અંદરના ખિસ્સામાં ભરી લીધાં. અંદર કોણ જેનાર છે, એમ તે વિચારવા લાગ્યો. જ્યારે તે બગીચામાં ફરી દરવાજામાંથી બહાર નીકળવાને આવ્યો ત્યારે માળીના હુકમ મુજબ તેના છોકરાએ તેની ઝડતી લીધી. પુષ્પની ચોરી પકડાઇ ગઇ. માળીએ તેને યોગ્ય શિક્ષા માટે પોલીસને સ્વાધીન કરી દીધો. સમજવાનું એ છે કે, પરમાત્મારૂપી માળીએ આ જગતરૂપી બગીચો બનાવ્યો છે. તેમાં જીવાત્મા ફરવા આવ્યો છે; તે બગીચામાં કેમ વર્તવું તે મનુષ્ય શાસ્ત્રો વાંચીને જાણી શકે છે, છતાં તે પ્રમાણે તે વર્તતો નથી. પરિણામે દુઃખી થાય છે.

૨૬૭–मनुष्यदेह पारसमणि समान छे

એક વાણિયો અતિશય લોભી હતો. એક મહાત્માએ તેને પારસમણિ આપી કહ્યું: "આ મણિ તને હું સાત દિવસ માટે

આપું છું. સાતમે દિવસે હું તે પાછો લઈ લઈશ. તારે જેટલું સોનું કરવું હોય તેટલું કરી લેજે." વાણિયે વિચાર કર્યો કે, 'સાત દિવસની અવધિ છે એટલામાં બહારગામથી લોઢું મંગાવી લીધું હોય તો જિંદગીનું દળદર જાય.' એમ વિચારી જુદાં જુદાં શહેરોમાં તેણે લોઢું ખરીદવા માણસો મોકલી દીધા. માણસોને બે દિવસ જતાં લાગ્યા, એક દિવસ માલ લેતાં લાગ્યો, એક દિવસ ગાડીએ ચઢાવતાં અને બે દિવસ પાછા આવતાં એમ છ દિવસ વીતી ગયા. વાણિયાએ વિચાર્યું કે, 'હજી એક દિવસ બાકી છે. ઘેર જઈ શાંતિથી સોનું બનાવીશું.' સાતમો દિવસ થવાથી તે બધા લોઢાને ઘેર લઈ ગયો. એવામાં તરત જ પારસમણિવાળા મહાત્મા આવ્યા. તેમણે કહ્યું કે, "મારો મણિ લાવ. સાત દિવસ પૂરા થઈ ગઈ ગયા છે." વાણિયાએ કહ્યું: "થોડી વાર પછી આપીશ." મહાત્મા બોલ્યા: "સાત દિવસ વીત્યા છતાં તને નવરાશ ન મળી, તો પછી એક ઘડીમાં શું કરીશ? ઠરાવ પ્રમાણે મણિ પાછો આપી દે, નહિ તો શાપને પાત્ર થઈશ." વાણિયાએ મણિ પાછો આપી દીધો. તે ઘણું પસ્તાયો, પણ શું કરે! સમજવાનું એ છે કે, આ જીવાત્માને મનુષ્યદેહરૂપી પારસમણિ ઈશ્વરે આપ્યો છે, તેનો વેળાસર ઉપયોગ કરવો જોઈએ.

કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
અવસર વીતી જાયગો, ફીર કરેગા કબ?

૨૬૮—લક્ષચોરાશી ફેરા ફરે છે

आपदां प्रथितः पंथा इंद्रियाणामसंयमः ।
तज्जय संपदां मार्गो येनेष्टं तेन गम्यताम् ॥

અર્થાત્ ઇંદ્રિયોને સંયમમાં ન રાખવી, તે જ દુઃખનો

વિખ્યાત માર્ગ છે. તેનો જય કરવો તે સુખનો માર્ગ છે, તમારી મરજીમાં આવે તેમ ચાલો.

એક આંધળો હતો. તે એક નગરમાં આવ્યો. ત્યાં ઘણી અડચણો પડવાથી તે મૂંઝાયો. તેણે નગર બહાર જવાનો વિચાર કર્યો. સૌ કોઇ તેને ધક્કા મારે પણ કોઇ રસ્તો બતાવે નહિ. એક દયાળુ મનુષ્ય મળ્યો. તેણે કિલ્લો બતાવીને કહ્યું કે, "આ નગરની બહાર નીકળવાનો એક જ દરવાજો છે, માટે આ કિલ્લાને હાથ લગાડી ચાલ્યા જાઓ, એટલે દરવાજો આવશે." આંધળાએ તે પ્રમાણે ચાલવા માંડયું. રસ્તામાં ગંદાં નાળાં આવે, ખાડાટેકરા આવે, ત્યાં તે પડી જાય, પણ પાછો જલદી ઊઠી દીવાલે હાથ લગાડી ચાલવા માંડે. એમ ચાલતાં ચાલતાં દરવાજો સમીપ આવ્યો, કર્મસંયોગે માથામાં ખૂજલી થયેલી હોવાથી ચળ આવી તેથી તે બે હાથે ખંજવાળવા લાગ્યો. એટલામાં દરવાજો જતો રહ્યો. પછી દીવાલે હાથ મૂકયો. આમ આખું નગર ફર્યો પણ તે દરવાજે થઇ બહાર નીકળી શકયો નહિ. આંધળાને દુઃખથી પીડાતો જોઇ એક સજ્જને તેને દરવાજા બહાર લાવી મૂકયો. આ પ્રમાણે અજ્ઞાની જીવાત્મા સંસારરૂપી નગરમાં આંધળો થઇને આવ્યો છે. તેને જન્મમરણના ફેરામાંથી બચવાનો માત્ર એક મનુષ્યદેહ છે. જ્યારે લક્ષચોરાશીમાંથી ફરતો ફરતો તે મનુષ્યશરીરમાં આવે છે, ત્યારે વિષયભોગરૂપી ખૂજલી તેને આવે છે, આથી મનુષ્ય જન્મ ચાલ્યો જાય છે, પરિણામે તેને હેરાન થવું પડે છે.

૨૬૯–હું વિદેહી કેમ ?

જનક રાજા વિદેહી કહેવાતા. એક વા
મંત્રીએ પૂછયું કે, "તમે દેહ છતાં

કહ્યું કે, "આનો ઉત્તર હું તમને આવતી કાલે આપીશ. આવતી કાલે તમારે અહીં જમવાનું છે." એવું આમંત્રણ જનકે મંત્રીને આપ્યું. મંત્રી ઘેર ગયો. બીજે દિવસે ભોજનના સમય પહેલાં જનકે રાજ્યમાં એવો ઢંઢેરો પિટાવ્યો કે, "મંત્રીનો એક એવો ભયંકર ગુનો સાબિત થયો છે કે, વિના પૂછયે આજે ચાર વાગે તેમને ફાંસી આપવાની છે!" માણસોએ મંત્રીના ઘર આગળ બહુ જોસથી બેચાર વખત સંભળાવ્યું. મંત્રીના હોશકોસ ઊડી ગયા. રાજાએ રસોઇ મીઠા-મરચા વિનાની બનાવી હતી. મંત્રી જમવા આવ્યો. તેનું ચિત્ત કોઈ વસ્તુમાં ચોંટયું નહિ. જમ્યા પછી જનકે કહ્યું: "કેમ મંત્રીજી, રસોઈ કેવી બની છે?" મંત્રી કહેઃ "મને તેની કંઇ ખબર નથી, કારણ કે આજે ચાર વાગે આપ મને ફાંસી આપવાના છો તેથી મારા હૃદયમાં તે જ વાત ઘોળાયા કરે છે. મને આજે બીજી કોઈ વસ્તુમાં પ્રેમ થતો નથી. ચારે તરફ જ્વાળા સળગી રહી હોય તેમ ભાસે છે." જનકે કહ્યું: "તમારે તો હજુ ચાર કલાક ફાંસીના બાકી છે, છતાં શરીરનું તથા ખાવાનું ભાન તમને ન રહ્યું, તો પછી રાજ્યનો અને વ્યવહારનો ભાર ઉપાડવા છતાં, મારું ચિત્ત આસક્તિરહિત રહે છે એટલે જ લોકો મને વિદેહી કહે છે.

૨૭૦–हुं राज्य करवाने लायक नथी

એક મુસલમાન બાદશાહે એક હિંદુ રાજા ઉપર ચડાઈ કરી. તેણે પાટનગરની પાસે પડાવ નાખ્યો અને દૂત મોકલી કહેવડાવ્યું કે, "અમારી સાથે લડાઇ કરો, નહિ તો રાજ્ય આપી દો." હિંદુ રાજાએ પ્રેમપૂર્વક કહેવડાવ્યું કે, "મ

મારી પ્રજાના સુખ માટે રાજ્ય કરવાની તમારી પ્રતિજ્ઞા હોય, તો હું અત્યારથી તમને રાજ્ય આપી ચૂક્યો છું.” બાદશાહ તે વાત સાંભળી દંગ થઇ ગયો અને પોતાના ઉમરાવોને સાથે લઈ તે પેલા રાજાને મળવા ગયો. બાદશાહની મુલાકાત વખતે બે ખેડૂતોનો કેસ ચાલતો હતો. એકે જમીન વેચી નાખેલી તે બીજાએ વેચાણ રાખેલી હતી. તે જમીનમાંથી ધન નીકળ્યું હતું. પહેલો પટેલ કહે કે, “તે ધન તારું કહેવાય,” ત્યારે બીજો કહે કે “મારું નહિ પણ તારુંજ છે.” રાજાએ કહ્યું: “એકનો પુત્ર અને બીજાની પુત્રીનાં લગ્ન કરો અને બધું ધન પુત્રીને પહેરામણીમાં આપી દો.” આવા ન્યાયથી બાદશાહ તથા સભાના બીજા મનુષ્યો ચકિત થઇ ગયા! ખેડૂતો રાજી થતા થતા ઘેર ગયા. રાજાએ બાદશાહને પૂછ્યું: “આવા પ્રસંગે તમે કેવો ન્યાય કરો?” બાદશાહ બોલ્યો: “અમે તો બેઉને મારીને કાઢી મૂકીએ અને ધન રાજ્યમાં લઇ લઇએ.” રાજાએ પૂછ્યું: “તમારા દેશમાં તાપ, ઠંડી, વરસાદ કેવાં પડે છે?” ત્યારે બાદશાહ બોલ્યો: “બધી ઋતુઓ આવે છે, પણ તમારા જેવી નહિ.” બાદશાહે વિચાર કર્યો કે, ‘જે રાજ્યમાં ખેડૂતો પણ સત્ય અને પ્રમાણિકપણાને વળગી રહેનારા છે, તે રાજ્યમાં આપણા જેવાએ માથું મારવું નકામું છે.’ તે હિંદુ રાજા સાથે મિત્રતા બાંધી પોતાને દેશ પાછો ગયો. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે–

“હે રાજન! જો તું પૃથ્વીરૂપી ગાયને દોહવાને ઇચ્છતો હોય, તો પ્રથમ પ્રજારૂપી વાછરડાને પોષ; તે પ્રજાને સારી રીતે પોષીશ એટલે કલ્પવૃક્ષની પેઠે અનેક ફળ આપનારી આ ભૂમિ થશે.”



૨૭૧–મૂર્ખાઓ શું કરે?

એક વખત એક ગામમાં પશુની બીમારી ચાલી. તે બીમારીમાં ઘણાં પશુઓ ભોં ભોં બરાડા પાડી મરી ગયાં. ગામના આહીર લોકોએ તે રોગની દવા ખોળી કાઢી. તે દવા એવી હતી કે, છાણામાં લોઢાનો સળિયો ઊનો કરીને પશુના બે કેડના ભાગ ઉપર અને બે ગરદન ઉપર ડામ દેવા, એટલે પશુ સારું થઈ જાય! હવે એવું બન્યું કે, કોઈ એક સામવેદી બ્રાહ્મણ તે ગામમાં આવી ચઢયો. પ્રાતઃકાળમાં ખટકર્મથી પરવારી તે સામવેદનું ગાન કરવા લાગ્યો. એક આહીર ત્યાં થઈને જતો હતો, તેણે વિચાર્યું કે, 'આ બીમારી મનુષ્યને પણ લાગુ પડી માટે તેને જલદી રોકવી જોઈએ, નહિ તો આ બ્રાહ્મણ મરી જશે.' આવો વિચાર કરી તેણે બીજા આહીરોને બોલાવ્યા. તેમણે છાણાંમાં લોઢાનો સળિયો ગરમ કર્યો અને પંડિતને બાંધી ડામ દેવા લાગ્યા. પંડિતે કહ્યું: "હું તો વેદનું ગાન કરું છું હું કંઈ રોગી નથી." ત્યારે મૂર્ખ આહીરો બોલ્યા: "આ તો બેભાન અવસ્થામાં બકે છે, એમ કહી બ્રાહ્મણને બે કેડ ઉપર અને બે ગરદન ઉપર ડામ ચાંપી દીધા. પંડિતે પ્રારબ્ધને યાદ કરી કપાળે આંગળી મૂકી, ત્યારે આહીરો સમજ્યા કે, કપાળે ડામ દેવાનું કહે છે પછી તેમણે કપાળે પણ એક ડામ દીધો પેલો પંડિત તો ચૂપ જ થઈ ગયો.

विशेषतो मूर्खसमाजमध्ये मौनं विधेयं सततं पंडितानाम् मूर्खના સમાજમાં પંડિતે ચૂપ રહેવું એજ ડાહ્યાપણભર્યું છે

૨૭૨–માયાને કોણ છોડતું નથી?

એક બ્રાહ્મણ પ્રસિદ્ધ જ્ઞાની જનક રાજા પાસે જઈ બોલ્યોઃ "શું કરીએ, આ પાપી મન એટલું બધું ચંચળ છે કે હું ઘણો જ પ્રયત્ન કરું છું પણ દુષ્ટ મન માયા છોડતું નથી. તેનો કંઈ આપ રસ્તો બતાવો." જનક રાજાએ ઊભા થઈ એક થાંભલાને પકડી રાખ્યો અને બોલ્યા કે, "આ થાંભલો મને છોડે ત્યાર પછી તમારા પ્રશ્નનો ઉત્તર આપું." બ્રાહ્મણ બોલ્યોઃ "આપ કેવી ગાંડી વાત કરો છો? શું એ થાંભલાએ તમને પકડ્યા છે કે તમે થાંભલાને પકડ્યો છે? એ જડ થાંભલો તે કંઈ પકડી રાખતો હશે? તમે મૂકી દો એટલે છૂટા જ છો; જ્યાં સુધી તમે તે પકડી રાખો, ત્યાં સુધી બંધાયેલા જ રહો ને?" જનકે હસતાં હસતાં કહ્યું કે, "આ થાંભલા પ્રમાણે મન પણ જડ છે. એ બિચારું આત્માને કેવી રીતે પકડી શકે? મેં જેવી રીતે થાંભલાને પકડ્યો છે, તેવી રીતે તમે મનને પકડ્યું છે. જો તેને છોડી દેવામાં આવે તો તમે છૂટા જ છો અને પકડી રાખો તો બંધાયેલા જ છો. અર્થાત્ જડ મનને ચાહે તો કુમાર્ગમાં ચલાવો અથવા સુમાર્ગમાં ચલાવો, તે વાત તમારે આધીન છે. લોકો નકામું કહે છે કે, માયા છોડતી નથી. સત્ય વાત તો એ છે કે મનુષ્યોનો તેમાં પ્રમાદ જ છે."

૨૭૩–ક્રોધથી વાણિયાનું કુટુંબ નાશ પામ્યું

એક વાણિયો, તેની સ્ત્રી અને એક નાનો પુત્ર એમ ત્રણનું સુખી કુટુંબ હતું. એક દિવસ એવું બન્યું કે, વાણિયો નામું લખતો હતો અને હિસાબ કરતો હતો. એવામાં નાનો

છોકરો આવી લાડ કરવા લાગ્યો. તેણે વાણિયાના હાથમાંથી કલમ લઈ લીધી, કલમ પાછી આપીને ચોપડો લીધો. બાળકના આવા નિર્દોષ આચરણથી વાણિયો ખુશી થતો હતો. એવામાં પાસે સો રૂપિયાની નોટ પડી હતી, તે છોકરાએ ઉપાડી અને થોડી વારમાં તેના ફાડીને કકડા કરી નાખ્યા. જ્યારે નોટના કકડા થયેલા વાણિયાએ જોયા, ત્યારે તે ક્રોધને રોકી શકયો નહિ. અતિ ક્રોધમાં આવી તેણે બાળકને લાતે લાતે માર્યો. બાળક થોડી વાર તરફડી મરી ગયો. આ દૃશ્ય મેડા ઉપર બેઠેલી સ્ત્રીએ જોયું; તેથી બાળકના દુઃખે દુઃખી થઈ તે ઉપરથી નીચે પડી, બાળકની સાથે મરણ પામી. વાણિયાએ વિચાર્યું કે, 'હવે મારે પણ જીવીને શું કરવું છે? સરકાર મને જંપવા નહિ દે.' તેથી તે પણ આપઘાત કરી મરી ગયો. આ પ્રમાણે ક્રોધને આધીન થવાથી વાણિયાનું આખુય કુટુંબ નાશ પામ્યું, માટે ક્રોધને અધીન થવું નહિ. તેમ છતાં કોઈ વાર ક્રોધ ચઢી જાય તો ખામોશી રાખવી.

२७४–कोण चढे, खोराक के कसरत?

એક રબારીના બે કૂતરા દોડવામાં બહુ હોશિયાર હતા. તેમનો ખોરાક જુવારબાજરીના રોટલા અને છાશનો હતો. એક સાહેબની પાસે બે કૂતરા હતા. તેને સાહેબ દૂધ વગેરે ઉત્તમ પદાર્થ ખવડાવતો. રબારીના કૂતરાની પ્રશંસા સાંભળી તે સાહેબને તેના કૂતરાની જોડે દોડવાની શરત કરવાનું મન થયું. પશ્ચિમમાં ઓચ્ચો પણ કૂતરાઓને બહુ શોખથી પાળે છે. પ્રાચીન સમયમાં ભારતવર્ષમાં ગાય પળાતી, આજે કૂતરા પળાય છે! શરતમાં તે સાહેબના કૂતરા દોડવામાં ભરવાડના

કૂતરાની પાછળ રહી ગયા. આથી સાહેબ શરમાયો અને ભરવાડને પૂછ્યું કે, "તું શું ખોરાક આપે છે?" ભરવાડે જુવાર વગેરે તેને બતાવ્યાં. પછી સાહેબે પણ પોતાના કૂતરાઓને તે ખોરાક આપવો શરૂ કર્યો; તેથી તો ઊલટા તેના કૂતરા દૂબળા પડયા, ત્યારે તેણે ભરવાડના કૂતરા જોડે બદલો કર્યો. ભરવાડ કૂતરાઓને સાદો ખોરાક આપતો પણ હંમેશાં તેમને નિયમસર દોડાવતો. સાહેબ દૂધ વગેરે પાય પણ દોડવાનો અભ્યાસ કરાવે નહિ. આ ઉપરથી સમજવાનું કે ખોરાક સાદો હોવા છતાં નિયમિત કસરત કરવાથી બળવાન થવાય છે.

૨૭૫–પુત્ર પિતાને ન ઓળખ્યો !

એક વખત એક બ્રાહ્મણને પચીસ વર્ષની ઉમ્મરે એક છોકરો થયો. બીજે દિવસે તે બ્રાહ્મણ વિદેશમાં ચાલ્યો ગયો. તે ત્યાં ઘણો વખત રહ્યો. તે છોકરો કાગળ દ્વારા પિતાને જાણતો હતો પણ ઓળખતો નહિ. માતા કહેતી કે, "તારા પિતા વિદેશમાં છે તે આપણી આજીવિકા ચલાવે છે." એક દિવસ એવું બન્યું કે, તે છોકરો કંઇ કામ માટે બીજે ગામ ગયો હતો, ઘેર આવવા નીકળેલા તેના પિતા તે જ ગામમાં તેને મળ્યા. બેઉ જણા એક ધર્મશાળાની એક જ કોટડીમાં રાત રહ્યા, છતાં એકબીજાને ઓળખતા નહિ. જગ્યાને માટે છોકરો બાપ સાથે લડવા લાગ્યો. છોકરો બોલ્યોઃ "આ કોટડી કંઇ તારા બાપની નથી. બધી રોકીને કેમ પડયો છું?" બીજે દિવસે બ્રાહ્મણ પોતાને ઘેર આવી પહોંચ્યો. પાછળથી છોકરો પણ ઘેર જઈને જુએ છે તો રાતવાળો માણસ દેખ્યો! માતાએ કહ્યું: "આ તારા પિતાજી" છોકરો પિતાની માફી માગવા લાગ્યો. છોકરો માને કહેવા લાગ્યો કે, "અમે રાત્રે એક જ

કોટડીમાં હતા, પણ મેં તેમને ઓળખ્યા નહિ." આ પ્રમાણે જીવરૂપી છોકરો તે ઈશ્વરને ઓળખતો નથી, ત્યાં સુધી ઈશ્વર સાથે વિરોધ કરે છે. જ્યારે બ્રહ્મવિદ્યારૂપી માતા તેને સમજાવે છે, ત્યારે તે વિરોધ છોડી દઈ પ્રભુભક્ત બને છે.

૨૭૬—काचनी वंगडी नाशवंत छे

સને ૧૮૫૭ ના બળવામાં અજબ પરાક્રમ બતાવનાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈથી કોણ અજાણ્યું હશે ? લક્ષ્મીબાઈ વિધવા હતી. તે પોતાની હોશિયારીથી રાજ્ય ચલાવતી હતી. એક સમયે રાજધાનીમાં એક પંડિત કથા વાંચતો હતો. રાણીને તેની ખબર પડી. તે સરળ સ્વભાવની અને ધાર્મિકવૃત્તિની હોવાથી એક દિવસ પંડિતની કથા સાંભળવા ગઈ. રાણીને સોનાનાં કડાં પહેરેલાં જોઈ ટીકા કરી તે બોલ્યો કે, "આજકાલ ધર્મની મર્યાદા તૂટી ગઈ છે. જે સ્ત્રીઓ પતિ જીવતાં કાચ વગેરેની બંગડીઓ પહેરતી તે વિધવા થયા પછી સોનાનાં કડાં પહેરે છે." રાણી જેટલી આસ્તિક હતી તેટલી જ બુદ્ધિશાળી તથા હાજર-જવાબી હતી. તે તરત ઊભી થઈ બોલી: "પંડિતજી, પતિ જીવતાં અમે કાચની બંગડીઓ એ માટે પહેરીએ છીએ કે, પતિનું શરીર કાચ સમાન નાશવંત છે. જ્યારે તેમનું શરીર છૂટી જાય છે ત્યારે તે અવિનાશી અખંડ પરમાત્મા સચ્ચિદાનંદસ્વરૂપ થઈ જાય છે; તેથી અમે વિધવાઓ જે નાશવંત નથી તેવાં સોનાનાં કડાં પહેરીએ છીએ! અર્થાત સોનારૂપી પ્રભુનો આશરો લઈએ છીએ. ખરું સૌભાગ્ય જ તેનું નામ છે." આ સાંભળી પંડિત ચૂપ થઈ ગયો.

२७७–समदृष्टि ने सर्व समान

એક ગામની ભાગોળે સાધુઓએ મુકામ કર્યો. તેમાં ગાંડા જેવા દેખાતા એક મહાત્મા હતા. તેઓ પ્રસન્નચિત્તે સમૂહમાં ફરતા હતા. તેમને જોઇ કેટલાક કહેવા લાગ્યા કે, આ તો અઘોરી છે, કોઈએ કહ્યું આ પાખંડી છે, કોઈ કહે, આ ગાંડો માણસ છે. લોકોની વાતો સાંભળી તે મહાત્મા હસતા હતાં. આ બધી વાતો સાંભળી એક સજ્જન માણસે કહ્યું કે, "તે ઉપરથી ગમે તેવા દેખાય છે, પણ આપણા બધા કરતાં તે સારા છે; જો તમે ન માનો તો એક માણસ તેમની પાછળ જઇ જુઓ અને જ્ઞાન સંબંધી પ્રશ્નો પૂછો." પેલા માણસના કહેવાથી એક માણસ તેમની પાછળ જઇ જુએ છે તો તેઓ કૂતરાને ખાવાની ચાટમાં કૂતરા જોડે ખાય છે અને કૂતરાને કહે છે કે, "ખાઉધરા ! તું એકલો ખાય છે ? મને બોલાવતો પણ નથી !" આ બનાવ જોઇ પેલાએ મહાત્માને નમસ્કાર કર્યા અને તે બોલ્યો કે, "આપ અલૌકિક પુરુષ છો. મને જ્ઞાનનો ઉપદેશ આપો." મહાત્મા બોલ્યાઃ "જ્યારે ગંદી ખાળનું જળ અને ગંગાજળમાં કશો ભેદ નહિ જણાય અને સ્ત્રીઓનાં સુંદર ગીતો અને સિંહની ગર્જના તમને સમાન લાગશે, ત્યારે સાચા જ્ઞાનની પ્રાપ્તિ થશે." એમ કહી મહાત્મા ચાલ્યા ગયા અને લોકો આશ્ચર્યથી તાકી જોઇ રહ્યા.

२७८–हुं अने तमे समान छीए

એક બ્રાહ્મણની ઘણી દરિદ્રાવસ્થા હતી. તે એક વખત રાજા પાસે યાચના કરવા ગયો. તે રાજા ભોજ રાજા જેવો ન હતો

પણ સુધરેલા જમાનાનો હતો, તેથી તે બ્રાહ્મણની હાંસી કરી બોલ્યોઃ "ભૂદેવ, તમે આવ્યા તે ઘણું સારું થયું! પૂર્વે દાન લેનારા બ્રાહ્મણોમાં તમારા પૂર્વજ અગસ્ત્ય હતા. તે આખા સમુદ્રનું પાન કરી ગયા હતા. તમે તેમના વંશના હોવાથી આ ઘડો ભરી જળ પી જાઓ તો દાન આપું." બ્રાહ્મણ સમજુ હતો તેથી બોલ્યોઃ "હે રાજન, તમારા પૂર્વજ શ્રીરામચંદ્રજી હતા, જેમણે સમુદ્રમાં પર્વત તરતો કર્યો હતો. જો તમે આ ૦| શેરનો પથરો પાણીમાં તારો તો હું તમને ધન્યવાદ આપું!" રાજા આ ઉત્તર સાંભળી પ્રસન્ન થયો અને બ્રાહ્મણને યથાશક્તિ દાન આપી વિદાય કર્યો.

૨૭૯–પંડિતની ચાતુરી

દિલ્હીના બાદશાહ વિષે એક વાત છે. એક બ્રાહ્મણ બાદશાહના શાહજાદાને ભણાવવા જતો. બાદશાહે એક દિવસ પંડિતને કહ્યું: "પંડિતજી, મને સંધ્યા શિખવાડો." બ્રાહ્મણે વિચાર્યું, 'જો હું આને સંધ્યા શીખવીશ તો શાસ્ત્રોનો વિરોધ લાવી બ્રાહ્મણો મારો બહિષ્કાર કરશે અને જો ના કહીશ તો બાદશાહ કોપ કરી મારો દંડ કરશે.' આમ વિચાર કરી બાદશાહને પૂર્વ દિશા તરફ મુખ રાખી બેસાડ્યો. પછી પંડિતે કહ્યું: "આપ આપની શિખાને બાંધો. બાદશાહે માથે હાથ મૂક્યો, તો શિખા મળે નહિ, શું બાંધે? ત્યારે પંડિત બોલ્યોઃ "ચોટી રાખશો ત્યારે આગળ સંધ્યાવિધિ ચાલશે, નહિ તો ગાયત્રી મારા ઉપર કોપ કરે." બાદશાહ શું બોલે? ચોટલી રાખે તો કાજી દંડ કરે અને ન રાખે તો સંધ્યા ન શિખાય. પંડિતની ચાતુરી જોઈ સૌ પ્રસન્ન થયા.

૨૯૦–આ માછીમાર છે

એક દિવસ એક મહાત્મા પોતાના શિષ્ય સાથે જતા હતા. રસ્તામાં એક માછીમાર જાળ વડે માછલાં પકડતો હતો. ગુરુ નીચું જોઇ આત્મચિંતનમાં ચાલ્યા જતા હતા. શિષ્યે આ દૃશ્ય જોઇ માછીને 'અહિંસા પરમો ધર્મ' નો ઉપદેશ દેવા માંડ્યો. માછી બોલ્યોઃ "બાવાજી, તારે રસ્તે ચાલ્યો જા. તને ડહાપણ કરવા કોણે બોલાવ્યો છે?" શિષ્યે સોટી સંભાળી. બોલાચાલી થઈ. ગુરુ આગળ નીકળી ગયા હતા, તે પાછા આવ્યા અને શિષ્યને કહ્યુંઃ "આપણો ધર્મ ઉપદેશ આપવાનો છે, દંડ આપવાનો નહિ. દંડ તો ક્ષત્રિય આપે." શિષ્ય બોલ્યોઃ "ક્ષત્રિય બચ્ચો અત્યારે કોઇ નથી; નહિ તો આટલી ગાયો જ શાની કપાય? આવા દુષ્ટોને દંડ કોણ આપશે? રજા આપો તો એ મામાનું તુંબડું તોડી નાખું." ગુરુ બોલ્યાઃ "એમ ન બને. કર્મની ગતિ ન્યારી છે. સર્વને દંડ દેનાર પરમાત્મા છે. આપણે કોણ?" આ સંસારમાં સારાંખોટાં કર્મોનો બદલો અવશ્ય ભોગવવાનો છે. થોડા સમય પછી તે જ તળાવ પાસે થઈ ગુરુશિષ્ય જતા હતા, ત્યારે એક સાપને હજારો કીડીઓ વળગી પડેલી જોઇ. શિષ્ય આ જોઇ અફસોસ કરવા લાગ્યો. ગુરુએ કહ્યુંઃ "આ સાપ તે પેલો માછી છે, કીડીઓ તે પેલી માછલીઓ છે; જે બધી ભેગી મળી પૂર્વજન્મનું વેર લે છે. ઈશ્વરના ન્યાયને કોઇ ઉલ્લંઘન કરી શકે તેમ નથી; માટે શુદ્ધાચરણથી ચાલવું જોઈએ."



२८१–राक्षस कोण हतुं?

એક પંડિત એક ગામમાં રામાયણની કથા કરતો હતો. ઘણા માણસો તે સાંભળતા હતા. સૌ કોઈ હાજી હા કરતા, પણ સમજવાની કાળજી કોઈને ન હતી. રામાયણની કથા પૂરી થઈ, ત્યારે છેલ્લે દિવસે એક શ્રોતા ઊભો થઈ બોલ્યો: "પંડિતજી, આપની આજ્ઞા હોય તો પૂછું." એમ કહી તે બોલ્યો: "કથામાં આપણને તો કંઈ લાંબી સમજણ પડતી નથી. રામ અને રાવણ લડયા એટલું હું સમજ્યો છું. વળી વચ્ચે દેવોની અને રાક્ષસોની વાત આવતી હતી. હું પૂછું છું કે, આ રામ અને રાવણમાં રાક્ષસ કોણ અને દેવ કોણ હતું!" પંડિત કપાળે હાથ દઈ બોલ્યો: "અરે મૂર્ખ, રામ રાક્ષસ ન હતા. તે તો સાક્ષાત્ અખિલ ભુવનના અધિપતિ ઈશ્વર હતા. રાવણ પણ રાક્ષસ નહોતો; કારણ કે તે પૂર્વજન્મમાં વિજય નામનો દ્વારપાળ હતો, અર્થાત તે બેઉ દેવ હતા. ખરે ખર રાક્ષસ તો હું છું, કારણ કે તારા જેવાની પાસે રામાયણ વાંચી. અને બીજો રાક્ષસ તું કે આટલા દિવસ કથા સાંભળી છતાં કશું ય ન સમજ્યો."

२८२–मारो धर्म हुं समजुं छुं

એક દિન હતી એ દેવીઓ, ગુરુવીરને ય સમરતી:
ભૂમિપરે શુભ દેહથી, યશ સ્વર્ગમાં ય ગજવતી!

એક ક્ષત્રિય રાજકુમાર પરણીને ઘેર આવ્યો. પોતાના રાજ્ય ઉપર શત્રુ ચઢી આવ્યો છે, એવી વાત તેણે સાંભળી

આ વખતે તેના હૃદયમાં શત્રુનું નામ સાંભળી ક્ષાત્રતેજ ઊછળી આવ્યું અને બીજી બાજુ નવોઢા પત્નીનું સ્મરણ થયું. લગ્ન પછીની આ પહેલી જ રાત્રી હતી. તે યુદ્ધ અને યુવતીના વિચારે ચઢયો. એકાએક તેણે યુદ્ધમાં જવાનો નિશ્ચય કર્યો. શૂરવીરને શોભે તેવાં હથિયારો સજીને તે તૈયાર થયો. તેનું મન તો માનિનીમાં મહાલતું હતું. પત્ની પાસે જઇને તે બોલ્યોઃ "પ્રિયા, ક્ષત્રિયોનો ધર્મ જ એવો છે કે સમરાંગણમાં મરવું. ક્ષત્રિયાણીનો ધર્મ તમારે સાચવવાનો છે." સ્ત્રી બોલીઃ "તમારે બેફિકર રહેવું. હું મારા ધર્મથી એક તસુ પણ ડગનાર નથી." પછી તે થોડો આગળ ચાલી, તલવાર ઉપર હાથ ફેરવતાં પાછો ફરી બોલ્યોઃ "મારી વહાલી, તને મારા શત્રુઓ ન પકડી જાય, કારણ કે હું પાછો આવ્યો કે મરી ગયો, તેની કોને ખબર છે?" ક્ષત્રિયાણી બોલીઃ "જો જીતીને આવશો તો મળીશું, નહિ તો સ્વર્ગમાં સાથે સંચરીશું. હું નાદાન માબાપની પુત્રી નથી. તમે નિશ્ચિંત રહેજો અને બહાદુરીથી લડી જય મેળવજો." રાજકુમાર બારણા સુધી જઇ પાછો આવ્યો ને બોલ્યોઃ "મારા કુળને કલંક ન લાગે." તે સાચી ક્ષત્રિયાણી હતી. તે સમજી ગઇ કે, 'રાજકુમારનું મન મારામાં જ ગૂંથાયેલું છે, તે રણમાં જઇ કંઇ ધોળવાના નથી.' તેથી તેણે એકદમ સિંહણની પેઠે કૂદીને ખૂંટીએથી તલવાર લઇ પોતાનું માથું કાપી પતિની ડોકમાં બાંધી દીધું! રજપૂતની આંખ ફાટી, ને તે રણમાં ગયો અને ત્યાં જય મેળવ્યો! ધન્ય છે આવી વીર રમણીઓને!



२८३-वस्तुने वापरनार न हतो

એક વૈશ્ય ઘણો ધનાઢ્ય હતો. તેણે ધનના તથા પોતાના રક્ષણ માટે મોટાં હથિયાર વસાવ્યાં હતાં. હથિયારો હતાં, પણ ધનના લોભે તેને વાપરનાર નોકરો રાખ્યા નહોતા. એક વખત એવું બન્યું કે, ચોર લોકો લૂંટવા આવ્યા, ત્યારે શેઠાણીએ કહ્યું: "જાગો છો કે? ચોર લૂંટી જાય છે." શેઠ બોલ્યા: "આવવા દે, કંઇ પરવા નથી. આપણે ત્યાં જાત જાતનાં શસ્ત્રો છે. હમણાં ચોરોની ખબર લઉં છું." જ્યારે ચોરોએ લૂંટવા માંડ્યું, ત્યારે શેઠ બોલ્યા: "ચારસો-પાંચસો-વાળી તલવાર ચાલ, હજારવાળી બંદૂક આવ," તે એ પ્રમાણે બોલવા મંડ્યો, પણ કોઈ આવ્યું નહિ; તેમ તલવારનો ઘા કે ગોળીનો બાર પણ થયો નહિ! ચોર લૂંટીને ચાલ્યા ગયા, ત્યારે શેઠને ક્રોધ ચઢ્યો અને તલવાર વગેરે આયુધો પડ્યાં હતાં તેને લાત મારી અને કહ્યું: "તમારે માટે ખર્ચેલા મારા પૈસા પાણીમાં ગયા." આમ છતે હથિયારે તે હિંમતના અભાવે લૂંટાઈ ગયો. આવી રીતે આપણને મળેલા આ મનુષ્યદેહરૂપી અમોઘ શસ્ત્રને આપણે યથાર્થ રીતે વાપરી ન જાણીએ, તો આપણે પણ ષડ્‌રિપુઓથી લૂંટાઈ અંતે પસ્તાવાનું જ રહેશે.

२८४-अमे तो पिता पासेथी मुक्ति मेळवीशुं!

અંગ્રેજો પ્રથમ આ દેશમાં વેપાર કરવા આવ્યા હતા. ધીરે ધીરે તેમનો વેપાર વધ્યો. સાથે સાથે નાના પગ જમી [illegible] ઈ. સ. ૧૮૫૭ના બળવા પછી તેમની નાના શાસન [illegible]

અંગ્રેજી સત્તાની સાથે તેમની કેળવણી, રીતભાત, ધર્મ વગેરે દાખલ થયાં. એક વખત એક પાદરી ઉપદેશ આપતો હતો. તે લોકોને કહેતો કે, "ઈશુનો આશ્રય લીધા વિના મુક્તિ મળતી નથી." લોકોએ પૂછ્યું કે, "ઈશુ કોણ છે?" પાદરી બોલ્યોઃ "તે ખુદાનો માનીતો પુત્ર છે." લોકોએ પૂછ્યું: "ખુદા જીવે છે કે નહિ?" પાદરી બોલ્યોઃ "તેનો કોઈ દિવસ નાશ થતોજ નથી, તે તો અમર છે." લોકોએ પૂછ્યું: "ઈશુ અત્યારે છે કે નહિ?" પાદરી બોલ્યોઃ "સ્થૂળરૂપે નહિ પણ સૂક્ષ્મરૂપે છે." લોકોએ હસતાં હસતાં કહ્યું: "પાદરી સાહેબ, તમે શું બોલો છો? પ્રભુરૂપી બાપ બેઠો છે, ત્યાં સુધી છોકરા પાસેથી મુક્તિ શા માટે લઈએ? વળી તે છોકરો પણ હયાત નથી. માટે અમને તો જીવતો બાપ જ મુક્તિ આપશે. શું તમે પિતાપુત્રને લડાવવા ચાહો છો?" પાદરી આ બધું સાંભળીને ચૂપ થઈ ગયો. તે સમજ્યો કે અહીં આપણો ગજ નહિ વાગે, માટે તે દડવાડામાં પેઠો. ત્યાં ભોળા લોકોને પક્ષમાં લીધા અને પોતનો ધર્મ ચલાવ્યો.

૨૮૫–दमन, दान अने दया

એક વખત બ્રહ્માજીની પાસે દેવો, રાક્ષસો અને મનુષ્યો એમ ત્રણે સાથે ઉપદેશ લેવા ગયા. બ્રહ્માજી સમજ્યા કે, 'જો હું અલગ અલગ ઉપદેશ આપીશ તો અંદરઅંદર રાગદ્વેષ થશે, તેથી તેમણે ત્રણેને સાથે જ એક અક્ષરમાં ઉપદેશ આપતાં કહ્યું કે, 'द इति' દેવો સમજી ગયા કે, આપણે ત્યાં રંભાદિ અપ્સરાઓ છે તેથી આપણે ઇંદ્રિયલોલુપ થઈ ગયા છીએ, તેથી પિતામહ આપણને द કહીને દમન–ઇંદ્રિયનિગ્રહ

કરવાનું કહે છે. મનુષ્યો સમજ્યા કે, આપણામાં સામાન્ય રીતે લોભ વધારે હોય છે, તેથી સંચય ઉપર વધારે ધ્યાન આપીએ છીએ અને તેમાં જિંદગીને બરબાદ કરીએ છીએ. માટે બ્રહ્માજી આપણને દ દ્વારા દાન કરવાનું કહે છે. પછી રાક્ષસોએ વિચાર્યું કે, આપણે બહુ ક્રોધી છીએ અને ક્રોધાવેશમાં આપણે બહુ જ હિંસા કરી બેસીએ છીએ; માટે પિતાજી કહે છે કે, દ એટલે દયા કરો, એટલે ક્રોધ અટકી જશે. આ પ્રમાણે ત્રણેને પિતાએ સદ્‌વર્તનનો ઉપદેશ આપ્યો. અર્થાત્ કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકનાં દ્વારને રોકવાનો આ ઉત્તમોત્તમ રસ્તો છે.

૨૮૬–निंदानुं फळ

બે પંડિતો ફરતા ફરતા એક ગામની ધર્મશાળામાં ઊતર્યા. એ ધર્મશાળામાં ઊતરેલા સામાન્ય લોકો તો પાસે બેસી સુખદુ:ખની વાતો કરી આનંદ કરતા હતા; ત્યારે પંડિતો પોતપોતાના અભિમાનમાં મસ્ત થઈ એકબીજાની સામું પણ જોતા નહિ. કયારેક જોતા તો બહુ જ વાંકી અને તિરસ્કારયુક્ત દૃષ્ટિથી જોતા. એક આ ખૂણે તો બીજો સામે ખૂણે બેઠો. એવામાં કોઈ સજ્જન શેઠ ત્યાં આવી ચડ્યો અને બેઉ પંડિતોને ભોજન માટે નિમંત્રણ આપ્યું. શેઠ જરા વિવેકી અને સાથે સાથે વિનોદી પણ હતો. તેણે એક પંડિતને શેઠે કહ્યું: "દશ વાગે આપણે ત્યાં ભોજન થઈ જશે, માટે તમે બેઉ સાથે જમવા આવજો." શેઠે પરીક્ષા કરવા પહેલા પંડિતને પૂછ્યું: "પેલા કેટલું ભણવા ગયેલ?" પહેલો પંડિત બોલ્યો: "ક્યાં હું અને ક્યાં એ? એ તો બળદ જેવો છે. એને એકડો પણ

ક્યાં આવડે છે? એ તો નકામો પંડિત થઇને ફરે છે." બીજા પંડિત પાસે જઈ શેઠે પૂછ્યું: "પેલા પંડિત કંઈ ભણ્યા હશે કે નહિ? તમે પંડિત પંડિતને જાણો, અમે શું જાણીએ, માટે પૂછું છું." ત્યારે પંડિત બોલ્યો: "એ તો નિરક્ષર ભટ્ટાચાર્ય ગધ્ધા જેવો છે. હમણાં શાસ્ત્રાર્થ થાય તો તેનું પોલ ખૂલી જાય." શેઠે વિચાર્યું કે, 'તમારું પોતાનું પોલ ખૂલી ગયું.' શેઠ ઘેર ગયા. જ્યારે પેલા બે પંડિતો ભોજન કરવા આવ્યા, ત્યારે એકની આગળ ઘાસ અને બીજાની આગળ ભૂસું મૂક્યું. બન્ને પંડિતો કોપ્યા અને બોલ્યા: "શું તમે અમારી મશ્કરી કરો છો?" શેઠે કહ્યું: "ના, પંડિતજી, તમે કહ્યું હતું કે, એ ગધ્ધો છે, તેથી ગધ્ધાનો ખોરાક ભૂસું તે તેને મૂક્યું અને તેણે કહ્યું હતું કે, તમે બળદ છો માટે તમને ઘાસ મૂક્યું છે." બન્ને પંડિતો નીચું જોઈ જમીન ખોતરવા લાગ્યા. પછી ઘાસ તથા ભૂસું લઇ લીધું અને રસોઈ આપી. ત્યાર પછી બન્ને પંડિતો એકબીજાની નિંદા કરતા અટકી ગયા.

૨૮૭–अभिमान शा माटे ?

એક વખતે ભગવાન શ્રીકૃષ્ણને અર્જુને કહ્યું: "જો હું ગાંડીવધારી અર્જુન ન હોત તો અગણિત સેનાનો સંહાર કોણ કરત? હજુ હું એક પરાક્રમ કરવા ધારું છું કે, સ્વર્ગની સીડી બાણોથી બનાવવી." ગરૂડે આવીને કહ્યું: "જો હું ન હોત તો હજારો ગાઉ વિષ્ણુને કોણ લઇ જાત? ગતિ કરવામાં મારા સમાન કોણ છે?" સત્યભામાદિ સ્ત્રીઓ બોલી: "અમે તમારા પર ઓછી પ્રેમવાળી નથી. એકલી રુક્મિણી આપની મરજી શું સાચવવાની હતી?" શ્રીકૃષ્ણે હસી ગરુડને કહ્યું: "તમે

ગંધમાદનમાં જાઓ, ત્યાં હનુમાનને કહેજો કે, દ્વારિકામાં રામ આવ્યા છે." ગરુડે જઈ હનુમાનને કહ્યું. એટલે હનુમાનજી રામનું નામ સાંભળી બહુ પ્રસન્ન થયા અને આંખો બંધ કરી બેઠા રડવા લાગ્યા! તેમણે ગરુડને કહ્યું: "તમે જાઓ, હું તમારા પહેલાં ત્યાં પહોંચીશ. ગરુડ બહુ જોરથી ઊડ્યો ખરો, પણ સમુદ્ર ઉલ્લંઘન કરનાર હનુમાન તો એક કૂદકે દ્વારિકામાં પહોંચી ગયા. અહીં શ્રીકૃષ્ણે સ્ત્રીઓને કહ્યું: "તમારામાંથી કોઇ સીતાનું સ્વરૂપ ધારણ કરી મારી પાસે બેસો." કોઈ સ્ત્રી સીતાનું સ્વરૂપ ધારણ કરી શકી નહિ, ત્યારે રુક્મિણીએ સીતાનું સ્વરૂપ ધારણ કર્યું. પછી હનુમાનને શ્રીકૃષ્ણે કહ્યું: "આ અર્જુન બાણથી સ્વર્ગની સીડી બનાવે છે, તે તમે જુઓ." અર્જુને વજ્રાસ્ત્રનો પ્રયોગ કરી જે સીડી બનાવી હતી, તે હનુમાને એક ક્ષણમાં ભાંગી નાખી! આ જોઈ, અર્જુન, ગરુડ અને સત્યભામાદિ સ્ત્રીઓનું અભિમાન ગળી ગયું.

२८८–मातानुं धावण दीपाव्युं !

વીર દુર્ગને ધગશ ઘણી, નિજ દેશમુક્તિ કારણે;
ચાલ્યો ગયો સમરાંગણે, ઊભો રહ્યો નહિ બારણે!

મોગલ સત્તાનાં મૂળ કાપનાર મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી અને ઉત્તરે પંજાબમાં ગુરુ ગોવિંદસિંહ તેમજ રજપૂતાનામાં રાણા પ્રતાપ પછી વીર દુર્ગાદાસ હતા. વીર દુર્ગાદાસે અનેક યુદ્ધો ખેલ્યા હતા. તે કોઈ વખત પોતાના સરદાર સાથે તો, કોઈ વખત એકલા પણ શત્રુ સામે લડવા જતા. શત્રુઓનો અતિશય ડર રહેતો, છતાં પણ તે નીડર થઈને ફરતા. તેમને પોતાની વૃદ્ધ માતા, સ્ત્રી અને નાના બાળ

સિવાય કાંઇ હતું નહિ. તે ઘડીએ ઘડીએ સૈનિકોને કહેતા કે, "આપણો દેશ બીજાને તાબે ન હોવો જોઈએ. આપણા દેશમાં બીજાને રાજ્ય કરવાનો શો હક છે? શું આપણે મરી પરવાર્યા છીએ?" તે સાચી ક્ષત્રિયવટ જાણનારા હતા. એક દિવસ પોતાનું ગામ પડયું એવી તેમને રસ્તામાં ખબર પડી, તેથી તેમણે ચઢે ઘોડે ઘેર આવી માતાની ખબર પૂછી. માતા પુત્રને જોઇ રાજી તો થઇ, પણ તેને લાગ્યું કે, પુત્ર રણમાંથી ચઢે ઘોડે નાસીને આવ્યો છે. દુર્ગાદાસે ઘોડા ઉપર બેઠાં બેઠાં પાણી માગ્યું. તેની સ્ત્રી અને બાળક બહાર આવ્યાં. માતાએ વહુને કહ્યું: "જલદીથી ખાવાનું કરી નાખ. સ્ત્રીએ ઘરમાં જઈ શીરો શેકવો શરૂ કર્યો. પેણી સાથે તાવેથો ઘસાવાથી બહાર અવાજ આવ્યો. ત્યારે માતા બોલી: "વહુ, તું આ શું કરવા બેઠી? મારો પુત્ર યુદ્ધમાં ભાલા, બરછી અને તલવારના લોઢાનો ખખડાટ સાંભળી ઘેર આવ્યો, ત્યારે તું પણ ઘરમાં લોઢું ખખડાવવા લાગી? હવે મારા પુત્ર કયાં જશે?" માતાનાં આવાં વચનથી દુર્ગાદાસ પાણી પીવા પણ રહ્યો નહિ. જ્યારે તેણે માતાનો મનમાન્યો પ્રદેશ શત્રુથી મુક્ત કર્યો, ત્યારેજ તે જંપ્યો! પછી આવીને માતાને પગે પડયો. ત્યારે માતા બોલી: "હવે તેં મારું ધાવણ દીપાવ્યું છે!"

૨૮૬–अर्जुन मायाने नमस्कार करे छे

અર્જુન હંમેશાં ભગવાનને કહેતો કે, 'મારી માયા ઉલ્લંઘન ન કરાય તેવી છે.' એમ તમે કહો છો, તો મને તમારી માયા બતાવો." ભગવાને કહ્યું: "તેમાં શું જોવું છે? તારા હિતની વસ્તુ હતી, તે મેં તને આપી છે." અર્જુને હઠ પકડી

ત્યારે ભગવાને કહ્યું: "જા, સ્નાન કરીને આવ. અર્જુન સ્નાન કરવા ગયો. સ્નાન કરતાં તે પાતાળમાં પહોંચી ગયો અને તે ત્યાંનો રાજા થયો. તે એક સુંદર રાણીને પરણ્યો. તેને છોકરાં થયાં. તે સ્ત્રી પ્રત્યે અર્જુનનો બહુ પ્રેમ હતો. ઘણાં વર્ષો વીત્યા બાદ તે સ્ત્રી મરી ગઈ, ત્યારે અર્જુનને બહુ શોક થયો, એટલું જ નહિ પણ સ્ત્રી વિના જીવવું તેને અસહ્ય લાગ્યું. તે પોતાની સ્ત્રી સાથે બળવા તૈયાર થયો. લોકોએ તેને અટકાવ્યો, પણ તેણે માન્યું નહિ. તે સમયે ભગવાન બ્રાહ્મણના સ્વરૂપમાં આવ્યા અને કહ્યું: "કંઈ હરકત નહિ. તારા પ્રેમીની જોડે તું બળજે, પણ પ્રથમ સ્નાન કરવું જોઈએ." જ્યાં અર્જુન સ્નાન કરવા ગયો, ત્યાં તો તે ભગવાનની પાસે આવી ઊભો રહ્યો! અર્જુનને ભાન આવ્યું, તે ભગવાનને હાથ જોડી કહેવા લાગ્યો કે, "તમને અને તમારી માયાને નમસ્કાર! ન બને તે વસ્તુને બનાવે તે માયા. આપની એ માયાને કેવી રીતે જીતવી તે કૃપા કરીને કહો."

२९०—संतोषी नर सदा सुखी

ગોધન ગજધન વાજિધન ઔર રતનધન ખાન;
જબ આવત સંતોષધન સબ ધન ધૂલ સમાન!

કોઈ એક રાજકન્યાએ પ્રતિજ્ઞા કરી હતી કે, "જે મારો કુંડ રૂપિયાથી ભરી દેશે, તેની સાથે હું પરણીશ." આ પ્રતિજ્ઞા સાંભળી ઘણા રાજકુમારોએ ગાડાં ભરી ભરી ધન લાવી કુંડમાં નાખ્યું, પણ કુંડ ભરાય જ નહિ! આખરે બધા કુમારો થાક્યા. તેમાંના એક કુમારે જંગલમાં જઈ તપ કર્યું. ત્યારે તેને સિદ્ધપુરુષનાં દર્શન થયાં. તે પુરુષે કહ્યું: "તું બ.ઉ.ઉ.

બ, તું બાણાવળી બની કન્યાને માટે જા. તે કુંડમાં એક ગ્રું છે, તેની ઉપર એક ભ્રમરો ફરે છે. તે માયાને બહાર ાવવા દેતો નથી. તે ભ્રમરને તાકીને મારીશ એટલે કુંડ રાઈ જશે અને કન્યા તને પરણશે." કુમારે તે પ્રમાણે કર્યું. મરને તેણે બાણથી વીંધી નાખ્યો. કાણામાંથી ધન ઊભ-વા લાગ્યું. જોતજોતામાં કુંડ ભરાઈ ગયો. કન્યાની પ્રતિજ્ઞા રી થવાથી તે તેની સાથે પરણી. સમજવાનું એ છે કે, સર્વ વો શાન્તિ મેળવવા મથે છે. આખી જિંદગીની કમાણી ાન્તિ માટે આપે છે, પણ શાન્તિ મળતી નથી. જે જીવાત્મા પ કરી સિદ્ધગુરુનો ઉપદેશ ગ્રહણ કરે છે, તે એકલક્ષી બની રમાત્માને મેળવે છે. અર્થાત્ સંસારરૂપી કુંડમાં અસંતોષ-પી ભમરો ગમે તેટલી મનુષ્યસંપત્તિ મેળવે તો પણ સંતુષ્ટ થવા દેતો નથી. મનની એકાગ્રતા ધારણ કરી અભ્યાસ અને વૈરાગ્યથી અસંતોષને મારવામાં આવે, તો શાન્તિરૂપી રાજ-કન્યાને સુખેથી મેળવી શકાય.

૨૬૧–विदुरनी भाजी

શ્રીકૃષ્ણ ભગવાને કૌરવપાંડવોના સંપને માટે વિષ્ટિ કરી દુર્યોધનને સભામાં સમજાવ્યું, પણ અભિમાની દુર્યોધને માન્યું નહિ. ઊલટો પોતાના પરાક્રમનું તે વર્ણન કરવા લાગ્યો અને ધાર્મિક પાંડવોની નિંદા કરવા લાગ્યો. છેવટે તે શ્રીકૃષ્ણચંદ્રને કેદ કરવા તૈયાર થયો. તે મૂર્ખને ખબર ન હતી કે, જે શ્રીકૃષ્ણે જન્મ્યા તે દિવસે જ કંસના કેદખાનાને તોડી નાખ્યું હતું; તે તેના બંધનમાં કેમ આવશે? શ્રીકૃષ્ણે ભયંકર સ્વરૂપ બતાવી દુષ્ટોને ડરાવી દીધા. દુર્યોધનના મહેલમાં અનેક પ્રકારની રસોઈ

શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના સાથીઓ માટે તૈયાર થઇ હતી, છતાં એક ગરીબ ભિખારી પણ જ્યારે અભિમાની મનુષ્યનું અન્ન લેતો નથી, તો અખિલ બ્રહ્માંડનો નાથ ખાય ખરો ? તેમણે દુર્યોધનની છપ્પન પ્રકારની રસોઇનો અનાદર કરી વિદુરની ભાજી ખાધી. વિદુરજીને ત્યાં ભાજી જમી રહ્યા પછી તે બોલ્યા: "બહુ વખત રુકિમણી આદિનાં ભોજન હું જમ્યો, પણ આજના જેવી તૃપ્તિ કોઈ દિવસ થઇ નથી." ખરેખર પ્રેમ એ અલૌકિક ચીજ છે.


૨૯૨–वेश्याए प्रतिज्ञा लीधी

આશા ખરેખર મોટું દુ:ખ છે અને આશા-રહિતપણું મહા સુખ છે. એક પિંગળા નામની વેશ્યા હતી. તે હંમેશાં પોતાના દુષ્ટ ધંધાથી ભરણ-પોષણ કરતી. આ પ્રમાણે તેના ઘણાં વર્ષો વીત્યાં. એક રાત્રીએ તે બારણે રાહ જોઇ રહી હતી કે, હમણાં કોઇ આવશે; પણ કોઇ આવ્યું નહિ. તે અંદર જઇને સૂતી પણ ઊંઘ આવી નહિ તે પુન: બારણે આવી ઊભી રહી. ઊભાં ઊભાં તેના પગ દુખવા આવ્યા. જો કોઇ પુરુષ દૂરથી આવતો જણાતો તો તે સમજતી કે તે અહીં આવે છે. ત્યાં તો તે બીજા [illegible] ચાલ્યો જાય. આ પ્રમાણે તે રાહ જોઇ જોઇને [illegible] ઊંઘ આવે નહિ અને બારણે ઊભા [illegible] આમ કરતાં અડધી રાત વીતી ગઈ અને તે [illegible] પોતાના કર્મ ઉપર તેને ગ્લાનિ ઉત્પન્ન થઈ. તેણે [illegible] કરી કે, "હું આજથી આ ધંધો છોડું [illegible] કરીશ [illegible]" આમ દૃઢ નિશ્ચય કરીને તે સૂતી [illegible]

થી ઊંઘ આવી. આ બધું ગુરુ દત્તાત્રેય જોઇ રહ્યા હતા. તે વેશ્યાનાં વચનો સાંભળી પિંગળાને પોતાના ગુરુ તરીકે માની પોતાને રસ્તે ચાલતા થયા.

૨૯૩–द्रौपदी अने दुर्वासा

જે વખતે પાંડવો વનમાં દુઃખી અવસ્થા ભોગવતા હતા, તે વખતે દુષ્ટ દુર્યોધને મુનિ દુર્વાસાને તેમના શિષ્યો સહિત ચાતુર્માસ કરાવ્યો. તેણે તેમની બહુ જ સારી સેવા બજાવી. દુર્વાસા પ્રસન્ન થયા, તેથી જતી વખતે કંઈક માગવાનું દુર્યોધનને કહ્યું. દુર્યોધન કપટથી બોલ્યોઃ "જેવી રીતે આપે અહીં ચાતુર્માસ કરી મને કૃતાર્થ કર્યો છે, તેવી જ રીતે પાંડવોને ત્યાં જઇ તેમને કૃતાર્થ કરો; કારણ કે તમારે તો બેઉ આંખો સરખી કહેવાય." દુર્વાસા વનમાં પાંડવોને ત્યાં ગયા અને તેમની પાસે ભોજન માગ્યું. પાંડવો દુર્વાસાના ક્રોધી સ્વભાવને લીધે ગભરાઈ ગયા. તેમણે જમી પરવારી અક્ષયપાત્ર ધોઇને મૂકી દીધું હતું. દ્રૌપદીએ દુર્વાસાને કહ્યું કે, "આપ પાસેની નદીમાં સ્નાન કરી આવો. હું ત્યાં સુધીમાં રસોઈ તૈયાર કરું છું." તે સ્નાન કરવા ગયા એટલે દ્રૌપદીએ શ્રીકૃષ્ણને યાદ કર્યા. जय आवो द्वारिकानाथ शरणमें तेरी। દ્રોપદીનો આર્તનાદ સાંભળી ભક્તવત્સલ પ્રભુ પધાર્યા. અક્ષયપાત્રમાંથી ચોંટેલું ભાજીનું પાનું ખાઇને ત્રિલોકને તૃપ્ત કર્યા, એટલુંજ નહિ, પણ દુર્વાસામુનિ શિષ્યો સહિત તૃપ્ત થયા! નિર્દોષ પાંડવોને સતાવવાની દુર્યોધનની બાજી ઈશ્વરકૃપાથી આ રીતે ધૂળમાં મળી.



૨૯૪–भक्तवत्सल प्रभु



અંબરીષ રાજા જનકની બરોબરી કરે તેવા હતા. તે વ્રત, ઉપવાસ આદિ નિયમસર કરતા. એક વખત તેમણે એકાદશીનું વ્રત કર્યું અને દ્વાદશીને રોજ પારણાં કરવા બેસતા હતા, તેવામાં દુર્વાસામુનિ આવ્યા અને બોલ્યાઃ "હું તારો અતિથિ છું." અંબરીષે કહ્યું: "મારાં ધન્યભાગ્ય! પધારો." દુર્વાસા બોલ્યાઃ "હું સ્નાન કરી આવું છું." તેમને સ્નાન કરતાં વાર લાગી. અહીં દ્વાદશી થોડી બાકી હતી. જો અતિથિને મૂકી પારણાં કરે, તો અતિથિસત્કારનો અનાદર થાય અને ન કરે તો એકાદશીવ્રત જાય. અંબરીષે વિચાર કરી જળનું આચમન કરી લીધું, કે જેથી બેઉ સચવાય. એટલામાં દુર્વાસા આવ્યા અને ક્રોધિત થઈ બોલ્યાઃ "મને મૂકી તેં જળપાન કર્યું તેનું ફળ તારે ભોગવવું પડશે." દુર્વાસાએ પોતાના તપના પ્રભાવથી જટા છૂટી કરી મંત્રોચ્ચાર કર્યો, એટલે ત્યાં એક કૃત્યા ઉત્પન્ન થઈ. આ વખતે ભક્તવત્સલ ભગવાને પોતાનું સુદર્શનચક્ર મોકલ્યું કે જે કૃત્યાને મારી દુર્વાસા તરફ વળ્યું! દુર્વાસા સુદર્શનને જોઈ નાસવા લાગ્યા. તેઓ ઇંદ્ર, બ્રહ્મા અને મહાદેવ વગેરેની પાસે ગયા, પણ કોઈએ તેમનું રક્ષણ કર્યું નહિ. અંતે તેઓ વિષ્ણુ પાસે ગયા, ત્યારે વિષ્ણુએ કહ્યું "મારા ભક્ત પાસે જાઓ, તે તમને મુક્ત કરશે." દુર્વાસા અંબરીષ પાસે ગયા. અંબરીષને તો અભિમાન હતું જ નહિ. તેમણે દુર્વાસાની માફી માગી, તેમનો ફરી રીતે સત્કાર કર્યો. દુર્વાસા શરમાઈ ગયા અને ત્યારપછી કોપ કરવો છોડી દીધો.


२९५–हुं तो करी बतावुं छुं

कहता है करता नहि, मुखका बडा लबाड;
काला मुख ले जायगा, साहेब के दरबार.

એક સ્ત્રી પોતાના પિયેરથી સાસરે આવી. તેના પતિએ ત્યાંના સમાચાર પૂછયાઃ "સૌ કુશળ તો છે ને? નવા કંઈ સમાચાર છે?" પત્ની બોલીઃ "સૌ આનંદમાં છે, પણ મારો ભાઈ આવતી દિવાળીએ દીક્ષા લેવાનો છે. તે અત્યારથી તૈયારી કરી રહ્યો છે. મારો ભાઈ બહુ સમજુ અને જ્ઞાની હોવાથી પોતાની મિલકતના ભાગ પાડે છે." તેનો પતિ જરા સ્મિત કરી બોલ્યોઃ "હજુ દિવાળીએ કહે છે, માટે શંકા જેવું ખરું. ઘણી વાર કહેવાવાળા કરતા નથી." સ્ત્રી બોલીઃ "તમારા કરતાં તે વૈરાગ્યવાળો છે. તેને ઘણી સ્ત્રીઓ છે, આજથી તે એકેક સ્ત્રીનો ત્યાગ કરવાનો છે. તમારાથી ઘડી પણ ઘર બહાર નીકળાય તેમ છે? વળી મારો ભાઈ વાતો કરે છે, તમારાથી વાતો પણ કયાં થાય છે?" પતિ બોલ્યોઃ "હું કહી બતાવું કે કરી બતાવું?" સ્ત્રીએ કહ્યુંઃ "એવા મોટા સત્યવાદી છો, ત્યારે કરી બતાવો. ખબર પડશે કે કેટલી વીસે સો થાય છે.!" તેનો પતિ બધાં વસ્ત્રો ઉતારી એક વસ્ત્રે ઘર બહાર ચાલી નીકળ્યો. સ્ત્રી તેને ભાગોળ સુધી વળાવવા ગઈ. તે પાછો ન વળ્યો, ત્યારે સ્ત્રીએ કહ્યુંઃ "હું તો હસતી હતી, પાછા વળો." ત્યારે તે બોલ્યોઃ "હું કંઇ તારા ભાઈ જેવો બોલી બતાવું તેવો નથી, પણ કરી બતાવવા જાઉં છું. પાછા વળવાનું હવે ન હોય. સાધુપુરુષો બોલતા નથી પણ કરી બતાવે છે."

२९६—हरिरस खारो छे!

એક સ્થળે કથા થતી હતી. શ્રોતામાંથી સૌ કોઇ કહેતું કે, "કથાની શી ખૂબી છે! તેમાં તો અમૃતરસ જ રેડાય છે. જેનાં ભાગ્ય હોય તે અમૃત પીને અમર થાય." ગામની સ્ત્રીઓ પોતપોતાનાં કાર્યો પરવારી કથા સાંભળવા જતી. ઘરડાઓ હુક્કા ભરવામાં અને ગામગપાટા મારવામાં ઓટલે બેસી રહેતા. એક ઘરડી બાઇએ પોતાના વૃદ્ધ પતિને કહ્યુંઃ "હવે તો તમે મરવાના થયા. મરતાં મરતાં તો હરિરસ ચાખી લો." બહુ દિવસ ગપાટા માર્યા અને હુક્કા પીધા. કાગડા-કૂતરા અવતરશો ત્યાં ક્યાં હુક્કા પીશો? આજે તો કથા સાંભળવા ચાલો અને પરમાત્માનો મહિમા જુઓ." હરિરસ મીઠો જાણી તે ડોસો કથા સાંભળવા ગયો. મનમાં શરમ લાગવાથી તે દૂર એક ઝાડ તળે બેઠો. તેને ગામની ચૂગલી જેવો સ્વાદ કથામાં ન આવ્યો, તેથી તે કંટાળીને ઊંઘી ગયો. ઊંઘમાં મોઢું ઉઘાડું રહી ગયું હતું; એવામાં એક કૂતરો આવ્યો. કૂતરાના સ્વભાવ પ્રમાણે ડોસાના મોંમાં તેણે પેશાબ કર્યો. કૂતરો ચાલ્યો ગયો. થોડી વારે ડોસો જાગ્યો. કથા પૂરી થઇ. લોકો કથાની વાહ વાહ બોલવા લાગ્યા, ત્યારે ડોસો બોલ્યોઃ "તમે કથાને શું વખાણો છો? કથા સાંભળી મારું મોઢું તો બગડી ગયું છે. બધા કહે છે કે, 'હરિરસ મીઠો છે' તે ખોટું છે, મને તો હરિરસ ખારો લાગ્યો." લોકો હસવા લાગ્યાં.



२९७–ना हुं तो आपीश

બલિરાજા મહાન દાની હતો. એક વખત તેણે પોતાના ગુરુ શુક્રાચાર્યના કહેવાથી યજ્ઞનો આરંભ કર્યો. શુક્રાચાર્યની તેને આજ્ઞા હતી કે, "આ યજ્ઞમાં માણસ આવી જે કંઇ માગે તે તેને આપવું." એવામાં ઇંદ્ર વગેરેના કહેવાથી ભગવાન પોતે વામનસ્વરૂપ ધારણ કરી, તેની પાસે યાચના કરવા આવ્યા. શુક્રાચાર્યે બલિને પહેલેથી કહ્યું હતું કે, "તારા શત્રુઓના કહેવાથી ભગવાન તારી પાસે માગવા આવે છે, તેમને તું કંઇ આપીશ નહિ." બલિરાજા બોલ્યો: "તમે મને પ્રથમ કહ્યું છે કે, જે માગે તેને તે વસ્તુ આપી સંતોષવો અને હવે ના કહો છો! આથી હું તો પ્રથમનું જ વચન પાળીશ. અખિલ બ્રહ્માંડનો નાથ મારે ત્યાં માગવા આવે અને હું તેને કંઇ પણ આપું નહિ તે કેમ બને? હું તો તેમને જે જોઇશે તે અવશ્ય આપીશ." ભગવાને આવી ત્રણ પગલાં જમીનની માગણી કરી. બલિરાજાએ તે આપી. પ્રભુએ બે પગલામાં આભ ને ધરતી માપી લીધાં, ત્રીજું પગલું મૂકવા બલિરાજાએ પોતાનું શરીર અર્પણ કર્યું! આ પછી શ્રીભગવાને બલિરાજાને પાતાળમાં મોકલ્યો.

२९८–कर्ण दानेश्वरी

કર્ણ રાજા જન્મ્યો ત્યારથી અભેદ કવચ તથા કુંડળ સહિત જન્મ્યો હતો. અર્જુન હંમેશાં કર્ણને મારવા તત્પર રહેતો. કર્ણના પિતા સૂર્ય અને અર્જુનના પિતા ત્રિલોકપતિ ઇંદ્ર હતા. ઇંદ્રે અર્જુનની જીતને માટે કર્ણ પાસે કુંડલ અને

કવચની માગણી કરવાનો વિચાર કર્યો. સૂર્ય આ બધું જાણી ગયા અને કર્ણને કહ્યું, "પુત્ર, તું બ્રાહ્મણરૂપધારી ઇંદ્રને કંઈ આપીશ નહિ." કર્ણ બોલ્યોઃ "પિતાજી, આપની બીજી આજ્ઞા હું પાળીશ, પણ દાન આપતાં કર્ણ કદી અચકાશે નહિ!" એ સાંભળી સૂર્ય ચૂપ થઇ ગયા. ઇંદ્ર બ્રાહ્મણનું રૂપ લઇને આવ્યા અને અભેદ્ય કુંડળ તથા કવચ લઈને ચાલ્યા ગયા. રણમાં કવચને અભાવે કર્ણ મરણ પામ્યો. કર્ણ ભલે મરણ પામ્યો, પણ દાનેશ્વરી તરીકે અમર છાપ મૂકતો ગયો છે.

૨૯૯–साठ महोरो गुमावी

એક સાધુએ ભીખ માગી નાણું એકઠું કર્યું હતું. તેણે તે નાણું વટાવી સાઠ મહોરો એકઠી કરી હતી. તે સોનૈયા મહોરો પોતાની જટામાં બાંધી રાખતો. સ્નાન કરતાં, ખાતાં અને પીતાં તે તેની બહુ સંભાળ રાખતો. મહોરોની ફિકરમાં તે ઈશ્વરસ્મરણ ભૂલી ગયો હતો. એક દિવસ એક ધૂર્તે બાવાજીની જટામાં મહોરો જોઇ લીધી. તેણે સાધુની પાસે આવી નમસ્કાર કર્યા, ભાવસહિત તે તેને પોતાને ઘેર લઇ ગયો અને તેને ભોજન કરાવ્યું. રાત પડતાં બાવો સૂઇ ગયો. પેલાએ બધી વાત પોતાની સ્ત્રીને કરી. સવાર થતાં તેણે સ્ત્રીને પૂછ્યુંઃ "મેં સાઠ મહોર અહીં મૂકી હતી તે ક્યાં ગઇ!" તે સ્ત્રીને ધમકાવવા લાગ્યો. સ્ત્રીનાં લૂગડાં ઉતરાવ્યાં. આખા ઘરમાં તપાસ કરી. બાવાજી ગભરાવા લાગ્યા અને આખરે આવી બોલ્યાઃ "મારાં વસ્ત્ર જોઇ લો." ધૂર્તે કહ્યું "તમે હો તો જટા ખોલી બતાવો." બાવાની જટા જોતાં સાઠ મહોરો નીકળી. તેથી ધૂર્તે તે પડાવી લીધી. સાધુ રોઇ

મોઢે ઘર બહાર નીકળ્યો. ધૂર્તે કહ્યું: "આવજો!" સાધુ બોલ્યો: "હવે સાઠ મહોરો થાય નહિ અને બાવાજી આવે નહિ."

૩૦૦–बुद्धि कोईना बापनी छे ?

એક વખત એક વખારમાંથી રૂ ચોરાઇ ગયું. ચોરનો પત્તો લાગ્યો નહિ. એટલે શક ઉપરથી કચેરીમાં ઘણાને એકઠા કર્યા અને હારબંધ બેસાડયા, છતાં કોઈએ માન્યું નહિ. છેવટે એ બધામાંના એક ચાલાક મનુષ્યે કહ્યું કે, "રૂ ચોરાયેલું છાનું રહેવાનું નથી. જેણે ચોર્યું છે તેની દાઢીમાં તે ચોટયું છે અને કાગડો પોતાના માળામાં તે રૂ લઇ જવા અહીં આવ્યો છે." આ વચન સાંભળી જે ચોર હતો તેણે પોતાનો હાથ દાઢીમાં નાખ્યો અને બીજો હાથ કાગડાને ઉડાડવા ઊંચો કરવા લાગ્યો. આમ કરવાથી તે ઓળખાઇ ગયો ! તેને પકડવામાં આવ્યો. આમ પેલા માણસની બુદ્ધિનાં સઘળા વખાણુ કરવા લાગ્યા.

૩૦૧–वमणुं घी अपाव्युं

કોઇ ગામમાં બે સ્ત્રીઓ હતી. એકને ત્યાં બકરી અને બીજી-ને ત્યાં ભેંસ હતી. બન્ને પાસે પાસે રહેતી હતી. બકરીવાળી બાઇ કરકસર જાણુતી હતી, ત્યારે ભેંસવાળી કરકસર વિનાની ઉડાઉ હતી. ભેંસ ટંકે દશ શેર દૂધ આપે તેમાંથી તેનું કુટુંબ કેટલુંક ખાય અને બાકીનું ગમે તેમ વપરાય. વખતે વાસી રહે તે ઢોળી દે. આજનું કાલ અને કાલનું પરમ દિવસે એમ બધ બેસાડી દે. હવે બકરી બે વખત મળીને ત્રણ શેર જ દૂધ આપતી. તેમાંથી પેલીબાઈ ઉપયોગ પૂરતું વાપરી, થોડું મેળવી,

બેચાર દિવસે તેનું ઘી બનાવે. એક દિવસ ભેંસવાળીને ત્યાં મહેમાન આવ્યા તેથી ઘીની જરૂર પડી. તે બકરીવાળીને ત્યાંથી ઉછીનું ઘી લઈ આવી. બેચાર દિવસ થયા છતાં પેલી બાઈ ઘી પાછું ન આપી ગઈ, ત્યારે બકરીવાળી તેને ત્યાં માગવા ગઈ. ભેંસવાળી તેની સાથે લડવા લાગી અને તેને કહ્યું કે, "હું તારે ત્યાંથી ઘી શા માટે લાવું? મારે ત્યાં તો ભેંસ છે." તેમાંથી તકરાર વધી ગઈ. કેસ કોર્ટ ચઢયો. કોર્ટના ચતુર ન્યાયાધીશે બકરીવાળીને એક શેર પાણી વાપરવા આપ્યું અને ભેંસવાળીને પાંચ શેર આપ્યું. બકરીવાળીએ પાણીમાંથી કોગળા કર્યા. મોં ધોયું, હાથપગ ધોયા ને અરધશેર પાણી વધાર્યું. ભેંસવાળીએ દાતણ અને મો ધોવામાં પાંચ શેર પાણી વાપરી દીધું. પછી પગ ધોવા બીજું પાણી માગ્યું. આ બધું જોઈ ન્યાયાધીશે ફેંસલો આપ્યો કે, "ભેંસવાળી ઉડાઉ છે એટલે તે બકરીવાળીને ત્યાંથી ઘી લાવેલી હોવી જોઈએ." પછી તેને તેની પાસેથી બમણું ઘી અપાવ્યું.

૩૦૨—वेश्याने अधिक आप्युं

એક શેઠને ત્યાં લગ્ન હતાં. લગ્નને દિવસે જુમિયા નામની નૃત્ય કરનારીને શેઠે બોલાવી. અનેક મનુષ્યો નાચ જોવા આવ્યા હતા. નાચનારીએ પોતાના હાવભાવથી અને ગાયનથી જોનારને મુગ્ધ કર્યા. શેઠ પણ નાચ જોઈ અતિ પ્રસન્ન થયા. શેઠે કેટલાંક વસ્ત્ર સાથે રોકડા રૂપિયા નાચનારીને આપી દીધા. ત્યાર પછી તેજ મંડપમાં ગંગાધર નામના કથાકારે સુદામાની કથા કરી. શેઠને 'શ્રી. શાન્તિ.' ઇત્યાદિ વેદમંત્રથી આશીર્વાદ આપ્યા. શેઠે કથાકારને ફક્ત પાંચ રૂપિ

આપ્યા! ગંગાધર પોતાની જીવિકા ઉપર તિરસ્કાર કરતો બોલ્યોઃ

સારી કરી કારણ ગતિ, રાખી કુળની ટેક;
જીમિયાને આપ્યા દોઢસો, ગંગાધરને નેક.

આ દુહો સાંભળી શેઠ શરમાઇ ગયા અને તેને પણ સંતોષ્યો.

૨૦૨–पतिव्रतानुं रक्षण कर्युं

એક બ્રાહ્મણ હતો. તેની સ્ત્રી અત્યંત પતિવ્રતા હતી. તે બેઉ તીર્થાટન કરવા નીકળ્યાં. રસ્તામાં એક સ્થળે એક રાજા પોતાના સૈન્ય સાથે ઊતર્યો હતો. તે બ્રાહ્મણનું આ જોડું જોઇ તે રૂપવતી બ્રાહ્મણી ઉપર મોહિત થયો. તેણે બ્રાહ્મણને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું: "તમે સુપાત્ર બ્રાહ્મણ દેખાઓ છો. તમે મારા રાજ્યમાં આવો અને મારા રાજ્યની અભિવૃદ્ધિ કરો. હું હંમેશાં તમારું માતપિતા પેઠે રક્ષણ કરીશ." ચતુર સ્ત્રી રાજાના મનની ઇચ્છા સમજી ગઇ હતી. તેણે પોતાના પતિને રાજા સાથે નહિ જવા સમજાવ્યું, પણ ભોળો બ્રાહ્મણ સપડાઇ ગયો. પતિવ્રતા સ્ત્રીને પણ જોડે જવું પડયું. સ્ત્રીએ રાજાને કહ્યું: "આપ ઉપરોક્ત વચનનું પાલન ન કરો તો સાક્ષી કોણ?" રાજા બોલ્યોઃ "સૌનાં હૃદયમાં રહેલો રામ." પછી સૈન્યની સાથે તે બેઉ ચાલ્યાં. રાજાએ રસ્તામાં બ્રાહ્મણનું કાસળ કાઢી નાખ્યું. પછી તેણે પતિવ્રતા સ્ત્રી ઉપર દૃષ્ટિ બગાડી, ત્યારે પતિવ્રતા સ્ત્રી બોલીઃ "અરે મૂર્ખ! રામજી વચ્ચે સાક્ષી છે, તે કેમ ભૂલી ગયો? તારું ભૂંડું થવા બેઠું છે કે શું?" પણ કામાસક્ત રાજાએ માન્યું નહિ. એવામાં સાક્ષાત્ રામચંદ્રજીએ પ્રગટ થઈ તે રાજાને સૈન્યસહિત મારી નાખ્યો અને પતિવ્રતા સ્ત્રીનું રક્ષણ કર્યું!

३०४–अग्निप्रवेश

सुतं पतंतं प्रसमीक्ष्य पावके न बोधयामास पतिं पतिव्रता।
बभूव तस्याः व्रतभंगशंकयाहुताशनश्चंदनपंकशीतलः ॥

પોતાના પુત્રને અગ્નિમાં પડતો દેખીને પણ પોતાના ખોળામાં સૂતેલા પતિને પતિવ્રતાએ જગાડયો નહિ, તે વખતે પતિવ્રતાના પ્રભાવથી અગ્નિ પણ ચંદન જેવો શીતલ થઈ ગયો.

એક પતિવ્રતા સ્ત્રી પોતાના પતિનું માથું ચાંપતી હતી એવામાં તેનો પતિ ઊંઘી ગયો. તે વખતે તેના પતિનું માથું તેના ખોળામાં હતું. બીજી બાજુ તેનો નાનો છોકરો રમતો રમતો અગ્નિકુંડ પાસે ગયો અને થોડી જ વારમાં તે છોકરો અગ્નિકુંડમાં પડયો. આ બધું પતિવ્રતા જોઈ રહી. પોતાનો પતિ ભરનિદ્રામાંથી જાગી જાય તેથી તે ઊભી થઈ નહિ, કારણ કે તેમ કરવાથી નિદ્રાનો ભંગ કરાવવો તે પતિવ્રતાને શોભે નહિ. છોકરો કુંડમાં પડયો તેની સાથે કુંડનો અગ્નિ પોતાનો બાળવાનો સ્વભાવ છોડી દઈ એકદમ શીતળ થઈ ગયો!

૩૦૫–ए तो पुत्र हतो

એક પંડિત લગ્ન કર્યા પછી થોડા દિવસ ઘેર રહી અભ્યાસ પૂરો કરવા કાશીએ ગયો. કાશીમાં તેને વિદ્યા [illegible] કરતાં બાર વર્ષ વીતી ગયાં. જ્યારે તેણે ઘર છોડયું ત્યારે તેની સ્ત્રી સગર્ભા હતી. તેને પાછળથી પુત્ર જન્મ્યો. પંડિત [illegible] ઘેર આવ્યો ત્યારે પુત્ર [illegible]માં હતો. પંડિત [illegible] ઘેર આવ્યો ત્યારે [illegible] હતી. ઘરના આંગણામાં એક [illegible]

જુવાન મનુષ્યના જોડા પડેલા હતા. ઘરમાં પોતાની પત્નીને કોઈ પુરુષની સાથે વાત કરતાં દીઠી. પંડિત આ દૃશ્ય જોઇ ગુસ્સે થયો. તેણે વિચાર્યું કે, 'આ સ્ત્રી ભ્રષ્ટ થઇ લાગે છે, હવે આજે તો તેને મારી નાખું.' તેણે ઘરમાં પ્રવેશ કર્યો. સ્ત્રી એકદમ નમ્ર ભાવથી સામે દોડી આવી અને પાસે ઊભેલા પુત્રને કહ્યું કે, "આ તારા પૂજ્ય પિતા આવ્યા. એને પ્રણામ કર." બ્રાહ્મણનો ક્રોધ ઊતરી ગયો. પછી બાપદીકરો ભેટયા અને ઘરમાં આનંદ આનંદ થઇ રહ્યો."

૨૦૬–हुं तो एने ज परणीश

એક શેઠનો છોકરો લૂલો હતો. શેઠે તેનાં લગ્ન લીધાં. કન્યાપક્ષને તેની ખબર ન હતી. લગ્નમાં તેનું પોલ ખૂલી જાય તેથી તે લૂલા છોકરાને સંતાડી રાખી, એક ભાડૂતી ગરીબનો છોકરો લગ્ન વખતે ઊભો કર્યો. તે છોકરો ઘણો સુંદર અને વિદ્વાન હતો. લગ્ન થઇ રહ્યા પછી વહુ વરને મળી, પણ તેણે વરને શોકગ્રસ્ત દેખ્યો. સ્ત્રીએ પૂછ્યું: "તમે આટલા ઉદાસ કેમ છો?" તેણે આદિથી અંત સુધી બધી વાત કહી. એ સ્ત્રી બધી બાજી સમજી ગઈ. 'આ વર રૂપાળો છે, તેમ વિદ્વાન પણ છે. વળી તે લોકોએ મારી સાથે ઠગાઇ કરી છે અને મારું લગ્ન તો આની જ સાથે થયું છે, તો પછી હવે હું બીજાનો સ્વીકાર નહિ જ કરું!' એમ વિચાર કરી ભોજન લાવી તેણે પોતાના પતિને જમાડ્યો અને અનેક પ્રકારે તેને પ્રસન્ન કર્યો. વિશેષમાં કહ્યું કે, "કાલે અમુક વખતે તમારે હાજર થવું." રાત્રી વીત્યા પછી બીજે દિવસે ભાડૂતી વરને

શેઠે રજા આપી. લૂલાને કન્યા પાસે મોકલ્યો. કન્યા બોલી: "આ મારો પતિ નથી. મેં તેની સાથે લગ્ન કર્યું નથી. હું જેની જોડે પરણી હતી, તે જ મારા તો પતિ છે." પેલો વખતસર હાજર થયો અને તે સ્ત્રી તેની સાથે ચાલી નીકળી. પછી બીજે ગામ જઈને મજૂરી કરી ગુજરાન ચલાવવા લાગ્યાં.

- - - -

૩૦૭–શાલિગ્રામ

प्रत्यहं गंडकी वेश्या ह्येकं पूरुषमाभजेत् ।
तस्या जिज्ञासया विष्णुर्गत्वा तस्यै वरं ददौ ॥

અર્થાત્ ગંડકી નામની વેશ્યા અંતે એક જ પુરુષની હંમેશાં પતિવ્રતા સ્ત્રીના જેવી સેવા કરતી હતી. તેની તે જિજ્ઞાસા પૂરી કરવા વિષ્ણુએ તેને જઈને વરદાન આપ્યું.

એક ગંડકી નામની વેશ્યા હતી. તે પરપુરુષથી કંટાળી હતી. એક દિવસ તે કોઈ મહાત્માની કથા સાંભળવા ગઈ. ત્યાં પતિવ્રતાનો પ્રસંગ નીકળ્યો. કથા સાંભળી તે બહુ પસ્તાવા લાગી. કથા થઈ રહ્યા પછી તેણે પોતાના અપરાધનો અફસોસ કરતાં કહ્યું કે, "હું કેવી રીતે પતિવ્રતા થઈ શકું! મારે તો પતિ નથી." ત્યારે પંડિતે કહ્યું કે, "તારે ત્યાં જે પુરુષ પ્રથમ આવે તેની તારે સાચા ભાવથી આજ્ઞા પાળવી અને તેને પતિ કરી તેની સેવા કરવી." કેટલાક દિવસ પછી પરમાત્માએ તેની પરીક્ષા કરવા એક વૃદ્ધ બીમાર બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું અને તે વેશ્યાને ત્યાં ગયા. વેશ્યાએ આદર ભાવે તેમને પાટલે બેસાડી સ્નાન કરાવ્યું. પછી [illegible] પછી તેમનું [illegible]. વેશ્યાએ તેમને તે [illegible]

જંગલ જવાનું કહ્યું, ત્યારે બીમાર મનુષ્યે આખું ઘર બગાડી મૂક્યું. ગંડકી સાફ કરે અને બીમાર ફરીથી બગાડે. આમ આખી રાત્રી થયું. સવારે તે મરી ગયો. નોકરે કહ્યું: "લાવો, તેને ફેંકી દઇએ, નહિ તો સરકાર સજા કરશે." ગંડકી બોલી: "શાસ્ત્રની દૃષ્ટિથી આ તો મારો પતિ છે, તેથી તેની સાથે મારે સતી થવું પડશે." એમ કહી ચિતા ખડકી અને તે તેની સાથે બળવા તૈયાર થઈ. ચિતામાં અગ્નિ મૂક્યો, એટલે ભગવાન પ્રગટ થયા અને કહ્યું કે, "તારો ઉદ્ધાર થઈ ચૂક્યો છે. તું ગંડકી નામની નદી થઇશ અને હું ત્યાંથી શાલિગ્રામરૂપે પ્રગટ થયા કરીશ."

૩૦૮—જે કરશે તે ભોગવશે

ચંદ્રહાસ એક રાજાનો છોકરો હતો. તેનો પિતા યુદ્ધમાં માર્યો ગયો. તેની માતા પોતાના પતિ પાછળ સતી થઇ. રાજ્યની દાસી ચંદ્રહાસને ઉછેરવા કુંતલપુરમાં લઇ ગઈ. ત્યાં દાસી પણ મરી ગઇ. 'ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજીશું શ્રીગોપાળ' નારદજીના કહેવા પ્રમાણે ચંદ્રહાસ જે મળે તે ખાય અને છોકરાઓ જોડે હરિગુણ ગાય. એક સમયે દુષ્ટ બુદ્ધિવાળા પ્રધાને જોષીઓને પૂછ્યું કે, "મારી પુત્રીનાં લગ્ન કયાં અને કેવી જગાએ થશે?" જોષીએ કહ્યું: "અહીં ચંદ્રહાસ નામના છોકરા સાથે થશે." પ્રધાને મારાઓ બોલાવી ચંદ્રહાસને મારી નાખવા કહ્યું. મારાઓ તેને જંગલમાં મારવા લઇ ગયા પણ તેમને દયા આવી તેથી તેની માત્ર છઠ્ઠી આંગળી કાપી તેઓ ચાલ્યા ગયા. પછી ચંદ્રહાસને પાસેનો રાજા જંગલમાંથી લઇ ગયો અને તેને પુત્ર કરી રાખ્યો. પ્રધાનને આ વાતની ખબર

પડી, તેથી તેણે ચંદ્રહાસને પોતાને ત્યાં બોલાવ્યો. તેનો વિચાર ચંદ્રહાસને વિષ આપી મારી નાખવાનો હતો. તેના પુત્રે વિષને બદલે વિષયા નામની પુત્રી ચંદ્રહાસને પરણાવી! પ્રધાનને ખબર પડતાં તે અતિશય કોપ્યો. અને કાલિકાના મંદિરે મારાઓ મોકલ્યા. ચંદ્રહાસને કાલિકાનાં દર્શન કરવા જવા કહ્યું. ચંદ્રહાસ દર્શને જતો હતો, એવામાં રસ્તામાં પ્રધાનનો પુત્ર બોલ્યોઃ "તમે આ હાથી પર બેસી સવારીમાં ફરો અને હું માતાને પગે લાગવા જાઉં છું." પુત્ર માતાના મંદિરે ગયો અને મારાઓએ તેને મારી નાખ્યો! પ્રધાનને આ વાતની ખબર પડી, તે પણ શોકાતુર થઈને મરણ પામ્યો. પાછળથી ચંદ્રહાસે દેવી પાસે જઈ પ્રાર્થના કરી; એટલે પ્રધાન અને તેનો પુત્ર સજીવન થયા! પિતાપુત્ર ચંદ્રહાસને પગે પડ્યા અને તેની માફી માગવા લાગ્યા અને જગજ્જનની કાલિકા માતાનો ઉપકાર માનવા લાગ્યા.

૩૦૧–ત્રણ રાજકુમારો

એક રાજાને ત્રણ પુત્રો હતા. રાજાએ ત્રણે પુત્રોને યથા યોગ્ય કેળવણી આપી હતી. હવે તેમાં મોટો પુત્ર ગાદીનો વારસ ગણાય છે, પછી ભલે તે કુકર્મી કે મૂર્ખ હોય. આ રાજા નવીન વિચારનો હતો, તેથી તે કહેતો હતો કે, "જે લાયક હશે તે ગાદી ભોગવશે. નાલાયકને રાજ્યગાદી આપી પ્રજાની પાયમાલી કરવાનું મારો નથી." એક વખત રાજાએ ત્રણે પુત્રોને પોતપોતાની શક્તિ પ્રમાણે આરામાં સારાં કામો કરી આઠ દિવસની અંદર પોતપોતાની બીના રજૂ કરવા કહ્યું. પુત્રો આઠ દિવસ પછી રાજાની હજૂર દરબારમાં આવીને ઊભા [illegible] [illegible] પુત્રે કહ્યું: "આજકાલ [illegible] [illegible] [illegible]

હતી, તેના પર મેં કર નાખવાનો પ્રબંધ કર્યો છે. વળી બારીકાઈથી તપાસીએ તો કેટલાક કરો વધારી શકાય તેમ છે. મેં આઠ દિવસમાં આ કામ કર્યું છે." બીજો કુંવર બોલ્યોઃ "આપણી ફોજને બીજો રાજા દબાવી ન જાય માટે મેં ઘોડા, બંદૂકો અને પલટનમાં વધારો કર્યો છે." પાછળથી નાનો કુંવર બોલ્યોઃ "હું નાના ગામડામાં ફરવા ગયો, ત્યાં લોકોની સ્થિતિ મને બહુ જ ગરીબ લાગી. તે ગરીબ પાસેથી પણ આપણા લાંચિયા અમલદારોને જબરજસ્તીથી લાંચ લેતાં મેં દેખ્યા, તેથી કેટલાક અમલદારોને મેં રજા આપી છે. પ્રજાની દાદ સાંભળી તેમને પહેરવાને વસ્ત્ર અને ખાવાને અન્ન આપી પાણી માટે કૂવા ખોદાવવાનું નક્કી કર્યું છે. આપણી પ્રજા સુખી હશે તો આપણે સુખી રહેશું નહિ તો ઈશ્વરને ત્યાં ગુનેગાર ગણાઈએ." નાના કુમારનાં વચન સાંભળી રાજી થઈ રાજાના પુત્રને યોગ્ય જાણી તેને રાજ્યગાદી આપી!

૩૧૦—અંતિમ ઇચ્છા

એક પુરુષને ઘણા ઊંચા કુટુંબની સ્ત્રી મળી હતી. કર્મસંજોગે તે પુરુષ મરી ગયો અને સ્ત્રી વિધવા થઇ. તે હંમેશાં વ્રતઉપવાસ કરી શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ચાલતી. કોઇ પરપુરુષનો તે સ્પર્શ પણ કરતી ન હતી. એક વખતે તે અતિશય બીમાર થઇ અને તેનો મરણસમય આવી પહોંચ્યો ત્યારે વૈદને બોલાવ્યો. વૈદે આવી નાડીપરીક્ષા કરવા તેનો હાથ પકડ્યો. તે વખતે પરપુરુષના હાથમાં તેનો હાથ જવાથી તેને સ્પર્શસુખ ઉત્પન્ન થયું. તેનાં પૂર્વજન્મનાં પાપ ફરી વળ્યાં! તે એકદમ પરપુરુષના સ્પર્શથી થતા સુખનું ચિંતન કરવા

લાગી. એવામાં તેનો પ્રાણ છૂટી ગયો. તે વેશ્યારૂપે જન્મી અને તેને પરપુરુષો સાથે ભોગ ભોગવવા પડયા! અંતે તેને પૂર્વજન્મનું સ્મરણ થતાં તે પ્રભુભક્ત બની.

३११–साधुए शुं कर्युं ?

એક વણિક ભક્ત હતો. તેણે બહુ ભક્તિ કરી, ત્યારે છેવટે તેની પરીક્ષા કરવા ભગવાન સાધુનો વેશ લઈ આવ્યા. વાણિયાએ તેમનું સન્માન કર્યું. એક દિવસ વાણિયાના છોકરાને સાથે લઈ સાધુ ફરવા ગયા. ત્યાં છોકરાને મારી નાખ્યો અને તેનું ઘરેણું ઉતારી લઇ લીધું. કોઈએ આવીને શેઠને વાત કરી કે, "આ સાધુએ તમારા છોકરાને મારી નાખ્યો છે." સ્ત્રીસ્વભાવ પ્રમાણે શેઠની સ્ત્રી આ ખબર સાંભળી દુઃખી થઈ, પણ શેઠ બોલ્યા: 'જેણે છોકરો આપ્યો તેણે લીધો, તેમાં શોક શા માટે કરવો?" શેઠે પોતાની સ્ત્રીને કહ્યું કે. "આપણી સુવાન પુત્રી આ સાધુ સાથે પરણાવીએ તો જ આપણી ખરી ભક્તિ કહેવાય." એમ કહી સાધુ સાથે પુત્રી પરણાવવાનું નક્કી કર્યું. તે વખતે એક બીજા યોગી આવ્યા અને બોલ્યા "કન્યાના ભાઈ વિના લગ્ન થઈ શકે નહિ." તે યોગી [illegible] પુત્રને પરમાંથી નામ દઈ બોલાવ્યો. પુત્ર દર્શનો [illegible] ! સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો અને યોગી અન્તર્ધાન [illegible]

३१२–तलवार शानी हती ?

એક [illegible]

[illegible]

નહિ, છતાં 'પેટ કરાવે વેઠ.' પેટને માટે ધંધોરોજગાર કરવો જોઈએ, તેથી તે રાણાની ફોજમાં રહ્યો હતો. એક વખતે યુદ્ધમાં તેની તલવાર કોઇને વાગી. ત્યારથી તેણે લાકડાની તલવાર રાખવાનો નિયમ લીધો. મનુષ્યસ્વભાવ પ્રમાણે કોઈએ રાણા પાસે લાકડાની તલવારની વાત કરી. રાણાએ ભુવનસિંહની તપાસ કરવાં એક ઝાડને તલવારના ઝટકે કાપી નાખવા કહ્યું. ભુવનસિંહ આવ્યો. તેણે એકાગ્રતાથી ઈશ્વરની સ્તુતિ કરી. 'હે પ્રભુ લાજ રાખજે.' જેવી તે તલવાર ખેંચે છે, તેવી જ તે લોઢાની થઈ ગઈ! એક જ ઝટકે ઝાડ કપાઇ ગયું! રાણો પ્રસન્ન થયો અને ચાડિયાઓને શિક્ષા કરી.

૩૧૩–રામરક્ષા

શ્રીધર સ્વામી એક વખત પોતાને ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં લૂંટારાઓનો ડર હતો. તેમની પાસે જોખમ હતું. શ્રીધર સ્વામીએ રક્ષણ કરવા શ્રીરામરક્ષાનો પાઠ શરૂ કર્યો. આગળ જતાં ચોર લોકો તેમને લૂંટવા આવ્યા. ચોર લોકોને શ્રીધર સ્વામીની ચારે બાજુ ધનુષ્યધારી શ્રીરામને ત્રણ ભાઇઓ સહિત ચોકી કરતા દેખાયા! લૂંટારા તેમને લૂંટી શક્યા નહિ. તેઓ ગામ સુધી તેમની સાથે ગયા. શ્રીધર સ્વામી જેવા સાત્ત્વિક પુરુષનાં અને સાક્ષાત્ રામચંદ્રજીનાં દર્શન થતાં ચોરોનો વિચાર પલટાઇ ગયો. તેઓએ પોતાનાં હથિયાર શ્રીધર સ્વામીના પગમાં મૂકી દીધાં અને એક એક માળા ગ્રહણ કરી રામનામનો જપ કરવા લાગ્યા.

३१४–पिता पासे भागवत भण्या

શુકદેવજીને ગર્ભમાં આત્મજ્ઞાન થયું હતું. તે જન્મીને તરત જ જંગલમાં ચાલ્યા ગયા હતા. તેમનો જન્મ કરનાળી નજીક ઓર-સંગમ પાસે થયો હતો. આ દુનિયામાં પુત્રનો મોહ અધિક હોય છે. શુકદેવ જન્મીને ચાલતા થયા, ત્યારે તેમના પિતા વ્યાસ ભગવાન 'હે પુત્ર ! હે પુત્ર !' એમ પોકારતા પાછળ દોડ્યા. આગળ જતાં નર્મદાજીમાં કેટલીક સ્ત્રીઓ નગ્નાવસ્થામાં સ્નાન કરતી હતી. યુવાવસ્થાવાળા શુકદેવને જોઈ શરમ રાખ્યા વિના તેઓએ સ્નાન ચાલુ રાખ્યું. જ્યારે શુકદેવની પાછળ વ્યાસને જોયા, ત્યારે સ્ત્રીઓએ જલદી પોતપોતાનાં વસ્ત્રો પહેરી લીધાં. વ્યાસે કહ્યું: "હું બુઢ્ઢો છું, તમે મારી પુત્રીઓ કહેવાઓ, આ મારો પુત્ર યુવાન તથા સ્વરૂપવાન છે, છતાં તેને જોઈ તમે વસ્ત્ર ન પહેરી લીધાં અને મને જોતાં વસ્ત્ર કેમ પહેર્યાં ?" સ્ત્રીઓ બોલી: "તમે તો વ્યવહાર તથા ગૃહસંસાર ભોગવ્યો છે ! આ બ્રહ્મસ્વરૂપ શુકદેવજી બ્રહ્મ સિવાય બીજું જાણતા નથી, માટે અમે તમને દેખી વસ્ત્ર પહેર્યાં." એટલામાં શુકદેવ દેખાતા બંધ થયા. ઋષિ પોકારીને બોલાવવા લાગ્યા. ત્યારે શુકદેવનાં પ્રતિનિધિ બની વૃક્ષો જવાબ આપવા લાગ્યાં: "શુકદેવ તો આગળ ગયા." [illegible] ભાગવતની કથા કરતા હતા. 'પૂતના બકાસુરને [illegible]. છતાં તેને પણ પ્રભુએ સદ્ગતિ આપી. આવો દયાળુ બીજો કોણ છે !' આ વચન સાંભળી શુકદેવ પ્રકટ થયા [illegible] "[illegible]" [illegible]. શુકદેવજીને પણ ભાગવત શ્રવણની [illegible] થઈ, [illegible]

ાતાના પિતા વ્યાસ ભગવાન પાસે આવી તેઓ ભાગવત
ણ્યા અને તે ભાગવત દ્વારા દુનિયામાં ભક્તિનો ફેલાવો
રી પરીક્ષિત વગેરેનો ઉદ્ધાર કર્યો !

३१५–भैंस क्यां गई ?

એક ગોવાળ વનમાં ગાયો ચારતો હતો. તે શ્રીકૃષ્ણના ચરિત્રમાં નિમગ્ન રહેતો. પોતાના અંતઃકરણ પ્રમાણે ગોવાળને સૌ કોઇ ભક્ત જ દેખાતું હતું. ગાયોના ટોળામાં એક સુંદર ભેંસ હતી. એક વખતે એક ચોર તે ભેંસ લેવા આવ્યો. ગોવાળે તેને દીઠો ખરો, પણ તેણે તેને રોકયો નહિ. તે ભેંસ ચોરીને લઇ ગયો. ગોવાળે વિચાર્યું કે, "સામગ્રી સૌ હરિ-તણી, તો હરિનો ભક્ત ભેંસ લઇ જાય તેમાં કંઇ હરકત નહિ. પણ ઘેર માતાને દુઃખ લાગશે ખરું." તે સાંજે ઘેર આવ્યો ત્યારે માતાએ પૂછ્યું: "ભેંસ કયાં ગઈ ?" ગોવાળ બોલ્યોઃ "ભેંસ એક ભક્ત લઇ ગયો છે. તે દૂધ, દહીં, ઘી વગેરે ખાઈ આપણે ઘેર પહોંચતી કરશે." એક વખત એવું બન્યું કે, તે ચોરે દિવાળીને દિવસે તે ભેંસને સોનાચાંદીનાં ઘરેણાંથી શણગારી. તે ભેંસ ખીલેથી દોરડું તોડીને નાઠી. ભગવાન પોતે જ તે ભેંસ ગોવાળને ત્યાં લઇ ગયા ! તે વખતે ગોવાળ બોલ્યોઃ "માતા ! જો, આ તારાં દૂધ વગેરેનું અનેક-ગણું મૂલ્ય પણ સાથે આવ્યું."

३१६–जयदेव पंडित

કવિ જયદેવ મહાન પંડિત તેમજ પ્રભુભક્ત હતા. એક વખત કોઈ રાજાએ તેમનું ધનથી સન્માન કર્યું. જયદેવ પંડિત ધન

લઈ પોતાને ગામ જતા હતા. રસ્તામાં ચોર લોકો મળ્યા. માગતાં પહેલાં તેમણે બધું ધન ચોરોને આપી દીધું, છતાં દુષ્ટોએ જયદેવ પંડિતના હાથ કાપી એક ખાડામાં નાખી દીધા. કોઈ રાજા ત્યાં થઈને જતો હતો. રાજા પંડિતને ખાડામાંથી બહાર કઢાવીને તેમને પોતાના રાજ્યમાં લઈ ગયો. રાજાએ જયદેવને પવિત્ર તથા હાથ વિનાના સમજી પોતાની પુત્રી તેમની સાથે પરણાવી. જયદેવે રાજ્ય તરફથી એક દાનવ્રત ખોલાવ્યું. એક દિવસ સદાવ્રત લેવા સાધુવેશે પેલા ચોર આવ્યા. જયદેવે તેમને ઓળખ્યા, તેથી તેમની બહુ બરદાસ કરી, સારો સત્કાર કરી વિદાયગીરી આપી. સિપાઈ લોક તેમને વળાવવા ગયા અને તેમની બહુ બરદાસ કરવાનું કારણ પૂછ્યું. ચોર લોકો બોલ્યા: "અમે બધા રાજનોકર હતા. જયદેવના કોઈ ગુનાથી રાજાએ તેમનો વધ કરવા અમને ફરમાવ્યું હતું, પણ અમને દયા આવવાથી તેમના હાથ કાપીને છોડી મૂક્યા, તેથી અમારા પર તેઓ પ્રેમ રાખે છે." આ વાત થતી હતી તેવામાં પૃથ્વી ફાટી અને ચોર લોકો અંદર સમાઈ ગયા! સિપાઈઓ ઘેર જઈ જયદેવને વાત કહી. જયદેવ દયાથી ઠુંઠા હાથ ઘસવા લાગ્યા, એટલે નવા હાથ ફૂટી નીકળ્યા! આ જયદેવ કવિનું ગીતગોવિંદ નામનું કાવ્ય સંગીતમય છે અને ઘણું જ પ્રસિદ્ધ છે

૨?૭—બાદશાહે મંદિર બંધાવ્યું!

એક [illegible]

તો તેને બાદશાહ ગરદન મારશે." આ હુકમ સાંભળી બધાએ માળા પહેરવી છોડી દીધી. માત્ર એક અડગ ભક્ત ભગવાનદાસે બાદશાહની તે આજ્ઞા પાળી નહિ. તે દિવસથી તેમણે વધારે માળા પહેરી, વિશેષ તિલક કરવાં શરૂ કર્યાં. કોઇએ બાદશાહને ભગવાનદાસની વાત કરી. બાદશાહે તેમને બોલાવવા માણસ મોકલ્યા, ત્યારે ભગવાનદાસે કહેવડાવ્યું કે, "જાઓ બાદશાહને કહો કે ભક્ત તો ભગવાન પાસે બેઠા છે, તેમને છોડીને અત્યારે તમારી પાસે નહિ આવે. અવાશે તો મોડા આવીશ." બાદશાહ આ વચન સાંભળી ક્રોધથી લાલચોળ બની ભગવાનદાસના મંદિર તરફ ગયો. ત્યાં જઇ તે જુએ છે તો ભગવાનદાસ ધ્યાનાવસ્થામાં બેઠા છે. બાદશાહ ક્રોધથી બળી રહ્યો હતો. બાદશાહ બોલ્યોઃ "મારા હુકમથી તમે વિરુદ્ધ કેમ ચાલો છો?" ભગવાનદાસ બોલ્યાઃ "માળાતિલક તો અમારા શાસ્ત્રમાં ધર્મની નિશાની તરીકે મનાયાં છે, તેથી હિંદુમાં જ્યારે મરે ત્યારે પણ તિલક આદિ કરવાનો રિવાજ છે. આજે આપ બાદશાહ મને મારવાના છો તેથી તો મેં વધારે માળા ધારણ કરી છે. આપને જે શિક્ષા કરવી હોય તે કરો!" બાદશાહ ભગવાનદાસની વાણી સાંભળી ચૂપ થઇ ગયો અને ઊલટું ત્યાં એક મંદિર બનાવી આપ્યું. અત્યારે પણ તે મંદિર હયાત છે!

૩૧૮—પરીક્ષા તો હતી

એક ચતુર્ભુજ નામનો રાજા હતો. તે અત્યંત પવિત્ર હતો. તે દરેક મનુષ્યને પ્રભુના ભક્ત માનતો. તેને સાચાજૂઠાની પરીક્ષા હતી, છતાં તે કોઇનો દોષ ન જોતાં સર્વની સેવા

કરતો. તેની કીર્તિ દેશપરદેશમાં ફેલાઈ હતી. પડોશનો રાજા તેનું આવું વર્તન જોઈ કહેવા લાગ્યો કે, "એવી ઘેલી ભક્તિ શા કામની? સાચાજૂઠાની પરીક્ષા ન હોય તે ગાંડપણ કહેવાય." આ સાંભળી તે રાજાનો પંડિત બોલ્યોઃ "તે મનમાં પરીક્ષા તો કરી લે છે, પરંતુ કોઈને ખોટું મનાવતો નથી." આ સાંભળી રાજાએ પરીક્ષા કરવા પોતાના ભાટને સાધુનો વેશ પહેરાવી ચતુર્ભુજ રાજાને ત્યાં મોકલ્યો. પેલા રાજાએ તેનો સારો સત્કાર કર્યો અને માનપાન સહિત પાછો વળાવ્યો. જતી વખતે એક મહોરની છાપ અને અંદર ફૂટી કોડી ભરી એક ડાબલી આપી અને તે રાજાને આપવા કહી. ભાટે પોતાના રાજાને તે આપી. રાજા કંઈ સમજ્યો નહિ, ત્યારે પેલા પંડિતે આવી કહ્યું: "આ તમારો મોકલેલો સાધુ ઉપરથી મહોરની છાપ જેવો છે, પણ અંદરથી ફૂટી કોડી જેવો છે, એમ રાજાએ તેની પરીક્ષા કરી છે." રાજા આ સાંભળી ખુશ થયો અને ભક્ત રાજાની પ્રશંસા કરવા લાગ્યો.

૩૧૯–બાળકને ઈશ્વર મળ્યા!

એક ક્ષત્રિયના પુત્રે એક મહાત્મા પાસેથી સાંભળ્યું કે, "પરમાત્મા સર્વમાં બિરાજે છે. જે કોઈ તેની ટેક રાખે છે તેને તે મળે છે." આ વાક્ય સાંભળી, તે બાળક [illegible] ઈશ્વરને મેળવવા મથવા લાગ્યો. ઘણા મનુષ્યોને [illegible] ખબર પૂછી, તો કોઈ કહે વૈકુંઠમાં છે, કોઈ કહે [illegible] છે, કોઈ કહે ગોકુળમાં છે, કોઈ કહે [illegible] છે, કોઈએ કહ્યું, શિવ મંદિરમાં છે. બાળકે ક્ષત્રિય [illegible] એ સર્વ [illegible] પણ નહિ મળવાથી તે નિરાશ [illegible]

લાગ્યો. ભક્તવત્સલ પ્રભુ બાળકના પ્રેમને વશ થયા. પરમાત્મા શ્યામમૂર્તિરૂપે બાળકની સન્મુખ ઊભા રહ્યા અને બોલ્યાઃ "જેને તું ખોળે છે તે હું જ છું." બાળકે કહ્યું: "એ વાત સાચી, પણ મારા ગુરુ કહે તો જ હું તમને શ્રીકૃષ્ણ માનું." બાળક પ્રભુનો હાથ પકડી ઝટ ગુરુ પાસે લઈ જવા લાગ્યો, એવામાં ગુરુ ત્યાં જ આવી પહોંચ્યા. ગુરુ પ્રભુને જોઈ કૃતકૃત્ય થઈ ભગવાનના ચરણમાં પડ્યા અને કહેવા લાગ્યા કે, "એ જ આ પ્રભુ પોતે કે જેને યોગીઓ રાત્રિદિવસ ખોળે છે! આપણાં પુણ્ય પ્રગટી નીકળ્યાં કે સાક્ષાત્ ઈશ્વરનાં દર્શન થયાં!" બાળકને માથે હાથ મૂકી પ્રભુ અંતર્ધાન થઈ ગયા.

૩૨૦–ડાળી નીચી નમી

અલ્હજી નામના ભક્ત જે કંઇ ખાતા તે ઈશ્વરને અર્પણ કરીને ખાતા અને જે કંઇ કરતા તે કૃષ્ણાર્પણબુદ્ધિથી કરતા. તેમનો આ ટેક હંમેશાં જળવાઇ રહેતો. એક વખત અલ્હજી ભક્ત યાત્રા કરવા ગયા. ત્યાં એકાંતનિવાસમાં તે ઊતર્યા. ત્યાં ભગવાનને ધરાવવા એક કેરી બાગવાળા પાસે માગી. બાગવાળો બોલ્યોઃ "કેરી ખાધા વિના ન રહેવાતું હોય તો તમે ઝાડ ઉપર ચઢી ઉતારી લો." આ કહેતાંની સાથે આંબાની ડાળ નીચી નમી અને અલ્હજીના આસન પાસે આવી. ભક્તે એક કેરી તોડીને તેનો પ્રભુને ભોગ ધર્યો. પાછળથી આ વાત માળીએ રાજાએ કહી. રાજા પણ ત્યાં આવ્યો અને અલ્હજીનાં દર્શન કરી પ્રસન્ન થયો. રાજાએ આંબાની ડાળ નીચે નમવાનું કારણ પૂછ્યું, ત્યારે અલ્હજી બોલ્યાઃ "પરમાત્માની કૃપાથી બધું થાય છે. જેના ઉપર ઈશ્વરની કૃપા હોય, તેને દેવો પણ નમે છે તો વૃક્ષ કેમ ન

નમે?" આવો ઉત્તર સાંભળી રાજા પ્રસન્ન થયો. ત્યાર પછી તે પણ પરમાત્માનો ભક્ત બન્યો.

૩૨૧–ગાયો ચારવા જાઓ

ધના ભક્ત નાના હતા ત્યારે તેને ત્યાં એક બ્રાહ્મણ આવ્યો. બ્રાહ્મણે કહ્યું: "બેટા, આ દુનિયામાં ખરો સગો ઈશ્વર છે. ઈશ્વરને આપણે વફાદાર રહેવું જોઈએ. ગર્ભમાં તેણે રક્ષણ કર્યું અને જન્મની સાથે માતાના સ્તનમાં બાળકને પીવાનું દૂધ ઉત્પન્ન કર્યું." આ સાંભળી ધના ભક્તની ઈશ્વર ઉપર શ્રદ્ધા બેઠી. તેણે બ્રાહ્મણ પાસેથી એક મૂર્તિ લીધી અને દરરોજ તેનું પૂજન કરી ભોગ ધરવા લાગ્યો. મૂર્તિએ તે ભોગ આરોગ્યો નહિ, ત્યારે ધના ભક્તે કહ્યું "જ્યારે તું ખાઈશ ત્યારે હું ખાઈશ." આમ ઘણા દિવસ થઈ ગયા, ત્યારે ભગવાને ધનાનો સાચો ભાવ જોઈ [illegible] માટી! એક દિવસ અર્ધું ખાધું એટલે ભક્તે થાળી ખેંચી લઈને કહ્યું "તું એકલો જ બધું ખાઈ જઈશ? હું પણ દિવસથી ભૂખ્યો છું. મને અડધું ખાવા આપ! હવે તારે મારું કામ કરવું પડશે. તું બે કલાક ગાયો ચારવા જા." પ્રભુ ગાયો ચરાવવા ગયા. ધના ભક્ત ખેતરમાં અનાજ વાવવા ગયા. [illegible] લોકો મળ્યા. ધનાએ તે બધાને ઈશ્વરરૂપ માની બધું અનાજ આપી દીધું! ખેતરમાં જઈ ઢેફું-રેતી વાવીને ઘેર પાછા આવ્યા! પ્રભુકૃપાથી તેના ખેતરમાં પુષ્કળ અનાજ પાક્યું! [illegible] આવ્યો, તેને ધના [illegible] "[illegible] દિવસ મને [illegible] [illegible] કરું છું!"

३२२–सदनो कसाई

સદનો જાતે કસાઇ હતો. પૂર્વજન્મના પાપથી તે કસાઇ થયો હતો. પૂર્વજન્મનો સંસ્કારી હોવાથી તે પ્રભુનો પરમ-ભક્ત થયો. એ કદી જૂઠું બોલતો ન હતો, તેમ હિંસા પણ કરતો નહિ. તે શાલિગ્રામની પૂજા કરતો અને દુકાન ઉપર શાલિગ્રામથી તે માંસ જોખતો હતો. ૦। શેરથી મણ સુધી એક શાલિગ્રામથી જ તોળતો ! તેના દૃઢ વિશ્વાસથી ભગવાન પણ તેટલા જ વજનવાળા થઇ જતા. તે એક વખત જગન્નાથની જાત્રાએ જતો હતો. રસ્તામાં એક કામુક સ્ત્રી તેના ઉપર મોહિત થઇ, તેથી તે પોતાના પતિને મારીને સદના પાસે આવી. સદનાએ તેનું કહેવું માન્યું નહિ, ત્યારે તેણે બૂમો પાડી સદના ઉપર આરોપ મૂક્યો. દરબારમાં સદનાના હાથ કાપવામાં આવ્યા. સદનાએ પૂર્વજન્મના પાપનું ફળ મળ્યું એમ માન્યું. તે જગન્નાથના મંદિરમાં જઇ જેવો દંડવત્ કરી હાથ જોડે છે, તેવા જ તેના કપાયેલા હાથ ફૂટી નીકળ્યા ! સદનાની અલૌકિક ભક્તિનાં સર્વ કોઇ વખાણ કરવા લાગ્યા.

३२३–सोनानो वरसाद वरस्यो !

રઘુરાજા ઉત્તરાયણ આવે એટલે સર્વ વસ્તુનું દાન કરી દેતો. એક વખત બધું દાન કરીને તે ઘરની બહાર ઓટલે માટીના વાસણમાં જળ લઇને દાતણ કરવા બેઠો હતો, તેવામાં એક બ્રહ્મચારી આવ્યો. રઘુરાજાએ માટીના વાસણમાં ચંદન વગેરે લઇને તેની પૂજા કરી યથાયોગ્ય સ્વાગત કર્યું. પછી

હાથ જોડી બોલ્યોઃ "હે બ્રહ્મચારી! કહો, શી આજ્ઞા છે?" બ્રહ્મચારી બોલ્યોઃ "મારે મારા ગુરુને ચૌદ લાખ સોનામહોરો ગુરુદક્ષિણામાં આપવી છે, પણ તું તો નિર્ધન ભાસે છે તેથી તું શું આપી શકીશ? હું બીજે જાઉં છું." રઘુ બોલ્યોઃ "હું તમને આવતી કાલે જરૂર આપીશ. આપ ધીરજ રાખો." પછી રઘુએ વિચાર્યું કે, કોઈને પજવીને ધન લાવવું તેના કરતાં મહાન ધનાઢ્ય કુબેર ભંડારીને લૂંટવો તે સારું છે. એમ વિચારી પોતાનું સૈન્ય લઈ તે બહાર નીકળ્યો અને ધનુષ્યને ટંકાર કર્યો, ત્યાં તો સોનામહોરોનો વરસાદ વરસ્યો! બ્રહ્મચારી કહેઃ "હું તો ચૌદ લાખ જ લઈ જઈશ." રઘુએ કહ્યું "સઘળી તમારા નિમિત્તની છે, માટે બધી લઈ જાઓ." બ્રહ્મચારીએ સઘળી સોનામહોરો લઈને પરોપકારમાં વાપરી દીધી.

૩૨૯–કર્માનંદની લાકડી

રજપૂતાનામાં કર્માનંદ નામનો ચારણ [illegible] પ્રભુનો પરમ ભક્ત હતો. તે હંમેશાં પ્રભુનું ગુણગાન કરતો [illegible] આત્મા સિવાય તે કોઈની ખુશામત કરતો નહિ [illegible] તે તીર્થયાત્રા કરવા ગયો. પોતાની સાથે એક [illegible] રામની તેમજ ભગવાનની મૂર્તિ હતી. તેની [illegible] એક લાકડી સાથે રાખી હતી. તે જ્યાં ઉતરે ત્યાં [illegible] જમીનમાં [illegible] તેના ઉપર મૂર્તિ [illegible] [illegible] પૂજાપાઠ [illegible] [illegible]

ઉઠાવું, તમને ઉઠાવું, છતાં તમે લાકડીની યાદ પણ ન આપો? તમે તો અંતઃકરણના પ્રેરક છો. તમે તમારું કામ પણ મારી પાસે કરાવવા માગો છો?" ભક્તનાં આવાં સાચાં મહેણાં સાંભળી ભગવાને દર્શન દઈ તે લાકડી તેના હાથમાં આપી!

૩૨૫–अक्षययज्ञ

એક ગૃહસ્થે પોતાની સારી સ્થિતિમાં ચાર યજ્ઞ કર્યા હતા. દૈવવશાત્ પાછળથી તેની લક્ષ્મી નાશ પામી, છતાં યજ્ઞના પુણ્યથી તે શોભતો હતો. કોઈએ તેને કહ્યું: "તારે જો યજ્ઞનું ફળ જોઈતું હોય, તો એક યજ્ઞનું ફળ ધર્મરાજા આપશે." તે ભાથું બાંધી યજ્ઞનું ફળ લેવા ચાલ્યો. રસ્તામાં તે ભાથું છોડી ખાવા બેઠો. ત્યાં એક ભૂખી કૂતરી આવીને ઊભી રહી. તેણે ભાથામાંથી ચોથો ભાગ કૂતરીને ખાવા નાખ્યો. કૂતરી ભૂખી જ રહી. તેણે બધું ખાવાનું કૂતરીને આપી દીધું. પછી તે ધર્મરાજા પાસે ગયો અને એક યજ્ઞનું ફળ માગ્યું. ધર્મરાજા બોલ્યા: "તમારા પાંચ યજ્ઞ અહીં જમા છે. પાંચમાં એક અક્ષયયજ્ઞ છે." ગૃહસ્થે કહ્યું: "મેં તો ચાર જ યજ્ઞ કર્યા છે." ધર્મરાજા બોલ્યા: "તમે રસ્તામાં આવતાં ભૂખી કૂતરીને ખવડાવ્યું, તે તમારો અક્ષયયજ્ઞ છે! તમારા બીજા યજ્ઞોમાં ફળની ઈચ્છા હતી તેથી તે નાશવંત છે. આ યજ્ઞ નિરપેક્ષ હોવાથી અક્ષય છે." આ સાંભળી તે ગૃહસ્થ બહુ રાજી થયો અને પછી તેણે દુનિયામાં દયાધર્મનો પ્રચાર કર્યો.



૩૨૬—આ લે, મારો દેહ !

શિબિરાજાની કથા મહાભારત તથા પુરાણોમાં વિસ્તારથી આપેલી છે. શિબિરાજાની દયા અને શરણાગત-વત્સલતાથી તેની કીર્તિ દશે દિશામાં ફેલાઈ હતી. એક વખત ઇંદ્રને તેની પરીક્ષા કરવાની ઇચ્છા થઈ, તેથી અગ્નિને કપોત બનાવી અને પોતે શકરોબાજ બની, આગળ કપોત અને પાછળ બાજપક્ષી એમ ઊડતા ઊડતા શિબિરાજા પાસે આવ્યા. હોલો શિબિરાજના ખોળામાં ભરાઈ બેઠો. તે જોઈ બાજપક્ષી બોલ્યો: "હે રાજા, આ હોલો મારો ભક્ષ્ય છે, માટે મને દે. જો નહિ આપે તો તું દુઃખી થઈશ; કારણ કે જીવો જીવસ્ય જીવનં-જીવ જીવનું જીવન છે." શિબિરાજાએ કહ્યું: "તારી વાત ખરી છે, છતાં હું શરણાગતને નહિ છોડું. તારે જોઈએ તો મારું રાજ્ય આપું, તારે માંસની જ જરૂર હોય તો તેના બરોબર મારા શરીરમાંથી માંસ આપું, પણ હોલો તો નહિ જ આપું." [illegible] એક ત્રાજવામાં [illegible] અને બીજા ત્રાજવામાં [illegible] આ લે, મારો દેહ !" [illegible]

૩૨૭–पिताए करवत मूक्युं!

મયૂરધ્વજ રાજા, તેમની રાણી તથા પુત્ર વગેરે આખું કુટુંબ ટેકવાળું તથા પરમભક્ત હતું. યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞનો અશ્વ છોડી મૂકયો. તેનો રક્ષક ગાંડીવધારી અર્જુન હતો, જેના બાણથી ભીષ્મ અને દ્રોણ જેવા યોદ્ધાઓ માર્યા ગયા હતા. અર્જુનને બે વાતનું અભિમાન હતું. એક તો તે એમ માનતો હતો કે મારા જેવો યોદ્ધો એક પણ નથી. બીજું મારા જેવો કૃષ્ણનો બીજો કોઈ પ્રિય ભક્ત નથી. ભગવાનને અર્જુનનું અભિમાન ઉતારવું હતું, તેથી અર્જુન જ્યારે દિગ્વિજય કરતો કરતો મયૂરધ્વજ રાજાને ત્યાં આવ્યો, ત્યારે તે યજ્ઞશાળામાં હતો. તેના કુમાર તામ્રધ્વજે અર્જુનને રમત માત્રમાં હરાવી તેનો ઘોડો છીનવી લીધો! અર્જુન શરમાયો. ભગવાને વિચાર્યું: 'આ બેઉ મારા ભક્તો છે.' પછી પોતે વૃદ્ધ બ્રાહ્મણ બન્યા અને અર્જુનને નાનો બાળક બનાવ્યો. પછી તે બેઉ મયૂરધ્વજની પાસે ગયા. તેણે તેમનો સત્કાર કર્યો. મયૂરધ્વજે આગમનનું કારણ પૂછતાં ભગવાને જણાવ્યું કે, "માર્ગમાં અમને એક વાઘ મળ્યો. તે આ છોકરાને ખાવા દોડયો. મેં તેને રોકયો, ત્યારે વાઘ બોલ્યો કે, 'રાજાના કુમારનું જમણું અંગ એના બદલામાં આપો તો હું છોડું.' આપની ખ્યાતિ સાંભળી હું આવ્યો છું." રાજા બોલ્યોઃ "બહુ સારું." એમ કહી પોતાની પત્ની તથા પુત્રને બોલાવી વાત કરી. તેઓ ઘણાં રાજી થયાં. પછી માતપિતાએ કરવત હાથમાં લઈ પોતાના પુત્રને વહેરવા માંડયો. કુંવરની ડાબી આંખમાં પાણી આવ્યું, તે જોઈ બ્રાહ્મણે કહ્યું: "હવે તે શરીર અમને નહિ ખપે, કારણ કે આંખમાં પાણી આવ્યું છે." એટલે રાજા

કહી તમારે તેમને આપવું જ નથી.” ભગવાને કહ્યું: “ક[illegible] મારી સાથે ચાલ.” બન્ને જણ જંગલ તરફ ચાલ્યા! લાકડાં કાપીને આવતાં સામેથી દંપતીને દીઠાં. ભગવાને રસ્તામાં મહોરોની ભરેલી કોથળી નાખી. રાંકાજી આગળ હતા. તેમણે ઠોકર મારી તો મહોરો દેખાઇ. મહોરો જોઇ બાંકે તે ઉપર પગથી ધૂળ વાળી દીધી કે, કદાચ આ મહોરો જોઇ લે. પછી જ્યારે બાંકા ત્યાંથી નીકળી ત્યારે તે બોલી કે, “ભક્ત કહેવાય છે કે ‘પરધન પથ્થર જાણીએ’ પણ હજુ તે પ્રમાણે તમે જાણ્યું નથી, નહિ તો મહોરો ઢાંકત નહિ. કારણ પથ્થરને કોણ ઢાંકે?” તે દિવસે લાકડાં વેચાયાં નહિ, ત્યારે તે પરસ્પર વાત કરવા લાગ્યાં કે, આજે મહોરો દેખી તેના અપશુકન થયા; કદાચ આપણે તે લીધી હોત તો શું થાત!

૩૩૧–શ્રીમદ્ ભાગવતની ટીકા

શ્રીમદ્ભાગવત ઉપર અનેક ટીકાઓ લખાઈ છે, તેમાં શ્રીધર સ્વામીની ટીકા અત્યુત્તમ છે. શ્રીધર સ્વામીએ ભાગવત ઉપર ટીકા લખી તે વખતે તેમનું જોઇ પણ [illegible] લખી. કોઈએ ભાગવતને કર્મપરાયણ કહ્યું, તો કોઈએ ભાગવત ભક્તિપરાયણ છે એમ લખ્યું. કોઈએ તો ભાગવતમાં જ્ઞાન સિવાય કંઈ છે જ નહિ એમ કહ્યું. શ્રીધર સ્વામીએ કર્મ, ઉપાસના અને જ્ઞાન એમ અધિકાર પરત્વે ત્રણ વિ[illegible]

જગન્નાથના મંદિરમાં મૂકો. ભગવાન જે ટીકા સ્વીકારે તે ટીકા શ્રેષ્ઠ." આ વાત બધાએ કબૂલ કરી. ટીકાઓ મંદિરમાં મૂકી મંદિર બંધ કર્યું. સવારે મંદિર ઉઘાડતાં બધાં પુસ્તક ફેંદી નાખેલાં દેખ્યાં અને શ્રીધર સ્વામીની ટીકા ભગવાનની સમીપ અનામત પડેલી દેખી. ત્યારથી શ્રીધરની ટીકા પ્રમાણભૂત ગણાઇ.

३३२–द्वारकानां दर्शन थयां !

પીપાજી પ્રભુભક્ત હતા. પાછળથી તે દેવીના ભક્ત થયા. એક વખત દેવીને થાળ ધરાવી તે સૂતા હતા, એવામાં તેમને સ્વપ્ન આવ્યું, દેવી બોલી કે, "હું ભૂખી છું, કારણ કે થાળમાં તુળસીદળ છે તેથી તે વિષ્ણુની રસોઇ ગણાય; હું ખાઉં તો મને દંડ મળે." પીપાજીએ પૂછ્યું: "તને કોણ દંડ આપે?" દેવી બોલી: "સર્વનો પ્રેરક ઈશ્વર છે તે." "ત્યારે હું ઈશ્વરને જ ભજીશ." એમ કહી પીપાજી ત્યારથી ઈશ્વરભક્ત થયા! તેઓ રાજ્ય છોડીને સીતા નામની રાણી સાથે સાચી દ્વારકાનાં દર્શન કરવા સમુદ્રમાં પડ્યા! ઈશ્વરકૃપાથી તેમને સાચી દ્વારકાનાં દર્શન થયાં. પીપાજીએ કહ્યું છે કે—

પીપા પાપ ન કીજીએ, પુન્ય કીયો સો વાર;
જો કીસીકા લીયા નહિ, તો દીયા વાર હજાર.

३३३–भक्त रोहिदास

ભક્તબીજ પલટે નહિ, જો જુગ જાય અનંત;
ઊંચ નીચ ઘેર અવતરે, આગે સંતનો સંત.

ભગવાન ભાષ્યકાર શંકરે લખ્યું છે કે, નીચ કુળમાં જન્મ

થવા છતાં જ્ઞાન થાય ત્યારે સમજી લેવું કે, પૂર્વજન્મનાં તપનું એ ફળ છે. તે વાત રોહિદાસના દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય છે. રોહિદાસ પૂર્વજન્મમાં શુદ્ધ આચરણવાળા બ્રહ્મચારી હતા. તેઓ પ્રસિદ્ધ મહાપુરુષ રામાનંદની સેવામાં રહેતા. એક વાણિયો તેમનો સંબંધી હતો. વાણિયાની લેણદેણ ચમારો સાથે હતી. ચમારો પાસેથી મેળવેલા ધનમાંથી વાણિયો બ્રહ્મચારીને પોષતો. એક વખત વાણિયાએ આપેલી સામગ્રી તે ગુરુ પાસે લઈ ગયા. ગુરુએ ભોગ ધરાવી તેનું ભોજન કર્યું. પણ તેમની વૃત્તિમાં ફેરફાર જણાયો! અન્ન કોનું છે? એમ પૂછતાં બ્રહ્મચારીએ જણાવ્યું કે, વાણિયાનું છે વાણિયાને ત્યાં ક્યાંથી આવ્યું તેની તપાસ કરતાં જણાયું કે તે ચમારનું છે રામાનંદે ક્રોધ કરી બોલ્યા: "તું ચમારનું ખાઈ ભ્રષ્ટ થયો અને મને પણ કર્યો. તારે ચમારને ત્યાં જન્મ લેવો પડશે, પણ તારું જ્ઞાન વિસ્મૃત થશે નહિ." તે ચમારને ત્યાં જન્મ્યા અને રોહિદાસ નામ રાખ્યું તેમની સ્થિતિ બહુ [illegible] હતી. ભગવાને તેમને એક પારસમણિ આપ્યો. રોહિદાસે તે લેવા ના પાડી." હું પારસમણિને [illegible] નથી, પણ મારે તો આપની જ જરૂર છે." ભગવાન પારસમણિને છાપરામાં મૂકી ચાલ્યા ગયા. કેટલાક દિવસ પછી પાછા આવી પારસમણિ માગ્યો, ત્યારે રોહિદાસે જણાવ્યું કે, "મને તેની ખબર નથી તમે જ્યાં મૂક્યો હોય ત્યાંથી લઈ લો." આવા રોહિદાસ [illegible] હતા. તેમના [illegible] અનેક [illegible] સેવામાં [illegible] હતા.



૩૩૪–કર્માબાઈનો ખીચડો

કર્માબાઈ ભગવાન પ્રત્યે પુત્રભાવથી વર્તતી હતી. જેમ માતા સવારના પહોરમાં જાગતાંની સાથે જ પોતાના બાળકની સંભાળ લે છે, તેમ કર્માબાઇ ભગવાનની ખાવાપીવાની સંભાળ રાખતી. તે ઊઠીને તરત નાહ્યા વિના પ્રથમ નાના વાસણમાં ખીચડી મૂકી, ભગવાનને ભોગ ધરાવતી. ભગવાન સ્વયં આવીને કર્માબાઇના ખોળામાં બેસી ખીચડી ખાઇ જતા! એક વખત કોઇ પંડિતે કહ્યું: "તું આચારવિચાર પાળી નાહી-ધોઇને ભોગ ધરાવ્યા કર." કર્માબાઇએ તેમ કર્યું તો બહુ જ વાર લાગી. ભગવાન તેના ખોળામાં બેસી ખીચડી ખાતા હતા, એવામાં જગન્નાથમાં એક સાચા ભક્તે પ્રભુને ભોગ ધર્યો. ભગવાન હાથમોઢું ધોયા વિના ત્યાં દોડી ગયા. ભક્તે ભગવાનનાં હાથમોઢું એઠાં જોઇ પૂછ્યું: "હાથ-મોં એઠાં કેમ છે?" ભગવાને જણાવ્યું કે, "કર્માબાઇ હંમેશાં મને વહેલી જમાડતી હતી, પણ આજે કોઇએ તેને આચાર શીખવ્યો છે, તેથી મોડું થયું છે!" પેલા ભક્તે કર્માબાઇને વાત કરી. તે બિચારી બહુ રાજી થઇ અને પ્રથમની પેઠે નાહ્યાધોયા વિના પ્રભુને પૂર્ણ પ્રેમથી ખીચડી આપવા લાગી.

એક ભક્તે ગાયું છે કે—

વહાલો પ્રેમને વશ થયા રાજી રે,
તેમાં શું કરે પંડિતને કાજી રે?

૩૩૫–બિલ્વમંગળ

બિલ્વમંગળ નામે એક બ્રાહ્મણ હતો. તે અતિશય દુરાચારી હતો. તે એક ચિંતામણિ નામની વેશ્યાના ફંદમાં સપડાયો

હતો. કામીની દશા આંધળા જેવી હોય છે. એક વખત ચોમાસાની ઋતુમાં નદી બે કાંઠે વહેતી હતી. અનેક વસ્તુઓ તેમાં તણાતી હતી. નદીમાં તણાતા એક મુડદાને લાકડું સમજી તેના ઉપર બેસી તે નદીપાર ઊતર્યો! વેશ્યાનો મહેલ ત્યાં હતો. મહેલની દીવાલે એક સાપ લટકતો હતો, તેને દોરડું જાણી તે ઉપર ચડ્યો. ઊંઘમાંથી વેશ્યાને તેણે જગાડી. ત્યારે વેશ્યા બોલીઃ "આટલો પ્રેમ તમે પ્રભુ પ્રત્યે બતાવો તો તમારી કાયાનું કલ્યાણ થાય!" બસ ત્યારથી બિલ્વમંગળને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે વેશ્યાને ગુરુ માની ઈશ્વરભજન કરતો ચાલી નીકળ્યો. રસ્તામાં એક સુંદર સ્ત્રી દીઠી. તેના ઉપર તેને ફરીથી મોહ થયો. તરત આત્મભાન થતાં તેણે પોતાને જ હાથે બે આંખો ફોડી નાખી! ત્યારથી તે સુરદાસ કહેવાવા લાગ્યો. અંધ દશામાં રસ્તામાં તે ભૂલો પડ્યો, ત્યારે પતિતપાવન શ્રીકૃષ્ણે તેનો હાથ પકડી સાચે રસ્તે ચડાવ્યો. સુરદાસને દિવ્યચક્ષુ પ્રાપ્ત થયાં! આ મહાન ભક્ત સુરદાસે બ્રહ્મરસાનુભવનાં અનેક સુંદર ભજનો લખ્યાં છે.

३३६—भगतथी भूत नासे छे !

[illegible]

ગયો. રાત પડતાં સ્મશાનમાં ભૂત ખાઉં ખાઉં કરતું આવ્યું. ભક્તે જાણ્યું કે, ભગવાન આવ્યા, તેથી તેણે આંખો ઉઘાડી. ભૂત ભક્તથી ડરીને નાસી ગયું. દૂરથી ચિકિત્સા જોતા પેલા ઠગને ભૂતે એક ઝપાટામાં પકડી હેરાન કર્યો. ભક્તની તો સાચી નિષ્ઠા હતી, એટલે ભગવાને સાક્ષાત્ ચતુર્ભુજરૂપે તેને દર્શન દીધાં!

૩૩૭–પ્રારબ્ધ પ્રમાણે મળશે

એક પંડિત રાજા પાસે ગયો અને કથા વાંચવાનું કહ્યું. રાજાએ પૂછ્યું: "કથા વાંચવાનું શું લેશો?" પંડિતે કહ્યું: "જે પ્રારબ્ધમાં હશે તે મળશે." રાજાએ કહ્યું: "હું તો એક મુદ્રા આપીશ." પંડિતે કથા કરવા માંડી. કથા પૂર્ણ થયા પછી રાજાએ પોથી ઉપર એક મુદ્રા ચઢાવી. બ્રાહ્મણ નારાજ થયો. તે એક વાણિયાની દુકાને જઈ સીધાનો હિસાબ ચૂકવવા લાગ્યો. પાંચ રૂપિયા બાકી હતા. એક રૂપિયો આપી તે બોલ્યો: "એક રૂપિયો તું લે, ચાર રૂપિયા તારા બાકી રહેશે. તેના બદલામાં આ પુસ્તક લે." વાણિયો બોલ્યો: "હું ચાર રૂપિયા કથા ઉપર ચઢાવું છું. અને કાલે તમે મારે ત્યાં જમીને જજો." રાજાને વાણિયાની વાત કોઈએ કહી કે, "તમે એક મુદ્રા આપી તેથી બ્રાહ્મણ નારાજ થયો છે." રાજાએ એક દૂધી મંગાવી તેમાં સો રૂપિયા ભરી પ્રાયશ્ચિત્ત કરવા કોઈ બ્રાહ્મણને તે દાન કર્યું! દાન લેનાર બ્રાહ્મણ દૂધી લઈને જતો હતો, તેવામાં પંડિતને માટે શાક લેવા શેઠનો નોકર આવતો હતો, તે સામો મળ્યો. બે પૈસા આપી તેણે તે દૂધી ખરીદી લીધી અને તે પેલા પંડિતને આપી. પંડિતે દૂધી કાપતાં તેમાંથી સો મુદ્રા નીકળી! રાજાને આ બધી વાતની ખબર પડી.

પંડિતનું શરૂઆતનું કથન તેને યાદ આવ્યું. રાજાએ પ્રસન્ન થઈ બીજી સો મુદ્રાઓ તેને આપી!

૩૩૮–बीजानुं बूरुं ताकीश नहि

એક સાધુ વહાણમાં બેસી દ્વારકા જતો હતો. તેની પાસે સો મહોર હતી. ખલાસીના જોવામાં તે આવી. તેનું મન બગડયું. સાધુને ઉપરની એકાંત ઓરડીમાં જવાનું કહ્યું. સાધુ તે ઓરડીમાં જઇ સૂતો. એટલામાં ખલાસીનો છોકરો તે ઓરડીમાં ગયો અને સાધુને ત્યાંથી બહાર કાઢયો. સાધુ ચૂપચાપ બહાર આવીને બેઠો. રાત પડી. ખલાસીને આ વાતની ખબર નહોતી. તે તલવાર લઈ ઉપર ગયો અને સાધુ ઊંઘે છે એમ ધારી તેનું ગળું કાપી નાખ્યું. સવાર થતાં જોયું, તો પોતાના પુત્રનું ડોકું કપાયેલું દીઠું! તે ઘણું જ શોકાતુર બની સાધુના ચરણમાં પડ્યો. સાધુ બોલ્યો "હવે કોઈનું ખરાબ તાકીશ! મનુષ્યથી કોઈનું ખરાબ થઈ શકતું નથી. બીજાનું ભૂંડું કરતાં પોતાનું જ ભૂંડું થાય છે. જા, તને પરમાત્મા બીજો પુત્ર આપશે" સાધુના આ શબ્દોથી તેને [illegible] પુત્ર [illegible] તે ખલાસી ત્યાર પછી સાધુસંતની [illegible]

૩૩૯.–मारनार करतां जिवाडनार मोटो छे

[illegible]

શું કરવું?" હોલી ગભરાઈ, ત્યારે હોલો બોલ્યો: "મારનાર કરતાં જિવાડનાર મોટો છે. તું શા માટે ડરે છે?" એવામાં પારધીએ બાણ છોડયું. હોલાહોલીને ન વાગતાં બાણ આકાશમાં બાજને વાગ્યું. બાજ મરણ પામ્યો. સાપ પણ બાણના સપાટામાં આવતાં મૂર્છા ખાઈ નીચે પારધી ઉપર પડયો. તે તે તેને કરડયો, તેથી પારધી મરી ગયો! સાપ પણ મરણ પામ્યો. હોલોહોલી આનંદ કરતાં બેસી રહ્યાં.

३४०-मारे वियोग न जोईए

એક દિવસ નારદજી સત્યભામા પાસે ગયા. સત્યભામાએ નારદજીનો સત્કાર કરી કહ્યું: "અમે પૂર્વજન્મમાં ઘણાં પુણ્ય કર્યાં હશે જેથી શ્રીકૃષ્ણ અમારા પતિ થયા." નારદ બોલ્યા: "એકગણું દાન અને સહસગણું ફળ. જે વસ્તુનું દાન કરીએ તે જ વસ્તુ હજાર ઘણી મળે છે, તો તમે પોતે શ્રીકૃષ્ણનું દાન કરો કે જેથી તમને હજારો જન્મ સુધી શ્રીકૃષ્ણ મળશે." સત્યભામા રાજી થઇ બોલી: "તમે બહુ સારો રસ્તો બતાવ્યો. હું તમને જ કૃષ્ણ દાનમાં આપું છું. તમારા જેવું પાત્ર કયાંથી મળશે? સુપાત્રને આપેલું દાન જલદી ફળે છે." એમ કહી, સંકલ્પ મૂકી, સત્યભામાએ શ્રીકૃષ્ણનું દાન આપ્યું. એવામાં શ્રીકૃષ્ણ ત્યાં આવ્યા. સત્યભામા તેમને ભેટવા દોડી એટલે નારદજીએ રોકીને કહ્યું: "હવે શ્રીકૃષ્ણ તો મારા છે, તમે દાનમાં આપ્યા છે, હવે તમારો હક નથી." પછી શ્રીકૃષ્ણને નારદે કહ્યું: "હવે આપ આ ઘરમાં પેસશો નહિ. તમારે મારે ઘેર આવવું પડશે." સત્યભામાથી ન રહેવાયું, તેથી તે બોલી: "નારદજી, ક્ષમા કરો, અમારે એવું પુણ્ય નથી કરવું. મેં

ો શ્રીકૃષ્ણનો વિયોગ કોઇ દિવસ ન થાય તે માટે પુષ્ક
સું" હતું. તમે તો તેમનો આજેજ વિયોગ કરાવવા બેઠા
ા. અમારાથી તે સહન નહિ થાય."

३९१–संतसमागम कीजिए

એક સાધુએ એવો નિયમ રાખ્યો હતો કે ગંગા, યમુના
કે પુષ્કરરાજમાં સ્નાન કરેલાંનાં દર્શન કરીને ભોજન કરવું.
ી એક વખત એવા પ્રદેશમાં જઇ ચડ્યો કે, ત્યાં કોઇ જ
મનુષ્ય મળ્યો નહિ, તેથી તે ભૂખ્યો રહ્યો. આવી રીતે તેને
ત્રણ ઉપવાસ થયા, એટલે અંતર્યામી પ્રભુએ ત્રણ મનુષ્ય
સામે મોકલ્યા. તે તેમને જોઇ પૂછવા લાગ્યો કે, "તમારા
માંથી કોઇએ ગંગાજળમાં સ્નાન કર્યું છે?" બધાંએ ના
કહી. સાધુ નિરાશ થઇ બેઠો. એવામાં રાત પડી. સાધુ સૂઇ
ગયો. તેની સામે એક કાળી ગાય આવી ઊભી રહી. કેટ
લાક પછી તે ત્યાં આળોટીને સુંદરી બનીને ચાલી ગઇ! ત્યાર
પછી બીજી કાળી ગાય આવી ઊભી રહી. તે પણ ત્યાં
[illegible]માં સ્નાન કરી, સુંદર સ્ત્રી બની ચાલી ગઇ! ત્યાર પછી
એક બીમાર બળદ આવ્યો, તે પણ [illegible] બની
ચાલ્યો ગયો. સાધુએ આ બધું જોઇ લીધું. પછી [illegible]
[illegible] તેણે [illegible] પૂછ્યું: "આ શું હતું?"
[illegible] જવાબ આપ્યો કે, "પ્રથમ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]"

સાંભળી તે ઘણો પ્રસન્ન થયો અને તેણે તે સંતપુરુષોનાં દર્શન કરી અન્ન લીધું!

૩૪૨–वहालो कोण?

એક બાપને ચાર છોકરા હતા. તેમાં ત્રણ વ્યવહારકુશળ અને એક ભોળો હતો. મોટો છોકરો વિદ્યાસંપન્ન હતો અને તેણે વિદ્યાના પ્રભાવથી ઘણાને મહાત કર્યા હતા. લોકોમાં તેનું માન હોવાથી તે બાપને મૂર્ખ સમજતો. બીજો પુત્ર વ્યાપારમાં બહુ હોશિયાર હતો. ઠામઠામ તેની પેઢીઓ હતી. સર્વત્ર તેની હુંડી સ્વીકારાતી હતી. તે લાખો રૂપિયાનો વ્યાપાર ખેડતો. તે પિતાને ધનહીન–ગરીબ માનતો હતો. ત્રીજો પુત્ર પહેલવાન હતો. તેણે કસરત અને કુસ્તીમાં હજારો ચાંદ મેળવ્યા હતા. પિતાને તે શક્તિહીન સમજતો. આ ત્રણે પુત્રો વિદ્યા, ધન અને બળમાં રચ્યાપચ્યા રહી પિતાની સામું પણ જોતા ન હતા. ચોથો પુત્ર ગરીબ અને ભોળો હતો પણ પિતૃભક્ત હતો. બાપને તે સર્વસ્વ માનતો. બાપને દુઃખ પડવા દેતો નહિ. બાપની નાના છોકરા ઉપર રહેમનજર હતી. અંતે પિતાએ પોતાની તમામ મિલકત નાના પુત્રને આપી. વખત જતાં વિદ્યા, ધન અને બળનું જોર નરમ પડ્યું, તેથી પેલા ત્રણે ઘરબાર વિનાના થઈ ભટકવા લાગ્યા! સમજવાનું એ છે કે, ચારે વેદ ભણેલો રાવણ વિદ્વાન હતો, દુર્યોધન મહા ધનાઢ્ય હતો અને પ્રચંડ સહસાર્જુન પરાક્રમમાં પૂરો હતો, છતાં તેઓ પરમાત્માથી વિમુખ રહી પ્રભુસેવા કરતા નહિ, તો આખરે દુઃખને પામ્યા. સુદામાની પાસે એક કોડી પણ ન હતી, છતાં ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં તેમના પગ ધોયા!

३४३–राजानी शय्या सुख आपनारी छे?

એક રાજા હતો. તે ઘણો શોખીન હતો. તેની શય્યા દાસી હંમેશાં સુંદર રીતે બિછાવી તૈયાર કરતી હતી. તેની પથારીમાં મખમલની તળાઇ ઉપર સુગંધીદાર પુષ્પો પથરાતાં હતાં. એક દિવસ દાસીને ઇચ્છા થઇ કે, "આ શય્યામાં સૂવામાં કેવું સુખ હશે? હું જરા સૂઇ તો જોઉં!" તે પથારીમાં સૂતી, એવી જ ઊંઘી ગઈ. એવામાં રાજા ત્યાં આવ્યો. તે દાસીને પોતાની પથારીમાં સૂતેલી જોઇ કોપે ભરાયો અને તેને પલંગ પરથી પકડી નીચે નાખી દીધી! પોલીસને તેડાવી તેને મારવાનો હુકમ કર્યો. જ્યારે તેને કોયડાથી મારવા માંડી, ત્યારે પચાસ કોયડા પડતા સુધી તો તેણે તે હસીને ખાધા અને બાકીના પચાસ રોઇ રોઇને ખાધા. આ કૌતુક જોઇ રાજાએ તેને પૂછ્યું: "તું પ્રથમ હસી કેમ અને પાછળથી રડી કેમ?" દાસી બોલી: "તમારા શયનગૃહની આગળ આ કોયડા આ દિમાગમાં છે, તેથી હું હસી [illegible] એ પછી પથારીમાં ઊંઘ કરવાથી [illegible] તો હંમેશાં નિરાંતે ઊંઘ કરનાર રાજાની [illegible] આથી હું રડી." આ વચન સાંભળી રાજા [illegible]

३४४–केम नम्यां ?

[illegible]

હતો. દાતાર પુત્ર સારું અનાજ ખાતો અને બીજાને ખવડાવતો. પોતાને ત્યાં સભ્ય મનુષ્યોને રાખતો. તેના નોકરો શૂરવીર ક્ષત્રિય અને ઉચ્ચ જાતિના હતા. તે બધાંની સાથે કુટુંબની પેઠે વર્તી બહુ જ મીઠી વાણી બોલતો. પેલો કૃપણ પુત્ર હલકું અનાજ ખાતો અને ખવડાવતો. તેને ત્યાં વાઘરી, વણકર, રાવળિયા વગેરે નોકરો હતા. તેની જોડે તે કઠોર વાણી બોલતો. એક વખત ગામમાં ધાડ પાડવા લૂંટારા આવ્યા. તે બેઉ ભાઇનાં ઘર લૂંટવા માંડ્યાં. તે વખતે ઉદાર ભાઇના નોકરો તથા ગામના મેળાપી લોકો શસ્ત્ર લઈ દોડી આવ્યા. લૂંટારાઓને મારી કાઢી મૂકયા. કૃપણના નોકરો સામા થવાને બદલે કોઇ ખૂણામાં, તો કોઇ કોઠી પાછળ સંતાઈ ગયા. કૃપણને મારી લૂંટારા ધન લૂંટી લઈ ગયા. તેની વહારે કોઈ આવ્યું નહિ. તે પસ્તાવા લાગ્યો. આ ઉપરથી સમજવાનું કે, મનુષ્યની ફરજ છે કે, ઉદારતા સાથે સારી વાણીથી બધાની સાથે વર્તવું.

૩૪૫–ધણી છતાં વિધવા છું !

એક મનુષ્ય દારૂના નશામાં ચકચૂર રહેતો. તેના ઘરમાં દરિદ્રાવસ્થા આવી હતી. તેનાં છોકરાં ભૂખ્યાં રહેતાં હતાં. તેની સ્ત્રી હંમેશાં સંતાપ કરતી. એક દિવસ તે દારૂ પીને આવતો હતો, એવામાં દારૂ વધારે ચઢી જવાથી તેને ભાન ન રહ્યું. તેના પગ લથડવા લાગ્યા, તે રસ્તામાં ગટરના ખાડામાં પડી ગયો. તેને ભાન હતું નહિ. આખી રાત સ્ત્રીએ તેની રાહ જોઇ. પ્રાતઃકાળમાં તે તેને ખોળવા નીકળી, ત્યારે તે ગટરની ગંદકીમાં પડ્યો હતો. ભાન આવતાં તે નીકળવાનાં ફાંફાં મારતો હતો, પણ બહાર નીકળાતું નહોતું આવી હાલતમાં

તેની સ્ત્રીએ તેને દેખ્યો. સ્ત્રીએ સમય વર્તીને કહ્યું: "હવે દારૂ ન પીવાનો નિયમ લો તો બહાર કાઢું, નહિ તો હું કાઢતી નથી; કેમકે તમે હયાત છતાં હું વિધવા જ છું." પેલાએ ઘણી જ આજીજી કરી, દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લીધી, ત્યારે તેને બહાર કાઢ્યો. પછી સ્ત્રીએ ધાક રાખી તેને ઠેકાણે પાડ્યો.

૩૨૬–બુદ્ધિની જડતા

એક મૂર્ખ પુત્ર હતો. તેના પિતાએ રસોઈ બનાવી તેને કહ્યું કે, "હું સ્નાન કરી લઉં, તું આ રસોઈને બરાબર જોતો રહેજે. હું હમણાં આવું છું." તે સ્નાન કરીને આવ્યો, ત્યારે કૂતરાને રસોઈ ખાતાં દીઠો. મૂર્ખ છોકરો તેની સામે જોઈ રહ્યો હતો. તેના પિતાએ તેને માર માર્યો ત્યારે તે બોલ્યો: "તમે જોવાનું કહ્યું હતું તેથી હજી પણ હું રસોઈ સામું જોઈ રહ્યો છું. તમે મને કૂતરો હાંકવાનું ક્યાં કહ્યું હતું!" પિતાએ કહ્યું "પેલી મોટી છરી લાવ, મારે તેનું પૂજન કરવું છે." મૂર્ખો છરી લઈ આવતો હતો. રસ્તામાં તે [illegible] ગઈ અને તૂટી ગઈ. પિતા બોલ્યો: "મૂર્ખ, છરી [illegible] કેમ!" મૂર્ખો પાસે [illegible] હતી, તે જમીન ઉપર [illegible] [illegible]: "આ છરી તૂટી!" [illegible] પુત્રની [illegible] બુદ્ધિની જડતા જોઈને પિતા [illegible] હાથ મૂકીને [illegible]

૩૨૭–[illegible]

[illegible]

ઊંચા કુળનો હતો; તેથી પોતે જે ખાય તે જ નોકરોને આપે. અર્થાત્ તેને ત્યાં પંક્તિભેદ ન હતો. એક દિવસ શેઠને ત્યાં શહેરનો કોઇ કંજૂસ મહેમાન આવ્યો. તેણે નોકરોને સારું અન્ન ખાવા આપતાં જોઇ શેઠને કહ્યું: "તમે આ મોઘું અન્ન નોકરોને શા માટે આપો છો? હલકું અનાજ લાવી તેમને ખાવા આપો તો ઘણો ફાયદો થાય." શેઠે તેની શિખામણ માની. તેણે તે દિવસથી નોકરોને હલકું અન્ન આપવા માંડયું. નોકરોએ પણ તે દિવસથી કામમાં ખંધાઇ કરવા માંડી. એક દિવસ શેઠે નોકરોને બોલાવ્યા, ત્યારે એક નોકર 'કૂકડે કૂક' એમ કુકડાની વાણી બોલ્યો. બીજો ટહૂક બોલ્યો, ત્રીજો ભોં ભોં કરી બરાડ્યો. શેઠે કહ્યું: "તમે પશુપંખી કયારે થયા?" નોકરો બોલ્યા: "તમે પશુઓના જેવું અન્ન આપવા માંડયું તે દિવસથી." શેઠ શરમાઇ ગયો. પછી તેણે પહેલાંની માફક ઉત્તમ અન્ન આપવું શરૂ કર્યું. નોકરોએ પણ તે દિવસથી સારી રીતે કામ કરવા માંડયું.

३४८–जोष जोनार

એક જોષીને પોતાના જ્ઞાનનું ઘણું અભિમાન હતું. તે પોતાને સર્વજ્ઞ મનાવતો હતો. જો તેનું કહેલું જૂઠું પડે તો તે લોકોના કઠણ ગ્રહનો દોષ કાઢતો. જ્યોતિષ વિદ્યાની સાથે સામુદ્રિક રેખાગણિત તેમ સ્વરોદય જ્ઞાનનો પણ તેને ભારે ઘમંડ હતો. તે એક દિવસ રાજા પાસે જઇ ચઢયો. રાજા તેની ખ્યાતિ સાંભળી ગાંડો બન્યો હતો, તેથી તેને આદરથી બેસાડી તે પોતાનું ભવિષ્ય પૂછવા લાગ્યો. જોષીએ કહ્યું: "રાજાજી, ખેદ સાથે મારે કહેવું પડે છે કે, અમુક

તિથિએ તમારું મૃત્યુ થશે.” રાજાએ ‘ब्रह्मवाक्यं जनार्दन’ સમજી મરણના શોકમાં પૂરું ખાવાપીવાનું છોડી દીધું. તે રોદમ ચિંતાતુર થઇ સુકાવા લાગ્યો. દીવાનને ખબર પડતાં તેણે રાજા પાસે જઇ પૂછ્યું અને પેલા જોષીને માણસ મોકલી બોલાવ્યો. દીવાને સભામાં જોષીને કહ્યું: “તમે જ્યોતિષ શાસ્ત્ર ભણ્યા હો તો કહો કે તમારું મોત ક્યારે થશે?” જોષી મીન, મકર, તુલા, એમ આંગળીનાં વેઢાં ગણી તથા હોઠ ફફડાવી બોલ્યો: “મારું મોત હજી ત્રીસ વર્ષ પછી અમુક તિથિએ અને અમુક સ્થળે થશે.” આ વખતે દીવાને રાજાના મનમાં પેસી ગયેલો વહેમ કાઢવા સમયસૂચકતા વાપરી પોતાની તલવાર વડે તેણે ધૂર્ત જોષીનું માથું ઉડાવી દીધું! પછી દીવાન રાજા પ્રત્યે બોલ્યો: ‘જ્યોતિષશાસ્ત્ર સાચું છે, પણ અધૂરિયા મૂંડને ગાંઠે બાંધી ભણી જાય છે અને કેટલાને ભડકાવે છે. તેઓને આવી શિક્ષા જ યોગ્ય છે. જોષીનું મૃત્યુ ત્રીસ વરસ પછી થવાનું હતું છતાં આજ કેમ થયું! માટે આપ જરી જ ફિકર કરો નહિ. ચિંતા છોડી આનંદથી કામ સંભાળો.” પછી રાજા ચિંતામુક્ત થઇ [illegible] પોતાનો રાજકારભાર ચલાવવા લાગ્યો.

३४[illegible].–मरणिया मोत मळवे छे

[illegible]

પ્રશ્ન પૂછજો, કે, પાંજરામાં પૂરાયલા પોપટને છૂટવાનો માર્ગ કયો છે?" લોકો મહાત્મા પાસે ગયા. વાતચીત કર્યાં પછી પોપટનો પ્રશ્ન પૂછ્યો. મહાત્મા વિચાર કરી નદીમાં નાહવા ઊતર્યા અને હાથપગ હલાવ્યા વિના મડદા જેવા બની ગયા. તેમને પાણી જ્યાં તાણી જાય ત્યાં તે તણાવા લાગ્યા. લોકો થોડી રાહ જોઇ પોપટના દુઃખથી આ મહાત્મા પણ દુઃખી થયા છે એમ ધારી ખેદ પામતા પાછા વળ્યા. તેઓએ બનેલી વાત પોપટને કહી. તરત જ પોપટ પાંખો ફફડાવી આંખો અને પાંખો પહોળી કરી નિઃસ્તબ્ધ બની પાંજરામાં પડી રહ્યો. લોકોને આ જોઇ બહુ દુઃખ થયું. તેઓ કહેવા લાગ્યા કે, "ત્યાં જેવા મહાત્માના હાલ, તેવા અહીં પોપટના હાલ થયા!" તેઓએ પાંજરાનું બારણું ઉઘાડયું કે તરત જ પોપટ ઊડી ગયો! સમજવાનું એ છે કે, આ શરીરરૂપી પાંજરું છે અને જીવાત્મા પોપટ છે. જો જીવાત્માને મોક્ષ મેળવવો હોય, તો જીવતાં મરણિયા થઇ શરીરરૂપી ક્ષણભંગુર પાંજરાનું મિથ્યા અભિમાન છોડી દેવું જોઇએ.

૩૫૦–दुनिया शोकथी भरेली छे

એક દિવસ એક મનુષ્ય કબીર સાહેબનાં દર્શન માટે તેમને ત્યાં ગયો. ઘરમાંથી ખબર મળી કે, ગામમાં કોઇ મરણ પામ્યું છે તેની સ્મશાનયાત્રામાં તે ગયા છે. દર્શનાર્થી બોલ્યોઃ "હું દૂરથી આવું છું. મારે જલદી પાછું જવું છે, તેથી સ્મશાનમાં જઇ હું દર્શન કરીશ. તેમને ઓળખવાની કંઈ નિશાની છે?" ઘરનાં બોલ્યાંઃ "તેઓ હંમેશાં માથા ઉપર ચોકચિહ્‌ન ઓઢેલું રાખે છે." પેલો સ્મશાનમાં ગયો.

ત્યાં બધાંને માથે ઓઢેલાં શોકચિહ્ન હતાં. મડદાને બાળી લઇ ગામ તરફ વળ્યા ત્યારે કોઇ વાતો કરતા, કોઇ હસતા, તો કોઇ ઠઠ્ઠામશ્કરી કરતા હતા. મરનારનું ઘર નજીક આવતું ગયું તેમ તેમ માથે ઓઢેલું કપડું ઊંચકી સૌ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. માત્ર કબીરજીએ શોકચિહ્ન ઉતાર્યું નહિ, તેથી દર્શનદાસ તેમને જ કબીરજી સમજી નમી પડ્યો અને પૂછવા લાગ્યો કે, "બધાએ શોકચિહ્ન કાઢી નાખ્યાં અને તમે શા માટે રાખ્યું છે?" કબીર બોલ્યા: "દુનિયા નાશવંત છે. તેમાં કોઇ પદાર્થ સાચો નથી. કોઇ પૂરા મરી જાય છે, તો કોઇ અર્ધા મરેલા છે. કેટલાક કાળના મોઢામાં છે, કેટલાક ચવાય છે, કેટલાક પકડાય છે. આ વાતને હું ન ભૂલું તો જ મારા અંતઃકરણમાં પરમાત્મા રહે. જો દુનિયાના પદાર્થને સત્ય માનું તો ભગવાન અસત્ય ઠરે અને તેને ભૂલી જાઉં. લોકોએ મડદું ઓઢ્યું ત્યાં સુધી 'રામ બોલો, ભાઇ રામ' એમ ચલાવ્યું. પછી તેઓ રામને ભૂલી ગયા. હું શોકચિહ્ન રાખી જગતની અન્યતા અને આ દુન્યવી પદાર્થોની અનન્યતા ભૂલતો નથી." પેલો દર્શનદાસ કબીર સાહેબના દર્શન અને વિનમ્ર વચનામૃતથી સાચો બોધ પામી રાજી થતો થતો ઘેર ગયો.

૩૫૧–तुं जीव जनार है

[illegible]

દરિદ્રતા દૂર કરી હતી. બધી પ્રજા સંપત્તિમાં બરાબર થઈ. રાજાના કુટુંબીજનોનું મન બગડ્યું કે, બાપદીકરો પૂજનભજનમાં રહે છે, એટલે રાજ્ય લૂંટી લઈએ. જિમૂતવાહનને આ વાતની ખબર પડી. તેણે પિતાને કહ્યું: "આપ કહેતા હો તો હું ઘડીમાં બધાનો નાશ કરી હઠાવી દઉં." પિતાએ કહ્યું: "એક શરીરને માટે આવો કેર આપણે કરવો નથી. યુધિષ્ઠિર વગેરે યુદ્ધ કરી પછી પસ્તાયા છે. ચાલો, આપણે જંગલમાં જઇ તપ કરીએ. રાજસુખ બહુ ભોગવ્યું છે." તેઓ બન્ને તપ કરવા ગયા. ત્યાં જિમૂતવાહનનાં લગ્ન થયાં. એક દિવસ તે ફરવા ગયો, ત્યાં રસ્તામાં તેણે હાડકાંનો ઢગલો દીઠો. ઢગલા પાસે એક સ્ત્રી બેસી રડતી હતી. તેને પૂછતાં જણાવ્યું કે, "ગરુડ અહીં આવી સાપ ખાઈ જાય છે, તેનાં આ હાડકાં પડયાં છે. આજે મારા પુત્રનો વારો છે. મારે એક જ પુત્ર છે, તેથી હું રડું છું." જિમૂત બોલ્યો: "તારા પુત્રના બદલામાં હું મરીશ." બાઈએ ઘણી ના કહી, પણ જિમૂતે હઠ લીધી. એવામાં બાઈનો પુત્ર શંખચૂડ સર્પ આવ્યો, તેને પણ જિમૂતે સ્પષ્ટ કહી દીધું કે, "મારી સમક્ષ તને મરવા નહિ દઉં." એવામાં ગરુડ ઝપાટાબંધ ત્યાં આવ્યો અને જિમૂતને ચાંચમાં લીધો. ગરુડે કહ્યું: "તું કોણ છે?" જિમૂત બોલ્યો: "**તારા જેવા પ્રાણ લેનારા ભગવાનને સર્જ્યા છે, તો શું મારા જેવા પ્રાણ આપનારા નથી સર્જ્યા?**" ગરુડ આ વચન સાંભળી લજ્જિત થઈ ગયો. ત્યાર પછી તેણે સર્પ ખાવા છોડી દીધા. જિમૂત પિતા પાસે આવ્યો. પાછળથી આ વાત તેનાં કુટુંબીઓએ તથા પ્રજાએ જાણી. તેઓ આવીને તેમની ક્ષમા માગવા લાગ્યા અને આગ્રહ કરી જિમૂતને ગાદીએ બેસાડયો.

૩૫૨—આંધળી ગુરુભક્તિ

કોઈ કુંભારની પાસે ઘણાં ગધેડાં હતાં. તે દરરોજ સાંજે દરેકના પગમાં દોરડું બાંધી એક ખીલાની સાથે બધાને બાંધતો હતો અને પછી દરેકનો કાન મરડી ગોં ઉપર થપ્પડ મારી સૂઈ જતો. ગધેડાં સમજતા કે અમને હવે બાંધ્યાં છે. કેટલાક દિવસ આ પ્રમાણે કર્યા પછી કુંભાર ગધેડાંને માત્ર ખીલા પાસે ઊભાં રાખી બાંધ્યા વિના કાન મરડી થપ્પડ મારતો. ગધેડાં સમજતાં કે, "અમારાથી હવે અહીંથી જવાય જ નહિ, કારણ કે અમને બાંધ્યાં છે." આખી રાત તે ખીલાની પાસે ઊભાં રહે અને કુંભાર નિરાંતે ઊંઘે. સમજવાનું એ છે કે, હાલના કેટલાક ગુરુઓ આ કુંભારના જેવા છે અને શિષ્યો આ ગધેડાંના જેવા છે. ગુરુઓ શિષ્યોના કાનમાં મંત્ર ફૂંકીને પીઠ પર થાપો મારે છે, તેથી તેઓ સમજે છે કે, "હવે અમે તો બંધાઈ ગયા!" તેઓ ગુરુના અંધપૂજક બની જાય છે. પોતાની શક્તિનું તેમને ભાન રહેતું નથી અને તેઓ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી [illegible] હોય છે.

૩૫૩—કૃષ્ણાર્પણ કર્મ

[illegible]

બાજુ પર ઊભો રહી ચારે બાજુ નજર ફેરવવા લાગ્યો. અહીં કોઇ જોતું નથી, એમ ધારી તે પક્ષીના કકડા કરી પાછો આવ્યો. બીજાએ ઘણી તપાસ કરી, પણ કોઇ ન દેખે તેવી જગ્યા તેને મળી નહિ. રાત પડી ત્યારે તેણે ચંદ્ર અને તારા જોયા. તે ઘોર જંગલમાં ગયો, ત્યાં પણ નીચે કીડીઓને ઉપર વૃક્ષ તથા પક્ષીઓ જોયાં. પછી તેણે ગુફામાં પ્રવેશ કર્યો. ત્યાં તેને યાદ આવ્યું ' કે પરમાત્મા અંતર્યામી છે, તે બધું જુએ છે, તો પછી આ જગ્યા એકાંત કેમ કહેવાય?' એમ વિચારી પછી તે પક્ષીના કકડા કર્યા વિના ગુરુ પાસે આવ્યો. બેઉને જોઈ ગુરુએ કહ્યું: "પક્ષીના કકડા કરનાર હજુ ઈશ્વરનો બોધ ગ્રહણ કરવાને લાયક નથી, પણ જેણે સર્વત્ર પ્રભુને જોઈ પક્ષીના કકડા કર્યા નથી, તે પ્રભુ તરફ પ્રયાણ કરવાને યોગ્ય છે." પછી તેણે એક વાકયમાં ઉપદેશ આપ્યો કે, "સર્વત્ર અને સર્વ વસ્તુમાં શ્રીવાસુદેવને જોવા અને બધાં શુભ કામ શ્રીકૃષ્ણ ભગવાનને જ અર્પણ કરવાં."

३५४–तारी जात जुदी छे!

એક સિંહણને જંગલમાં બચ્ચું જન્મ્યું. તેને ખાવાનો ખોરાક સિંહ લાવી આપતો. સિંહણ બચ્ચાંને સાચવતી. એક વખતે સિંહે એક નાનું બકરીનું બચ્ચું પકડ્યું. તેને જોઇને સિંહને દયા આવી. જેવાં મારાં બચ્ચાં મને વહાલાં છે, તેવાં સૌ કોઇને હોય, તેથી તેણે તે બચ્ચાને જીવતું સિંહણને આપ્યું. સિંહણે પૂછ્યું: "તમે જીવતું કેમ લાવ્યા?" સિંહે કહ્યું: "તેને મારતાં મારો જીવ ચાલ્યો નહિ." સિંહણે કહ્યું: "તો હું પણ તેને નહિ મારું. ભલે તે આપણે ત્યાં રહે. આપણાં

બચ્ચાં જોડે ધાવીને તે પણ મોટું થશે." એમ કહી તેણે પોતાનાં બચ્ચાં સાથે તેને પણ ઉછેરવા માંડયું. તે બેઉ બચ્ચાં સાથે ધાવે, રમે અને આનંદ કરે. બકરો સિંહણને ધાવી એકદમ મોટો થયો. તે સિંહના બચ્ચાથી મોટો દેખાતો હતો. સિંહણ તેને મોટાભાઈ કહેતી. તેનું બચ્ચું પણ તેને મોટાભાઈ તરીકે માન આપતું. એક વખત રમતાં રમતાં બેઉ દૂર જંગલમાં જઈ ચઢયાં. ત્યાં હાથીનું ટોળું દેખ્યું. સિંહનું બચ્ચું પુરાણું સામું દોડયું, ત્યારે બકરો કહેવા લાગ્યો: "અરે મૂર્ખ, પાછો ફર. હાથીની સામે આપણું ગજું નહિ. તે મોટા ઝાડને પણ તોડી પાડે." મોટાભાઈની શિખામણથી સિંહનું બચ્ચું પાછું ફર્યું. બકરે આવી સિંહણને કહ્યું: "મા! આજે ભાઈને હાથી મારી નાખત, પણ મેં તેને બચાવ્યો." સિંહણે કહ્યું: "તું બધી બાબતમાં હોશિયાર છે, પણ તારી અને સિંહની જાત જુદી છે, માટે તું તારા બકરાના ટોળામાં ચાલ્યો જા. આજે મોટાભાઈ તરીકે તારી આજ્ઞા તેણે પાળી છે. કોઇ દિવસ તે તને અને હાથી સર્વને સપાટામાં લઇ લેશે." બકરો છાને માનો રખારીની ઝોકમાં ચાલ્યો ગયો.

૩૫૫—નૈષ્ઠિક બ્રહ્મચર્યનું મુખ્ય

.સ્થાશ્રમમાં પ્રવેશ કરું છું, તો સ્ત્રી આદિનો ચિંતાગ્નિ બાળે અને નથી કરતો તો કામાગ્નિ સતાવે છે. એમ પાસે બેઠેલો મસી પ્રકૃતિનો મનુષ્ય વિચાર કરી રહ્યો હતો. બીજા ત્રમાં એવું હતું કે, એક મનુષ્યના હાથમાં ઉદ્યોગનાં શસ્ત્ર તાં. કામ કરીને તે થાકી ગયો હતો. કપાળે હાથ મૂકીને ઠો હતો. તે ચિત્ર એમ સૂચવતું હતું કે, વિવાહ કરીને સ્તાઈ રહ્યો છું. તે રાજસી પ્રકૃતિનો માણસ હતો. ત્રીજા ત્રમાં અલમસ્ત યુવાન શરીરે મજબૂત, પ્રસન્નમુખ અને સૌમ્ય ાકૃતિવાળો હતો. તેની નીચે લખ્યું હતું કે, 'આ પ્રસ- તાનું મૂળ ભક્તિમાં રહેલું છે. બ્રહ્માનંદ નૈષ્ઠિક બ્રહ્મચારીને 'લદી પ્રાપ્ત થાય છે. નૈષ્ઠિકપણું ઇન્દ્રિય ઉપર પૂરો કાબૂ હોય ા જ મેળવી શકાય છે. માબાપોએ પોતાનાં બાળકોને બચ- ણથી ખોટી સંગતમાં પડી બગડવા દેવાં નહિ. તેમને શરીરે ાજબૂત બનાવી હનુમાન અને ભીષ્મના આદર્શો શીખવવા.' ા છબિ સાત્ત્વિક મનુષ્યની હતી. ટૂંકામાં વિવાહ આદિ અંતે ઃખદાયક થાય છે અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય સુખદાયક બને છે.

૩૫૬–ઇચ્છા થવી તે દુઃખ છે

એક મહાન વૈરાગ્યશીલ મહાત્મા હતા. તેમની પાસે ઘણા મનુષ્યો આવીને બેસતા હતા. મહાત્મા તેમની સાથે આનંદથી વૈરાગ્યની વાતો કરતા હતા. એક દિવસ વાતો કરતાં કરતાં મહાત્મા અચાનક રોવા લાગ્યા. લોકોએ પૂછ્યું: "આપ શા માટે રુદન કરો છો?" મહાત્મા બોલ્યા: "ગંગસ્નાનાદિ તીર્થ કરવાની મનને ઇચ્છા થઈ છે." લોકો બોલ્યા: "ધન્ય- ભાગ્ય! તીર્થ કરવાની વૃત્તિ થવી તે તો મહાન પુણ્યનું ફળ

કહેવાય. તેમાં ખોટું શું છે?" મહાત્માએ કહ્યું: "આત્માર્થનની વૃત્તિ વિના જેટલી ઇચ્છાઓ છે તે દુઃખદાયક છે. આજ તો મારું ચિત્ત તીર્થ ઇચ્છે છે, પરંતુ કાલે દુનિયાના ભોગોને કેમ ન ઇચ્છે? જો તેમ બને તો કેટલી બૂરાઇ થાય! જ્ઞાની મનુષ્યોએ મનની ઇચ્છાઓને આધીન બનવું ન જોઇએ." લોકો મહાત્માનાં આ વચન સાંભળી ખુશ થયા.

३५७–मारो हुकम सर्व उठावे छे

એક રાજા પોતાના પુત્રને રાજ્ય આપી જંગલમાં તપ કરવા ગયા. ત્યાં જઈ તેણે ઘણી કઠણ તપશ્ચર્યા કરી, મનને વશ કર્યું અને તેને જ્ઞાન તરફ વાળ્યું. તેમને જ્યારે પૂરેપૂરી જ્ઞાનસિદ્ધિ તથા યોગસિદ્ધિ પ્રાપ્ત થઈ, ત્યારે તે એક વખત પોતાની રાજધાનીમાં આવ્યા અને ગામમાં આવેલા મહેલ ઉપર વિરામ કર્યો. પુત્રને ખબર થતાં વજીરને લઈ તે પિતાને નમસ્કાર કરવા આવ્યો.

કેટલીક વાતચીત થયા પછી કુંવરે પૂછ્યું: "પિતાજી આપ વનમાં જઈને શું કમાયા? આપનો એક દાગો મને [illegible]

વમાંથી આ સોય માછલી દ્વારા મંગાવ." એમ કહી તેમણે સોય તળાવમાં ફેંકી. કુંવર ચૂપ રહ્યો. રાજાએ પોતાના યોગબળથી માછલીઓને હુકમ કર્યો કે, સોય લાવો. એકદમ એક માછલી સોય મોઢામાં ઘાલીને લાવી. પુત્ર તપસ્વી પિતાના ચરણમાં પડયો અને પિતા પાસેથી જ્ઞાન મેળવ્યું.

३५८—ए तो निःस्पृही हता

એક નગરની બહાર બે મહાત્મા રહેતા હતા. બેઉ વૈરાગ્યમાં પૂર્ણ હતા. જો કોઈ મનુષ્ય તેમની પાસે આવે, તો તેમની સાથે તે પ્રેમથી વાતચીત કરે. કોઈ ધનાઢ્ય ગર્વયુક્ત મનુષ્ય આવે તો તેઓની સાથે આંખ પણ મેળવે નહિ, એવા તે નિઃસ્પૃહી હતા. એક દિવસ ત્યાંનો રાજા વજીર સાથે મહાત્માઓનાં દર્શન કરવા ગયો. રાજાને આવતા જોઇ મહાત્મા આપસઆપસમાં રોટી માટે લડી ઊઠયા. રાજાએ વિચાર્યું કે, 'આ રંક માણસો એક રોટી માટે લડે છે, તો તેમનામાં જ્ઞાન શું હશે ? માટે તેમની પાસે જવાની શી જરૂર છે ?' એમ વિચારી તે પાછો વળ્યો. મહાત્મા સમજ્યા કે ઉપાધિ ટળી. પોતાના અભિમાનમાં મસ્ત થયેલાનાં મોઢાં જોવાં પણ સારાં નહિ.

३५९—कीमती वस्तु कई छे?

એક બાદશાહ પોતાના વજીર ઉપર પ્રસન્ન થયો. તેથી વજીરને એક કીમતી શાલ ઇનામ આપી. શિયાળાની ઋતુ હતી તેથી વજીર તે શાલ ઓઢી કચેરી બહાર નીકળ્યો. છીંક આવતાં શાલ વડે તે નાક લૂંછવા લાગ્યો. આ જોઇ વજીરના વિરોધી-

ઓએ રાજાને વાત કરી. રાજાને રીસ ચઢી અને ગુસ્સામાં તેણે વજીરને નોકરી પરથી દૂર કરી દીધો. વજીરને ઘણું ખોટું લાગ્યું. તે નોકરી માટે ચિંતા કરી પસ્તાવો કરતો બેઠો હતો, તેવામાં એક મહાત્માએ આવીને કહ્યું કે, "આ તો એક રાજાની અલ્પ ચીજનો તેં દુરુપયોગ કર્યો તો આટલું પસ્તાવું પડે છે, તો પરમપિતા પરમાત્માની આપેલી અમૂલ્ય ચીજનો દુરુપયોગ કરે છે, તેથી કેટલું પસ્તાવું પડશે!" વજીરે મહાત્માને પૂછ્યું: "તે અમૂલ્ય વસ્તુ કઈ?" મહાત્મા બોલ્યા: "આ મનુષ્યશરીર તે અમૂલ્ય છે. ઈશ્વરે તે યમ, નિયમ, યોગ વગેરે દ્વારા પરમાત્માને મેળવવા આપેલું છે. તેને સંસારના વિષયો ભોગવવામાં વાપરવાથી ઈશ્વર કોપે છે. મનુષ્યશરીરથી સત્કર્મો નહિ કરવાથી કાગડા-કૂતરામાં અવતાર લેવો પડે છે. આ શિક્ષા ઓછી છે?" વજીરને વૈરાગ્ય થયો અને પછી તે પોતાનું જીવન પરોપકાર તથા ભક્તિમાં ગાળવા લાગ્યો.

३६०–सार आ संसारमां न जोयो !

માતપિતા, બાંધવ, સુત, નારી, કંચન ધામ સ્વારથ [illegible]
એ સ્વારથ સિદ્ધિ નહિ પામ્યો, તો [illegible] નહિ [illegible]

[illegible]

ધીરે ધીરે પતિનો સત્સંગ છૂટી ગયો. તે જે મહાત્મા પાસે જતો હતો, તે મહાત્મા સમજ્યા કે છોકરો પરગામ ગયો હશે. એક દિવસ રસ્તામાં તે બંનેનો મેળાપ થયો. મહાત્માએ તેને નહિ આવવાનું કારણ પૂછયું. છોકરાએ કહ્યું: "મારી સ્ત્રી એવી છે કે, તે ક્ષણ વાર મારા સિવાય રહી શકે તેમ નથી. તે મને બહુ જ ચાહે છે." મહાત્માએ કહ્યું: "'માત-પિતા બાંધવ સુત નારી, કરત પ્યાર સ્વારથ તેં ભારી.' એ પ્રમાણે સર્વ સંબંધીઓ પોતાની મતલબના યાર છે, તેમાં તું ફસાઈશ નહિ. નહિ તો કરેલું ધૂળધાણી થઈ જશે, જો તું આ વાત ન માનતો હોય, તો આજે પ્રાણાયામ કરી પરીક્ષા કરજે." તેણે ઘેર જઈ તે પ્રમાણે કર્યું. પેટમાં દુઃખવાનો તેણે ઢોંગ કર્યો. થોડી વારમાં તે નિશ્ચેષ્ટ થઈ ગયો. તેની સ્ત્રીને ભૂખ લાગી હતી, તેથી તેણે વિચાર્યું કે, 'અત્યારે બહાર કહીશ તો લોકો આવશે અને હું ભૂખી રહી જઈશ. પતિ મરી ગયો તે કંઈ જીવતો થવાનો નથી. માટે મને પ્રથમ ખાઈ લેવા દે.' એમ વિચારી તે દહીં અને ઢેબરું ખાવા લાગી. તેના પતિના દાંતમાં સોનાની રેખો હતી તે પણ પથ્થર લઈને તે કાઢવા બેઠી. તેણે દાંત ઉપર પથરો ઉગામ્યો કે તરત તેનો પતિ બોલ્યો: "મારી પતિવ્રતા નાર, તારું સત્ય ચઢયું લલાટ, તું દહીંને ઢુંમરો ઝાડ, જીવતાં પતિના દાંત શીદ પાડ?" એમ કહી તે ઊભો થયો અને ગુરુને ત્યાં ચાલ્યો ગયો, તે પાછો આવ્યો જ નહિ.

३६१–सब मतलब के यार

માતપિતા સુત ભ્રાત ભામિની, એ સહુ ઠગની ટોળી રે;
સ્નેહ વધારી તારું સર્વ લેશે, રહેશે આંખો ચોળી રે.

એક ક્ષત્રિયનો પુત્ર હતો. તે નાનપણથી મહાત્માનો સંગી હતો અને સત્શાસ્ત્રનો અભ્યાસી હતો; એટલું જ નહિ પણ તેણે તે પ્રમાણે આચરણ કરીને બ્રહ્મચર્યાવસ્થા સારી રીતે પસાર કરી હતી. યોગાભ્યાસમાં પણ તે આગળ વધેલો હતો. તે કમાતો થયો એટલે તેના વિવાહ થયા. સૌ કોઈ તેના પર સ્નેહ રાખવા લાગ્યા. તેણે એક દિવસ સત્સંગી મહાત્માને કહ્યું: "હવે કદાચ હું થોડો વખત આપની પાસે આવીશ નહિ, કારણ કે આખા કુટુંબનો ભાર મારી ઉપર છે. હું ન હોઉં તો સૌ કોઈ મરી જાય." મહાત્માએ કહ્યું: "પોતાની કામનાને માટે બધું પ્રિય લાગે છે. જો ન માનતો હોય તો ઘેર જઈ મરવાનો ઢોંગ કરજે. પ્રાણને બ્રહ્માંડે ચઢાવજે. હું આવીશ અને પરીક્ષા કરી બતાવીશ." તેણે ઘેર જઈ તે પ્રમાણે કર્યું. ઘરનાં માણસો રડવા લાગ્યાં. પેલા મહાત્મા દૂધનો કટોરો લઈ આવ્યા અને પેલા મનુષ્યને માથે ઉતારીને તેના રોગાને કહેવા લાગ્યા: "તમે આ પી જાઓ તો એ મનુષ્ય જીવશે. તમે મરશો અને છોકરો જીવશે." ડોસાએ કહ્યું: "મારે હજી ઘણાં કામ બાકી છે." મહાત્માએ તેની માને કહ્યું: "તમે પી જાઓ, તમારો છોકરો જીવશે." ડોશી બોલી: "હું આ [illegible] ન રહી શકે." ત્યારે તેમણે તેની સ્ત્રીને પૂછ્યું: "તમે જ [illegible] ઓ!" સ્ત્રી બોલી: "મારા મા[illegible] આ [illegible] અને [illegible] વિવાહમાં [illegible]." મહાત્માએ કહ્યું: "ત્યારે હું પીઉં!" [illegible] [illegible] કે, "તમે તો [illegible] છો. તમે [illegible] [illegible] ઉપર." મહાત્મા [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible]!" [illegible]
[illegible]!"

૩૬૨—सत्य वस्तुने पिछानतां नथी

એક સ્થળે હંસ અને ઘુવડ રહેતા હતા. વૈશાખ માસમાં હંસે ઘુવડને કહ્યું: "આજ સૂર્યનો તાપ બહુ લાગે છે." ઘુવડે કહ્યું: "સૂર્ય છે જ કયાં?" હંસ બોલ્યો: "તે આકાશમાં છે અને તેનું તેજ પૃથ્વી પર પડે છે." ઘુવડે કહ્યું: "પ્રકાશ એ શું છે? અમે તો ત્રણ કાળમાં પણ પ્રકાશ દીઠો નથી. એવી જૂઠી વાતોથી શું સૂર્ય સાબિત થાય કે?" આવી રીતે સૂર્યના સંબંધમાં હંસ અને ઘુવડ વચ્ચે વાદ ચાલ્યો. ઘુવડે કહ્યું: "ચાલો, અમારી સભામાં." સભામાં જઇ તે બીજા ઘુવડોને કહેવા લાગ્યો: "તમે બધા સાચું બોલજો. આ હંસ સૂર્ય છે એમ સાબિત કરવા આવ્યો છે. શું તમને સૂર્ય દેખાય છે?" સભાજનો ગાજી ઊઠ્યા અને એકે અવાજે કહેવા લાગ્યા કે, "સૂર્ય શું કહેવાય? સૂર્ય છે એમ કહેનાર આ હંસ જૂઠો છે." એમ કહીને હંસને સઘળા ચાંચો મારવા લાગ્યા. હંસ પોતાના રહેઠાણમાં આવીને પસ્તાવા લાગ્યો કે, 'હું કયાં જઈ ચઢ્યો?' સમજવાનું એ છે કે, પ્રકાશરૂપ આત્મા સર્વત્ર વિદ્યમાન છે, છતાં નાસ્તિક તેને માનતા નથી.

૩૬૩—गमे ते नामे भजो

કોઇ એક રાજાએ પંડિતને પૂછયું: "મહારાજ, ગણેશપુરાણમાં લખ્યું છે કે, ગણપતિ જ ઈશ્વર છે. ભાગવત અને વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે, ચતુર્ભુજ વિષ્ણુ મોક્ષદાતા છે; શિવપુરાણમાં શિવને જ સર્વશક્તિમાન કહેલા છે. સૂર્યપુરાણમાં સૂર્ય જ મુક્તિ આપે છે, એમ વર્ણવ્યું છે. દેવીભાગવત-

માં દેવીજ ઉદ્ધાર કરે છે, એમ લખ્યું છે; તો પછી શું માનવું અને કોને ભજવો?" પંડિતે કહ્યું: "હે રાજન, મારી સાથે ફરવા ચાલો." એમ કહી તેઓ નદીકિનારે ગયા. પંડિતે કહ્યું "નાવ મંગાવો. આપણે નદીની સામે પાર જવું છે." રાજાએ નાવ મંગાવ્યું પંડિતે તે નાપાસ કર્યું; બીજું મંગાવ્યું, તે પણ નાપાસ કર્યું. એમ રાજાએ પચ. નાવ મગાવ્યા, પણ પંડિતે એક પણ પસંદ કર્યું નહિ, ત્યારે રાજા થાકીને બોલ્યો: "આ બધાં વહાણ સારાં છે. આ સર્વ મનુષ્યો તેમાં બેસીને પાર ઉતરી જાય છે. જેમાં તમે બેસો તો તમને પણ પાર ઉતારશે. એમાં મારું શું અને બીજું શું?" પંડિતે હસીને કહ્યું "તેવી જ રીતે પણ જેનો માર્ગ આવે તે પરમાત્માના નામથી પાર ઉતરી જાય છે. અનંત મોક્ષ પામ્યા છે. તમે પણ જે નામ લો તેને ભજીને પાર ઉતરો."

३६४-ईश्वर मातानु रक्षण करे छे

હ્મચારીને જતો જોયો. તેણે બ્રહ્મચારીને કહ્યું: "તમારે પૈસા
ઈતા હોય તો મારી પાસે છે, તમે ડરશો નહિ. હજુ છોક-
ઉપર ઘરેણાં છે, તે ઉતારી લો. જન્મે છે, તે મરે છે.
માં તમારો દોષ નથી." બ્રહ્મચારી શરમાઈ ગયો અને ઘરે-
ણાં મૂકી નાસી ગયો. ભક્ત છોકરાના મડદાને ઘરેણાં પહેરા-
વી, લાવી ચૂપકીથી માળ ઉપર ચઢી ગયો અને અગાસી
ઉપરથી છોકરાને પડતો મૂક્યો. પછી પોતાની સ્ત્રીને બોલાવી
બૂમ મારી કે, "હાય, હાય, છોકરો પડી ગયો!" સ્ત્રી રોવા
લાગી. ભક્ત બોલ્યો: "રડે છે શું? તારે પણ તે રસ્તે જ
જવાનું છે. હવે બોલીશ નહિ, નહિ તો જમવા બોલાવેલા
સાધુ ભોજન નહિ કરે." સ્ત્રી ચૂપ રહી. તેણે છોકરાનું
મડદું સંતાડ્યું. સાધુ જમવા બેઠા, એવામાં એક વિરક્ત
સંન્યાસી આવ્યા અને કહ્યું: "તારા છોકરાને બોલાવ, મારે
તેની સાથે ભોજન કરવું છે." શ્રદ્ધાળુ ભક્તે છોકરાને બૂમ
મારી. છોકરો ઘરની બહાર આવ્યો અને મહાત્માની જોડે
જમવા બેઠો! બધે આનંદમંગળ થઈ રહ્યો. આ પ્રમાણે સાચા
મનુષ્યનું ઈશ્વર સદા ય રક્ષણ જ કરે છે.

૩૬૫–प्रभु केवो छे?

એક ભરવાડ હતો. તે જંગલમાં ઘેટાં ચારતો હતો અને ત્યાં જ મકાન બાંધી રહેતો હતો. તે દિવસે સૂર્યને અને રાત્રે ચંદ્ર અને તારાઓને દેખી બહુ જ રાજી થતો. તે પરમાત્માનો ઉપકાર માનતો અને કહેતો કે, "ધન્ય છે ઈશ્વરને કે જેણે થાંભલા વિના કે બીજા આધાર વિના અધ્ધર આકાશમાં સૂર્ય, ચંદ્ર તથા તારાને શોભાવ્યા છે!" જ્યારે બકરાં

પેટાંને બચ્ચાં આવે ત્યારે તેના માથા ઉપર હાથ ફેરવી તે કહેતો કે, "વાહ ઈશ્વર! એક પાણીના બુંદમાંથી આવી સુંદર આકૃતિ તું બનાવે છે!" જ્યારે તે ફોલવા બેસતો ત્યારે કહેતો કે, "અહો! ઈશ્વરની કારીગરીને કોઈ પહોંચે તેમ નથી! પ્રભુ હાડમાંસ અને ચામડાંની અંદર દૂધ કેવી રીતે ઉત્પન્ન કરતો હશે!" તે મોર આદિ પ્રાણી તથા વૃક્ષને દેખી સ્તબ્ધ થઈ જતો. અર્થાત્ જે કંઈ જોતો તેમાં ઈશ્વરનું ચિંતન કરતો. એમ કરતાં કરતાં તે સિદ્ધ થઈ ગયો. એક દિવસ ત્યાંના રાજાને સ્વપ્ન આવ્યું કે, "પ્રજાને લૂંટી પૈસા ભેગા કર." રાજાએ વજીરને પોતાનું સ્વપ્ન કહ્યું. વજીર ભીડે જંગલમાં નાસી ગયો. ત્યાં પેલો ભરવાડ મળ્યો. ભરવાડે તેને [illegible] પાયું અને કહ્યું કે, "તું જા, રાજાને કહેજે કે પ્રજાને [illegible] પૈસા ભેગા [illegible] છે, લૂંટવાથી નહિ. તારા સ્વપ્ન [illegible] તેવું છે." વજીરે કહ્યું: "તમે એ કેવી રીતે [illegible]?" તેણે કહ્યું કે, "[illegible] પરમાત્માને [illegible] [illegible] સમજાય છે." વજીરે રાજાને જઈ [illegible] [illegible] [illegible]

[illegible]

૩૯૮–મા [illegible] ની જાંઘ

[illegible]

'ઇ તેમનો અગ્નિસંસ્કાર કરીશ." માણસે કહ્યું: "સંસ્કાર ણ થઈ ગયા." શિષ્ય બોલ્યો: "હું જઈને તેમનાં ફૂલ તો :ગામાં નાખીશ." માણસ બોલ્યો: "ફૂલ પણ ગંગાજીમાં હોંચી ગયાં." શિષ્ય બોલ્યો: "હું જઈને ભંડારો તો કરું." ાણસે કહ્યું: "ભંડારો પણ થઈ ચૂક્યો." શિષ્ય બોલ્યો: 'ગમે તેમ હોય પણ હું તો જઈશ. ગુરુના નિવાસસ્થાનનાં ર્શન કરીશ." એમ કહી શિષ્ય ત્યાં ગયો. ગુરુ જીવતા હતા. ે તેમને નમસ્કાર કરી બેઠો. રસ્તે મળેલા માણસની વાત કહી. ગુરુ બોલ્યા: "તે માણસ જૂઠું નથી બોલ્યો. એક 'શાહુ-કાર આવ્યો હતો. તેણે મને ચાર ઘડી ઈશ્વરથી વિમુખ કર્યો હતો. પહેલી ઘડીમાં મારું મરણ સમજો. બીજી ઘડીમાં સંસ્કાર, ત્રીજી ઘડીમાં ગંગાજીમાં ફૂલ અને ચોથી ઘડીમાં ભંડારો થઇ ગયો!" તે ગૃહસ્થ ગયો ત્યારે મન પરમાત્મામાં પુનઃ પરોવ્યું ત્યારે જ હું જીવતો થયો છું. મારો આ બીજો જન્મ છે." તાત્પર્ય એ છે કે, જેનું મન સત્યમય ઈશ્વરથી હઠી જાય છે, તે જીવતાં છતાં મૂઆ બરાબર છે.

३६७–रोजा राखी मूक्या छे!

કોઈ એક મોલવી સંધ્યા સમયે એક ગામમાં આવી ચઢયો. તે ગામ મુસલમાનોનું હતું. મોલવીએ તેમને પૂછ્યું: "તમે નમાજ પઢો છો? રોજા રાખો છો?" તેઓએ કહ્યું: "અમે રોજાને તથા નમાજને જાણતા નથી." મોલવીએ કહ્યું: "નમાજ હંમેશાં પાંચ વખત પઢવાની છે અને રોજા તો અમુક ઋતુમાં ચંદ્ર નીકળે ત્યારે આવે છે અને તે ત્રીસ છે." મુસ-લમાનોએ કહ્યું: "હવે ચાંદ નીકળશે, ત્યારે રોજા રાખીશું."

મોતની રાત રહીને ચાલ્યા ગયા. તે લોકો ચંદ્રની રાહ જોવા
લાગ્યા. જ્યારે ચંદ્ર જોયો ત્યારે બધા એકઠા થયા અને બોલ્યા:
"ચાલો, હવે રોજા આવતા હશે, ખોળી લાવીએ." તેઓ
દીવિયાસંઘ રોજા ખોળવા નીકળ્યા! ગામની બહાર કો
દૂર ગયા, ત્યાં એક ગંધ ઝીંગ ઊંટ સાથે આવતો જોઈ તે
બોલ્યા: "મોતની સાહેબે બરોબર કહ્યું છે. જુઓ, ચંદ્ર દીઠો
ભળતાં જ રોજા આવ્યા." તે રોજા માટે સંઘવાળા લોકો લડે
કરે. બેઠ બાજુના પણ માણસો આવી ગયા. આખરે સઘ
વાળા વધારે હોવાથી ઊંટ લૂંટી લાવ્યા. તેમણે ઊંટને મા
ર્યા અને પૂરી નાખ્યાં. મોતની પુનઃ આવ્યા. તેમણે પૂછ્યું
"કેમ હવે રોજા રાખો છો ને! નમાજ પડો છો ને!" કુલ
લોકોનો દેવ: "હા, મોતની સાહેબ! [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

२६८-कलियुग आयो ?

યુગના અધિકારીઓ છે. તે બે મુખવાળા થશે. વાદી તથા પ્રતિવાદી બેઉની પાસે લાંચ લેશે." ભીમસેને કહ્યું: "મેં એક ગાય દેખી, તે પોતાની વાછરડીને ધાવતી હતી." શ્રીકૃષ્ણ બોલ્યાઃ "તેની મતલબ એ છે કે, ગાય જેમ વાછરડીને ધાવે છે, તેમ કળિયુગના માણસો છોકરી-છોકરાના પૈસા લઇ આજીવિકા ચલાવશે." અર્જુને કહ્યું: "મેં એક પક્ષી દેખ્યું, તેના મોઢામાં વેદ હતા, પણ તે મડદા ઉપર બેઠું હતું." શ્રીકૃષ્ણ બોલ્યાઃ "તે એમ સમજવું કે, કળિયુગના પંડિતો વેદ વગેરે ભણીને પણ મરેલાનું તથા નીચનું દાન લઇને ખાશે!" નકુલે કહ્યું: "મેં ત્રણ કૂવા દેખ્યા, તેમાં વચ્ચેનો કૂવો ખાલી હતો, બાજુના કૂવા ભરેલા હતા." શ્રીકૃષ્ણ બોલ્યાઃ "કળિયુગમાં પોતાનો કુટુંબી વચ્ચે ખાલી રહેશે અને બીજા ધનાઢય જોડે સંબંધ બંધાશે." સહદેવે કહ્યું: "મેં એક પહાડ પરથી પથરો પડતો દેખ્યો. તે મોટાં વૃક્ષો તોડતો નીચે આવ્યો. નીચે આવતાં તે એક તૃણથી અટકી રહ્યો!" શ્રીકૃષ્ણ બોલ્યાઃ "તેની મતલબ એ છે કે, જે પથ્થર પડ્યો તે ધર્મ હતો. તે સંસારરૂપી પહાડથી ખસ્યો અને તપ-યોગરૂપી મોટા વૃક્ષને ભાંગતો, સત્યરૂપી તૃણ સરખા પરમાત્માના નામને આશરે રહેશે." આવું રહસ્ય સાંભળી થોડાં વર્ષ રાજ્ય કરી ધર્મરાજા વૈરાગ્યશીલ બની ગયા અને તપ કરવાને ચાલ્યા ગયા.

३६९-धर्मने कलंक लागत!

એક ગામમાં બ્રાહ્મણના ત્રણ પુત્રો રહેતા હતા. તેમાંના બે મોટા પરણેલા હતા અને નાનો અવિવાહિત હતો. તે ધર્મ-નિયમ પાળવામાં સારો હતો. તે સવારમાં વહેલો ઊઠી પો-

લાવ્યો નથી." સુદામા બોલ્યાઃ "અરે પ્રભુ ! મને શા માટે મોહમાં નાખો છો ? તમારી પાસે શું નથી ? માત્ર તમારી માયાથી મને સાચવજો, એટલી મારી આપને વિનંતિ છે. છતાં વસ્તુને જોયા પછી વસ્તુનો ત્યાગ કરી શકાય, માટે એક વખત આપની માયા મને બતાવો, એટલું જ હું માગું છું." શ્રીકૃષ્ણે કહ્યું: "તેમાં કંઈ સાર નથી, છતાં કોઈ દિવસ બતાવીશ." એમ કહી બેઉ સ્નાન કરવા ગયા. શ્રીકૃષ્ણે કહ્યું: "સુદામાજી, આપણે નદીમાં ડૂબકી મારીએ." જેવી ડૂબકી મારી કે તરત સુદામા કોઈ અજાણ્યા પ્રદેશમાં જઇ ચઢ્યા ! ત્યાં તે એક સ્રીને પરણ્યા, તેને છોકરાં થયાં. તે દેશમાં એવો ચાલ હતો કે સ્રી પાછળ પુરુષે પણ સતિયા થવું. સુદામાની સ્રી મરી ગઈ. સુદામાને બળજોરથી સ્મશાનમાં લઈ ગયા. સુદામાએ વિચાર્યું કે, 'અગ્નિમાં બળી મરવું, તેનાથી જળમાં ડૂબી મરવું વધારે સારું.' એમ સમજી તે દોડીને જળમાં પડ્યા, ત્યારે શ્રીકૃષ્ણચંદ્રે તેમનો હાથ પકડી કહ્યું: "મેં તમને પકડયા છે; ચાલો સ્નાન કરો, ભોજન થઇ ગયું હશે." સુદામા તો આભા જ બની ગયા ને કહ્યું કે, "આ શું ?" શ્રીકૃષ્ણે કહ્યું કે, "તેનું જ નામ માયા, કે જે નહિ બનવા જેવી વસ્તુને બનાવે."

૩૭૧–आजे शुं थाय छे ?

રજપૂતાનામાં કર્ણસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેનાં લગ્ન કલાવતી નામની વીર ક્ષત્રિયકન્યા સાથે થયાં હતાં. એક વાર અલાઉદ્દીન ખીલજીએ તેના ઉપર ચઢાઈ કરી. રજપૂતો થોડી સંખ્યામાં હતા, પણ તેઓએ પાછી પાની કરી નહિ. કર્ણસિંહે મોખરે રહી શત્રુપક્ષના ઘણા સૈનિકો કાપી

સાથે લઈ એક વખત સપ્તર્ષિઓ યાત્રા કરવા જતાં તે રસ્તેથી નીકળ્યા. તેઓને ઊભા રાખી લૂંટવા માંડ્યા. ઋષિઓ બોલ્યાઃ "તું અમારી એક વાત સાંભળ, પછી લૂંટવા હોય તો લૂંટજે. તું નિરપરાધી યાત્રીઓને શા માટે લૂંટે છે?" તેણે જવાબ આપ્યો કે, "કુટુંબના પોષણ માટે." ઋષિ બોલ્યાઃ "આમ કરવાથી તને જે પાપ લાગે છે, તેનો હિસાબ જ્યારે ઈશ્વર માગશે, ત્યારે તારું કુટુંબ તેમાં ભાગીદાર બનશે કે? તું ઘેર જઈ તે પૂછી આવ. અમે અહીં બેઠા છીએ." તેણે ઘેર જઈ પૂછ્યુંઃ કે, "હું લૂંટું છું તેમાં જે પાપ થાય તેમાં તમારો ભાગ ખરો કે નહિ?" ઘરનાં બધાં માણસો કાને હાથ દઈ બોલ્યાંઃ "ના, અમે પાપના ભાગીદાર નથી. જે કરે તે ભોગવે" વાલ્મીકિને મર્મ પર ઘા વાગ્યો. તે પાછા આવ્યા. ઋષિઓને જવાબ સંભળાવ્યો. પછી તેમણે તેમને રામનામનો ઉપદેશ આપ્યો. જતે દિવસે વાલ્મીકિએ રામાયણ લખવા જેટલી શક્તિ પ્રાપ્ત કરી. સાચું જ કહ્યું છે કે—

હરિભજન થકી છોટા હોય તે, સહુથી મોટા થાય છે;
નહિ વિલંબ લગાડ, જનમ જનમનાં પાતક સર્વે જાય છે.

३७३—सौ कोई फावतुं कहे छे

એક રસ્તેથી માણસોનું ટોળું જતું હતું. વૃક્ષ ઉપર બેઠેલું એક પક્ષી બોલવા લાગ્યું, તે સાંભળી ટોળામાંથી એક મનુષ્ય બોલ્યોઃ "આ પક્ષી શું બોલે છે?" ટોળામાં એક મુસલમાન હતો તે બોલ્યોઃ કે, "ખુદા તેરી કુદરત." ખ્રિસ્તીએ કહ્યુંઃ "તે તેમ નહિ પણ ઇસુ તેરી અચરજ એમ બોલે છે." વૈરાગી બોલ્યોઃ "તમને ફાવે તેમ લાગે પણ

પછી તો બોલે છે કે, રામ સીતા, દશરથ." "તમે ન સમજ્યા" એમ કહી માળી બોલ્યો: "પછી કહે છે કે, લીંબુ, નારંગી, જમરૂખ." એક પહેલવાન હતો તે બોલ્યો: "દંડ, મગદળ, કસરત." હવે તંબોળી બોલ્યો: "ખરી વાત તો એ કહે છે, પાનપટી ઢક રખ." વ્યાપારીએ કહ્યું: "મિરી, મિરચી, અદરખ. ચોખ્ખું સમજાય છે." ત્યારે એક સ્વરાજ્યવાદી હતો તે બોલ્યો: "તમને કોઈને રહસ્ય ન સમજાયું. તે પછી તો ગાંધીમન્ત્ર તાણે છે અને કહે છે કે, ચરખા, પૂણી, ચમરખ." આ પ્રમાણે પોતપોતાની મતલબનું સૌ કોઈને સમજાયું. સમજવાનું એ છે કે, તે પ્રમાણે શાસ્ત્રમાં પણ લોકો પોતપોતાની મતલબના અર્થ કરે છે અને વ્યર્થ વિતંડાવાદમાં પડે છે. જેને જે ભાવે તે માને છે અને ભટ્ કહે તે પવિત્ર છે, એ હવે ભારી થયું છે

३७४—पतिव्रता पोतानुं स्थान [illegible]

કોટવાળે તેને ઘેરી. કોટવાળને સમજાવ્યો કે, "રાત્રિના અગિયાર વાગે મારે ઘેર આવજે." આગળ જતાં વજીર મળ્યો. વજીર પણ એકાંત દેખી તેને સતાવવા લાગ્યો. તેને પેલીએ રાત્રિના બાર વાગે આવવાનું કહ્યું. ઘેર જઈ શાણી સ્ત્રીએ દાસીની જોડે બધો સંકેત કરી રાખ્યો. દશ વાગ્યા એટલે શેઠ આવ્યો. શેઠને એક કોટડીમાં દાસી સ્નાન કરાવવા લઈ ગઈ. તેના શરીરે તેલ ચોળી ખૂબ સ્નાન કરાવ્યું. એટલામાં કોટવાળ આવ્યો. શેઠ કોટવાળનું નામ સાંભળી ધ્રૂજવા લાગ્યો. દાસીએ શેઠને એક કોટડીમાં સંતાડી દીધો. પછી કોટવાળને દાસી સ્નાન કરાવવા લાગી. એવામાં વજીર આવ્યો, ત્યારે કોટવાળ તેને જોઈ કંપી ઊઠ્યો. તેને એક પેટીમાં પૂરી દીધો. વજીરને પણ દાસીએ સ્નાન કરાવી પેટીમાં પૂર્યો. સવારે રાજ્યમાં ખબર આપી. પોલીસો આવીને તે દરેકને પકડી ગયા. રાજા સ્ત્રીની આ ચાલાકી જોઇ બાઇ ઉપર પ્રસન્ન થયો અને તેને ઈનામ આપ્યું. પતિવ્રતા સ્ત્રીઓ આવી રીતે ધર્મનું રક્ષણ કરે છે.

૨૭૫—छोकरां कंई छानां रहे ?

એક વખતે અકબર બાદશાહ સભા ભરીને બેઠા હતો. બિરબલને આવતાં વાર લાગી, તેથી બાદશાહે તેને બોલાવવા માણસ મોકલ્યું. બિરબલ આવ્યો. બાદશાહે કહ્યું: "આટલો બધો સમય કેમ થયો?" બિરબલ બોલ્યો: "જહાંપનાહ! મારો છોકરો રડતો હતો." બાદશાહ બોલ્યો: "છોકરો રડે તેમાં આટલી વાર? છોકરો તો જલદી રાજી થઇ જાય." બિરબલે કહ્યું: "એમ નથી થતું." બાદશાહના ગળે બિરબલની વાત ઊતરી નહિ, ત્યારે બિરબલ બોલ્યો: "જો એમ

હોય તો હું તમારો છોકરો બનું અને તમે બાપ બનો. બાદશાહે હા કહી. બિરબલ પુત્ર તરીકે રોવા લાગ્યો. તેને છાનો કરતો જોઈ બાદશાહે પૂછ્યું: "તારે શું જોઈએ છે?" બિરબલે કહ્યું: "શેરડી." બાદશાહે શેરડી મંગાવી આપી. બિરબલે રડતાં રડતાં કહ્યું: "તેના કકડા કરી આપો." બાદશાહે તેના કકડા કરી આપ્યા. બિરબલે કહ્યું "હવે હું નહિ ખાઉં, મારે દૂધ પીવું છે." દૂધ આવ્યું ત્યારે તે રડતાં બોલ્યો: "દૂધમાં પાણી રેડો તો પીઉં." પાણી રેડ્યું. ત્યારે તે બોલ્યો. "હવે શેરડી હતી તેવી આખી કરી આપો અને દૂધ અને પાણી જુદાં કરી આપો." બાદશાહે કહ્યું: "એવું તે કંઈ બને?" બિરબલ બોલ્યો "[illegible]" [illegible]

૨૭૬–[illegible] !

રૂપ, ધન, બળ અને બુદ્ધિ. બધા મનુષ્યોને આજ્ઞા આપી કે, 'તમારે જોઇએ તે લઈ લો.' ત્યારે તમે અને બીજા રૂપ અને ધનને લેવા દોડયા, બુદ્ધિ સામું પણ જોયું નહિ. મેં પ્રભુ પાસે બુદ્ધિ માગી, એટલે રૂપ મારા ભાગમાં આવ્યું નહિ. આથી હું બુદ્ધિશાળી થયો અને તમે રૂપાળા થયા!" આ યુક્તિભર્યો હાજર જવાબસાંભળી બાદશાહ ખુશી થયો.

૩૭૭–દૃઢનિશ્ચયી બન્યો !

અકબર બાદશાહે એક વખતે પૂછયું કે, "યકીન બડા કે પીર?" સૌ કોઇ કહેવા લાગ્યું કે, "પીર (દેવ) બડા." બિરબલ બોલ્યોઃ "યકીન (વિશ્વાસ)" બાદશાહે પૂછયુંઃ "કેવી રીતે?" બિરબલે તેનો જવાબ આપવા એક લાખ રૂપિયા માગ્યા: અકબરે તે આપ્યા. પછી તેણે જૂનાં જૂતાંની એક પોટલીને શાલદુશાલા વીંટી ખાડો ખોદી તેમાં દાટી. પછી તે પર બિરબલે કબર ચણાવી. 'શહેરમાં નવા પીર પ્રગટ થાય છે,' એવો ઢંઢેરો પિટાવ્યો. હજારો મનુષ્યો કબરનાં દર્શન કરવાને આવે અને બાધાઆખડી રાખી ફૂલ-પૈસા ચઢાવે! બાદશાહ પણ પીરનાં દર્શન કરવા ગયો. દર્શન કરીને તેણે કહ્યું કે, "જો હું મેવાડના રાણા પ્રતાપને વશ કરીશ તો હજાર રૂપિયાનો કિનખાબ ચઢાવીશ!" તે વખતે બીરબલ ત્યાં આવી ચઢયો અને કબર ખોદાવી જોડાની ગાંસડી બાદશાહને બતાવી અને પૂછયુંઃ "યકીન બડા કે પીર? જો આપને યકીન ન હોત તો તમે કિનખાબ ચઢાવવાની માનતા રાખત નહિ." પછી બાદશાહે બિરબલને ઇનામ આપ્યું અને પોતે તે દિવસથી દૃઢનિશ્ચયી બન્યો.

૩૭૮—आखरे वड सुकायो !

તુલસી હાય ગરીબકી, કબહુ ન ખાલી જાય;
મૂએ ઢોર કે ચામસે, લોહા ભસ્મ હો જાય.

એક વખત દિલ્હીના બાદશાહે પોતાના નોકરને ચિઠ્ઠી આપી રજપૂત રાજા પાસે મોકલ્યો. તે ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, "તમે રાજાઓ પચાસ સાઠ અથવા વધારે વર્ષ રાજ્ય કરો છો અને અમે પાંચ કે દશ વર્ષ રાજ્ય કરી મરણ પામીએ છીએ, તેનું કારણ શું?" નોકરને તાકીદ આપી હતી કે "કારણ અવશ્ય [illegible] તેથી તે [illegible] રાજાને ચિઠ્ઠી આપી અને [illegible]

કરોડ મનુષ્યોના નિઃશ્વાસથી બાદશાહ એક દિવસમાં સુકાઇ જવો જોઇએ, પણ થોડા પુણ્યશાળી એટલે બેચાર વર્ષ ગાદી ભોગવવા પામે છે! રાજાએ તો પ્રજાને પ્રસન્ન રાખી રાજ્ય કરવું જોઇએ."

૩૭૬–आ तो वो है, वो है पर वो नहि है!

એક વાણિયાનું કુટુંબ પ્લેગ ચાલવાથી નાશ પામ્યું. માત્ર સાસુ અને વહુ જીવતાં રહ્યાં. તેઓનું ધન પણ પાયમાલ થઈ ગયું. કુલીન એટલે બહાર કામ કરવા જવાય નહિ, તેથી ઘરમાં કાંતવું–દળવું વગેરેથી પોતાનું ગુજરાન ચલાવતાં. મોટાઈનો મોભો સાચવવા તેઓ સંકેતથી બધી વાત કરે. એક દિવસ રાતે વહુ કાંતતી હતી, એવામાં દીવો બુઝાવા લાગ્યો, ત્યારે તે બોલીઃ "અરિ વો જાય હૈ." સાસુએ કહ્યુંઃ "જાય તો જાન દે, વો નહિ હૈ." તે વખતે ત્યાંનો રાજા નગરચર્યા જોવા નીકળ્યો હતો, તે આ વાત સાંભળી ગયો. તેણે અનુમાન કર્યું કે, આ ઘર કોઇ હલકી ચાલવાળી સ્ત્રીઓનું છે. એમ વિચારી તે ઘેર ગયો અને સવારે કચેરીમાં તે સાસુવહુને બોલાવ્યાં. ત્યાં તે બંને કચેરીમાં ગયાં. રાજાએ કહ્યુંઃ "મને તમારા ઉપર વહેમ છે. તમારા ફરતો પહેરો રાખવો પડશે. કારણ કે તમે બંને જુવાન છો. શેઠની કીર્તિને કલંક લગાડશો નહિ." આ સાંભળી વહુ સાસુ પ્રત્યે બોલીઃ "અરિ આ તો વો હૈ." સાસુએ કહ્યુંઃ "વો તો હૈ પર વો નહિ હૈ." રાજાએ પૂછયુંઃ "તમે શું બોલો છો?" સાસુએ કહ્યુંઃ "તે દિવસે દીવો બુઝાતો હતો ત્યારે વહુએ કહ્યું કે 'દીવો બુઝાઇ જાય છે,' ત્યારે મેં કહ્યુંકે 'બુઝાવા દે, તેલ નથી.' આજે વહુએ કહ્યુંઃ "રાજા થઇને સાંકેતિક ભાષા સમજતો નથી અને

ખોટો વહેમાય છે, તેથી પણ છે.' મેં કહ્યું: 'પણ એ બે ખિસ્સાં તથા પૂરતું નથી.'" રાજા આશ્ચર્ય પામી નમી પડ્યો, અને તે દિવસથી તેમને ખોરાકી પૂરી પાડવા લાગ્યો.

૩૮૦–ऐसे ही करते रहो

૩૮૧–ક્રિયામાં બોધ છે

એક મહાત્મા ગામ બહારની પર્ણકુટીમાં રહેતા હતા. ત્યાં તેમણે પોતાના હાથે એક નાનો સુંદર બગીચો બનાવ્યો હતો. એક દિવસ કોઇ બહારગામના મનુષ્યો તે મહાત્મા પાસે સત્સંગ કરવા આવ્યા. તે વખતે તે મહાત્મા બગીચામાંથી ઘાસ કાઢી નાખી ફૂલના નવા રોપા રોપતા હતા. પેલા મનુષ્યોએ મહાત્માને જોઇ વિચાર કર્યો કે, "તે હલકું કામ કરી રહ્યા છે. જો આપણે જઈશું તો તે શરમાઇ જશે, માટે અત્યારે જવું ઉચિત નથી. વળી મહાત્માઓને આવી ઉપાધિ શી ?" એમ કહી તેઓ પાછા વળ્યા. પેલા મહાત્મા આ બધું સાંભળતા હતા, તેથી તેમણે તેઓને પાછા જતા જોઇ બોલાવ્યા. તેઓ આવ્યા. વંદન કર્યું. મહાત્માએ પૂછયું: "કેમ આવ્યા હતા ? મળ્યા સિવાય પાછા કેમ જતા હતા ?" તેઓએ કહ્યું: "સત્સંગ કરવા આવ્યા હતા. તમે કામમાં હતા તેથી પાછા જતા હતા." મહાત્માએ કહ્યું: "તમને સત્સંગ કરતાં આવડતો નથી. મહાત્માની વાણી તેમજ ક્રિયામાં બોધ રહેલો હોય છે. મારામાંથી તમારે એ બોધ લેવાનો હતો કે અંતઃકરણરૂપી બાગમાંથી કુવાસરૂપી ઘાસ કાપી, સુવાસના રોપાઓ રોપવા જોઇએ."

૩૮૨–ચંદા પાસે જાઓ

એક શેઠનો પુત્ર હતો. તે બી. એ. સુધી ભણેલો હતો. તેને ભણેલી સ્ત્રી સાથે પરણવાની ઇચ્છા હતી, પણ પોતાની

જ્ઞાતિમાંથી મળી નહિ. તેને થોડુંક અક્ષરજ્ઞાન [illegible] મળી. છોકરો ઉદાર પ્રકૃતિનો હતો. જાહેર કાર્યોમાં તે યથાશક્તિ મદદ કરતો. ધર્માદાફંડમાં તે ચંદા-પૈસા-આપતો [illegible] અને તેનો હિસાબ ચોપડામાં લખતો. એક વખત તેની માંએ દો ચંદા, ચાર ચંદા, એવું વાંચ્યું આથી તે સમજી કે ચાંદા નામની કોઈ વેશ્યા હશે, તેની પાસે એ જતો હશે અને તેને આપેલા રૂપિયાનો આ હિસાબ છે! એ [illegible] અને કરે તો પ્રકાશમાં પણ તે લાવી ન શકે. તે મનમાં ને દિવસથી [illegible] એક દિવસ પૂછ્યું. ત્યારે તે બોલી: "પેલી ચાંદાની પાસે જઈને [illegible] એને પૈસા રૂપિયા આપ્યા છે." [illegible] નહિ. તેણે પૂછ્યું: "શું છે?" [illegible] "[illegible] [illegible] અને [illegible] [illegible] ! " [illegible] [illegible] નહિ, [illegible] છે."

૨૮૩-મને તો મગ રહ્યાં છે!

છે. ચાલો, ખાવું હોય તો આપું." ભૂખ લાગવાથી રાજાએ તેની સાથે બેસી ભાથું ખાવા માંડયું. ખાતાં ખાતાં વચ્ચે રાજાએ પૂછયુંઃ "તુમારા દેશ કા રાજા ઔર કારભારી કૈસે હૈ?" ખેડૂત બોલ્યોઃ "હમારા દેશના રાજાનો બાપ સારો હતો. આ પણ પહેલાં ઠીક હતો. પણ હવે પરણ્યા પછી તથા કારભારીના કુસંગથી બગડી ગયો છે. ખેડૂતને બહુ દુઃખ દે છે. કારભારી યમરાજા જેવો છે. વધારે શું કહું? જમાદાર સાબ, લોકો ચુસાઇ ગયા છે." રાજાએ કહ્યું: "તમે તમારા રાજાને ઓળખો છો?" ખેડૂત બોલ્યોઃ "ના." રાજાએ કહ્યું: "હું પોતે જ રાજા છું." ખેડૂત ગભરાયો અને યુક્તિ કરી બોલ્યો કે, "મહિનામાં ચાર દિવસ મને ભૂત વળગે છે. શનિવારને દિવસે મને ભાન હોતું નથી. તે ભૂત મારા દ્વારા સાચેસાચું કહી દે છે. આજે શનિવાર હોવાથી મને ભૂત વળગ્યું છે. તમે નાસી જાઓ, નહિ તો મારામારી કરશે." રાજા સમજીને ચાલ્યો ગયો, પણ ખેડૂતના કથનનો સાર ગ્રહણ કરી રાજ્યની કાળજી રાખવા લાગ્યો.

३८४–तमे त्यागी बन्या छो !

એક મહાપુરુષ કથા કરતા હતા. તે સ્થળે હજારો મનુષ્યો કથા સાંભળવા આવતા હતા. તે ગામમાં એક કંજૂસ ધનાઢચ રહેતો હતો. તે કોઈ દિવસ પરમાર્થમાં પાઈ પણ ખર્ચતો નહિ. એક દિવસ તે કથા સાંભળવા આવી ચઢચો. તેને કથામાં રસ પડયો, તેથી તેણે પુસ્તક ઉપર રૂપિયો મૂકયો. મહાત્માએ તેનો હાથ પકડી પોતાની પાસે બેસાડયો. કથા પૂરી થઇ એટલે શાહુકાર બોલ્યોઃ "પૈસા જોઇ લોભી લોકો

માન આપે, પણ તમે શા માટે માન આપ્યું? શું આપને પણ લક્ષ્મીનો મોહ ગયો નથી?" મહાત્માએ કહ્યું: "તમે રૂપિયો આપવાથી મેં તમને માન આપી પાસે લીધા નથી, પણ કોઈ દિવસ પુણ્યમાં પાઈ પણ વાપરી નહિ અને આજે રૂપિયાનો ત્યાગ કર્યો, તેથી તમે પણ આજથી ત્યાગી બન્યા, માટે મારી ત્યાગીની પંક્તિમાં બેસાડ્યા. મને લાગે છે કે હવે તમારી ત્યાગવૃત્તિ વધતી જશે. તે અને તો શું પણ આગળ પરમાત્મા પોતાની પાસે તમને બેસાડશે. ત્યાગનો મહિમા એવો છે [illegible] [illegible]

૩૮૫—ચાર પ્રશ્નો

જન્મમાં તો દોલત છે અને બીજા જન્મમાં પણ પામશે, માટે છે, છે અને છે. આ બીજો શેઠનો છોકરો છે, તે પૈસાદાર પણ છે, છતાં પોતાના પૈસા ખરાબ રસ્તે ફના કરી રહ્યો છે. અત્યારે તો તેની પાસે છે, પણ બીજા જન્મમાં નહિ મળે, તેથી છે, છે અને નથી." ત્રીજા યોગીને બતાવી કહ્યું કે, "આ તપસ્વી પાસે કૌપીન સિવાય બીજું કંઈ નથી, પણ તેમનું એવું કઠણ તપ છે કે, ઇંદ્રાસન મેળવી શકાય, તેથી બીજા જન્મમાં તે પામશે, તે માટે નથી, નથી અને છે." ચોથા પારધીને બતાવી કહ્યું કે, "અત્યારે માછલાં મારી મહામહેનતે તે પોતાનું પોષણ કરી રહ્યો છે. તે પાપ કરે છે તેથી બીજા જન્મમાં પણ તેને કંઈ મળવાનું નથી. તે કારણથી નથી, નથી અને નથી." રાજા આ સાંભળી ઘણો સંતોષ પામ્યો.

૩૮૬–તમારે ખાવું પડશે

એક શેઠ ઘણો ધનવાન હતો. ધર્મમાં પણ એની ઠીક ઠીક શ્રદ્ધા હતી. મોટા કહેવડાવવા માટે તે જારનું સદાવ્રત આપતો. તે જાર પણ સડેલી અને ઓછા ભાવની લાવતો. તે પોતાને બીજા કરતાં વિશેષ પુણ્યશાળી માનતો અને જ્યાં ત્યાં બોલી જતો કે, "તમારાથી શું થવાનું છે? મારે ત્યાં સદાવ્રત ચાલે છે." તેને કોઈ કંઈ જવાબ આપી શકતું નહિ. સૌ કોઈ હાજી, હા કરે. એવામાં તેના છોકરાને પરણાવ્યો. છોકરાની વહુ ખાનદાન કુટુંબની તથા ઉદાર દિલની હતી. સારા કુળમાં જન્મેલી તેથી સાચાબોલી તથા વિવેકી હતી. તેણે પોતાના સસરાની વૃત્તિ જોઈ વિચાર્યું કે, "સસરાને સમજાવવા જોઈએ.' તેણે સડેલી જુવારને દળી રોટલો બનાવી સસરાને

ખાવા મૂક્યો. સસરાથી તે ખવાયો નહિ તેથી તેણે કહ્યું: "મ
પત્ની પાસે બીજું ઘણું અનાજ છે, છતાં આવો રોટલો ક
માટે કર્યો!" વહુ બોલી: "માફ કરજો, તમારે આગળ ઉપ
આવા રોટલા ખાવાના છે, કારણ કે તમે જે સડેલી જુવા
દાનમાં આપો છો તે તમને મળશે; માટે આજથી આવ
પડે તો વસમું લાગે નહિ!" સસરો સમજી ગયો અને ત્યારથી
સદાવ્રતમાં સારું અનાજ આપવા લાગ્યો.

२०७–शाह बडा के बादशाह ?

મારે ખર્ચ નથી તો ખજાનો શા માટે સાચવું? મુલકનું પૂછતો હોય તો તારી સરહદ બહાર તારું કોઈ નહિ માને. હું સર્વત્ર જઈ મારો હુકમ ચલાવીશ. પૈસા આપે ત્યારે તારું કામ થાય અને સલામ ભરે અને મારે તો પૈસા વિના હજારો સેવકો પગમાં પડનાર છે! ઝોળી, ઝંડા અમારી શહેનશાહતની નિશાની છે. બોલ, અમે તારા કરતાં કઈ વાતમાં ઊતરતા છીએ? તારા સિપાઈઓ બળજબરાઈ કરવા ધારે છે, તે વાજબી છે? શાહ બડા કે બાદશાહ?"

३८८–तमारी तो आखी जिंदगी गई !

એક નદીને કિનારે ખલાસી રહેતો હતો. તે નાવ ચલાવી પોતાનું ગુજરાન ચલાવતો. એક દિવસ કોઈ નવા જમાનાનો સુધરેલો મનુષ્ય વહાણમાં આવી બેઠો. વહાણ ચાલ્યું. રસ્તામાં પોતાના ચંચળ સ્વભાવ અનુસાર કેળવણીની વાતો કાઢી. તેણે ખલાસીને પૂછ્યું: "તું ભૂગોળ જાણે છે?" "ના." "ખગોળ?" "ના." "સાયન્સ?" "ના." "ડ્રોઇંગ?" "ના." "ત્યારે તું જાણે છે શું?" ખલાસી બોલ્યો: "હું શું કરું? મારા પિતાએ જળમાં હોડી ચલાવતાં અને તરતાં શિખવાડયું છે." શેઠ કહે: "ત્યારે તો તારી પોણી જિંદગી બરબાદ ગઈ." "હા, સાહેબ, શું કરું?" એમ વાતો કરે છે, એવામાં સામા કિનારા પર હોડી પહોંચી અને ખડક સાથે અથડાઈ. હોડી ડૂબી! સાથે શેઠ પણ ડૂબ્યો. તે ડૂબતો હતો ત્યારે ખલાસી બોલ્યો: "શેઠ! મારી પોણી જિંદગી નકામી ગઈ, પણ તમારી તો આખી ગઈ! જો તરતાં શીખ્યા હોત તો બચી જાત. સમજવાનું એ છે કે, સંસારની

૩૯૦–आदर्श पुत्र श्रवण

શાંતિપ્રિય નામના એક વૈશ્ય હતા. તે પોતાની પત્ની સાથે તપ કરતા હતા. તપ કરતાં ઘણાં વર્ષો વીતી ગયાં. એક દિવસ સ્ત્રી તેમને કહેવા લાગી કે, "ગૃહસ્થાશ્રમીને પુત્ર-સુખ ન હોય, તે ઇચ્છવા યોગ્ય નથી. આપણે પુત્ર નથી તો આપણું નામ કોણ રાખશે?" વૈશ્ય બોલ્યાઃ "પુત્ર નામ રાખે એવો નિયમ નથી. તે સારો હોય તો રાખે, નહિ તો પિતાને કલંક લગાડે. વળી આપણે પુત્ર થશે તો તે અઢાર વર્ષનો થશે, ત્યારે આપણે બે આંધળાં થઈશું. પછી ભલે તમારી મરજી." સતીએ આગ્રહ કર્યો કે, ગમે તેમ થાય પણ પુત્રસુખ તો જોવું જોઇએ." પછી પુત્ર ઉત્પન્ન થયો, તેનું નામ શ્રવણ રાખ્યું. તે જુવાન થયો. માતપિતા આંધળાં થયાં. શ્રવણ પરણ્યો. તેની સ્ત્રી આળસુ હતી. એક દિવસ શ્રવણને તે કહેવા લાગી કે, "તમારાં માબાપ મને બહુ સતાવે છે, તે મારાથી સહન થતું નથી. તમે તેમને કંઇક કહો, નહિ તો હું ચાલી જઈશ." શ્રવણ બોલ્યોઃ "હું જ્યારે તને પરણવા આવ્યો, ત્યારે તારી સખીઓ મને કંઇ કંઇ કહેતી હતી, મેં તારા પ્રેમને ખાતર બધું સહન કર્યું. હવે જો તારો મારા પર પ્રેમ હોય, તો મારા માબાપનું કથન તારે સહન કરવું જોઇએ, નહિ તો આ રસ્તો રહ્યો." સ્ત્રી કંઇ બોલી નહિ. પાછળથી તે જ શ્રવણ કાવડ કરી માબાપને તીર્થ કરાવવા લઇ ગયો. જંગલમાં એક સ્થળે પાણી ભરવા જતાં દશરથના બાણથી તે મરાયો, પણ આદર્શપુત્ર તરીકેની કીર્તિ તે મૂકતો ગયો.

३९१—नातपटेल बनावो

જ્યારે અયોધ્યામાં શ્રીરામ રાજ્ય કરતા હતા, ત્યારે જનાવરોને પણ ન્યાય મળતો. એક વખતે એક ભિક્ષુ નગરમાં ચાલ્યો જતો હતો. રસ્તામાં કુતરું બેઠું હતું. તેને એ ભિક્ષુકે લાકડી મારી. તે બિચારું બૂમો પાડતું ગયું અને રામચંદ્રજીની સભા સુધી જઈ પહોંચ્યું. શ્રીરામની દ્રષ્ટિ ઉપર પડતાં તે બોલવા લાગ્યું કે, "અમારે ઘર કોઈનું નથી [illegible]

[illegible]

[illegible]

[illegible]

તેથી બોલ્યાઃ "શ્રીરામનું નામ છે તે તારકમંત્ર છે અને તેને આધારે વાલ્મિકી આદિ તરી ગયા છે." તે મનુષ્ય રામમંત્ર લઇ ઉચ્ચારણ કરતો કરતો ગામની ભાગોળે આવ્યો. ત્યાં ઢેડા લોકો મહેમાનને વળાવવા ભાગોળે આવેલા હતા. તેઓ પરસ્પર "રામરામ" બોલ્યા. આથી ભક્તને વહેમ આવ્યો કે, 'રામનામને તો ઢેડ પણ જાણે છે. તેમાં શું તાકાત હશે ?' તે પાછો ગયો. ગુરુએ તેને સમજાવવા એક હીરો આપ્યો અને ભાજીવાળાની દુકાને મોકલ્યો. ભાજીવાળાએ પાંચ શેર ભાજી આપવા માંડી, પણ તેણે તે લીધી નહિ. પછી તેને મીઠાઈવાળાની દુકાને મોકલ્યો. તેણે પાંચ શેર મીઠાઇ આપવા માંડી, તે પણ તેણે ન લીધી. પછી તે ચોકસીની દુકાને ગયો. ત્યાં હીરાના બદલામાં કેટલુંક સુવર્ણ આપવા માડયું. તે નહિ લેતાં તે ઝવેરીને ત્યાં ગયો. ઝવેરીએ કહ્યું: "આનું મૂલ્ય રાત્રે ચંદ્ર ઊગશે ત્યારે થશે." જ્યારે ચંદ્ર ઊગ્યો ત્યારે તે હીરાને બહાર ખુલ્લા મેદાનમાં મૂકયો, તો ચંદ્રનાં કિરણો પ્રકાશમાન થઇ પાણીની પેઠે વહેતાં માલૂમ પડ્યાં ! પછી ઝવેરી બોલ્યો કે, "આમાં જેટલાં કિરણો ફૂટયાં છે, તેટલા કરોડ રૂપિયાનો આ ચંદ્રકાંતમણિ છે !" તે ગુરુ પાસે આવ્યો. ગુરુએ કહ્યું: "બધાએ હીરાની કિંમત કરી, પણ ઝવેરીની કિંમત સાચી હતી." આ રીતે પ્રભુના ખરા ભક્તો તેના નામની કિંમત સમજે છે."

૩૯૨–લક્ષ્ય ન ચૂકશો

પાંડવ તથા કૌરવોને ધનુર્વિદ્યા ભણાવી તેઓની પરીક્ષા લેવા દ્રોણગુરુએ નક્કી કર્યું. એક વૃક્ષ ઉપર બનાવટી પોપટ મૂકયો અને મેદાનમાં બધા રાજકુંવરોને બોલાવ્યા. ભીષ્મ

થઈને રહ્યો. ગુરુ બીજા શિષ્યોને લઈ યાત્રાએ ગયા. રોબડદાસ મંદિરમાં એકલો તેથી કામકાજ પુષ્કળ હતું. સવારમાં તે વહેલો નાહીધોઇને પૂજન કરતો. પૂજન કરતાં કરતાં રામચંદ્રજીની જોડે વાતો કરવા લાગ્યો કે, "મોડું થાય તો રીસ ન કરશો." તેનું શુદ્ધ દિલ જોઇ રામજી બોલ્યાઃ "તારી મરજી થાય ત્યારે થાળ ધરજે." આ પ્રમાણે અઠવાડિયું વીત્યું. રોબડને કામની બહુ ભીડ પડવા લાગી, ત્યારે તે રામને હાથ જોડીને કહેવા લાગ્યો કે, "રસોઇનું કામ જો મારી માતા સીતાને સોંપો તો કેવું સારું ? હું તમારો બાળક દુઃખી થાઉં છું." રામે હસીને સીતા સામે જોયું. સીતા રાંધવા લાગ્યાં ! બીજું અઠવાડિયું ગયું ત્યારે તે બોલ્યોઃ "હું ભણ્યો નથી, તો ગુરુને હિસાબ કેવી રીતે આપીશ, માટે હિસાબનું કામ લક્ષ્મણ કરે તો કેવું સારું ?" રામે લક્ષ્મણ સામે જોયું, એટલે લક્ષ્મણજીએ તે સ્વીકારી લીધું. બીજે દિવસે રોબડ બોલ્યોઃ "ગાયો દોહવાનું ભરત કરે તો કેવું સારું ?" ભરતે તે સ્વીકાર્યું. "ગાયોનું છાણવાસીદું શત્રુઘ્નને સોંપો, હું થાકી જાઉં છું." શત્રુઘ્ને રાજી થઈ તે કામ કરવા માંડયું. પછી તે બોલ્યોઃ "ગાયોને ચરાવવા કોઈ લઇ જાય તો ઠીક પડે. જો હનુમાન આટલું કામ કરે તો બધી અડચણ દૂર થાય." હનુમાને તે કામ માથે લીધું. હવે રોબડદાસ આનંદથી પ્રભુની ભક્તિ કરવા લાગ્યો. થોડા દિવસ પછી ગુરુ પાછા આવ્યા. મંદિરનો ચાલતો કારભાર જોઇ તેઓ પ્રસન્ન થયા અને શિષ્યોને કહેવા લાગ્યાઃ "જુઓ, સરળ હૃદયના મનુષ્યો શું ન કરી શકે ? આપણે યાત્રા કરવામાં જ રહી ગયા ને એણે તો રામને રિઝાવી પણ લીધા."



રસ્તામાં તેને કૂતરો સામો મળ્યો. કૂતરો કહ્યા વિના ચાલ્યો આવ્યો એમ માની ક્રોધે ભરાઈ તેણે તેને તલવાર વડે કાપી નાખ્યો! પછી તેની ડોકેથી ચીઠ્ઠી છોડી વાંચી, કે તુરત જ તે મૂર્છા ખાઈ જમીન પર પડ્યો અને શોક કરવા લાગ્યો.

३९८–कीर्तिने कलंक लागे छे

જે વખતે મોગલોએ હિંદને હિમાલયથી રામેશ્વર સુધી ઘેરી લીધું હતું, રાજારાણા બધા દબાઈ ગયા હતા, તે સમયે છત્રપતિ શિવાજી નાના જાગીદારને ત્યાં માતા જીજીબાઈને પેટે જન્મ્યા. તે નાનપણથી ધર્મપરાયણ હતા. અધર્મ તેમની આંખમાં કણાની પેઠે ખૂંચતો. તે નાનપણથી જ પોતાના મિત્રોને એકઠા કરી કહેતા કે, **"તમારી માતૃભૂમિ પરાધીન છે, ત્યાં સુધી તમારું જીવવું ધૂળ છે."** તે મોટા થયા, ત્યારે સાચા દિલવાળા યશોજી તથા તાનાજી વગેરેની ટોળી બાંધી મોગલોને પજવવા લાગ્યા. તેમની ટોળીને વાપરવા પૈસા જોઈએ તે ક્યાંથી લાવવા? છેવટે "મારવો તો મીર" એમ ધારી બાદશાહના ભંડાર ઉપર ચઢાઈ કરતા. તે વખતે સુરતમાં નવાબનું રાજ્ય હતું અને ત્યાં અંગ્રેજોની કોઠી હતી. શિવાજીએ તેના ઉપર ચઢાઈ કરી. ત્યાંથી બધો માલ જપ્ત કરી, તેમના સાથીઓએ શિવાજી પાસે હાજર કર્યો. શિવાજીએ બધો માલ બધાને સરખે ભાગે વહેંચી દીધો. તે વખતે એક સરદારે નવાબની નવયૌવના પુત્રીને પકડી લીધી. સરદાર તેને શિવાજી પાસે હાજર કરી બોલ્યો કે, "આ રૂપાળું રત્ન આપને ભેટ ધરું છું." શિવાજી સરદાર સામે આંખો ચઢાવી બોલ્યા કે, "આપણી બહેન પણ કદાચ રૂપાળી હોય તો શું કરવું?

આપને શું તે વિધર્મીઓની પેઠે કાફર દીસે ! આ નારી પ્ર આપણાથી હાથ ન નંખાય. આ સ્ત્રીને પકડીને તમે આપણું નિતિને કલંક લગાડયું છે. આ તો મારી પુત્રી સમાન છે. તેને જ્યાંથી લાવ્યા છો ત્યાં સમજાં ને સમજાં મારા આસના સાથે પરિણામની સાથે પાછી મૂકી આવો." તે સુજાન બાળા જતાં શિવાજીને આશીર્વાદ આપતી ગઇ કે, "તારા જેવા ધાર્મિક પુરુષનું છત્ર આખી દુનિયા ઉપર કાયમ રહો."

૨૦૧.—एक लाख रुपिया लाव!

સત્યતા ઉપર વિશ્વાસ લાવી, બ્રાહ્મણને સૂબાએ લાખ રૂપિયા આપી શિવાજીને પકડી લીધો! બ્રાહ્મણ રડવા લાગ્યો. એવામાં યશોજી આવ્યો અને તેને છાનો રાખ્યો. બ્રાહ્મણે લાખ રૂપિયા યશોજીને આપ્યા. તે રૂપિયાથી એક ટુકડી એકઠી કરી. મોગલોની એક ટુકડી શિવાજીને લઈને જતી હતી, તેને આ ટુકડીએ ઘેરી હરાવી દીધી અને સૂબાને પકડી લીધો. શિવાજીને છૂટો કરી યશોજી તાનાજી પાસે લાવ્યા. તેમણે સૂબાને છોડી મૂકી કહ્યું કે, "તારા નવાબને કહેજે કે મોગલાઈનો પાયો ઉખાડી નાખવાનો શિવાજીએ નિશ્ચય કર્યો છે!"

૪૦૦–हुं तो आपने तावे छुं !

એમ કહેવાય છે કે રામદાસ ગુરુ તે હનુમાનજીનો અવતાર હતા. જેમ હનુમાનજીએ રાવણનો નાશ કરવા રામને મદદ કરી, તેવીજ મદદ મોગલોને ઉખેડવા રામદાસે શિવાજીને કરી હતી. રામદાસે અનેક યુક્તિઓ તથા છૂપા રસ્તા બતાવી, પોતાના ચારિત્ર્યબળથી શિવાજીનું રક્ષણ કર્યું હતું. શિવાજીએ ગુરુકૃપાથી હિંદુઓનું રક્ષણ કર્યું. જ્યારે શિવાજીએ પોતાનો માથે રાજછત્ર ધારણ કર્યું, ત્યારે તેણે રામદાસ ગુરુની સારી રીતે સેવા કરી. એક વખત રજોગુણથી મોહિત થઈ શિવાજી ગુરુને કહેવા લાગ્યો કે, "હું તમને પૂજું છું તેથી બધા તમને પૂજે છે, નહિ તો આ જંગલમાં તમારી કોણ સેવા કરે?" રામદાસે હસીને સામેનો પથ્થર ભાંગવા તેને કહ્યું. પથ્થર ભાગતાં તેમાંથી એક દેડકી નીકળી અને પથ્થરમાં થોડું પાણી ભરેલું દેખાયું! રામદાસ બોલ્યા: "બોલ, આને પાણી કોણે પાયું? વિશ્વંભરને શું તું ભૂલી ગયો?" આ વચનો

સાંભળી શિવાજીનો ગર્વ ઉતરી ગયો અને તેમના ચરણમાં પડીને તે કહેવા લાગ્યો કે, "હવે રાજ્ય આપને જ અર્પણ છે" રામદાસે હસીને કહ્યું: "તું કોને અર્પણ છે?" શિવાજી બોલ્યો "હું પણ સાથે આપનેજ અર્પણ છું" ગુરુ બોલ્યા: "એમ છે તો મારી તને આજ્ઞા છે કે મારા નોકર તરીકે તારે રાજ્ય કરવું." એમ કહેવાય છે કે ત્યારથી શિવાજીની ગાદી સાથે [illegible] છે. શિવાજી રાજપ્રતિનિધિ તરીકે [illegible]

૨૦૧-પ્રેમવશ પ્રભુ

આવ્યો કે ભગવાનની રજ આપણે માથે હોય કે આપણી ભગવાનને માથે હોય? કોઈ કહે આપણે પૂરા ભક્ત નથી; માટે બળી જઈએ! નારદે ગોપીઓને વાત કરી. ગોપીઓએ પોતાના પગની રજ આપીને કહ્યું: "જલદી જાઓ, અમે પૂરાં ભક્ત છીએ અને કદાચ બળી જઈએ તો પણ હરકત નથી. અમારા પ્રાણપ્રિય કૃષ્ણને હરકત થવી ન જોઈએ." નારદજી શ્રીકૃષ્ણ પાસે આવ્યા. ભગવાને કહ્યું: "નારદજી, ગોપીઓનો મારા વિષે કેવો અનન્ય પ્રેમ છે તે તમે જોયો ને?"

૪૦૨–કુહાડાનો હાથો ન બનતા



એક લુહાર ઘણા કુહાડા બનાવી, એક દોરડામાં પરોવી પાસેના શહેરમાં વેચવા જતો હતો. રસ્તામાં એક જંગલ આવ્યું. ત્યાં બધાં વૃક્ષો એ કુહાડાની માળા જોઈ ત્રાસી ગયાં. તેઓ આપસઆપસમાં વિચારવા લાગ્યાં કે, હવે આપણું મૃત્યુ આવ્યું. એક કુહાડો સત્યાનાશ વાળે છે, તો આટલા બધા કુહાડા શું નહિ કરે? આથી બધાં વૃક્ષો ભયનાં માર્યાં ધ્રૂજવા લાગ્યાં. તે વખતે એક જૂનું અનુભવી વૃદ્ધ વૃક્ષ બોલ્યું: "તમે કોઈ ડરશો નહિ. હજી ડરવાનું કંઈ કારણ નથી. ભલે લાખો કુહાડા એકઠા થાય, પણ તે તમારો વાંકો વાળ કરી શકશે નહિ. કારણ કે તમારા લાકડાની જાતનો હાથો તેમાં દેખાતો નથી. જ્યારે કોઈ લાકડાનો હાથો થઈ અંદર પરોવાશે ત્યારે જ તમારે ડરવાનું છે. તમે બધા નિશ્ચય કરો કે અમે અમારી વૃક્ષજાતિના નુકસાન માટે કુહાડાનો હાથો નહિ થઈએ. પછી ભલે કરોડો કુહાડા હોય તો પણ તેનો શો ભય છે? તમો કુસંપ કરી એકાદ તેનો હાથો બનશો, તો એક

કુહાડો પણ તમારો કચ્ચરઘાણ વાળશે." વૃદ્ધ વૃક્ષની શિખામણ સાંભળી બધાં વૃક્ષ રાજી થયાં અને સૌએ સંપ કર્યો અને કુહાડાના હાથા નહિ બનીએ. થોડાં વર્ષ તે ઠીક જંગલમાં પછી ફરી કઠારા આવ્યા આખરે એક વૃક્ષ તેને હાથો બન્યું. પરિણામે જ્યાં રમણીય જંગલ હતું, ત્યાં નિર્જન વેરાન થઈ ગયું ! કુસંપ એ વિનાશનું મૂળ છે.

૨૦૩-એ તો પૂર્વજન્મનાં ફળ છે!

મરી ગયા છે અને તું આંધળો થયો છે. તારે પૂર્વજન્મમાં કરેલાં કર્મનું ફળ ભોગવવું પડે છે, તે માટે હવે શોક ના કરીશ.

૪૦૪–साचा राजानुं शरण शोधो

જીતના પ્રેમ હરામમેં ઉતના હરમેં હોય,
ચલા જાય વૈકુંઠમેં પલા ન પકડે કોઇ.

એક રાજા વિષયભોગોમાં એવો ફસાઇ ગયો કે રાજકાજનું તેને ભાન રહ્યું નહિ. રાજાનો દીવાન અંતઃપુરના દરવાજા પાસે જઇ નિત્ય કહેવડાવતો પણ વિષયાંધ રાજા કંઈ સાંભળતો નહિ. એક દિવસ દીવાને દ્વારપાળ સાથે રાજાને ચિઠ્ઠી મોકલી "કે, રાજ્યમાં અંધેર ચાલે છે, માટે અંતઃપુરમાં રહેવાનો આ સમય નથી, નહિ તો પાછળથી પસ્તાવું પડશે." રાજા કંઇ બોલ્યો નહિ પણ રાણીઓએ દીવાનને ધક્કા મરાવી કઢાવી મૂક્યો અને ફરીથી આવે તો માર મારવાની સૂચના આપી! જતાં જતાં દીવાને વિચાર્યું કે, 'અરે! રાજાના ભલાની વાત પણ તેણે સાંભળી નહિ. ઊલટું તેણે મારું અપમાન કર્યું. આટલી પ્રીતિ જો હું દુનિયાના રાજા ઈશ્વરમાં રાખું તો અવશ્ય મને ભગવાન મળે!' પછી તે પાસેના જંગલમાં જઈ નિયમિત વ્રતધારી બની ઈશ્વરસ્તુતિ કરવા લાગ્યો. બીજી બાજુ રાજ્યમાં દીવાનના જવાથી બહુ ગડબડ મચી રહી. રાજાને દીવાનની જરૂર પડી, ત્યારે તેણે ઘણી તપાસ કરાવી. બીજા મંત્રીઓને સાથે લઇ તે જંગલમાં દીવાન પાસે જઇ બોલ્યોઃ "આ શું આદર્યું છે? રાજ્યનું સુખ મૂકી આ જંગલનું દુઃખ શા માટે વહોર્યું છે?" દીવાને જવાબ આપ્યોઃ "હે રાજન! આ ગરીબાઈથી મને બહુ લાભ થયો છે. દાખલા તરીકે તમારે

મારો હું ઘણો ખાતો પણ તમે મળવા પણ મુશ્કેલ હતા હવે તમે જાતે ચાલીને મારી ઝુંપડીને બારણે આવ્યા છો! આથી બીજું હું તમને શું કહું!" દીવાનની વાત સાંભળી રાજાની આંખ ઉઘડી ગઈ કે હું રાજા છું પણ રંક પણ રાજા જેવા જે ઈશ્વર તેમને ભજ્યા વિના છૂટકો નથી

૪૦૫—મૂર્ખ કોણ ?

ભોજ રાજા કાળિદાસના જવાબથી પ્રસન્ન થયા અને તેમનો રૂડી રીતે સત્કાર કર્યો.

૪૦૬–आंख मींचाशे!

ભોજ રાજાના સમયમાં જ્ઞાનપ્રચાર સારી રીતે થયો હતો. સૌ કોઈ સંસ્કૃત ભાષા જાણતું હતું. એક વખત એક મનુષ્ય રાતના ચોરી કરવા નીકળ્યો. ગરીબનું ચોરવું તે મહાપાપ માની તે રાજાના ભંડારમાં પેઠો. ત્યાં સમીપમાં જ ભોજ રાજા સૂતો હતો. અને સૂતાં સૂતાં તેને પોતાની સમૃદ્ધિ યાદ આવવાથી તે બોલ્યો કે:—

चेतोहरा युवतयः सुहृदोऽनुकूलाः ।
सद्‌बांधवाः प्रणयनम्रगिरश्च भृत्याः ।
वलगन्ति दंतिनिवहास्तरलास्तुरंगाः ॥

અર્થાત્ "મારે ત્યાં ચિત્તને હરણ કરનારી સ્ત્રીઓ તથા અનુકૂળ સારા મિત્રો છે, પ્રેમવાળા ભાઈઓ અને વિનયથી નમ્રવાણી બોલનારા નોકરો છે, મારે આંગણે હાથીનાં ટોળાં ઝૂલે છે અને ચંચળ ઘોડાઓનો પણ પારજ નથી!" આમ ત્રણ પાદ તે બોલ્યો, ચોથું પાદ તે બેસાડી શક્યો નહિ, ત્યારે મહેલમાં ભરાઈ બેઠેલા ચોરે તે પૂરું કર્યું:—

संमीलने नयनयोर्नहिकिंचिदस्ति ॥

અર્થાત્ "હે રાજન! બે આંખો મીંચાતા તેમાંનું કંઈ પણ તારું નથી." પાદ પૂરું કરી ચોર ચાલ્યો ગયો.

અને બીજી બાજુ વિષ્ણુ. કોણ હારે? વચ્ચે પદ્મપાદે ઊભા થઈ સ્તુતિ કરી વાદ કરતા બંધ પાડયા. શંકરાચાર્યે કહ્યું: "મારું આયુષ્ય પૂરું થયું છે, હું હવે શરીર છોડું ત્યાં સુધી તમે સૌ ઊભા રહો." વ્યાસ બોલ્યા: "હજુ તમારે તેઓને હરાવી મતમતાંતર અટકાવી વૈદિક સ્રોત્ર વહેવડાવવાનો છે, માટે હું તમને બીજાં સોળ વર્ષનું આયુષ્ય આપું છું! તમે દિગ્વિજય કરો." પછી શંકર દિગ્વિજય કરવા નીકળ્યા. એક કાપાલિકે વિચાર્યું કે, 'શંકરને હરકોઈ રીતે મારી નાખ્યા હોય તો સારું.' આથી શિષ્યોની ગેરહાજરીમાં તે શંકર પાસે ગયો અને કહ્યું: "મેં ભૈરવની ઉપાસના કરી છે. ભૈરવે કહ્યું કે, 'સમ્રાટનું અથવા સર્વજ્ઞનું માથું લાવે તો તને સિદ્ધ આપું.' જો હું સમ્રાટનું માથું લેવા જાઉં તો મને મારી નાખે. તમે સંન્યાસી છો; અદ્વૈતબ્રહ્મને જ માનનારા છો. તમારે આ શરીરે કરવું હતું તે કરી ચૂકયા છો અને સર્વજ્ઞ પણ છો, માટે તમારું માથું આપો." શ્રીશંકરે કહ્યું: "ખુશીથી, કાલે સવારે શિષ્યો નાહવા જાય ત્યારે તું આવજે, નહિ તો તેઓ તને અટકાવશે." બીજે દિવસે સવારે શ્રીશંકર સમાધિમાં બેઠા હતા, ત્યારે કાપાલિક ઉઘાડી તલવારે આવ્યો. જેવો તે તેમને મારવા જાય છે, તેવા જ પદ્મપાદે સ્નાન કરતાં ધ્યાન ધર્યું, તો પોતાના ગુરુને કાપાલિક મારે છે એમ જાણી એકદમ તેમણે નૃસિંહનું સ્મરણ કર્યું અને બે કૂદકે ત્યાં પહોંચી કાપાલિકને મારી નાખ્યો. શ્રીશંકરે તેને સદ્દગતિ આપી.

૪૦૮–पगले पगले पद्म!

શ્રીમદ્દશંકરાચાર્યે ભારતની ચાર દિશામાં ચાર મઠ સ્થાપ્યા છે. ઉત્તરમાં બદરીકાશ્રમ જ્યોતિર્મઠ, પૂર્વમાં જગન્નાથ

નદીમાં વસ્ત્રો ધોવા આવી. તેની પાસે એક નાનું છોકરું હતું. તે યોગીની પાસે સાચવવા મૂકયું અને પોતે પાસેના ઘાટ પર ધોવા ગઇ. યોગીએ જ્યારે ફરી આંખ ઉઘાડી, ત્યારે બાળક દીઠું નહિ. તેમણે વિચાર્યું કે, 'તે પાણીમાં ગબડી ગયું હશે, અથવા કોઇ જાનવર ઉપાડી ગયું હશે. હમણાં સ્ત્રી આવી મહાન કોલાહલ કરી દુઃખી થશે. હવે જો હું ચાલ્યો જાઉં તો પણ તે સ્ત્રી સદા પુત્રના શોકમાં નિમગ્ન રહી મને દોષ આપશે.' આમ વિચારી યોગબળથી તેઓ પોતે જ બાળક થઇને રમવા લાગ્યા. સ્ત્રીએ કંઇ જાણ્યું નહિ અને સમજી કે, યોગી બાળકને મૂકી ચાલ્યા ગયા હશે. તેઓને જગતની શું પડી છે? બાળકને લઇ તે ઘેર આવી. બાળક જરા મોટું થયું પણ જડભરતની પેઠે તે વર્તવા લાગ્યું. તે કંઈ જ બોલે નહિ. અને ભણે પણ નહિ. એવામાં શ્રીમદ્દશંકરાચાર્ય ત્યાં ફરતા ફરતા આવ્યા. છોકરાનો બાપ આ બાળકને તેમની પાસે લઇ ગયો. જ્ઞાની જ્ઞાનીને ઓળખે છે, તેથી શંકર ભગવાન તે બાળકને ઓળખી ગયા અને હસીને તેને પૂછ્યુંઃ—

कस्त्वं शिशो कस्य कुतोऽसि गंता ।
किन्नाम ते त्वं कुत आगतोऽसि ॥
एतन्मयोक्तं वद चार्भक त्वं ।
मत्प्रीतये प्रीतिविवर्धनोऽसि ॥

અર્થાત્ "હે બાળક! તું કોનો પુત્ર છે? તું કયાં જનાર છે? તારું નામ શું છે? તું કયાંથી આવ્યો છે? હે બાળ! મેં આ જે તને કહ્યું છે, તેનો તું ઉત્તર આપ. તું મારી પ્રીતમાં પ્રીત વધારી રહ્યો છે."

ત્યારે બાળકે જવાબ આપ્યોઃ—

मांधाता सम महीपतिः क्षितितलेऽलंकार भूतो गतः।
सेतुर्येन महोदधौ विरचितः क्वाऽसौ दशास्यांतकः ॥
अन्ये चापि युधिष्ठिर प्रभृतयो यावन्न एवाऽभवन्।
नैकेनाऽपि समं गता वसुमती मुंज : त्वया यास्यति ॥

અર્થાત્ "ભૂતલના અલંકારરૂપ માધાન્તા જેવા મહીપતિ મરણશરણ થયા છે, મહાસાગરને પાજ બાંધનારા તે દશમુખ રાવણના અંતકારી રામચંદ્ર પણ આજે ક્યાં છે? યુધિષ્ઠિર આદિ બીજા નરપતિઓ પણ હતા ન હતા જેવા થઇ ગયા છે. હે મુંજ! વસુંધરા આમનામાંથી એકેની સાથે ગઈ નથી, તો શું તે તારી સાથે આવશે કે જેથી પોતાના પુત્ર જેવા ભત્રીજાને તું મરાવે છે?"

મારાઓને દયા આવી તેથી તેમણે તેને જીવતો છોડી દીધો અને એક સ્થળે તેને સંતાડી રાખ્યો. આ શ્લોક લખેલું પાંદડું મારાઓએ મુંજને આપ્યું. મુંજ તે વાંચી રડવા લાગ્યો. તે વિચારવા લાગ્યો કે, 'અહો! મેં આ શું કર્યું? હું કયારે આ વિશ્વાસઘાતના પાપથી મુક્ત થઇશ?' પછી તેણે મારાઓને સર્વ હકીકત પૂછી. મારાઓએ ભોજને લાવી હાજર કર્યો. મુંજે સત્વર ભોજને બોલાવી ગાદી પર બેસાડયો અને પોતે નિવૃત્તિપરાયણ થઈ ઈશ્વરચિંતન કરવા લાગ્યો.

४११–प्रभु क्यारे अवतरे छे?

એક રાજા હતો. તેણે પોતાના વજીરને કહ્યું કે, "પરમાત્મા સર્વજ્ઞ, સર્વશક્તિસંપન્ન, પગ વિના ચાલનાર, હાથ વિના ગ્રહણ કરનાર અને આંખ વિના દ્રષ્ટા છે, તો પછી જન્મ

૪૧૨–કથાના સાચા અધિકારી કોણ ?

अनन्तमेव मे वित्तं यस्य मे नास्तिकिंचन।
मिथिलायां प्रदग्धायां न मे दहतिकिंचन॥

અર્થાત્ "મારું આત્મધન અપાર છે. દેખાય છે તે મારું નથી. મિથિલા બળે તેમાં મારું કંઈ બળતું નથી."

મહર્ષિ વ્યાસ એક વખત મિથિલા નગરીમાં ગયા હતા. જનક રાજાની વિનંતિથી તેઓ ત્યાં કથા કરવા લાગ્યા. વ્યાસજીની સાથે તેમના ઘણા શિષ્યો પણ હતા. તે બધા કથા સાંભળવા બેસતા. જનક રાજા કથાનો સમય થાય એટલે આવીને હાજર થઈ જતા. જો કોઈ દિવસે મોડું થાય, તો વ્યાસમુનિ તેમની રાહ જોતા. જનક આવે એટલે કથાનો આરંભ થાય. આથી તેમના શિષ્યો આપસઆપસમાં કહેવા લાગ્યા કે, "રાજાની સર્વ કોઈ માઝા રાખે, તેમ ગુરુ પણ લાલચથી માઝા રાખે છે." વ્યાસ ચેષ્ટા પરથી સઘળું સમજી ગયા. શિષ્યોની ભ્રાંતિ દૂર કરવા એક દિવસ કથા ચાલતી હતી, તેવામાં પોતાના યોગબળથી તેમણે રાજમહેલ ઇત્યાદિ સળગાવ્યો! અગ્નિ સળગવા છતાં વ્યાસે તો કથા શરૂ રાખી. શિષ્યો ચપોચપ ઊભા થઈ પૂછ્યા વિના દોડયા અને પોતાનાં કૌપીન આદિ સંભાળવા લાગ્યા! વ્યાસે જનકને કહ્યું: "રાજન! જાઓ, અગ્નિને કબજામાં લો. તમારું બધું બળી જશે." ત્યારે જનક ઉપલો શ્લોક બોલ્યા. એવામાં શિષ્યો પાછા આવ્યા ત્યારે વ્યાસજીએ કહ્યું કે, "હું જનકની રાહ લોભથી નથી જોતો પણ તે યથાર્થ અધિકારી છે, માટે રાહ જોઉં છું. તમે લંગોટીને માટે દોડાદોડ કરી મૂકી." પછી તેમણે યોગબળથી અગ્નિ બુઝાવી નાખ્યો! શિષ્યો શરમાઇ ગયા.

૪૧૩–एकलपंथी मुसाफर !

જે પરમહંસ સંન્યાસી હોય છે, તેઓ આ દુનિયામાં પણ સાર ખોળતા ખોળતા જેમ ભમરાઓ પુષ્પમાં વિચરે છે તેમ વિચરે છે. એક વખત ગુરુ દત્તાત્રેય ચાલ્યા જતા હતા, તેવામાં એક સ્થળે તેમણે જોયું કે, એક ઘરમાં એક બાળા એકલી હતી. તેને ત્યાં બહારગામથી ઓચિંતા મહેમાનો આવી ચઢયા. ઘરમાં કોઈ હતું નહિ. માબાપ કંઇ કામ માટે બહારગામ ગયાં હતાં. ઘરમાં સારા ચોખા તૈયાર ન હતા. તેથી તેણે કમોદ ખાંડી સારો ભાત રાંધવાનો વિચાર કર્યો. તે કમોદને બીજા ઓરડામાં જઇ ખાંડવા લાગી, ત્યારે તેની પહેરેલી બંગડીઓ ખખડવા લાગી. તેણે એક કાઢી મૂકી તો પણ તે ખખડે. તેણે બે બંગડી રહેવા દીધી, છતાં બે પણ પરસ્પર અથડાઇ અવાજ થવા લાગ્યો. છેવટે તેણે એક જ રહેવા દીધી. પછી નિરાંતે ચોખા ખાંડી ભાત રાંધી મહેમાનોને જમાડ્યા. દત્તાત્રેય ભગવાને આ જોઈ તેમાંથી એક ગુણ ગ્રહણ કરી લીધો કે, અંતે એક બંગડી ન ખખડી, તેમ એકલા રહી એકાકી ઈશ્વરને ભજવામાં આનંદ છે. તેમાં તકરાર થવાનો સંભવ નથી. તેમણે પેલી અભણ બાળાને પોતાનો ગુરુ માની પ્રણામ કર્યા !

૪૧૪–सत्कार्यमां मने सहाय करजो

ભોજરાજા વિદ્યાપ્રેમી હોવાથી તે વિદ્વાનોને ઘણું દાન આપતો. તેની એવી ઇચ્છા હતી કે, " કોઇ પણ બ્રાહ્મણ મારા રાજ્યમાં અભણ ન હોય અને ભણેલો કુંભાર પણ મારા

નગરમાં સુખથી વસે." લાખો રૂપિયાનાં દાન આપતાં રાજ્યભંડાર ખાલી થઇ જશે, એમ ધારી તેના વજીરે એક વખત ભોજરાજાના ફરવા જવાના બગીચામાં ભીંત પર લખ્યું કે, आपदर्थे धनं रक्षेत्। આફતમાં કામ આવે માટે ધનનું રક્ષણ કરવું. ભોજે આ સૂત્ર વાંચી તેની નીચે લખ્યું કે, આપદ આવે ત્યારે ધનની જરૂર પડે એ વાત ખરી છે, પણ श्रीमतामापद कुतः। સદ્વ્યય કરનાર શ્રીમંતને આપદ હોય જ. કેમ ? બીજે દિવસે વજીરે લખ્યું. સાચેય पगता श्रीस्यात्। તે લક્ષ્મી કદાચ નષ્ટ થઇ જાય ત્યારે સંગ્રહ કામ આવે. ભોજરાજાએ વિચારીને તેની નીચે લખ્યું કે, संचिताऽपि विनश्यति। જ્યારે લક્ષ્મીનો નાશ થશે ત્યારે સંઘરેલી કયાંથી રહેશે? તેનો પણ નાશ થઇ જશે, માટે વહેતે પાણીએ જે કંઈ દાનાદિ થાય તે કરી, પુણ્યરૂપી પાણી પિવાય તેટલું પી લેવું. ભોજ રાજા અક્ષર પરથી વજીરની યુક્તિ જાણી ગયો. વજીરને બોલાવી હસતે મોઢે તેણે કહ્યું કે, "તમારો કહેવાનો ભાવાર્થ હું સમજ્યો છું. ઇશ્વિરેચ્છા એ જ બલવાન છે. હવેથી તમે સત્કાર્યમાં મને સદાય મદદ કરજો."

૪૧૫–धननो संचय करशो नहि !

એક વખત ભોજરાજા સભા ભરીને બેઠા હતો. એવામાં એક માખ આવી રાજાના સિંહાસન પર બેઠી અને પોતાના જાતિસ્વભાવ પ્રમાણે આગલા બે પગને મોં વડે ઘસવા લાગી. તે જોઇ ભોજરાજાએ પંડિતોને પૂછ્યું કે, "આ માખ શું કહે છે?" સૌ કોઇએ કહ્યું: "તે કંઈ કહેતી નથી, પણ પોતાના જાતિસ્વભાવ પ્રમાણે પગ હલાવે છે." ભોજ રાજાએ

કહ્યું: "એમ નથી, તેની ચેષ્ટાથી આપણે શો બોધ લેવો ?" કોઇ ન બોલ્યું, ત્યારે છેવટે કવિ કાળિદાસ બોલ્યાઃ "આ માખ એમ કહે છે કેઃ—

देयं भोज धनं धनं सुकृतिभिर्नो संचितव्यं कदा।
श्रीकर्णस्य बलेश्च विक्रमपतेरद्यापि कीर्तिः स्थिता॥
अस्माकं मधु दानभोगरहितं नष्टं चिरात्संचितम्।
निर्वाणादपि पाणिपादयुगलं घर्षत्यहो मक्षिका॥

અર્થાત્ "હે ભોજરાજા ! પુણ્યશાળી મનુષ્યોએ દાનમાં ધન આપ્યા જ કરવું, તેનો સંચય કોઇ દિવસ ન કરવો. દાનથી જ કર્ણ, બલિરાજા અને વિક્રમની કીર્તિ અદ્યાપિ ગવાઈ રહી છે. અમે મધને ન ખાધું, ન દાન કર્યું, માત્ર ઘણા દિવસથી એકઠું જ કર્યું તો એકદમ નાશ પામ્યું. અર્થાત્ વાઘરી મધપૂડો લઇ ગયો. વળી હે રાજન ! આશ્ચર્યની વાત છે કે, મધનો નાશ થવાથી આ માખ તમને ઉપદેશ આપતી તમારી સામું જોઇ હાથપગ ઘસે છે." આ ચાતુરી ભરેલો બોધ સાંભળી ભોજરાજાએ પ્રસન્ન થઇ કાળિદાસને ઇનામ આપ્યું.

૪૧૬—जाति स्वभाव

હમ કબ પરપતિ દેખીઓ, ગજ કબ દેખ્યો નહાર,
જાતસ્વભાવ ન મુંચતિ, તૂટ્યો નાહ બિછાહ.

એક રાજા હતો. તેને ઘણી રાણીઓ હતી, છતાં એક સારા કુળવાળી અને રૂપાળી રાણીને તે પરણ્યો. તે નાની ઉંમરની રાણીએ મોટી રાણીઓ કરતાં સારા શણગારો તથા ચેષ્ટાથી રાજાને રાજી કર્યો, ત્યારે અક્કલહીન રાજા સમજ્યો કે, 'નાની ઉંમરમાં પ્રથમથી જ મારી જોડે આટલા હાવભાવ

કરે છે, માટે અવશ્ય તે બગડેલી હોવી જોઇએ.' રાજાને આવી શંકા આવતાં, 'રાજા, વાજા' અને વાંદરાં કોઇનાં નહિ,' તે પ્રમાણે તેણે તેની જોડનો સંબંધ છોડી દીધો અને તેની આસપાસ સખત પહેરો મૂક્યો. 'સાચને નહિ આંચ.' તે સ્ત્રી પોતાને ભાગ્યશાળી માનવા લાગી કે, "સારું થયું. હવે સુખેથી ઈશ્વરને ભજીશું." રાજા એક દિવસ જંગલમાં શિકાર કરવા ગયો. ત્યાં દૂરથી એક સિંહણને પ્રસવ થતો જોયો. બીજી બાજુથી હાથી આવતો દેખ્યો. સિંહણનું બચ્ચું હજી અધું બહાર નીકળ્યું નહોતું, છતાં હાથીને જોઇને તે ઊછળ્યું! તે વચ્ચેથી તૂટી ગયું અને તેનું ડોકું હાથીને જઇ ચોંટ્યું. આથી રાજાએ કવિતા બનાવી કે, 'તૂટ્યો નહિ વિચાહ–વચ્ચેથી સિંહ તૂટ્યો." ઘેર આવી રાજાએ કચેરીના બધા સભ્યોને પૂછ્યું. કોઈ પાદપૂર્તિ ન કરી શક્યું. ધીરે ધીરે નવી રાણી પાસે વાત ગઇ. તે રાણીએ પાદપૂર્તિ કરી ઉપર લખ્યા પ્રમાણે કવિતા કરીને મોકલી. "અમે પરપુરુષ ક્યારે દેખ્યો હતો અને સિંહના જન્મતા બચ્ચાએ હાથી ક્યારે દેખ્યો હતો? પણ જે જાતિસ્વભાવ છે તે છૂટતો નથી. તેથી તે જન્મતાં જ સિંહનું બચ્ચું હાથીને દેખીને વચ્ચેથી તૂટ્યું અને મેં પોતાના પતિને દેખી શૃંગાર સાથે હાવભાવ કર્યાં." આથી રાજા રાજી થયો અને પોતાની અજ્ઞાનતા કબૂલ કરી મનનો વહેમ કાઢી નાખી રાણી પ્રત્યે સન્માનથી વર્તવા લાગ્યો.

૪૧૭–સાંબેલું લઈ દોડી!

એક સ્ત્રી બચપણથી સંસ્કાર પામેલી અને સાવિત્રી ઇત્યાદિનાં ચરિત્રો વાંચી રહસ્ય સમજનારી હતી. તે પોતાને

સાસરે ગઈ. તે પતિને પ્રેમથી પૂજતી અને તેની સારી સેવા કરતી હતી. તે સવારમાં વહેલી ઊઠે. નિત્યકર્મથી પરવારી પતિના કાર્યમાં મદદ કરે. એક દિવસ બપોરને વખતે તે ડાંગર ખાંડતી હતી અને પોતાના પતિએ પીવાનું પાણી માગ્યું, ત્યારે તે સાંબેલુ ઊંચું કરેલું તેને ભોંય પર પણ પડવા દીધું નહિ અને ઊભી થઇ. સાંબેલું તેના સત્યથી ઊંચું જ રહ્યું! આ પ્રસંગે ત્યાં એક કુલટા સ્ત્રી બેઠી હતી. તેણે પૂછ્યું કે, "તેં આવી સિદ્ધિ શી રીતે મેળવી!" સતીએ સમજાવીને કહ્યું કે, "પતિસેવાથી. એકભાવથી પતિની સેવા કરતાં ઘણે દિવસે સત્યથી સ્થિરતા પ્રાપ્ત થાય છે." પેલી કુલટાએ વિચાર્યું કે, 'હું પણ સત્ય મેળવું.' તેથી તે ઘેર ગઈ અને પતિને કહેવા લાગી કે, "કાલે તમારે કંઇ કામ કરવાનું નહિ. હું સઘળું કરીશ. તમારે બેઠા બેઠા માગવું. હું બધું આપીશ. બપોર પછી હું ડાંગર ખાંડવા બેસું ત્યારે તમારે પાણી માગવું." પતિ સમજ્યો કે, "આજે કાંઇ ભૂત ભરાયું લાગે છે. કોણ જાણે શું કરશે!" તેના કહેવા પ્રમાણે તે ડાંગર ખાંડવા બેઠી અને પતિએ આવી પાણી માગ્યું. સાંબેલું સતીની પેઠે ઊંચું મૂકી ઊભી થવા ગઇ કે તેના માથામાં જ તે વાગ્યું. તે ગુસ્સો કરી સાંબેલું લઇ પતિની પાછળ દોડી. પતિ બિચારો નાસી ગયો!

૪૧૯–બાદશાહ ફકીર થયો!

ઊઠી ન શકે એક ઊંદિયા, બહુ બોલાવ્યો બાજંદછ
તેને દેખીને ત્રાસ ઊપજ્યો, લીધી ફકીરી છોડ્યા ફંદછ.

બાજંદશાહ નામનો કાબૂલનો બાદશાહ પોતાની ફોજને

લઇ બીજે દેશ જીતવા ગયો હતો. તે વિજય મેળવી પાછો આવતો હતો, ત્યારે રસ્તામાં એક ઊંટ મરી ગયેલું. ત્યાં બધા મનુષ્યો ઊભા રહ્યા. એવામાં બાદશાહ આવ્યો અને પૂછ્યુંઃ "કેમ ઊભા છો?" બધાએ કહ્યું: "ઊંટ મરી ગયું છે." બાદશાહ બોલ્યોઃ "એમાં શું મરી ગયું? બધું દેખાય છે. તેને બોલાવો એટલે પૂછીએ." નોકરોએ બોલાવ્યું પણ મરેલું ઊંટ શી રીતે ઊઠે? બાદશાહ આગળ આવ્યો અને ઊંટને બોલાવવા લાગ્યો, છતાં તે ઊઠયું નહિ. ત્યારે તે નોકરોને પૂછવા લાગ્યો કે, "ઊંટ જ મરતું હશે?" વજીરે જવાબ આપ્યો કે, "નામદાર, જગતમાં જે જન્મ્યું તે જવાનું છે. કીડીથી હાથી સુધી અથવા તૃણથી બ્રહ્મા સુધીમાં કોઇ બચવાનું નથી. આપણા બાપદાદા પણ આવી રીતે જ આવ્યા અને ગયા." બાદશાહે કહ્યું: "મૃત્યુમાંથી બચવાનો કંઇ ઉપાય છે?" વજીરે કહ્યું: "જે માત્ર ખુદાને શરણે જાય તે જ બચે છે." બાદશાહ ઘેર ગયો નહિ અને ફકીર થઈ સીધો જંગલમાં ચાલ્યો ગયો! કબીર સાહેબે કહ્યું છે કેઃ—

ચલતી ચક્કી દેખકે, દિયા કબીરા રોઈ,
દોપડ બીચમેં આયકે, સબૂત રહા ન કોઈ;
ચક્કી ચલે તો ચલન દે, તું કાહે કો રોય,
ખીલેસે વળગ્યા રહે, પીસ શકે નહિ કોઇ.

૪૧૯–हुं कीर्तिनो भूख्यो नथी

કીર્તિમાં સુખ માનનાર સુખથી, કીર્તિ ભલે મેળવો,
કીર્તિમાં મુજને ન કાંઈ સુખ છે, ના લોભ કીર્તિ તણો;
પોલું છે સૌ જગતને જગતની, પોલી જ કીર્તિ દીસે,
પોલું આ જગ શું થતાં, જગતની કીર્તિ સહેજે મળે.

સૌરાષ્ટ્ર દેશમાં મૂળદાસ કરીને એક મહાત્મા થઇ ગયા

છે. તેઓ ગામ બહાર એક મકાનમાં રહેતા હતા. એક દિવસ રાત્રે તેઓ ચંદ્રના અજવાળામાં બહાર ફરતા હતા. એવામાં પાસેના કૂવા ઉપર એક સ્ત્રી દીઠી. તેની પાસે તેઓ બોલ્યાઃ "બહેન! તું કોણ છે?" તે બોલીઃ "તમારે શું કામ છે? મારા દુઃખનો કાંઈ પાર નથી." મૂળદાસ બોલ્યાઃ "તું કહે, તારા દુઃખનો હું અંત લાવીશ." બાઇ બોલીઃ "હું વિધવા છું. મને ગર્ભ રહ્યો છે. તે વાત જગજાહેર થઈ છે. હું મારા કુળમાં કલંકરૂપ થઇ છું. કાલે કોર્ટમાં મને બોલાવવામાં આવશે. મારી પાસે તે આદમીનું નામ લેવડાવવા પ્રયત્ન થશે. તે માણસ આ ગામના નગરશેઠનો એકનો એક પુત્ર છે. તેનું નામ હું નહિ લઉં. જો હું જ મરી જાઉં તો સૌ કોઇનું દુઃખ દૂર થાય." મૂળદાસ બોલ્યાઃ "જા બહેન! તું મારું નામ લેજે." તેમણે ઘણો આગ્રહ કર્યો ત્યારે તેણે માન્યું. બીજે દિવસ બાઇએ કોર્ટમાં મૂળદાસનું નામ દીધું. મૂળદાસ ગામમાં પવિત્ર પુરુષ ગણાતા અને પૂજાતા. સૌ કોઇએ મૂળદાસને મારવા લીધા અને તેમનો તિરસ્કાર કર્યો. બાઈ પણ તેમની સાથે સીમાડે જઈ રહેવા લાગી. મૂળદાસનું તેની પ્રત્યેનું વર્તન પવિત્ર હતું. થોડા દિવસ પછી તે ગામના માણસો રાત્રે મૂળદાસના મકાન પાસેથી આવતા હતા, ત્યારે મૂળદાસને પેલી સ્ત્રી કહેવા લાગી કે, "મેં અભાગણીએ આપનું નામ લઇને આપને મહાદુઃખી કર્યા છે." મૂળદાસ બોલ્યાઃ "તું અને તારો ગર્ભ બચી ગયાં તેથી મને ઘણો જ આનંદ છે. ઈશ્વરની આગળ આપણો સંબંધ કેવો છે, તે જોવાશે. મનુષ્યના કરતાં ઈશ્વરને રાજી રાખવા મનુષ્યે પ્રયત્ન કરવો જોઇએ. ખોટી કીર્તિમાં તણાવું ન જોઇએ." જતે દિવસે ગામના લોકોને મૂળદાસની પવિત્રતાની સંપૂર્ણ ખાતરી થઈ.

૪૨૦—अमृत क्यां छे?

એક સ્થળે ઘણા વિદ્વાનો એકઠા થયા હતા. ત્યાં એક પ્રશ્ન મુકાયો કે, અમૃત કયાં હશે? એક વિદ્વાન બોલ્યો કે, "તે સમુદ્રની અંદર રહે છે, કારણ કે સમુદ્ર વલોવીને દેવોએ અમૃત કાઢયું હતું." બીજો બોલ્યોઃ "સમુદ્ર તો ખારો છે, તેમાં અમૃત હોય નહિ. અમૃત તો ચંદ્રની અંદર છે, જે અમૃતથી બધી ઔષધિઓ પોષાય છે." ત્રીજો બોલ્યોઃ "ચંદ્ર તો વધેઘટે છે, એટલે ક્ષયરોગવાળો છે, તેથી અમૃત તેમાં નથી; પણ સ્ત્રીના મુખમાં છે." ચોથો બોલ્યોઃ "તે વાત જૂઠી છે. જો સ્ત્રીની અંદર અમૃત હોય તો તેનો પતિ ન મરવો જોઈએ. ખરેખર, અમૃત તો નાગલોકમાં છે. જ્યારે અર્જુનને જીવતો કર્યો, ત્યારે ત્યાંથી અમૃત આણ્યું હતું." પાંચમો બોલ્યોઃ "તે અસંભવિત લાગે છે. સર્પોના મુખમાં તો ઝેર હોય છે. અમૃત તો સ્વર્ગની અંદર છે, કારણ કે દેવો અમૃત પીને તૃપ્ત થાય છે." આ બધા બોલી રહ્યા, ત્યારે એક ભક્તપુરુષ બોલ્યા કે, "જ્યારે પુણ્ય ક્ષીણ થાય છે, ત્યારે દેવો પણ મૃત્યુલોકમાં આવે છે તેથી અમૃત ત્યાં નથી. પણ તો જે મનુષ્યો શ્રેષ્ઠ પુરુષને સેવીને ભક્તિ મેળવે છે, તે મરવા છતાં અમર થાય છે, માટે અમૃત તો પ્રભુભક્તો અને સંત પુરુષોના સત્સંગમાં રહેલું છે."

४२१—अनासक्तिनो प्रभाव

એક વખતે ગોપીઓ અનેક પ્રકારનાં ભોજન લઇ શ્રીકૃષ્ણ પાસે આવી. શ્રીકૃષ્ણે કહ્યુંઃ "તમે યમુના પાર જ્યાં દુર્વાસા રહે

છે તેમને જઇને આપો." ગોપીઓએ પૂછ્યું: "અમે યમુના પાર શી રીતે ઊતરીએ?" શ્રીકૃષ્ણ બોલ્યા: "તમે એમ કહેજો કે, 'હે યમુને! જો કૃષ્ણ બાળબ્રહ્મચારી હોય તો રસ્તો આપ.'" ગોપીઓ ગઇ અને યમુનાએ રસ્તો આપ્યો. દુર્વાસા બધું ભોજન ખાઇ ગયા. ગોપીઓ પાછી ચાલી ત્યારે દુર્વાસાને પૂછ્યું કે, "અમે સામે પાર શી રીતે જઇએ?" દુર્વાસા હસીને બોલ્યા: "તમે જઇ કહેજો કે, 'હે યમુને! દુર્વાસા સદા ઉપવાસી હોય તો અમને રસ્તો આપ.'" ગોપીઓએ તે પ્રમાણે કર્યું. યમુનાએ રસ્તો આપ્યો. આશ્ચર્ય પામતી ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે ગઈ અને પૂછ્યું: "તમે બ્રહ્મચારી શાથી અને દુર્વાસા ઉપવાસી શાથી?" શ્રીકૃષ્ણ બોલ્યા: "**જે મનુષ્ય યદચ્છા–ઈશ્વરેચ્છામાં સંતોષ માને છે, તે અનાસક્ત મનુષ્ય તે વસ્તુ ભોગવવા છતાં અભોક્તા છે.**"

૪૨૨–એ તો બે જ છે!

એક ચતુર સદાચારિણી સ્ત્રી એક દિવસ કૂવે પાણી ભરવા ગઇ. ત્યાં ચાર વટેમાર્ગુંઓ પાણી પીવા કૂવા ઉપર આવ્યા. તેઓ બોલ્યા: "બહેન, અમે બહુ તરસ્યા છીએ. અમને પાણી પા." તે બોલી: "ઊભા રહો, થોડું ખાઇ પછી જળ પીઓ. ખાલી કોઠે પીવાથી નુકસાન કરે." એમ કહી તે ઘેર જઇ ચાર લાડુ લઇ આવી. પછી પાણી પાતાં પૂછ્યું: "તમારાં નામઠામ શું છે?" પહેલો બોલ્યો: "મારું નામ મુસાફર છે." તે બોલી: "મુસાફર તો દુનિયામાં બે જ છે. તું ત્રીજો ક્યાંથી?" બીજાએ કહ્યું: "મારું નામ ગરીબ છે." તે બોલી: "ગરીબ આ જગતમાં બે જ છે, તું ત્રીજો ક્યાંથી!"

ત્રીજો બોલ્યોઃ "મારું નામ ગુંડો છે." તે બોલીઃ "ગુંડા પૃથ્વીમાં બે જ છે, ત્રીજો કોઇ નથી." છેવટે ચોથાએ જણાવ્યુંઃ "મારું નામ મૂર્ખ છે." તેણે કહ્યુંઃ "મૂર્ખ પણ આખી આલમમાં બે જ છે. ત્રીજો કોઈ નથી." આટલો વાર્તાલાપ કરી તેઓ ચાલ્યા ગયા. કોઇ અવિચારીએ સ્ત્રીના ધણીને કહ્યું કે, "કોઇ અજાણ્યા ચાર માણસો સાથે તે ઠઠ્ઠામશ્કરી કરતી હતી." તેના પતિએ વિચાર કર્યા વિના ગામના રાજા પાસે ફરિયાદ કરી. રાજાએ ઘોડા દોડાવી ચાર જણને પકડી મંગાવ્યા. પછી સ્ત્રી સાથે તેમને અદાલતમાં ઊભા રાખ્યા. સ્ત્રી બોલીઃ "મેં તરસ્યાને પાણી પાઇ મારો ધર્મ પાળ્યો છે. મેં તેમનાં નામ પૂછ્યાં. તેઓએ મુસાફર, ગરીબ, ગુંડો અને મૂર્ખ એમ જણાવ્યું. મેં કહ્યુંઃ "મુસાફર તો સૂર્ય અને ચંદ્ર બે જ છે, જે રાત્રિદિવસ ફર્યા કરે છે. ગરીબ પણ ગાય અને પુત્રી બે જ છે, કારણ કે જ્યાં મોકલે ત્યાં તેમને જવું પડે છે. ગુંડાઓ તે પણ કામ અને ક્રોધ. આ બેનું-જ ગુંડાપણું લોકોમાં દેખાય છે. મૂર્ખ પણ બે છે. એક તો વિચાર્યા વિના ફરિયાદ કરે તે અને બીજો વિચાર કર્યા વિના ફરિયાદ સાંભળે તે." રાજા સ્ત્રીનાં વચન સાંભળી તેના કહેવાનો મર્મ પૂરો સમજી ગયો અને પ્રસન્ન થયો!

૪૨૩–તૃષ્ણાનો ત્યાગ કરો

જ્યારે કોઇ મનુષ્ય કંગાળ સ્થિતિમાં હોય છે, ત્યારે તે મનમાં વિચારે છે કે, 'મને ખાવાને સૂકો ટુકડો મળે તો પેટ ભરીને ખાઈ સુખી થાઉં.' તે મળ્યા પછી તે ગરમ રોટલીઓ યાદ કરે છે. સૂકા ટુકડામાં શું? તે તો કૂતરાને પણ

છે. દૈવવશાત્ ગરમ રોટલી મળવા લાગે, તો મિષ્ટાન્નને યાદ કરે છે. મિષ્ટાન્ન મળ્યું એટલે વિચારે છે કે, હાથી જેવાને પણ લાડવા તો મળે છે. રહેવાને ઘર હોય તો ઠીક કહેવાય. ઈશ્વરકૃપાથી ઘર પ્રાપ્ત થયું તો તે વિચારે છે કે, गृहिणी गृहमुच्यते—ગૃહિણી જ ઘર કહેવાય. ગૃહિણી વિના ઘર શા કામનું? ઈશ્વરકૃપાથી ગૃહિણી મળી તો તે પુત્રની આશા કરે છે. તે કહે છે કે, પુત્ર વિના ઘર સ્મશાન ગણાય છે. अपुत्रस्य गतिर्नास्ति પુત્ર થયો. પછી ઇચ્છા આગળ વધે છે, કે પુત્ર પરણાવવાનો લહાવો ન લીધો ત્યાં સુધી મનુષ્યજિંદગી શા કામની? તે પુત્રને પરણાવીને પૌત્રની ઇચ્છા કરે છે. આમ કરતાં મનુષ્ય બુઢ્ઢો થાય છે, પણ તેની આશા બુઢ્ઢી થતી નથી. તૃષ્ણાની કંઇ હદ નથી, સમજવાનું એ છે કે, तृष्णाक्षयः स्वर्गपदं किमस्ति અર્થાત્ તૃષ્ણાના ત્યાગમાં સુખ છે.

૪૨૪—બે ખામી છે

મહેલ બન્યો સારો ઘણો, પણ તેમાં બે ખોટ,
કરનારો મરશે કદી, પડશે મહેલ સચોટ.

એક રાજાએ બહુ જ રૂપિયા ખરચીને સુંદર મહેલ બનાવ્યો. તેના મુકાબલે બીજાં મકાનો તુચ્છ ભાસવા લાગ્યાં. મહેલ બરાબર શોભાવાળો છે કે કેમ, અથવા કોઈ પ્રકારની ખામી રહી છે કે કેમ, તે નક્કી કરવા માટે તેમાં સભા ભરવામાં આવી. દરેકને કહેવામાં આવ્યું કે, આ મકાનના ગુણઅવગુણનું વર્ણન કરો. સભામાં ઘણા તો રાજાના નોકરો હતા, તેથી તેઓ રાજાને રાજી રાખવો એ પોતાનું મુખ્ય કર્તવ્ય સમજી વડાઈ કરવા લાગ્યા. વાહ! આવો મહેલ બ્રહ્માજીની સૃષ્ટિથી

લઈ આજ સુધી કોઇએ બનાવ્યો હોય તેમ સાંભળ્યું નથી, તો પછી જોયો કયાંથી હોય? એક જ્ઞાની પુરુષ સભામાં જઈ ચઢયા હતા. તેમને માગણ સમજીને અંતે પૂછવામાં આવ્યું: "કેમ? તમારો શો મત છે? ખામી દેખાતી હોય તો જોઈને કહી દો." જ્ઞાની માથું ધુણાવી બોલ્યા: "આ મકાનમાં બે ખામીઓ છે, તે તને અભિમાનીને ન દેખાય અને આ તારા પેટભરા નોકરો તે દેખે તો પણ કહી ન શકે. તે ખામી એ છે કે, આ મકાન એક દિવસ જમીનદોસ્ત થઇ જશે અને અત્રે મડદાં બળશે. તેમાં રહેનારો ચાલ્યો જશે, એટલે ખાલી ભૂતખાનું ભાસશે! તે ખામી સુધારી શકાય તો સુધારી લે." એમ કહી જ્ઞાની ચાલ્યા ગયા. રાજા પોતાની ખામી સમજી શકયો અને સભાજનો આશ્ચર્યચકિત થયા.

૪૨૫–अंतःकरण साफ जोईए

એક રાજાએ બે ચિત્રકારોની પરીક્ષા કરવા બોલાવીને કહ્યું: "તમે બેઉ આ દીવાલો પર ચિત્રો કાઢો." એકબીજાનું ચિત્ર જોવું નહિ. જેનાં ચિત્રો સારાં હશે તેને ઇનામ આપવામાં આવશે." ચિત્રકારોએ એકેક દીવાલ રોકી ચીતરવાનું કામ ખંતથી શરૂ કર્યું. તેમાંનો એક ચિત્ર કાઢવામાં કુશળ હતો. તેણે ઘણાં ઇનામો લીધાં હતાં. તેણે થોડા દિવસમાં ચિત્ર કાઢી તૈયાર કર્યું. બીજાએ વિચાર્યું કે, 'ચિત્ર કાઢવામાં હું તેની બરોબરી કરી શકું તેમ નથી, માટે મારી દીવાલ એવી પારદર્શક કાચ જેવી બનાવું કે, જેથી સામી દીવાલનાં બધાં ચિત્રો મારામાં દેખાશે અને લોકો તે જોઇ પસંદ કરશે.' એમ ધારી તે પોતાની દીવાલ સાફ કરવા લાગ્યો. અનેક પ્રકારની ચિનાઇ વગેરે માટી, અનેક પ્રકારનાં તેલો અને રોગાનો લગાવી ચક-

ચકિત દીવાલ તૈયાર કરી. પરીક્ષાનો દિવસ આવ્યો. રાજા, પ્રધાન તથા બીજા માણસો ત્યાં હાજર રહ્યા. બંને દીવાલોની વચ્ચેનો પડદો ઉઠાવ્યો. પહેલા ચિત્રકારના ચિત્રોનું અને સૂર્યના તેજનું પ્રતિબિંબ બીજાની દીવાલ પર પડયું. તે અત્યંત શોભવા લાગ્યાં. ચિત્રો જોવાવાળા ચિત્રો જોતા જોતા ચિત્રોની પેઠે સ્થિર થઇ ગયા. પહેલાની દીવાલ સામું કોઇએ જોયું પણ નહિ. પંચે બીજી દીવાલવાળાને ઇનામ આપ્યું. સમજવાનું એ છે કે, અનેક તપ અને દાન કર્યા છતાં હૃદયની સ્વચ્છતા જ્યાં સુધી થતી નથી, ત્યાં સુધી ઇશ્વરનો વાસ તેમાં થતો નથી.

४२६–मृगने वदले मने मारो!

એક વખત ભગવાન બુદ્ધ જંગલમાં ફરતા હતા. તેમણે એક રાજાને હરણ પકડી ઊભેલો જોયો. એક બાજુ નિર્દોષ મૃગનો ભયભીત દેખાવ અને બીજી બાજુ મ્યાનમાંથી બહાર કાઢેલી તલવાર. આ જોતાંની સાથે જ ભગવાન બુદ્ધનું ચિત્ત લાગણીથી વિવશ બન્યું અને તે રાજાના ચરણમાં ઢળી પડ્યા. પછી તેમણે રાજાને પ્રાર્થના કરી કે, "તમો કંઈ પણ ચિંતા વગર આ તલવારથી મારા શરીરને કાપી નાખો, પરંતુ આ ભયથી કંપતા મૃગ ઉપરથી તલવાર ઉઠાવી લો. મને મારા શરીર ઉપર પ્રેમ નથી. આ બિચારા હરણને શરીર ઉપર બહુ પ્યાર છે." આવા સાચા હૃદયના શબ્દો સાંભળતાં રાજાના હાથપગ ઢીલા થઈ ગયા અને મૃગ છૂટી ગયું. પછી તે રાજા ભગવાન બુદ્ધના ચરણમાં પડી રડવા લાગ્યો. તેણે પશ્ચાત્તાપ કરી માફી માગી. બુદ્ધે તેને અહિંસાનો ઉપદેશ આપ્યો.

૪૨૭–સ્ત્રીઓને સાંભળો

એક પુરુષ પોતાની સ્ત્રીને ઘણી વખત કહેતો કે, "જે કંઈ છે તે પુરુષોની જ શોભા છે. સ્ત્રીઓ તો પરમાત્માએ નકામી બનાવી છે." સ્ત્રી કહેતી કે, "બે હાથે જ તાળી પડે. બે પૈડાં વડે જ ગાડું ચાલે. બે પાંખો વડે જ પંખી ઊડી શકે, તેમ સ્ત્રીપુરુષનું જોડું જે પરમાત્માએ બનાવ્યું છે, તે બરોબર જ છે. તે બેઉમાં શિક્ષણની ખામી જેમાં હોય તે ત્રૂટી સદૈવ નડયા કરે છે." આવાં નીતિવાળાં સ્ત્રીનાં વાક્યોની તે પુરુષ ઉપર કંઈ અસર થઈ નહિ. એક વખતે એવું બન્યું કે તે બજારમાં બેઠો હતો. એવામાં કોઈ ભિખારી તેની દૃષ્ટિએ ચઢયો. તે દયાળુ સ્વભાવનો હોવાથી તે પોતાને ત્યાં ભોજન માટે તેને લઈ ગયો. તે ગમે તે વસ્તુઓ સ્ત્રી પાસે માગવા લાગ્યો. દોરાધાગા અને મંત્રતંત્રની વાતો કરી બાઈને પુત્ર થવાનો કોલ આપ્યો. પુરુષ બજારમાં સામાન લેવા ગયો. ચતુર બાઈ પેલાની ઠગ વિદ્યા જાણી ગઈ. તેણે વિચાર્યું કે, પતિને આજે ખબર પાડું કે, સ્ત્રીઓમાં કેટલી અક્કલ છે. તે યુક્તિ રચીને બોલી: "મહારાજ, તમારી મને દયા આવે છે. મારો પતિ બહુ ક્રોધી છે. તે ઘણી વાર તમારા જેવા ગરીબ માણસને લાવે છે અને ઘરમાં પૂરી રાખી માર મારે છે અને પાસે હોય તે બધું લૂંટી લે છે. તેઓ દોરડું અને ધોકો લેવા ગયેલા છે. માટે તમે તમારો બચાવ કરવા ચાલ્યા જાવ તો સારું." ધૂર્તને બધા ધૂર્ત જ લાગે. આ કહેવત પ્રમાણે તે ધૂર્ત ત્યાંથી મૂઠીઓ વાળી નાઠો. પેલો પુરુષ સામાન લઈ ઘેર આવ્યો, ત્યારે બાઈએ કહ્યું કે, "તે માણસ

ઘોડો અને દોરડું માગતો હતો, મેં ન આપ્યું, તેથી રિસાઈને આ રસ્તે તે ચાલ્યો ગયો છે." તે પુરુષ ઘોડો ને દોરડું લઇ તેની પાછળ તેને આપવા ચાલ્યો. ઘણી બૂમો પાડી પણ તે ઊભો ન રહ્યો. પછી પેલો પુરુષ દોડવા લાગ્યો. પેલો સમજ્યો કે, 'મને મારવા આવે છે.' પેલી શાણી સ્ત્રી જોવા બહાર આવી, તેનો પતિ થાકીને પાછો આવ્યો. પછી પેલી બાઇએ પોતે કરેલી યુક્તિ પોતાના સ્વામીને કહી સંભળાવી. પતિનો ત્યારથી સ્ત્રીઓની બુદ્ધિ માટે ઊંચો ખ્યાલ બંધાયો.

૪૨૮–શ્રીમદ્ ભગવદ્ગીતા ભણ્યો પણ ગણ્યો નહિ

એક મહાત્માએ પોતાના આશ્રમની અંદર કૂવો, સુંદર બાગ અને બેસવાઊઠવાના ઓટલા બનાવી રાખ્યા હતા. ઉનાળાના તાપમાં બપોરે એક તરસ્યો માણસ પાણી પીવા આશ્રમમાં આવ્યો. તે વખતે મહાત્માનો શિષ્ય બહાર ઓટલા ઉપર બેસી વાસુદેવ સર્વમિતિ આ શ્રીમદ્ ભગદ્ગીતાના શ્લોકનો પાઠ કરતો હતો. ગુરુ અંદર બેઠા બેઠા આત્મચિંતવન કરતા હતા. પેલા માણસે ત્રણ વખત પાણી માગ્યું, પણ તે શિષ્યે ગણકાર્યું નહિ. પેલાના શબ્દો સાંભળી ગુરુ બહાર આવ્યા અને જુએ છે તો તૃષાર્ત અતિથિને જોયો. તરત જ ઠંડું પાણી પાઈ સ્વાગત કરી તેને બેસાડ્યો. તે થોડી વિશ્રાંતિ લઇ ગુરુની સરળતાનાં વખાણ કરતો ચાલ્યો ગયો. પછી ગુરુ શિષ્ય પ્રત્યે બોલ્યાઃ "તારો પાઠ નકામો ગયો છે. કારણ કે જે ભગવાનની શ્રીમદ્ ભગવદ્ગીતાનો તું પાઠ કરે છે, તે ભગવાન અતિથિરૂપે તારી પાસે પાણી માગતા હતા! જીભ વડે પાઠ કરવાથી શું વળ્યું? અતિથિ દેવો ભવ એવું વેદ પણ પોકાર કરીને કહે છે. તું પોપટની પેઠે ગીતા ભણ્યો પણ ગણ્યો નહિ."

૪૨૯–सैनिकों कूदी पडया !

મહાન રાજા રણજિતસિંહે પોતાની સેનાને લઈને અટક નદીને કિનારે પડાવ નાખ્યો હતો. સામે કિનારે શત્રુની સેના હતી. રાત્રિનો સમય હોવાથી અંધકાર છવાયેલો હતો. ત્યાં નૌકા હાજર નહિ હોવાથી તે પેલી પાર કેવી રીતે જઈ શકે? બીજું કંઈ સાધન નહિ હોવાથી સેનાપતિઓ મૂંઝાયા અને રણજિતસિંહની આગળ મુશ્કેલીઓ બતાવવા લાગ્યા. રણ્જિતસિંહ તો કોઈ પણ પ્રકારે આગળ જવું એ જ પોતાનું કર્તવ્ય સમજતો હતો. તેણે સૈનિકોને કહ્યું:—

જાકે મનમેં અટક હય, સોઈ અટક રહા,
જાકે મનમેં અટક ના વાકો અટક કહા ?

આ સાંભળતાં જ સૈનિકો નદીમાં કૂદી પડ્યા. તેઓ મોટી નદીને તરીને પાર પહોંચી ગયા. શત્રુપક્ષના માણસો આભા જ બની ગયા. હવે આપણે નહિ પહોંચી શકીએ, એમ સમજી તેઓ નાસી ગયા. ત્યારપછી યુદ્ધમાં રણજિતસિંહની જીત થઈ. આત્મશ્રદ્ધામાં કેટલું બળ રહ્યું છે!

૪૩૦–तमे मारी माता छो

ક્ષત્રસાલ નામનો રાજા ક્ષત્રિયના ગુણોથી જેવો શોભીતો હતો તેવો જ રૂપમાં પણ અજોડ હતો. તે બાલબ્રહ્મચારી હતો અને પ્રજાના પાલનને વિશેષ ફરજરૂપે સમજતો. વારંવાર ગામડામાં વેશ બદલીને ફરવું, રાત્રિએ ગલીઓમાં ફરી ગરીબોને પૂછી, તેઓનું દુઃખ જાણી જેમ બને તેમ જલદી દાદ આપવી, તે તેનું મુખ્ય કર્તવ્ય હતું. એક વખતે તે એક બજારમાં ફરતો

હતી, ત્યાં તેના [illegible] એક [illegible] પછી. તે [illegible] "[illegible] [illegible]." [illegible] તેણે [illegible] માટે [illegible] પછી [illegible] "મને તમારા જેવો પુત્ર જોઈએ છે." [illegible] વિચાર કરી તેના ખોળામાં [illegible] ગયો અને ધાવવા લાગ્યો. પછી તે બોલ્યો: "માતાજી! તમારે મારા જેવો પુત્ર જોઈતો હોય, તો હું જ આજથી તમારો સાચો પુત્ર છું, તેમાં સંશય રાખશો નહિ." કહેવાય છે કે, શાહજાદાનું આવા નિર્દોષ બાળક જેવા ચરિત્રથી તે સ્ત્રીનો વિકાર નાશ પામ્યો અને તેના સ્તનમાંથી દૂધ ટપકવા લાગ્યું. શાહજાદે તેને રાજ્યમાતા તરીકે સ્વીકારી. તે સવારમાં પ્રથમ તેને નમી પછી પોતાની માતાને નમસ્કાર કરતો.

૨૩૧–वस्तु एक ज हती

એક મનુષ્યે ત્રણ છોકરાઓને સરખે ભાગે વહેંચી લેવા માટે બેઆની આપી. ત્રણેએ બજારમાંથી કંઈક ખાવાનું લેવાનો ઠરાવ કર્યો. તેમાંનો એક અંગ્રેજ, બીજો હિંદી અને ત્રીજો ઈરાની હતો. એકબીજાની પૂરેપૂરી ભાષા તેઓ સમજતા નહિ. અંગ્રેજ છોકરે વોટર મેલન લેવાનું કહ્યું. હિંદીએ કહ્યું: "બસ, મેરેકું તો હિંદવાના ચાહીએ." ઈરાની બોલ્યો કે, "મુઝે તો તરબૂચ હી લેના." આ પ્રમાણે વાદવિવાદ થતાં કજિયો શરૂ થયો. આમ લડતાં લડતાં તેઓ રસ્તા પર થઈને જતા હતા. એવામાં અંગ્રેજી, હિંદી અને ઈરાની ત્રણે ભાષા

જાણનાર એક માણસે તેઓને જોયા. પાસે જઇને તેણે કહ્યું: "છોકરાઓ, આવો, તમારો કજિયો પતાવું." તેણે છોકરાઓ પાસેથી બેઆની લીધી. તેઓને એક બાજુ બેસાડયા. પછી તેણે તરબૂચ લાવીને ત્રણ કકડા કર્યા. એક એકને બોલાવીને એક એક કકડો આપ્યો. પછી કહ્યું: "બોલો, તમારે શું જોઇતું હતું?" છોકરાઓ બોલ્યા: "આ જ વસ્તુ જોઇતી હતી." તેઓ સમજ્યા કે તેમનો વિરોધ માત્ર નામનો જ હતો. આ પ્રમાણે ધર્મના ઝઘડા પણ મતભેદથી જ થાય છે.

૪૩૨–परोपकारथी वहेती नदी

એક વાર નદી અને તળાવ વચ્ચે ઝઘડો થયો. તળાવે નદીને કહ્યું: "બાઇ, તું તારું બધું પાણી–બધા વૈભવ સમુદ્રને આપી દે છે, તે શું તારી મૂર્ખાઇ નથી? તારું જીવન–તારી સંપત્તિ સમુદ્રને મફતની શા માટે આપી દે છે? સાગર તો કૃતઘ્ની છે. તેને તારી એ વસ્તુની શી જરૂર છે? તું તારું બધું પાણી આપી દે છે, તો પણ ખારો ઝેર જેવો સમુદ્ર મીઠો થોડો જ થવાનો છે? તારી મિલકત તારી પાસે રાખ, આમ શા માટે વેડફી નાખે છે?" આ પ્રમાણે સકામી સ્વાર્થી તળાવે કહ્યું, ત્યારે નદી બોલી: "મને તમારો ઉપદેશ ન આપશો. મારી તો ફરજ છે કે, કામ કર્યે જવું. તેનું પરિણામ પરમાત્મા જાણે. कर्मण्येवाऽधिकारस्ते मा फलेषु कदाचन। આ પ્રમાણે નદીએ તળાવને ઉપદેશ આપ્યો. તેણે તળાવનું કહેવું ન માન્યું, અને પોતાના પરોપકારી સ્વભાવ પ્રમાણે તે સતત વહેતી રહી અને હજારો પર ઉપકાર કરતી રહી. તળાવ સકામી હોવાથી થોડા સમયમાં તેનું પાણી ગંધાઈ સુકાઇ ગયું.

૪૩૩–રાજાની દાનત બગડી છે

રસહીન ધરા થઈ છે, દયાહીન થયો નૃપ;
નહિ તો ના બને આવું, બોલી માતા ફરી રડી.—કલાપી

એક વખત એક રાજા વનમાં મૃગયા રમવા ગયો. ત્યાં તેને તૃષા લાગી. પાસે એક શેરડીનું ખેતર જોઈ રાજા ત્યાં ગયો. એક ગરીબ ખેડૂતની ડોસી ત્યાં બેઠી હતી. તેના શરીર પર સારું વસ્ત્ર પણ ન હતું. રાજાને તેના પર દયા આવી. આ લોકોને અવશ્ય મદદ કરવી જોઈએ, એવો રાજાને વિચાર આવ્યો. પછી તેણે ડોસી પાસે પાણી માગ્યું. ડોસીએ શેરડીનો સાંઠો લાવી રસનો પ્યાલો ભરીને રાજાને પાયો. રાજાને તૃષા લાગી હતી, તેથી તે અમૃત કરતાં અધિક સ્વાદિષ્ટ લાગ્યો. તેને વધારે પીવાની મરજી થઈ. રસ પીતાં પીતાં રાજાને વિચાર આવ્યો કે, 'એક શેરડીના સાંઠામાંથી આટલો રસ નીકળ્યો, તો આખા ખેતરમાંથી આ લોકો કેટલું કમાતા હશે? ખેતરની પેદાશના પ્રમાણમાં તેઓ રાજ્યને કર બહુ ઓછો આપે છે. જરૂર કરમાં વધારો કરવો જોઈએ.' ડોસી ફરીથી હાથલો પ્યાલો લઈ રસ કાઢવા લાગી. રસ નીકળ્યો નહિ! રાજાએ કારણ પૂછ્યું, ત્યારે ડોસી બોલી: "આ દેશના રાજાની બુદ્ધિ બગડી લાગે છે. નહિતર ધરતી આવી રસકસ વિનાની ન થઈ જાય." રાજા આ સાંભળી શરમાઈ ગયો. રાજાએ ડોસીને પોતે રાજા હોઈ પોતાના મનમાં આવેલો વિચાર કહ્યો. રાજાએ તરત જ પોતાનો ખોટો વિચાર બદલ્યો, એટલે પ્યાલો રસથી ભરાઈ ગયો! રાજા અચંબો પામી ખેડૂતોને રાહત આપવાના નિશ્ચય સાથે ઘર તરફ વળ્યો.

४३४–आवते जन्मे शुं थशे ?



એક વખત ભગવાન બુદ્ધની પાસે બે માણસો આવી પૂછવા લાગ્યાઃ "મહારાજ! આ મારા સોબતીની શી ગતિ થશે? તે સદા કૂતરા જેવા વિચારો અને કર્મો કર્યા કરે છે. તે આવતે જન્મે કૂતરો થશે કે શું?" બીજો બોલ્યોઃ "આ મારો મિત્ર બિલાડા જેવો છે, તેની માંજરી આંખો પણ બિલાડાને મળતી છે. તેની વાણી, નખ, વાળ, તેમ તમામ અંગો પણ બિલાડાને મળતાં છે. આવતે જન્મે તે બિલાડો થશે કે શું?" ભગવાન બુદ્ધ જરા સ્મિત કરી બોલ્યાઃ "તમારા સંસ્કાર હશે તેવો જન્મ થશે. તમારામાં એકને કૂતરાના અને બીજાને બિલાડાના રાતદિવસ વિચાર આવ્યા કરે છે, તેથી બિલાડો કહેનારો પોતાના હૃદયમાં બિલાડાના વિચારો ભરે છે એટલે તે બિલાડો થશે અને કૂતરો કહેનાર પોતાના હૃદયમાં કૂતરાના સંસ્કાર ગ્રહણ કરે છે તેથી તે કૂતરો અવતરશે." તે બેઉ શરમાઈ ચાલ્યા ગયા. ખરેખર મનુષ્યો વિનાકારણે એકબીજાના દોષ જોયા કરે છે. બીજાના દોષ જોવા કરતાં આંતરશુદ્ધિથી પોતાનાં કર્મ તપાસવામાં આવે, તો તે મનુષ્ય સદ્‌ગતિને પામે છે.

४३५–साची दया



અમેરિકાનો રાષ્ટ્રપતિ એક વાર કચેરીમાં જતો હતો. રસ્તામાં એક સૂવર કીચડમાં ખૂંપેલું તેણે દીઠું. તે બહાર નીકળવા ઘણો પ્રયત્ન કરતું હતું, પરંતુ તેનાથી બહાર

નીકળાયું નહિ. તે જોઈને રાષ્ટ્રપતિને દયા આવી. તે પહેરેલાં દરબારી વસ્ત્રો સાથે કીચડમાં કૂદી પડ્યો અને સૂવરને બહાર કાઢ્યું. પછી કચેરીનો વખત થઈ જવાથી ખરડાયેલે વસ્ત્રે જ તે દરબારમાં ગયો. સૌ તેમના સામું જોઈ રહ્યા. રાષ્ટ્રપતિનાં કપડાં જોઈ સૌ હસવા લાગ્યા. આ જોઈ તેમણે ખુલાસો કરી બધી વાત કહી સંભળાવી. "મેં સૂવર ઉપર દયા નથી કરી, પરન્તુ તેને કીચડમાં ફસાયેલું જોઈ મારા હૃદયમાં દુઃખ થયું. મેં તે દુઃખને દૂર કર્યું છે. મેં સૂવર સાથે ભલાઈ નથી કરી, પરન્તુ મારી પોતાની જાત સાથે ભલાઈ કરી છે. કેમકે તેને કીચડમાં દેખી મને જે દુઃખ થયું, તે તેને બહાર કાઢવાથી મટી ગયું." લોકો તેના પરોપકારી જીવનનાં વખાણ કરવા લાગ્યા. સાચી દયા તે આનું નામ.

૪૨૬–अमारां दिल एक छे

એક અંગ્રેજની સ્વામી રામને મુલાકાત થઈ. તે અંગ્રેજની મડમ રોમન કેથલિક ધર્મની હતી અને અંગ્રેજ પ્રોટેસ્ટંટ પંથનો હતો. તેઓ બન્ને દરરોજ પોતપોતાના દેવળમાં જતાં. અંગ્રેજ પ્રથમ પોતાની મડમને તેના દેવળમાં મૂકી આવ્યા પછી જ પોતાના દેવળમાં જાય. પાછા ફરતી વખતે પોતાની સ્ત્રીને લેવા તેના દેવળમાં જાય. આ રીતે હંમેશાં વ્યવહાર ચાલે. સ્વામી રામે તે સાહેબને પૂછ્યું: "તમે પતિપત્ની બન્ને ભિન્ન પંથનાં છો, છતાં એકબીજા સાથે પ્રેમથી રહી શકો છો?" તેણે જવાબ આપ્યો કે, "ધર્મનો ઈશ્વર સાથે પારમાર્થિક સંબંધ છે. મડમનો અને મારો સંબંધ તો સાંસારિક છે. ઈશ્વરની પાસે મારાં કર્મોનો જવાબ-

દાર હું છું અને તેનાં કર્મોની જવાબદાર તે છે, તેથી વાદવિવાદ કરવામાં અમને શો લાભ? અમે સાંસારિક સંબંધમાં એકબીજાને અત્યંત ચાહીએ છીએ. તે મારો ઘરવ્યવહાર ઘણા ખંતથી ચલાવે છે. હું મારી ફરજ બજાવ્યે જાઉં છું. પછી તકરારને અવકાશ કયાં છે?" આ ઉપરથી સમજવાનું કે, ધર્મની સહિષ્ણુતા તો તે જ કહેવાય કે જે પોતાના ધર્મ જેટલો જ બીજા ધર્મને પણ ચાહે છે.

૪૩૭–દેશ માટે તત્પર રહીશ

બાળકોના શિક્ષણ ઉપર જ દેશની ઉન્નતિ કે અધોગતિનો આધાર છે. બાળકોને જેવું શિક્ષણ મળશે, તેવા જ તેના આચાર અને વિચાર હશે. જાપાનનું બાળક જ્યારે પહેલવહેલું નિશાળમાં દાખલ થાય છે, ત્યારે શિક્ષક તેને પૂછે છે કે, તમારું શરીર શાથી ટકે છે? બાળક ઉત્તર આપે છે, કે અન્ન વડે. પુનઃ શિક્ષક પૂછે છે, કયા દેશના અન્નથી? બાળક કહે છે, જાપાનના અન્નથી. ફરી શિક્ષક પૂછે છે, ત્યારે જાપાનનું અન્ન ન હોય તો તમે જીવી શકો ખરા કે નહિ? બાળક બોલે છે, ના સાહેબ, ન જ જીવી શકાય. શિક્ષક કહે છે. જ્યારે તમારું શરીર જાપાનના અન્નથી બનેલું છે, ત્યારે જાપાનને એટલો હક ખરો કે જયારે જરૂર જણાય ત્યારે તમારું શરીર માગી લે? બાળક બહાદુરીથી જવાબ આપે છે, હા સાહેબ, જ્યારે જરૂર પડે ત્યારે તે માગી શકે છે. આ પ્રમાણે દેશને માટે પ્રાણ હોમી દેવા તત્પર રહેવાનું શિક્ષણ જાપાનમાં બાળકોને નાનપણથી જ અપાય છે. પરિણામે આજે નાનું સરખું જાપાન આખી દુનિયાનું ધ્યાન પોતાના તરફ ખેંચી રહ્યું છે.

४३८—मालिक ईश्वर ज हतो !

એક વખત કેટલાંક છોકરાં રમતાં રમતાં એક ખંડેરમાં જઈ ચઢ્યાં. ત્યાં તેમને ઇંડા જેવી ચીજ જડી. તેઓ રાજી થતાં બહાર આવ્યાં. રસ્તે જતા માણસે છોકરાંના હાથમાં તે ચીજ દેખી. છોકરાંને પૈસા આપી રાજી કરી તે ચીજ તેણે લઈ લીધી. પછી હાંસભર્યો તે ચીજ લઈ તે ગામના રાજા પાસે ગયો. રાજા પણ આ ચીજ દેખી રાજી થયો. તેણે પંડિતો-ને બોલાવી પૂછ્યું: "આ શી ચીજ છે, તે કહો." કોઈ તે ઓળખી શક્યું નહિ. એક ઘરડા માણસને બોલાવી પૂછ્યું: "કાકા! તમે જાણતા હો તો કહો આ શી ચીજ છે?" વૃદ્ધ બોલ્યો: "દાણા જેવું કંઈક લાગે છે. પણ મેં કોઈ દિવસ આવો દાણો જોયો નથી. અમે નાના હતા ત્યારે વાતો સાંભળતા હતા કે પહેલાંના માણસો અને ફળો મોટાં થતાં હતાં. મારા બાપને બોલાવી પૂછો." એમ કહી તે બે હાથમાં બે લાકડીને ટેકે ટેકે ચાલ્યો ગયો. તેનો બાપ હાથમાં માત્ર લાકડીનો એક જ ટેકો લઈને આવ્યો અને બોલ્યો: "આવો દાણો મેં પણ જોયો નથી. મારા બાપ કહેતા કે પૃથ્વીમાં રસ ઓછો થયો છે. પહેલાં ઘણાં મોટાં ફળો થતાં હતાં. હવે કળિયુગ આવ્યો, મનુષ્યો કપટી થયાં, તેમ પૃથ્વીમાં રસકસ ઓછાં થયાં. મારા પિતાને બોલાવવાથી આપને વધુ માલૂમ પડશે." પછી રાજાએ માન સાથે તેના વૃદ્ધ પિતાને બોલાવ્યો. તે વૃદ્ધ હાથમાં કંઈ પણ પકડ્યા વિના સપાટાબંધ આવ્યો. રાજાએ પૂછ્યું: "દાદા, તમે આ ચીજને ઓળખો છો?" બુઢ્ઢો થોડું હસીને બોલ્યો: "હે રાજન! આ

જાતનું અનાજ નાનપણમાં મેં બહુજ ખાધું છે. તે વખતનાં દૂધ, ઘી અને આવી જાતના અનાજથીજ આ મારાં હાડકાં અત્યારે પણ ચાલે છે. મારા છોકરાને આંખે ઓછું સૂઝે છે. તેના છોકરાના તો બધા દાંત પણ પડી ગયા છે અને વાળ સુધ્ધાં ધોળા થઇ ગયા છે. આ બધો પ્રતાપ પરસ્પર કુસંપ, અફીણ, દારૂ વગેરે દુર્વ્યસનોનો જ છે. મેં કોઇ દિવસ ચા, દારૂ, અફીણ, ગાંજો, ભાંગ, તમાકુ લીધું જ નથી, તેથી હું અત્યારે પણ ચણા, શેરડી વગેરે સુખથી ખાઈ શકુ છું. દસ ગાઉ ચાલવું મારે મન સહેલ છે. અંધારામાં પણ હું વસ્તુ ખોળી શકુ છું. આ બધી શક્તિ પહેલાંનાં અનાજ, દૂધ, ઘી અને ઘરની છાશ વગેરેની છે. અમારા જમાનામાં અનાજ વેચવું તે પાપ મનાતું અને ઘી, દૂધ વેચે તે હલકામાં હલકો ગણાતો." રાજાએ પૂછયું: "તે વખતે તમે ખેતી કયાં કરતા અને રાજના કર કેવા હતા?" ડોસો આ વખતે ખૂબ હસ્યો અને બોલ્યોઃ "જે ખેડે તેની જમીન. ફાવે ત્યાં ખેડે. જમીન ભગવાનની અને માણસો પણ ભગવાનના! જમીનનાં ખાતાં અને કર તે તો મારા પુત્રના વહીવટ પછી મેં સાંભળ્યું. પોતપોતાથી બને તેટલું સૌ પકવતા અને જરૂર કરતાં વધારાનું હોય તે અશક્ત, વૃદ્ધ, રોગી અને નિરાધાર લોકોને આપતા. અમારા જમાનામાં પૈસા હતાજ નહિ, તેથી દાણો વેચવાના પાપથી સહેજે બચાતું. વળી શેઠ, નોકર, રાજા પ્રજા, ઊંચ, નીચ, એવા ભેદ હતા જ નહિ. સૌ કોઇ ભાઇચારાથી રહેતા. તમારી આજની કોર્ટ અને કાયદા સ્વપ્નામાં પણ નહિ હતાં. ઘરના વડીલની સૌ આજ્ઞા પાળતા." ડોસાની આવી આવી અદ્ભુત વાતો સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા.

૪૩૯–जवाब मळी गया छे !

એક વખત એક રાજાએ સભા ભરીને દરબારીઓને પૂછયું: "દરેક કામ આરંભવાનો સમય કયો ? વધારે અગત્યનું માણસ કોણ ? મહત્ત્વનું કામ શું ?" સભાના માણસોએ જુદું જુદું કહ્યું. કોઇ કહે, સવારમાં કામ આરંભવું, અગત્યનો માણસ પોતાનો ગુરુ, મહત્ત્વનું કામ પ્રભુભક્તિ. આ જવાબોથી રાજાને સંતોષ થયો નહિ. તે પોતાના પ્રશ્નો પૂછવા એક વિચારવંત સંતની પાસે જંગલમાં ગયો. સંત એકાંત વનમાં રહેતા હતા. ગામમાં કદી પણ આવતા નહિ. રાજા કે ધનાઢ્યની તે પરવા રાખતા નહિ. તેથી રાજા અંગરક્ષકોને દૂર મૂકી એકલો સાદા વેશે સંત પાસે જઈ ઊભો રહ્યો. આ વખતે પેલા મહાત્મા પર્ણકુટીની પાસેના બગીચામાં જમીન ખોદતા હતા. રાજાને જોઈ તેમને આવકાર આપી પોતાનું ખોદકામ ચાલુ રાખ્યું. શરીર દુર્બળ હોવાથી ખોદતાં ખોદતાં તેમને હાંફ ચઢતી. રાજા પાસે જઇ બોલ્યો: "પ્રભુ ! હું આપને ત્રણ પ્રશ્નો પૂછવા આવ્યો છું. "ખરો સમય કયો ? ખરો માણસ કોણ અને ખરું કામ શું ?" સંતે રાજાના પ્રશ્નો ધ્યાન રાખીને સાંભળ્યા. 'આપ થાકી ગયા હશો' એમ કહી રાજાએ તેમના હાથમાંથી કોદાળી લઇ સપાટામાં બે-ક્યારા ખોદી નાખ્યા. રાજાએ ફરીથી પ્રશ્ન પૂછયા, છતાં સંત કંઈ બોલ્યા નહિ. માત્ર કોદાળી હાથવતી માગી. રાજાએ તે આપી નહિ. ફરી ખોદકામ કરી કોદાળી જમીનમાં ભોંકી રાજા બોલ્યો: "કૃપા કરી મારા પ્રશ્નના ઉત્તર આપો તો સારું, ના કહો તો હું ઘેર ચાલ્યો જાઉં." સંત બોલ્યા: "જો પેલું કોઇ દોડતું આવે

આવે છે. આપણે તેની તપાસ કરીએ." રાજાએ પાછું ફરી જોયું તો એક દાઢીવાળા માણસને પેટ ઉપર હાથ રાખીને ભયભીત અવસ્થામાં આવતો દીઠો. તેના પેટમાંથી લોહી વહેતું હતું. રાજા દોડી તેની પાસે પહોંચ્યો. એટલામાં તે મૂર્છા ખાઇ ભોંય પર પડ્યો. રાજાએ સંતની મદદથી તેનો ઘા ધોઇને પાટો બાંધ્યો. આરામ થવાથી તે માણસ ઊંઘી ગયો. ચાલીને તેમ ખોદીને થાકેલા રાજાને પણ ઊંઘ આવી. સવારે જાગી પેલા અજાણ્યા માણસને તે જોવા લાગ્યો. રાજાને જોઈ ઘાયલ મનુષ્ય બોલ્યોઃ "માફ કરજો." "હું તમને ઓળખતો પણ નથી, તો માફ શું કરું?" એવો રાજાએ ઉત્તર આપ્યો. ઘાયલે કહ્યું: "ભલે તમે નહિ ઓળખતા હો, પણ હું તો તમને ઓળખું છું. પેલા તમારા શત્રુના ભાઇનો વધ કરી તમે મિલકત ખૂંચવી લીધેલી, એટલે તેણે વેર લેવાની પ્રતિજ્ઞા કરેલી તે જ હું તમારો શત્રુ છું. અહીં તમને એકલા આવતા જોઈ તમને ઠાર મારવા હું ઘૂમતો હતો. તમારા અંગરક્ષકોએ મને ઓળખી ઘાયલ કર્યો. તેઓના હાથમાંથી છટકી હું અહીં આવ્યો છું. જો તમે મારી સારવાર ન કરી હોત તો હું અવશ્ય મરી જાત. હવે હું જિંદગીપર્યંત તમારા મિત્ર અને સેવક તરીકે રહીશ. મારા પુત્રોને પણ આજ શિક્ષણ આપીશ. માટે મને માફી આપો." ભયંકર શત્રુની સાથે સહેજમાં સમાધાન થયું જાણી રાજાએ પ્રસન્નતાપૂર્વક તેને માફી બક્ષી. પછી સંત પાસે પેલા પ્રશ્નોના જવાબ માગ્યા. સંત ખોદેલા ક્યારામાં બી વાવતાં બોલ્યાઃ "તારા પ્રશ્નોના ઉત્તર આપોઆપ મળી ગયા છે. ગઇ કાલે મારી નબળાઇની દયા ખાઈ આ ક્યારા તેં ખોદ્યા ન હોત ને જલદી પાછો વળ્યો હોત, તો તારો શત્રુ તારા ઉપર તૂટી પડત, માટે મહત્ત્વનો સમય ક્યારા

ખોદવાનો-વર્તમાન છે. સૌથી અગત્યનો માણસ હું કે જેથી તું શાંતિ પામીને જઇશ. સૌથી અગત્યનું કામ બીમારની સેવા કરવી તે છે, તે તેં કરી છે. નહિ તો તારો શત્રુ તારી જોડે સંધિ કર્યા વિના મરી જાત અને તમારું વેર જન્મો-જન્મ પહોંચત. ફરી વાર યાદ રાખ કે અગત્યનો સમય માત્ર એકજ છે ને તે વર્તમાન. કારણ કે તે આપણા કાબૂમાં છે. અગત્યનો માણસ તે છે કે જેની જોડે આપણે બેઠા, ઊભા, કે ચાલતા હોઇએ. અગત્યનું કામ શત્રુનું પણ ભલું ઇચ્છવું, કારણ કે તે માટે જ મનુષ્યજીવન મળ્યું છે." રાજા મહાત્માના આ જવાબ સાંભળી રાજી થતો ઘેર આવ્યો.

૪૪૦–પ્રેમપાઠ શીખો!

એક સમયે કન્યાઓના પર્વ ઉપર આકુલા નામની કન્યા માલશા નામની તેનાથી નાની કન્યા સાથે રમતી હતી. બરફનું પાણી પીગળીને ચાલ્યું જતું હતું. પાસે ઊંચી જગામાં એક પાણીનું ખાબોચિયું ભરાયું હતું. બેઉ જણીઓએ સુંદર નવાં વસ્ત્રો પહેર્યાં હતાં. તહેવાર હોવાથી સારું સારું ખાવાનું લાવી પરસ્પર આપી તેઓ આનંદ કરતી હતી. પાણીમાં પડતાં કપડાં ઊંચાં લઇ આકુલાએ કહ્યું: "બહેન માલશા, તું ધીમી ચાલ, મને છાંટા ઊડે છે, મારાં નવાં વસ્ત્ર બગડશે." માલશા હસીને બાળસ્વભાવ પ્રમાણે જોરથી કાદવમાં પગ પછાડવા લાગી. આથી આકુલાનાં નવાં વસ્ત્ર બગડયાં. તે રડવાની તૈયારીમાં હતી, એવામાં તેની મા આવી, તે માલશાને પકડી મારવા જતી હતી. તેવામાં દોડતી અને રડતી તેના ઘરમાં પેસી ગઇ. ઘરમાંથી તેની મા બહાર નીકળીને બોલી: "છોકરીને

મારવા નથી ઉછેરી. તમારા કરતા મારી છોકરી મને વધારે વહાલી છે." આકુલાની મા બોલીઃ "તારી છોકરી તારે ઘેર રાખી મૂક. તોફાન કરે તો માર પણ ખાય." પેલી કહેઃ "તું મારનારી કોણ? તારું માથુંજ ભાગી નાખું. મારી છોકરીને આંગળી અડકાડે તો આંગળીજ કાપી નાખું." આ બે બૈરીઓના ઝઘડામાં મરદોએ ભાગ લીધો. લગભગ આખું ફળિયું ભરાઇ ગયું. બેઉ પક્ષમા સરખાં સ્ત્રીપુરુષો હતાં, તેથી ધક્કામૂક્કી અને ગાળાગાળીનો સારો તાલ આવ્યો. કેટલાકે તો ધોકા પણ લીધા. મામલો વિફર્યો. એવામાં એક ડોશી ત્યાં આવી. પણ તે ફાવી નહિ. આ બાજુ મહાભારત મંડાયું. બીજી બાજુ ઘરમાંથી નવી નવી ચીજો લાવી આકુલા અને માલશા સંપીને રમતાં હતા. પાણીની નીકમાં કાગળની હોડી ફેરવતાં ફેરવતાં તે બંને ત્યાં આવી પહોંચી. એકબીજીના ખભા ઉપર હાથ નાખીને તેમને ગેલ કરતી જોઇ પેલી ડોશી બોલીઃ "ઓ મૂર્ખાઓ! તમે જેને માટે લડો છો તે કન્યાઓ તો લડાઇ-ટંટો મૂકીને બન્ને હળીમળીને સાથે રમે છે. તમારાથી નાની છોકરીઓ સારી છે કે, બીજીજ ક્ષણે પ્રભુનો પ્રેમપાઠ યાદ કરે છે. કન્યાઓ પાસે જઈ તમે પ્રેમના પાઠ શીખો." ડોશીના વાક્યથી લોકો શરમાઇને ઝટ પોતપોતાના ઘરમાં પેસી ગયા.

૪૪૧—जनक विदेही हता

મરજીવા રસ માણે રે, જીવે તેને ભેદ જડે નહિ.
તેલ ભરેલી તાંસળી જાળવી, શહેર તપાસ્યું એક શાણે રે.

મહર્ષિ વ્યાસના પુત્ર શુકદેવજી જન્મથી જ્ઞાનપિપાસુ હતા. વિષયતૃષ્ણા તેમને બાંધી શકતી નહિ. વ્યાસજી ઉપદેશ

આપતા હતા તે શુકદેવ સમજતા હતા, છતાં તેમના હૃદયમાં દૃઢ બોધ થતો નહિ. કેમકે વ્યાસમાં તેમની પિતાબુદ્ધિ હતી, ગુરુબુદ્ધિ ન હતી. 'પારકી મા કાન વીંધે' એમ ધારી વ્યાસે તેમને જનક પાસે મોકલ્યા. જનકને ત્યાં શુકદેવજી ગયા. જનકે તેમની ઘણી પરીક્ષા કરી. અંતે પોતાની પાસે આવવા દીધા. શુકદેવજી જનકની પાસે જઈને જુએ છે તો અનેક પ્રકારના રાજ્યભોગો અને રજોગુણી ઠાઠ તેમણે દીઠો. તેમને જનક ઉપર અશ્રદ્ધા ઉત્પન્ન થવા લાગી. જનકે તેમને કહ્યું કે, "આ તેલ ભરેલું વાસણ ગામમાં ફેરવીને પાછું લાવો. જેટલાં ટીપાં પડશે તેટલા ઘા તલવારના તમને મારવામાં આવશે." શુકદેવજી મહા મહેનતે તેલનું વાસણ ગામમાં ફેરવી પાછા આવ્યા, ત્યારે જનકે તેમને પૂછ્યુ: "શહેરની શોભા કેવી છે?" શુકદેવજી બોલ્યા: "મેં તો નથી જોઈ કારણ કે મારું ધ્યાન તેલની તાંસળી ઉપર હતું." ચૂકયા તો માર્યા જઈશું, એ ખ્યાલ નિરંતર રહ્યા કરતો હતો." જનકે કહ્યું: "હું પણ આ વિષયોની શોભાને જાણતો નથી. ગુરુએ આપેલું જ્ઞાન ધોવાઇ ન જાય તે માટે સાવધાન થઇને વર્તું છું. કારણ કે જ્ઞાન ધોવાઈ જાય તો પાછળ જમડા ભાલા લઈને ઊભા છે." શુકદેવે જનક વિદેહી પાસેથી ખરો બોધ લીધો અને સર્વ જ્ઞાનીઓમાં ઉત્તમ જ્ઞાની કહેવાયા.

૪૪૨–धन्यवाद आपवा लाग्या !

યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞ પૂરો કર્યો, ત્યારે પૃથ્વી પરના લગભગ બધા રાજાઓ આવી યુધિષ્ઠિરને નમન કરવા લાગ્યા. જ્યારે યજ્ઞ પૂર્ણ થયો, ત્યારે બધા રાજાઓ

ભેટ ધરવા લાગ્યા. યુધિષ્ઠિરે કોઇની ભેટને હાથ લગાડયો નહિ. ફક્ત શ્રીકૃષ્ણે વીંટી આપી તે પ્રેમથી હાથમાં લઈ આંગળીએ પહેરી લીધી. આથી રાજાઓ ઉશ્કેરાયા અને તેઓ કહેવા લાગ્યા કે, "યુધિષ્ઠિર સત્યવાદી કહેવાય છે, પણ પૂરો પક્ષપાતી છે. કારણ કે આપણી લાખો રૂપિયાની ભેટને આંગળી પણ ન અડકાડી અને કૃષ્ણની તુચ્છ વીંટીને હાથમાં લઇ પહેરી લીધી." યુધિષ્ઠિર સમજી ગયા અને બોલ્યાઃ "તમે કોઈ ઉતાવળ ન કરશો. હું કંઈ મૂર્ખ નથી કે પક્ષપાત કરું. જુઓ તમારી સમૃદ્ધિ મારી પાસે આવી છે. તમે બધા મને નમો છો તે જોઈ હું ગર્વિત થયો હતો. જે ગર્વ ધારણ કરે છે તે નાશ પામે છે. શ્રીકૃષ્ણે સમજીને મને વીંટી આપી. આ વીંટીમાં લખ્યું છે કે, **યહ દિન ભી જાયગા, ઓ દિન ભી જાયગા.** અથાત્ બધાનો શિરોમણી થઈને બેઠો છું, તે દિન પણ જશે અને પ્રારબ્ધમાં દુઃખ આવશે, તે દિન પણ જશે. સુખમાં ગર્વ ન કરવો. ત્યારે બોલો, અધર્મમાંથી ઉગારનાર જગન્નિયંતાના ઉપદેશને હું કેમ ગ્રહણ ન કરું?" બધા રાજાઓ ખુશી થઇ ધર્મરાજાને ધન્યવાદ આપવા લાગ્યા.

૪૪૩–રાવણનો ઉપદેશ

શ્રીરામ અને રાવણના સંગ્રામમાં રાવણ જ્યારે પડયો ત્યારે શ્રીરામે લક્ષ્મણને બોલાવીને કહ્યું કે, "રાવણ ભલે આપણો શત્રુ છે પણ તે આપણાથી વૃદ્ધ છે, વિદ્વાન છે, માટે તેને રાજ્ય સંબંધી તેમજ જીવનને લગતા પ્રશ્નો પૂછી તેના અનુભવનો લાભ લો. આપણા પિતાનું શરીર છૂટી ગયું છે. આપણે માથે રાજ્યભાર આવી પડયો છે, માટે તેનો અનુભવ ખપ લાગશે." પછી લક્ષ્મણે રાવણ પાસે જઈ કેટલાક

પ્રશ્નો પૂછયા. તેના ઉત્તરમાં રાવણ જરા હસીને બોલ્યો: "અત્યારે હું આ પ્રશ્નોને વધારે ચર્ચી શકું તેવા સંયોગો નથી, છતાં બે વાત ટૂંકમાં કહું છું. પ્રથમ અગત્યનું કામ કદી મુલતવી રાખવું નહિ. મારે નરક કાઢી નાખી, સમુદ્રને મીઠો કરી, સ્વર્ગ સાથે સંબંધ બાંધી, અંધારી રાત નાબૂદ કરવી હતી, પણ અભિમાનમાં રહ્યો કે, કાલે કરીશું, શી ઉતાવળ છે? બધા દેવો મારા કબજામાં છે. આવી દીર્ઘસૂત્રતામાં બધાં કામો બાકી રહી ગયાં. બીજું શત્રુને કદી નાનો ગણવો નહિ. તમે મનુષ્ય મારું ભક્ષ્ય છો, એમ માની મેં તમારી ઉપેક્ષા કરી, તો આ સ્થિતિ હું ભોગવું છું." એમ કહી રામનું નામ લઈ રાવણે છેલ્લો શ્વાસ ખેંચ્યો.

४४४–कृतघ्नी सिंह

એક શિકારીએ સિંહ પકડવા લોઢાનું પાંજરું બનાવી વનમાં મૂકયું હતું. તેમાં માંસ ખાવાના લોભથી સિંહ પેઠો, તેવો જ બંદીવાન થઈ ગયો. તેણે ઘણી ગર્જનાઓ કરી, પણ પાંજરું તૂટયું નહિ. તે હતાશ થઈને આજુબાજુ જુએ છે, એવામાં એક શિયાળ તેણે ફરતું દીઠું. તેને બોલાવી બહારથી પાંજરું ખોલવા કહ્યું. શિયાળ બોલ્યું: "હું તને બહાર તો કાઢું, પણ તું મારી ખાય તો?" સિંહ બોલ્યો: "અરે! હું જ મરવા પડયો છું, ત્યાં તને મારવાની કયાં વાત છે? તને મારું તો મારા બાપના સોગન, મને પ્રભુ પૂછે!" પછી શિયાળે પાંજરું ઉઘાડયું કે, તરત જ પોતાની પૂર્વ સ્થિતિને તે ભૂલી ગયો. 'મને બહુ ભૂખ લાગી છે,' એમ કહી તે મારવા તત્પર થયો. શિયાળે કહ્યું: "અરે કૃતઘ્ની! તું જોરાવર છે એટલે મને

મારી નાખીશ, પણ તને ખબર છે કે, પ્રભુના દરબારમાં તારા શા હાલ થશે ?" આ પ્રમાણે વિવાદ ચાલતો હતો એવામાં એક માણસ ત્યાં આવી ચઢ્યો. શિયાળે તેને ફરિયાદ કરી. તે મનુષ્ય બોલ્યોઃ "તમે બેઉ જે સ્થિતિમાં હતાં તેમ ઊભાં રહો, પછી હું ન્યાય આપું." સિંહ પાંજરામાં જઈ ઊભો અને શિયાળ બહાર રહ્યું, ત્યારે પેલા મનુષ્યે કહ્યું કે, "તું આવ્યું ત્યાં ચાલ્યું જા અને આ કૃતઘ્ની ભલે અંદર સડે !"

૪૪૫–સાચા શાહને સાધ્યા !

એક ફકીર એકાંત વનમાં ખુદાની બંદગી કરતો હતો. તે ઈશ્વરી તેજને હૃદયમાં ધારી આનંદ માણતો. એક દિવસે રસ્તે જતાં માણસો દ્વારા તેણે સાંભળ્યું કે, દિલ્હી શહેરમાં શાહજહાં અને નૂરજહાં રહે છે. અર્થાત્ દુનિયાનો શાહ અને દુનિયાનું તેજ હાલ દિલ્હીમાં બિરાજે છે. આ વાક્યોથી સાંઈબાવાને ધૂન લાગી કે, 'હું જેનું ભજન કરું છું અને જેનું ધ્યાન ધરું છું તે દિલ્હીમાં છે, તો તેનાં દર્શન કરી મારે કૃતાર્થ કેમ ન થવું જોઈએ ?' એમ વિચારી તે નામ ઉપર મોહ પામી દિલ્હી જવા નીકળ્યો. રસ્તામાં સેંકડો કોસ કાપી દિલ્હી આવી પહોંચ્યો અને મહામહેનતે બાદશાહ તથા બેગમને મળ્યો. જેવાં તેણે તેઓને દેખ્યાં કે તરત જ તેના દિલમાં તિરસ્કાર ઉત્પન્ન થયો કે, 'છટ ! આ કયાં દુનિયાનો શાહ અને આ કયાં દુનિયાનું તેજ! ખરેખર આ તો મનુષ્યનાં હાડકાં–ચામડાં છે.' એમ કહી તે શાહ અને તેજ ઉપર ધૂળની ચપટી નાખી એકાંતમાં જઈ સાચા શાહને પરમ પિતા પ્રભુને સાધવા લાગ્યો.

૪૪૬–तुलसीदासे शुं माग्युं ?

તુલસીદાસજી યુવાનવયમાં મહાકામાંધ હતા. જ્યારે તેઓ પ્રભુનો તેમ પ્રભુના ભક્તનો મહિમા સમજ્યા, ત્યારે સામાન્ય માણસ જેમ વિષ્ટાનો ત્યાગ કરે, તેમ કામાંધતાનો ત્યાગ કરી, તેઓ સાચા અંતઃકરણથી ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યાઃ "હે પ્રભો! કૃપા કરીને મને સાચો ભક્ત બનાવજે! જો ભક્ત બનવા જેટલાં મારાં સત્કૃત્યો ન હોય, તો ભક્તને ત્યાં જન્મ આપજે! તેમ બની શકે તેમ ન હોય તો ભક્તોની સેવા કરવાનું મને સોંપજે! તે માગણી વધારે પડતી હોય, તો ભક્તોના દાસનો દાસ તો કરજે જ! આટલું પણ જો કદાચ અશક્ય હોય તો ભક્તોના ઘરની ગાય બનાવજે, જેથી હંમેશાં ભક્તોનાં દર્શન થાય, તો કોઇક જન્મે મારું કલ્યાણ થાય! તે પણ મારા ભાગ્યમાં ન હોય, તો ભક્તોનો ઘોડો બનાવજે, જેથી ભક્તોની સવારીથી હું પવિત્ર થાઉં! હે ભગવાન! છેવટે કહું છું કે, મને તેઓના ફળિયામાં કૂતરો તો જરૂર બનાવજે કે ભક્તોની પ્રસાદીથી હું પવિત્ર થાઉં! અરે પ્રભો! આ છેવટની માગણી તો સ્વીકારવી જ પડશે કે, બીજું કંઇ ન બને તો ભક્તના શરીર ઉપર મને કીડો બનાવજે." ખરેખર, આવી **શુદ્ધ ભક્તિથી** જ તુલસીદાસ ભક્તોમાં અગ્રગણ્ય થયા.

૪૪૭–खुदानो वंदो कोण ?

એક રાજાએ ગુનેગારને ફાંસીની શિક્ષા ફરમાવી. સજા સાંભળતાં જ અપરાધીના હોશકોશ ઊડી ગયા. જિંદગીથી નાઉમેદ બની પોતાની ભાષામાં તેણે રાજાને ઘણી ગાળો દીધી.

રાજા તેની ભાષા સમજતો ન હતો, તેથી પાસે ઊભેલા દુભાષિયાને પૂછ્યું. દુભાષિયે વિચાર્યું કે અપરાધીએ રાજાને ઘણી કથોલી ગાળો દીધી છે. રાજા સાંભળશે તો ક્રૂરપણાથી તેને મારી નાખશે, તેથી તે ઊલટાવીને બોલ્યોઃ "રાજન! તે કહે છે કે, જે માણસ પોતાના ક્રોધને શાન્ત રાખે છે અને જીવો પર દયા લાવે છે, તેને પ્રભુ પોતાનો મિત્ર બનાવે છે!" તે બોલી રહ્યો કે, તરત એક બીજો દુભાષિયો બોલી ઊઠયોઃ "નામદાર! તે તદ્દન જૂઠું બોલે છે. ચોરે આપને બોલી ન શકાય એવી ગાળો ભાંડી છે. તે ચોરનો બચાવ કરવા માગે છે. આ દુભાષિયાને પણ યોગ્ય શિક્ષા થવી જોઇએ." રાજા બધું સમજી ગયો અને બોલ્યોઃ "કદાચ તારી વાત સાચી હશે પણ તે શેતાનિયત ભરેલી છે. તેનાં વાકયો મને ખુદાનો બંદો બનાવવા ચાહે છે. હું પ્રભુનો મિત્ર બનવા માગું છું." એમ કહી તેણે તે કેદીને છોડી દીધો. ત્યારબાદ ખૂની પણ તે દિવસથી સુધરી ગયો.

૪૪૮–વ્યસની સાથે લગ્ન કર્યું!

એક માણસ પૂરો નશાબાજ હતો. તે સારું કમાતો પણ બધું વ્યસનોમાં જ ફના કરતો. ઊલટું તેને માથે દેવું થઇ ગયું હતું. ઊપજથી ખર્ચ અધિક એટલે વ્યસનો તેને પીડારૂપ થઈ પડ્યાં હતાં. બીજી બાજુ તે કુંવારો હતો. એક દિવસ એક સદ્‌ગુણી સ્ત્રીનો તેને ભેટો થયો. પોતાની સાથે લગ્નગ્રંથિથી જોડાવા તેણે તેની પાસે માગણી કરી. સ્ત્રીએ કહ્યું: "તમારી સાથે પરણવા હું ખુશી છું! હું તમારું વચન સ્વીકારવા તૈયાર છું, પણ જો તમારાથી સર્વ દુર્વ્યસનો ત્યાગી

શકાય તેમ હોય તો જ!" વ્યસનીએ સ્તબ્ધ થઇ આંખો મીંચી વિચાર કર્યો કે; 'અહો! આ શાણી સ્ત્રી કહે છે, તે મારા જ ફાયદાનું છે. હું વ્યસનોમાં ઘેરાઇને જ દુઃખ પામું છું.' આ પ્રમાણે વિચારી તેણે સૂર્ય ભગવાનની સામું જોઇ દારૂ વગેરે ભયંકર વ્યસનોનો પેલી સ્ત્રી સમક્ષ ત્યાગ કર્યો. સ્ત્રીએ તેની સાથે લગ્ન કરવાનું કબૂલ કર્યું! લગ્નને દિવસે પ્રતિજ્ઞા કરી, 'બધાં દુર્વ્યસનોનો ત્યાગ' એવા મથાળાવાળું પ્રતિજ્ઞાપત્ર લખી, સારી ફ્રેમમાં મઢાવી સ્ત્રીને કરારનામા તરીકે ભેટ આપ્યું! લોકો આ જોઇ ચકિત થઈ વિચારવા લાગ્યા કે, લગ્નોમાં આવી ભેટ અપાય તો દાંપત્યજીવન સુખમય નીવડે.

૪૪૯–चार साधकों

કોઇ એક મહાત્મા પાસે એક સાધક આવીને કહેવા લાગ્યોઃ "ગુરુજી! હું આપની પાસે રહી શ્રેયસની સાધના કરીશ." સંત બોલ્યાઃ "મારે માટે શેર ચોખા આવે છે, તે મારા પૂરતાજ છે. તું અહીં રહીને શું ખાઇશ?" સાધક બોલ્યોઃ "હું ચોખાના ઓસામણથી નિર્વાહ કરીશ." ત્યાર પછી એક બીજો સાધક આવ્યો. તેણે પણ સંત પાસે રહેવા વિનંતિ કરી. સંતે ઉપરની હકીકત જણાવી, ત્યારે તે બોલ્યોઃ "હું ચોખાનું ધોવણ પીને રહીશ." થોડા દિવસ બાદ ત્રીજો સાધક આવ્યો, તેણે પણ રહેવાની મરજી બતાવી. સંતે કહ્યું: "બે જણ ઓસામણ અને ધોવણથી જીવિકા ચલાવે છે, તું શું ખાઇશ?" તે બોલ્યોઃ "હું ચોખાનું વાસણ ધોઇને જીવન નભાવીશ." એવામાં ચોથો સાધક આવીને કહેવા લાગ્યોઃ "કૃપા કરી મને પણ અહીં રાખો." સંતે ખાવા સંબંધી

વિટંબણા કહી સંભળાવી. તે તરત જ બોલી ઊઠ્યો કે, "પતરાળી ધોઈ પીને મારું ગુજરાન ચલાવીશ." આ પ્રમાણે સાચી ભાવનાવાળા ચારે સાધકો ત્યાં રહ્યા અને જતે દહાડે સિદ્ધ થયા! સંતને ત્યાં અણધારી રીતે પાંચ શેર ચોખા આવવા લાગ્યા.

૪૫૦–अंतःकरण अने जीभ

લુકમાન નામના એક હકીમે રાજદરબારમાં રહી સારી આબરૂ મેળવી હતી. રાજા તેની ઔષધ કરવાની ચતુરાઇ કરતાં તેનાં સમય સમયનાં વાકયો સાંભળી ખુશ ખુશ થઇ જતો અને પોતાના જીવનને શુભ માર્ગે જોડતો. એક દિવસ રાજાએ પૂછયું: "આ શરીરમાં જે સારામાં સારી વસ્તુ હોય તે બતાવો." લુકમાને તરત જ જવાબ આપ્યો કે, "**અંતઃકરણ અને જીભ.**" રાજાએ ફરીથી પૂછયું: "ઠીક, હવે આ શરીરમાં ખોટામાં ખોટી વસ્તુ હોય તે કહો." આ વખતે પણ લુકમાન બોલ્યો કે, "**અંતઃકરણ અને જીભ.**" રાજાએ આશ્ચર્ય પામી પૂછયું: "એમ કેમ બની શકે?" લુકમાને કહ્યું: "નામદાર! અંતઃકરણમાં ભલાઇ અને જીભમાં જ સચ્ચાઇ છે. આ શરીરમાં તે બધાથી ઉત્તમ છે. વળી તે જ અંતઃકરણમાં ખોટી વાસના અને જીભમાં જૂઠાણું છે, માટે તે બધાથી ખરાબ છે. મનુષ્યોએ સારી ભાવના અને સચ્ચાઇથી આગળ વધવું જોઇએ.

૪૫૧–तुं पूर्वजन्ममां कागडो हतो

રામાનુજાચાર્યના મામા શ્રીયાદવ પ્રકાશની પાસે ઘણા વિદ્યાર્થીઓ રહીને ભણતા હતા. રામાનુજ મામા પાસે વેદાંત

ભણતા, પણ મામાના આચરણમાં ફેરફાર હોવાથી તેમાં તેમને પૂરી શ્રદ્ધા બેઠી નહિ. ઘણી વખત તેમને પરસ્પર શાસ્ત્રાર્થ થતો, છતાં શિષ્યભાવ રાખી રામાનુજ વર્તતા. યાદવ પ્રકાશ હંમેશાં ભાણેજ તરફ વૈરવૃત્તિથી જોતા. તેમને મરાવી નંખાવવા સુધીના પ્રયોગો કર્યા, પણ "**રામ રાખે તેને કોણ ચાખે?**" એક વખત કરાંચીના રાજાની કુંવરીને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો. તેને કઢાવવા રાજાએ હજારો ઉપાય કરી જોયા, છતાં કંઈ વળ્યું નહિ. અંતે યાદવ પ્રકાશને બોલાવ્યા. યાદવ પ્રકાશે ઘણા મંત્રોના પ્રયોગો કર્યા પણ કંઇ વળ્યું નહિ. પછી આપોઆપ પ્રકટ થઈ બ્રહ્મરાક્ષસ કહેવા લાગ્યોઃ "તું નકામો પંડિત થઈ ફરે છે. પૂર્વજન્મમાં તું કાગડો હતો, પણ સદ્ભાગ્યથી સાચા વૈષ્ણવોની પતરાળીનું અનાજ ખાવાથી તું બ્રાહ્મણ થયો છે. હજુ પણ તારી કાગદૃષ્ટિ ગઇ નથી. હું પ્રખર વિદ્વાન બ્રાહ્મણ હતો, પરંતુ વિદ્યાને મેં ગુપ્ત રાખી તેથી જ બ્રહ્મરાક્ષસ થયો છું. તારો ગજ અહીં નહિ વાગે. જા, પેલા નિરભિમાની ભ્રૂકુટીમાં દૃષ્ટિ રાખી બેઠેલા શ્રીશેષાવતાર રામાનુજનો મારા માથા ઉપર હાથ મુકાવ, એટલે મારી સદ્‌ગતિ થાય!" પછી રામાનુજના પ્રભાવથી તે બ્રહ્મરાક્ષસની હંમેશને માટે મુક્તિ થઇ.

૨૫૨–તોફાન શમી ગયું

એક મનુષ્યે ભણી રહ્યા પછી એક સુશીલ કન્યા સાથે લગ્ન કર્યાં. વધુ અભ્યાસ માટે દંપતી વિદેશ જવા નીકળ્યાં. તે જે વહાણમાં બેઠાં હતાં તે વહાણ મધ્યદરિયે પહોંચ્યું કે ભયંકર વાવાઝોડાનું તોફાન થયું. વહાણમાં બેઠેલા લોકો

ગભરાઇ ઇશ્વરની સ્તુતિ કરવા લાગ્યા. પેલો મનુષ્ય હસતે ચહેરે એકીટશે સમુદ્રનાં મોજાં સામું જોતો હતો. આ વખતે તેની પત્ની બોલી: "તમે હૃદય વિનાના લાગો છો. બધા લોકો ભગવાનને ભજે છે, ત્યારે તમને હસવું આવે છે!" તેણે દૃષ્ટિ ફેરવીને એકદમ રિવોલ્વર કાઢી પત્નીના ગળા ઉપર ધરી. પત્નીને તેના પ્રેમનો પરિચય હતો તેથી બોલી કે, "એમ કંઇ હું થોડી જ ડરું તેમ છું? તમે ભલે ધરો પણ મારા ઉપર તમારો હાથ ન જ ઊપડે." એમ કહીને તે હસી પડી. ત્યારે તે બોલ્યો: "તને તારા પતિ ઉપર જેવો વિશ્વાસ છે, તેના કરતાં મને જગતપતિ પરમેશ્વર ઉપર હજારગણો વિશ્વાસ છે. વળી તારા પતિ કરતાં તે અનંત સામર્થ્યનો ભંડાર છે. બોલ, મને તે વહાણુ સાથે કેમ ડુબાવશે?" આ છેલ્લા શબ્દો બોલતાંની સાથે દરિયાનું તોફાન શમી ગયું.

૪૫૩–લાલચથી લપટાય છે

એક વૃક્ષ ઉપર મધપૂડો હતો. તેમાંથી મધ ટપકતું હતું. ગળપણથી માખીઓ તે ટીપા તરફ વળવા લાગી. માખીઓને જોઇ કરોળિયાઓ જાળમાંથી ઊતરી માખોને પકડવા દોડયા. કરોળિયાઓ પૂરું ભક્ષણ કરી રહ્યા ન હતા, એવામાં ગરોળીએ આવી કરોળિયા ઉપર આક્રમણ કર્યું. ગરોળી કરોળિયાને પૂરો ગળી યે ન રહી, ત્યાં બિલાડી દોડી આવી અને તેણે તેને પકડી પાડી. ગરોળી હજુ બિલાડીના મોઢામાં છે, ત્યાં પાછળથી મોટા ડાઘિયા કૂતરાએ આવી બિલાડીની ગરદન દબાવી દીધી. ડાઘિયો બિલાડીને ચૂંથતો હતો, ત્યાં વાઘે કૂતરાને પટકી નીચે પાડયો. વાઘ હવે નિરાંતે ખાવાનો વિચાર

મૂળ છે. પછી રાજ્ય, મણિ, કામધેનુ કે કલ્પવૃક્ષને કુસંપીઓ ક્યાંથી સાચવી શકશે? માટે પરસ્પર સંપ રાખે તે માગો." શેઠને આ વાત રુચી અને સંપની માગણી કરી લક્ષ્મી બોલી: "હવે હું જઇ નહિ શકું!"

૪૫૬–एज खरो छे

એક ગામમાં બે મિત્રો હતા. તેમાંનો એક લોકદૃષ્ટિએ પ્રભુનો ભક્ત મનાતો અને બીજો નાસ્તિક ગણાતો. લોકો જેને ભક્ત કહેતા તે પૈસેટકે દુઃખી હતો અને જેને મોજીલો માનતા તે વ્યવહારે સુખી હતો. લોકોને આ વાત રુચતી નહિ; કારણ કે ભક્ત દુઃખી અને નાસ્તિક સુખી તે ઈશ્વરનું અંધેર ગણાય. તે ગામમાં એક મહાત્મા આવ્યા. તેની પાસે લોકોએ ફરિયાદ કરી કે, ઈશ્વરનું ચક્કર અવળું કેમ ચાલે છે?" સંત બોલ્યા: "એમ હોય નહિ." એમ કહીને પોતે પાસેના તળાવમાં પડ્યા અને ઢોંગ કરી બોલ્યા: "હું ડૂબી જાઉં છું. કોઇ પ્રભુનો બંદો હોય, તો મને જલદી બહાર કાઢો." લોકો ગભરાયા. ગામમાં કોલાહલ થઇ રહ્યો, રામ રામ કરતો પેલો ભક્ત પણ ત્યાં આવ્યો. મહાત્મા જીવ બ્રહ્માંડે ચઢાવી જળની નીચે જઇ બેઠા. ભક્ત અને લોકો વાતો કરવા લાગ્યા: "પ્રભુને ગમ્યું તે ખરું. મહારાજ સારા હતા, પણ કમોત થયું, તે ખોટું થયું." એવામાં આ સમાચાર સાંભળી નાસ્તિક આવ્યો. પૂછ્યા વિના તે તળાવની અંદર પડ્યો અને તળિયે જઇ મહાત્માને બહાર ખેંચી કાઢ્યા. બહાર આવી મહાત્મા હસ્યા અને બોલ્યા: "ખુદાનો ખરો બંદો આ મારી જોડે ઊભો છે. પ્રભુને ત્યાં અંધેર નથી પણ તમારે ત્યાં છે."

૪૫૭–ईश्वरने आधीन हतो

એક વખત ઐયાસ પોતાના શિષ્ય સાથે વનમાં ચાલ્યા જતા હતા. તેવામાં નમાજ પઢવાનો સમય થયો, એટલે તેઓ વૃક્ષ તળે નમાજ પઢવા લાગ્યા. એવામાં નજીક આવી સિંહે ઓચિંતી ગર્જના કરી. સિંહની ત્રાડથી શિષ્યનાં તો હાંજાં ગગડી ગયાં. તે ઝાડ ઉપર ચઢી ગયો છતાં ધ્રૂજવા લાગ્યો. ઐયાસે સિંહની સામું પણ જોયું નહિ. તે ખુદામાં તલ્લીન થઈ નમાજ પઢતા હતા. થોડી વાર ઊભો રહી સિંહ ત્યાંથી ખસી ગયો. શિષ્ય ઉપરથી નીચે ઊતર્યો. નમાજ પૂરી થઈ એટલે બેઉ ચાલતા થયા. રસ્તે ચાલતાં ઐયાસને મચ્છરે ચટકો ભર્યો. આથી તે ભયંકર ચીસ પાડી ઊઠ્યા. શિષ્ય બોલ્યોઃ “આ આશ્ચર્યની વાત ગણાય! હાથીને ધ્રુજાવી નાખે તેવા સિંહથી ઉંહકારો પણ ન કર્યો અને નાનાશા મચ્છરના ચટકાથી બૂમ પાડી!” ઐયાસ બોલ્યાઃ “ભાઈ તે વખતે હું પરમેશ્વરના ધ્યાનમાં ડૂબેલો હતો. અત્યારે તારી સાથે–મનુષ્ય સાથે છું.”

૪૫૮–पोथीमांनां रींगणां

એક કથાકાર માણભટ ભક્ષ્યાભક્ષ્ય સંબંધી વ્યાખ્યાન કરતાં બોલ્યા કે, “ડુંગળી અને લસણ તમોગુણી છે અને રીંગણાં ગરમ છે, માટે તે રાક્ષસોનું ખાણું છે. મનુષ્યોએ તે ત્યાગવાં જોઈએ.” આ પ્રસંગે ભટાણી કથામાં આવ્યાં હતાં, તેમણે આ વાત ખાસ ધ્યાનમાં રાખી. એક દિવસ ભટજી બજારમાં થઈ આવતા હતા ત્યાં કૂણાં રીંગણાં દેખ્યાં તેથી શેર લેતા

આવ્યા અને ભટાણીને કહ્યું: "હમણાં સારું મિષ્ટાન્ન ખ
નથી, માટે આજે લાડુ સાથે કસ્તૂરી તથા રીંગણાંનું શ
બનાવ." ભટાણી કહે, "આ શું બોલ્યા? ડુંગળી, લસણ ને
રીંગણાં ખાવાનો તમે કથામાં નિષેધ કહ્યો છે. તમારાથી
કેમ ખવાય?" ભટજી બોલ્યા: "ગાંડી! એ નિયમો લોકે
પાળવાના છે. એ તો પોથીમાંનાં રીંગણાં! આપણે લેવા
નહિ." ભટાણીએ આ વાત લક્ષમાં રાખીને એક દિ
તરકટ રચ્યું. એક અજાણ્યા પુરુષને પોતાની જોડે ખાટ
બેસાડ્યો અને નોકરને કહ્યું કે, "જા, ભટજીને સંભળાવ
ભટાણી પરપુરુષ જોડે હાવભાવ કરે છે." નોકરે આવી વ
કરી. ભટજી લાલપીળા થઇ દાંત પીસતા આવ્યા અ
બોલ્યા: "રાંડ, કુલટા! તેં શું કથામાં પતિવ્રતાના ધર્મ ન
સાંભળ્યા?" તરત ભટાણી બોલ્યાં: "તે તો લોકોને પાળવા
તેમાં આપણે શું?" આ વાક્યથી ભટજી ઠંડાગાર થઈ ગય
પછી કથામાં તેમ બોલવું બંધ કર્યું.

૪૫૯–साची शांतिने चाहनारा हता

એક શાન્ત્યાનંદ નામના સંન્યાસી ઘણી જ ક્ષમાવા
હોવાથી લોકોએ તેમને ક્ષમાસાગર એવું ઉપનામ આ
હતું. તેઓ એક વખત વહાણમાં બેસી કચ્છભુજ જ
નીકળ્યા. તે વખતે તેમની સાથે અત્યંત દુષ્ટ પ્રકૃતિનો એ
માણસ બેઠો હતો. તે જેની તેની જોડે ઝઘડા કરી મુસા
રોને સતાવતો હતો. હવે તે મહાત્માને પણ સતાવવા લાગ્
પ્રથમ તેણે પોતાના ખભાથી મહાત્માને ધક્કા માર્યા. પ
અડપલાં કરવા લાગ્યો. સંત તો કંઈ પણ બોલ્યા નહિ. સંત

માથું ક્ષૌર કરાવેલું ઉઘાડું હોવાથી તે ટકોરા મારવા લાગ્યો! આ વખતે પણ સંત તો શાંત જ હતા. છેવટે એ દુષ્ટે હદ મૂકી અને છરી કાઢી, પછી 'હું શીળીડૉકટર છું' એમ લોકોને કહી, હસતાં હસતાં મહારાજના હાથ ઉપર લિસોટા કરી લોહી કાઢયું! દુષ્ટનું આ કૃત્ય કુદરતથી સહન થયું નહિ, તેથી એકદમ આકાશવાણી થઈ કે, "સંત સિવાય આખું વહાણ ડૂબી જાઓ!" તરત સંત બોલ્યા: "શું હું એવો પાપી છું કે હું જે વહાણમાં બેઠો છું તે વહાણ ડૂબે?" તરત ફરીથી આકાશવાણી થઇ કે, "સંતને સતાવનાર દુષ્ટ માણસ વહાણમાંથી ઊછળી એકલો ડૂબે." ફરીથી સંત બોલ્યા: "અરે! હું કેવો પાપી કે મારી પાસે બેસનારનું બેહૂદું મૃત્યુ થાય!" ત્રીજી વાર આકાશવાણી થઈ કે, "તમારી શી ઇચ્છા છે?" મહાત્માએ કહ્યું: "જે માણસના દુષ્ટ સ્વભાવથી આ બધું બનવા પામ્યું છે, તેનો તે દુષ્ટ સ્વભાવ તેના હૃદયમાંથી નીકળીને સમુદ્રમાં ડૂબે!" પ્રભુની આજ્ઞાથી તેની દુષ્ટતા ચાલી ગઇ અને તે દુષ્ટ સંતના પગમાં પડી સાચી શાંતિનો પાઠ શીખ્યો!

૪૬૦–આ તો મારો ધણી છે!

એક બ્રાહ્મણ રસ્તા ઉપરના મંદિરમાં કથા કરતો હતો. ક્રોધનો પ્રસંગ આવતાં તે બોલ્યો કે, "ક્રોધ કરવો તે હલકામાં હલકું કામ છે. ક્રોધ માણસના હૃદયને બાળે છે. ક્રોધ ચાંડાલ–ભંગિયો છે. ભંગિયાનો સ્પર્શ થાય તો હરકત નહિ પણ ક્રોધનો સ્પર્શ કરશો નહિ." આ વાત રસ્તો વાળતી એક ભંગિયણે સાંભળી. બીજે જ દિવસે સવારે રસ્તામાં ભંગિયણને જોઈ મહારાજ બોલ્યા: "ઊભી રહે, ધૂળ ઊડે છે." એટલે તે

બોલી: "હજારો માણસો આવે-જાય છે. જો હું વારંવાર ઊભી રહું તો આખા દિવસમાં પણ આ રસ્તો વાળી શકું નહિ." આથી પંડિતનો પિત્તો ખસ્યો અને તે ભવાં ચઢાવી બોલ્યા કે, "કમજાત! તારાથી સામું બોલાય જ કેમ?" એમ કહી એક ઈંટાળો મારી ક્રોધ ઠાલવ્યો. ભંગિયણને તો આવા ઢેખાળા અને ગાળો સાંભળવાનો નિત્યનિયમ જેવું હોવાથી રીસ ચઢી નહિ, પણ ક્રોધ ભંગિયો-ચાંડાળ છે એ પુરાણીના મુખથી ગઈ રાત્રે જ સાંભળ્યું હતું; તેથી બજાર વચ્ચે પંડિતનો હાથ પકડીને તેને ઘર તરફ ઘસડવા લાગી. પંડિતને ગભરાગણ થઈ. લોકો "હેં હેં શું કરે છે?" એમ બોલતા ભેગા થયા. ભંગિયણ બોલી: "હું રસ્તામાં વાળતી હતી. પંડિતને ધૂળ ઊડવાથી ક્રોધ ચઢ્યો છે. ક્રોધ તો ચંડાળ છે. આને ક્રોધ ચઢ્યો છે માટે આ ભંગિયો મારો પતિ થાય. તે કાલે કથામાં પણ આમ બોલતા હતા, તેથી હું મારા ભંગિયાને મારે ઝૂંપડે લઈ જાઉં છું." પંડિત શરમિંદો થઈને કહેવા લાગ્યો: "બાઈ બાઈ! મને છોડ, હવે હું કોઈના ઉપર ક્રોધ નહિ કરું."

૪૬૧–राजाना सलाहकारो

એક રાજાના દેશમાં જોડા પહેરવાનો રિવાજ ન હતો. અત્યારે પણ આફ્રિકા ઇત્યાદિ કેટલાક પ્રદેશમાં જોડા પહેરાતા નથી. તે રાજાને એક જ પુત્રી હોવાથી ઘણી વહાલી હતી. એક દિવસ રમતાં રમતાં કુંવરીને સખત કાંટો વાગ્યો. આથી તે રાજા પાસે આવી બહુ રડવા લાગી. રાજાને પણ પ્રિય પુત્રીને રડતી જોઈને ઘણું દુઃખ થયું. તેથી તેણે માણસોને [illegible]ની કાંટાથી રક્ષણ કરવાનો ઉપાય પૂછ્યો. કોઈએ

જણાવ્યું કે, "કાંટા હોય તે કાપી નાખવા અને નવા થવા ન દેવા." ત્યારે બીજો બોલ્યોઃ "કાંટા વિના ખેતરનું રક્ષણ ન થાય, માટે ઉપયોગ પૂરતા રાખી બાકીના સળગાવી દેવા." ત્રીજો બોલ્યોઃ "બાકી રહેલા કાંટા કોઇ દિવસ પણ વાગે ખરા, માટે રાજપુત્રીને ફરવાના પ્રદેશમાં ચામડું મઢી લેવું." અવિચારી રાજાને ત્રીજાનો મત સારો લાગ્યો. તેણે મંત્રીને હુકમ કર્યો કે, "આનાકાની કર્યા વિના આપણા સ્થાનની આસપાસ દસદસ ગાઉ જમીન પર ચામડું જડી દો." દીવાન સમજુ હતો, તેથી તરત કાંઇ બોલ્યો નહિ. થોડા દિવસ પછી રાજકુમારીને પગે બેસતા જોડા લઇને આવ્યો અને બોલ્યોઃ "જોઇતું ચામડું મળતું નથી. ચામડું જડવાથી ખેતરો નાબૂદ થશે. વળી વરસાદ આવતાં ચામડું ગંધાઇ ઊઠશે, તેથી કુંવરીને પગે ચામડું પહેરાવીએ તો ઠીક." એમ કહી કુંવરીને જોડા પહેરાવ્યા. એટલે કુંવરી રાજી થઇ. રાજાને પણ પોતાનો હુકમ અવિચારી લાગ્યો અને દીવાનને ધન્યવાદ આપવા લાગ્યો.

૪૬૨–पुत्रवधूए स्वर्ग रच्युं !

એક વણિકની સ્ત્રી આળસુ તેમ લોભી સ્વભાવની હતી. તેનો પતિ મોટો વેપારી હોવાથી ઘણી વાર તેને ત્યાં આસપાસનાં ગામડાંના લોકો આવતા. આવનારને ખાવાનું પૂછવાનું તો એક બાજુએ રહ્યું, પણ પાણીનો પણ ભાવ તેની સ્ત્રી પૂછતી નહિ. વાણિયાનું સ્ત્રીની પાસે ચાલતું નહિ, તેથી તે મીઠી વાણીથી આવનારની સરભરા કરતો. તે જ્યારે ઉઘરાણી કરવા જતો ત્યારે લોકો પણ તેનો ખાવાનો ભાવ પૂછતા નહિ. આથી તે આખો દિવસ ભૂખ્યો રહેતો. જોડે ડબરાં

બાંધી જાય તે ખાઈને ચલાવતો. એવામાં તેની સ્ત્રી મરી ગઈ અને પુત્રવધૂના હાથમાં ઘરનો કારભાર આવ્યો. તે સુઘડ, ભણેલી અને ડાહી હતી; તેથી તે ગમે તે આડતિયાને ભોજન-પાણીનું પૂછ્યા વિના રહેતી નહિ. એક દિવસ શેઠને ઉઘરાણીએ જવાનું હોવાથી સાથે લઈ જવાને ભાથું તૈયાર કરવા કહ્યું, ત્યારે પુત્રવધૂ બોલી: "પિતાજી! ભાથું આગળ મોકલ્યું છે." શેઠ આશ્ચર્ય પામ્યા અને તેના વચન પર વિશ્વાસ રાખી ઉઘરાણી કરવા ગયા. તે જ્યાં જાય ત્યાં લોકો તેને કહેવા લાગ્યા: "આજે તમારે રોકાવું જ પડશે. ભોજન લીધા વિના જવાય જ નહિ." આવા આગ્રહથી શેઠ રાજી થયો અને લોકો સમક્ષ બોલ્યો: "**જો ઘરમાં અણઘડ સ્ત્રી હોય તો દેવાલય જેવા ઘરને ભૂતાલય બનાવે છે અને જો સુઘડ સ્ત્રી હોય તો નાનાશા ઝૂંપડામાં સ્વર્ગ રચે છે.**"

૪૬૩–શેઠનું જ્ઞાની કુટુંબ

એક શેઠ ઘણો પુણ્યશાળી અને સત્સંગી હતો. તે હંમેશાં ઈશ્વરભજન અને પુણ્યદાનમાં જ મચી રહેતો હતો. પોતાની વૃદ્ધાવસ્થા જોઈ પોતાની સ્ત્રીને તે કહેવા લાગ્યો:—

कृतं नव मया दानं, श्रृणु मम वचः प्रिये ।
मृत्युर्ममागतश्चैव सप्ताऽथ दश वादिनम् ॥ १ ॥

"હે પ્રિય સ્ત્રી! મારું વચન સાંભળ. મારાથી જેવું [illegible] તેવું પુણ્યાદિ થઈ શક્યું નથી અને મારું મૃત્યુ હવે [illegible] અથવા દશ દિવસમાં આવશે." તે શેઠને એ સ્ત્રીઓ [illegible] નાંખી એક બોલી:—

सप्त दिनानि सर्वाणि द्वौ गतौ जन्ममृत्युना।
पंच दिनानि ह्यायुः गर्वं संधार्यते कुतः ॥ २ ॥

"સર્વનું આયુષ્ય સાત દિવસનું જ હોય છે. બે દિવસ જન્મમરણના જાય છે. એટલે પાંચ દિવસ મનુષ્યનું આયુષ્ય છે. તેમાં દસ દિવસનો ગર્વ શા માટે ધરાવો છો?" ત્યારે બીજી સ્ત્રી બોલી:—

श्रृणु मम वचः भद्रे सम्यक् सुप्तो नरो निशि।
न पश्यति ह्युषाः कालं, दिवसानां तु का कथा॥ ३ ॥

"હે ભદ્રે, કલ્યાણકારી આચરણવાળી, મારું વચન સાંભળ. રાત્રિમાં સારી રીતે સૂતેલો મનુષ્ય પ્રાતઃકાળ પણ દેખતો નથી, તો દિવસોની વાત શી કરવી?"

ત્યાર પછી તેની પુત્રી બોલી:—

पित्रा नैव यथा बुद्धं, मातृभ्यां नैव बुध्यते ।
घटिका द्वय कालेन, न जाने किं भविष्यति ॥ ४ ॥

"પિતાએ જેવી રીતે ન જાણ્યું, તેવી રીતે બેઉ માતાએ પણ યથાર્થ જાણ્યું નહિ. કારણ કે બે ઘડીમાં શું થશે તે હું નથી જાણતી." ત્યારે દાસી બોલી:—

न बुद्धं पितृ मातृभ्यां, कन्यया नैव लक्ष्यते ।
बहिर्देशे गते श्वासे, का प्रमा पुनरागमे ॥ ५ ॥

"પિતાએ ન જાણ્યું, બે માતાઓએ પણ ન જાણ્યું, તેમજ કન્યાએ પણ યથાર્થ જાણ્યું નહિ; કારણ કે આ પ્રાણ બહાર નીકળે છે, તે પાછો જ આવશે, તેનું શું પ્રમાણ છે? અર્થાત્ કંઇ નહિ." આ પ્રમાણે તે કુટુંબમાં આવી વૈરાગ્યથી ભર આનંદની ગોષ્ઠિ થતી હતી. ધન્ય છે એવા કુટુંબને ક્લેશને સ્થાન જ નથી.

४६४–सौं ईश्वरने सोंपी वाणोतर वनो

એક રાજા બહુ સજ્જન હતો. તે ન્યાયપૂર્વક પ્રજાપાલન કરતો. પ્રજા પણ તેના ઉપર પ્રસન્ન રહેતી. છતાં રાજા ઉપરામ રહી દુઃખ પામ્યા કરતો. તે એક દિવસ ગામ બહાર મહાત્મા રહેતા હતા, તેમની પાસે ગયો અને તેમને બધી વાત કહી. "મને એવો ઉપાય બતાવો કે, આ રાજ્યનું દુઃખ દૂર થાય." મહાત્માએ કહ્યું કે, "તું મારે નામે રાજ્ય કર. કારણ કે તું માહિતગાર છે, પ્રજા તારા પર પ્રસન્ન છે. તારે વાપરવા જોઈએ તેટલો તારો પગાર સમજવો. નફોનુકસાન જે થાય તે તું મારે નામે રાખજે." રાજાએ એ પ્રમાણે કબૂલ કર્યું. પછી રાજાની મમતા ઊડી ગઈ અને રાજ્ય બહુ સારી રીતે ચલાવ્યું. પણ તેમાં ફરી મોહ પામ્યો નહિ. આ પ્રમાણે સર્વ વસ્તુ ઈશ્વરને સોંપી આપણે માત્ર ઈશ્વરના વાણોતર બનીએ તો સુખી થઈએ.

४६५–गुनो कबूले तेने नोकर राखवो

એક બાદશાહે વજીરને કહ્યું કે, "એક આદમીને ખોળી લાવો, તેની પરીક્ષા કરીને ખાસ મારી પાસે નોકર રાખીશ." વજીર ગામમાં જઈ તપાસ કરી એક કુશળ માણસને ખોળી લાવ્યો. બાદશાહે તે નોકરને કહ્યું: "પેલો કાચનો પ્યાલો લાવો." એટલે પેલો માણસ તે લાવ્યો. બાદશાહે ફરી તેને કહ્યું: "તેને ફેંકી દો." તેણે ફેંકી દીધો, એટલે પ્યાલો ભાંગી ગયો. બાદશાહે કહ્યું: "કેમ તોડી નાખ્યો?" નોકરે કહ્યું: "હજૂરે જ ફેંકી દેવાનું ફરમાવ્યું હતું, તેમાં મારો

શો વાંક?" બાદશાહે કહ્યું: "આને કાઢી મૂકો, આ માણસ નોકરીને યોગ્ય નથી." તેને કાઢી મૂક્યો અને બીજા નોકરને પસંદગી માટે લાવવામાં આવ્યો. તેને પ્યાલો ફેંકવાનું કહ્યું, એટલે તેણે તે ફેંક્યો અને ફૂટી ગયો. બાદશાહે કહ્યું કે, "કેમ ફોડયો?" તે બોલ્યો: "હજૂર મારી કસૂર થઇ, માફ કરો." બાદશાહે તેને હજૂરી નોકર તરીકે રાખી લીધો. બાદશાહ જીવ્યો ત્યાં સુધી તે નોકરને પોતાનો પ્યારો ગણીને રાખ્યો. વજીરે એક દિવસ નોકરો સંબંધી રહસ્ય પૂછ્યું, ત્યારે બાદશાહે જણાવ્યું કે, "તે નોકર જ ઉત્તમ ગણાય છે, જે પોતાની ભૂલ કબૂલ કરે અને પોતાના માલિકનો ગુનો પણ પોતાને માથે લઇ લે." આ ઉપરથી સમજવાનું એ છે કે, પરમાત્મા સહુનો માલિક છે અને સુખદુઃખ કર્માધીન છે; માટે મનુષ્યે ઈશ્વરને દોષ ન દેવો, પણ તેના ગુણો જ ગાવા, જેથી પરમાત્મા પોતાનો કરી સ્થાપે છે.

૪૬૬–उदार ते लोभी ने लोभी ते संतोषी

કોઇ એક ગામમાં એક ઘણો જ ઉદાર માણસ રહેતો હતો. તેની પાસે દાનમાં નહિ આપવા જેવી વસ્તુ કંઇ હતી નહિ. તેની પાસે કોઇ મહાત્માએ જે કંઈ માગ્યું, તે તેણે માગતાંની સાથે આપી દીધું. મહાત્માએ કહ્યું: "તું બહુ લાલચુ માણસ છે." બીજો એક કૃપણ મનુષ્ય હતો તેની પાસે આપવા જેવું કંઈ નહોતું. અર્થાત્ બીજાનું લેવાનું ઇચ્છે પણ પોતાની પાસેથી પાઈ પણ ન આપે તેવો હતો. તેની પાસે પેલા મહાત્માએ કંઈક માગ્યું. તેણે તે ન આપ્યું. મહાત્માએ કહ્યું: "તું ઘણો સંતોષી માણસ છે." કોઇએ મહાત્માને પૂછ્યું કે, "આપ આમ

ઊલટું કેમ બોલો છો? ઉદારને લાલચુ ને લાલચુને ઉદા કહો છો, તેનું રહસ્ય સમજાવો." મહાત્મા બોલ્યાઃ "દા દાતા છે તે એ માટે લાલચુ છે, કે તેને એકના હજાર મળશે છતાં તૃપ્ત નહિ થતાં આપ્યા જ કરે છે. લોભિયો સંતોષ એ માટે છે કે, તે કંઈ દાન આપતો નથી, તેથી તેને આગળ મળશે પણ નહિ; છતાં ભવિષ્ય માટે કરવા જેવી ચિંતા પણ તે કરતો નથી અને સંતોષ રાખી દાન આપતો નથી તેથી તે સંતોષી છે." મહાત્માનાં વચનોનું રહસ્ય સાંભળી તે સંતોષ પામ્યો.

૪૬૭–साचो न्याय

સત્ય વાત માને નહિ, કરે નકામી હઠ.
તે માટે આ ન્યાય છે, ત્યારે સમજે શઠ.

કોઈ એક વાણિયો વ્યાપારમાં ખોટ જવાથી દેવાદાર થઈ ગયો. લેણદારોએ બહુ સતાવ્યો, ત્યારે રાત્રિએ પોતાની સ્ત્રીને લઈને સાસરે જવા નીકળ્યો. સસરાના ગામની ભાગોળે જઈ સ્ત્રીને પહેલી મોકલી અને કહ્યું કે, "તને સારી રીતે આવકાર આપે તો પછી મને બોલાવજે, નહિ તો ચાલી આવજે." તે ગઈ. તેને સારો આવકાર મળ્યો નહિ, તેથી તે પાછી ચાલી આવી. વાણિયો બોલ્યોઃ "ચાલો આપણે અહીંથી પાછા, જેણે પેટ ઘડ્યું તે પોષણ કરશે." એમ કહી પાછાં ચાલ્યાં. સ્ત્રી સગર્ભા હતી. પોતાના ગામની પાસે આવતાં પ્રસૂતિનો સમય થયો. ત્યારે તે બાજુના ખેતરમાં બેઠી. પુત્રનો જન્મ થયો. પછી બાળ કને દાટાવેલો ચીકણો ભાગ (ઓર) તેને દાટવા નિ... ...ાડો ખોદવા માંડ્યા, તો તેમાંથી ચરુ નીકળ્યો. તે

ઘણો રાજી થયો અને પત્નીને લઈ જલદી ઘેર આવ્યો. પછી લેણદારોને દેવું ચુકાવી દીધું. લોકો આશ્ચર્ય પામ્યા. 'આટલા બધા પૈસા ક્યાંથી કાઢ્યા?' એમ પૂછતાં તેણે સાચેસાચી વાત કહી. ખેતરવાળો તેને ત્યાં ઝઘડો કરવા આવ્યો, ત્યારે બાકી વધેલું આપવા માંડ્યું. પણ તેણે તે લીધું નહિ અને તેના પર દાવો કર્યો. વાણિયો અદાલતમાં ગયો અને જુબાનીમાં સાચેસાચું જણાવ્યું. સાચા મનુષ્યોને સાચા મનુષ્ય ઉપર પ્રેમ થાય છે, તેથી સાચા ન્યાયાધીશે ખેતરવાળાને કહ્યું કે, "તારો બાપ તેને ત્યાં પુત્રરૂપે જન્મ્યો છે, તેથી જન્મતાંની સાથે જ ચરુ તેને મળ્યો છે. માટે એ ચરુ ઉપર તારો કંઇ હક્ક નથી."

૪૬૮–इन्द्रियनिग्रह

જલ બાંધું, થલ બાંધું, બાંધું જલકી કાય,
મીરાં સૈયદ બાંધું, હનુમાનકી દોહાઈ.

એક ગામમાં એક મિયાં રહેતો હતો. તે દોરાધાગા કરી ગુજરાન ચલાવતો હતો. એક વખતે વરસાદ વરસવાથી તેના ઘરમાં છાપરું ચૂઇને પાણી પડવા લાગ્યું. ત્યારે બીબી બોલીઃ "મિયાંજી, છાપરું ટપકે છે તેને સુધારીને બીજું કામ કરજો. વરસાદનો સમય છે વખતે બધો સામાન બગડશે." મિયાંએ કહ્યુંઃ "તેમાં શી વાર? કરી નાખીશ." એવામાં મિયાંને કોઇ ઝાડા નાખવા બોલાવવા આવ્યું. એટલે મિયાં હાથમાં છરી લઇ તૈયાર થઇ ગયા. બીબીએ વિચાર્યુંઃ 'શું કરે છે તે જઈને ખરી.' તો મિયાં હાથમાં ચર જમીન ઉપર ઉપરનો દોહો બોલ્યો. અ બોલી ઠાંગ ; એવામાં પાછ

એક ધોલ લગાવી બોલીઃ "ભડવા, અહીં આવી જાળસ્થળ બાંધે છે અને ઘરનું છાપરું તો બંધાતું નથી ! તું શું તારું કપાળ બાંધવાનો છે ?" મિયાં નાસીને ઘેર ગયો અને ઝટ છાપરું બાંધવા લાગ્યો. કહેવાની મતલબ એ છે કે, જે મનુષ્યો પોતાના શરીરનાં છિદ્રો–ઇન્દ્રિયોને બંધ ન કરે અને દુનિયાને સુધારવા નીકળી પડે, તે કદી બની શકે નહિ. માટે પ્રથમ પોતાની સર્વ ઇન્દ્રિયોને શુભ રસ્તે વળાવીને પોતાની જાતને સુધારવી અને પછી જ બીજાને સુધારવા નીકળવું.

૪૬૯–सुखदुःख तो मननी मान्यता छे

કોઈ એક ગામના બે મનુષ્યના બે પુત્રો ધન કમાવા વિદેશ ગયા હતા. તેઓ ઘણાં વર્ષો ત્યાં રહી, ઘણું સારું કમાયા. તેમાંથી એક મરી ગયો અને બીજો કમાણી લઈ ઘેર આવતો હતો. એક ધૂર્તે આ વાત જાણી, એટલે થોડા દિવસ આગળથી દેશમાં આવી ઊલટું કહ્યું જેનો છોકરો મરી ગયો હતો તેને કહ્યું કે, "તમારો છોકરો પુષ્કળ કમાણી લઈને આવે છે." અને જેનો કમાઈને આવતો હતો તેને કહ્યું કે, "તમારો છોકરો મરી ગયો છે." આથી જીવતા છોકરાવાળો શોક કરવા લાગ્યો અને મરી ગયેલા છોકરાવાળો ઉત્સવ કરવા લાગ્યો. આમ થવાનું કારણ એ છે કે, ઈશ્વરરચિત છોકરો મરી ગયો છે અને મનરચિત છોકરો જીવે છે અને બીજાનો ઈશ્વરરચિત છોકરો જીવે છે અને મનરચિત મરી ગયો છે. તેથી જીવતા છોકરાવાળો શોક કરે છે અને મરેલા છોકરાવાળો આનંદ કરે છે. જ્યારે તે છોકરો આવ્યો, ત્યારે શોક કરવાવાળો રાજી થયો અને પ્રસન્નતાવાળો શોક કરવા

લાગ્યો. સમજવાનું એ છે કે, ઈશ્વર કોઈને સુખદુઃખ નથી આપતો, મનની માનેલી સૃષ્ટિ સુખદુઃખ આપે છે. અર્થાત્ સુખદુઃખ એ કેવળ મનની માન્યતા છે.

૪૭૦–मनभूतोनो जय

मनसा विजयः सम्यक् कर्तव्यो भूतवत्सदा।
धनिनात्रै वशं नीत्वा प्राणरक्षा यथाकृता ॥

અર્થાત્ મનનો વિજય ભૂતની પેઠે સારી રીતે કરવો. જેવી રીતે ધનિકે ભૂતને વશ કરીને પ્રાણરક્ષા કરી હતી.

કોઈ એક માણસે સ્મશાનમાં મંતરજંતર જપી વિક્રમની પેઠે ભૂતને વશ કર્યું અને તેને શહેરમાં વેચવા આવ્યો. એક શેઠે પૂછ્યું કે, "તે શું કામ આવશે ?" ભૂતવાળાએ જવાબ આપ્યો: "કરોડો માણસનું તથા કરોડો ગાઉનું કામ તે જલદી કરી નાખે છે. દૂષણ માત્ર એટલું જ છે કે નવરું રહે ત્યારે તે તેના માલિકને જ ખાવા દોડે છે." શેઠને દેશાવર બહુ દુકાનો હતી તેથી પૂરતી કિંમત આપી તેને ખરીદી લીધું. પછી તેને કામે વળગાડ્યું. પણ સપાટામાં કામ કરી તે પાછું આવે અને "કામ બતાવ નહિ તો તને ખાઈ જઈશ" એમ કહે. શેઠને ચિંતા પેઠી. શું કરવું તે સૂઝે નહિ. એવામાં એક સંન્યાસી ગામમાં આવેલા, તેમની પાસે જઈ પોતાનું દુઃખ કહ્યું. તેમણે યુક્તિ બતાવી કે, "કામ હોય ત્યાં સુધી કરાવી લેવું અને પછી ઘરના આંગણામાં એક વાંસડો રોપી તેના ઉપર ચઢવા–ઊતરવાનું તેને સોંપવું [illegible] પ્રમાણે શેઠે કર્યું. આથી [illegible] પડી ગયું અને [illegible] યું. સમજવાનું કે

મહાન વેગવાળું છે. તેને ગુરુ કહે તે પ્રમાણે હૃદયમાં રામ-નામરૂપી વાંસ ઉપર ચઢવાઊતરવા માંડે તો વશ થાય તેમ છે.

૪૭૧–તમારું નાક પહેલેથી કપાયું છે!

એક રાજાને એક પુત્રી હતી. તે મીરાંબાઈ જેવી સંસ્કારી હતી. તેને હંમેશાં એ વિચાર આવતો કે, નારીનું શરીર પરાધીન હોઈ તેમાં અનેક પ્રકારનાં સંકટો છે. સુખ તો લેશ નહિ. તેણે એક દિવસ એક જ્ઞાની મહાત્માની કથામાં સાંભળ્યું કે, "મનુષ્ય માતાના પેટમાં નવ માસ રહી પીડાયો. અંતે તેણે બહુ દુઃખી થતાં પરમાત્માની સ્તુતિ કરી અને કહ્યું કે, 'હે ઈશ્વર! જો તું મને આ દુઃખમાંથી છોડીશ તો તારું ભજન કરી તને જ પામીશ. હું બહુ જ ભટક્યો છું, માટે હવે તને નહિ ભૂલું.'" એ સાંભળીને તે બાળાને સંસાર ભયંકર ભાસવા લાગ્યો. ઈશ્વરને ભજવાનો નિશ્ચય કરી, તે રાત્રિએ ઘેરથી નીકળી પડી અને વૃંદાવન જઈ પહોંચી. ત્યાં રહી પરમાત્માનું એવું ધ્યાનભજન કરવા માંડ્યું કે, ખાવુંપીવું પણ ભૂલી જવા લાગી. અમુક દિવસે તે રાજાને ખબર પડી તો તે લેવાને આવ્યો અને કહેવા લાગ્યો કે, "તું મારા કુળમાં કલંકરૂપ થઈ, તેં મારી આબરૂ ઉપર પાણી ફેરવી, મારું નાક કાપ્યું. ભગવાનને ભજી કેટલા તરી ગયા? એ તો બધા ઢોંગ છે. ચાલ ઘેર, રથમાં બેસી જા." બાળા કંઈ રીતે કાચી ન હતી. તેણે પુષ્કળ તપ કર્યું હતું. તેથી તેનામાં તપનું તેજ પણ આવ્યું હતું. તેથી તે બોલી: "તમારા કુળને કલંક પ્રથમથી જ લાગેલું છે, આબરૂ પણ બગડેલી છે અને તમારું નાક કપાયે ઘણાં વર્ષો થઈ ગયાં, કારણ કે તમે ગર્ભમાં કબૂલ કરેલ ઈશ્વરને ભજવાનું

છોડી દીધું છે. મેં તો તમારું નાક કાપ્યું નથી, મેં તો રાખ્યું છે, એમ જાણજો. ઈશ્વર સર્વત્ર છે, તે આંધળો નથી. પ્રહ્લાદે તેના પિતા હિરણ્યકશિપુને ઈશ્વર બતાવ્યો હતો. તમારે પણ જોવો હોય તો કરો તેના જેટલું જોર, તો હમણાં બતાવું." રાજા સમજી ગયો કે, 'હવે પુત્રી પરમાત્માની હદ સુધી પહોંચી ગઇ છે;' તેથી રાજા પોતાને ઘેર પાછો આવ્યો.

૪૭૨–जोषीनो पुत्रने उपदेश

એક મહાન જ્યોતિષી હતા. તેમનું રાજ્યમાં સારું માન હતું. તેથી ત્યાં ગાદીએ બેસતા. એવામાં તેને ત્યાં પુત્રનો જન્મ થયો. પુત્રની કુંડળી મૂકી તો પુત્ર વીસ વર્ષનો થાય ત્યારે ચોરી કરે ને રાજાનો મહાન ગુનેગાર થાય એવું આવ્યું. જોષી તો એ જોઇ ગભરાયા, પણ સમજુ હોવાથી પુત્રને પાસે રાખી એવો ભણાવવા માંડયો કે, દરેક ધર્મશાસ્ત્રો ભણાવી દીધાં. કર્મવિપાક નામનો ગ્રંથ પણ ભણાવ્યો. એમ કરતાં છોકરો યુવાન થયો. એક દિવસ તે ઓટલે બેઠો હતો એવામાં ચોરોની એક ટોળી નીકળી. તેમણે કહ્યું: "ચાલ ચોરી કરવા." ત્યારે તેણે રાજી થઈ કહ્યું: "તૈયાર છું." સૌ સાથે ગયા અને "મારવો તો મીર" એ વચનાનુસાર રાજ્યભંડાર તોડયો. ચોરો અનેક પ્રકારનાં હીરામાણેક લેવા લાગ્યા. જોષીના પુત્રે જે વસ્તુ લીધી તેમાં ધર્મશાસ્ત્ર અનુસાર તેને દોષ જણાયો. તેથી તે છોડતો ગયો. તેને એકે વસ્તુ નિર્દોષ ન જણાઇ. છેવટે ઘોડા બાંધેલા હતા તે સ્થળે ગયો અને ત્યાં ડાંગરનાં છોડાં દીઠાં. તે તેને નિર્દોષ લાગ્યાં. કારણ કે ધર્મશાસ્ત્રમાં તેને માટે દોષ નથી લખ્યો. ગાંસડો બાંધી તે જેવો દરવાજે નીકળ્યો તેવો

પોલીસે તેને રોક્યો અને તે ચોર છે એમ સમજીને પકડયો. સવારે તેને કચેરીમાં લાવવામાં આવ્યો. ત્યાં રાજા સાથે તેનો બાપ પણ બેઠેલો હતો. રાજા હસવા લાગ્યો. પંડિતે કહ્યું: "જરા ગાંસડી છોડી જુઓ." એટલે ગાંસડી છોડી, તો તેમાંથી ડાંગરનાં છોડાં નીકળ્યાં! રાજાએ છોડાં લેવાનું કારણ પૂછ્યું. તેણે બધું જણાવ્યું. રાજાએ જ્યોતિષીનો અને તેના પુત્રનો બહુ સત્કાર કર્યો. સમજવાનું એ છે કે, જો મનુષ્ય ધારે તો પુરુષાર્થથી પ્રારબ્ધને પણ ફેરવી નાખી શકે છે.

૪૭૩–भक्ति केवी करवी?

प्राणस्य संचाहेतु यथा प्राणस्य प्रियता।
तथा भगवद्भक्तिश्चे त्को न मुंच्यद्धि वधनात्॥

અર્થાત્ પ્રાણના ચાલવામાં જેવો પ્રાણ વહાલો છે, તેવી ભગવાનની વહાલપણે ભક્તિ હોય તો બંધનમાંથી કોણ મુક્ત ન થાય?

એક શિષ્ય ગુરુ પાસે રહેતો અને સેવા કરી યથાશક્તિ ઈશ્વરભક્તિ કરતો હતો. તે ગુરુને કહેતો કે, "શાસ્ત્રમાં ભક્તિવાળાને ભગવાન મળવાનું કહ્યું છે. છતાં મને નથી મળતા તેનું કારણ શું?" ગુરુએ વધારે ન બોલતાં કહ્યું: "અવશ્ય મળશે. હૃદયને સુધારી ઈશ્વર તરફ વાળો." શિષ્યને આ સમાધાન ઠીક ન લાગ્યું. તે ગુરુ જાણી ગયા. તેથી નદીમાં સ્નાન કરવા સાથે ગયા. શિષ્યે ડૂબકી મારી ત્યારે ગુરુએ તેને પાણીમાં દબાવ્યો. શ્વાસ રોકાવાથી તે મૂંઝાયો અને ગુરુને માથું મારીને પાડી નાખ્યા અને જળ બહાર માથું કાઢયું. પછી ગુરુ સાવધાન થઈને બોલ્યા કે, "પ્રાણ બચાવવા બધાં વિઘ્નો

દૂર કરીને તેને બચાવી લીધો. તેવી રીતે ઈશ્વરદર્શન વિના મૂંઝાઈને બધાં વિઘ્નો દૂર કરી મહેનત કરશો તો ઈશ્વર કેમ ન મળે?"

૪૭૯–जनमेजय अने व्यास

પાંડવો આદિના પિતાની ઉત્પત્તિ વ્યાસથી થઈ હતી; તેથી પાંડવો પર વ્યાસનો સ્વાભાવિક પ્રેમ રહેતો. વ્યાસ ઘણી વાર તેઓની પાસે આવી સમજાવતા, તે વાત મહાભારતમાં સ્પષ્ટ છે. મહાભારતના યુદ્ધ પછી છત્રીસ વર્ષ રાજ્ય કરી પાંડવો પરીક્ષિતને રાજ્યગાદી આપીને હિમાલય તરફ ચાલ્યા ગયા. પછી પરીક્ષિતે તો બાપદાદાઓની પેઠે રાજ્ય કર્યું હતું. અંતે બ્રાહ્મણના શાપથી શ્રીમદ્‌ભાગવતની સપ્તાહ સાંભળ્યા પછી, તક્ષક નામના નાગના કરડવાથી તેમણે દેહત્યાગ કર્યો હતો. તેમનો પુત્ર પ્રતાપી જનમેજય થયો. પોતાના પિતાને સાપે માર્યો છે એ વાત સાંભળી, તેણે સર્પસત્ર–યજ્ઞ કર્યો અને તેમાં સર્પોનો ઘાણ વાળ્યો. તેને એક વખત વ્યાસ ઉપદેશ આપવા આવ્યા ને બોલ્યા કે, "કળિયુગે હવે કૃષ્ણ વિનાની ભૂમિને ઘેરી લીધી છે. તું પણ તેનાથી બચી શકશે નહિ, માટે ઉત્તર દિશામાં જવું નહિ; અને જાય તો સ્ત્રી મળે તેને લાવવી નહિ, અને લાવે તો તે કહે તે પ્રમાણે કરવું નહિ; તેમ કરે તો યજ્ઞનો ઘોડો ખરીદવો નહિ; કદાચ ખરીદે તો યજ્ઞ કરીશ નહિ; યજ્ઞ કરે તો યુવાન બ્રાહ્મણને વરુણીમાં ન બેસાડીશ; જો બેસાડે તો તું શસ્ત્ર વિના બેસજે; જો શસ્ત્ર લઈને બેસે તો ક્રોધ કરીશ નહિ; અને જો ક્રોધ કરે તો હથિયાર ઉગામીશ નહિ; નહિ તો તને અઢાર બ્રહ્મહત્યા લાગશે. આટલું હું કહું છું, છતાં ભવિષ્ય બધું તારી પાસે કરાવશે અને તને હત્યાઓ

લાગશે." તે પ્રમાણે તેને બ્રહ્મહત્યાઓ લાગી. વ્યાસે કહ્યું હતું છતાં પ્રારબ્ધને તે ટાળી શક્યો નહિ. આમ કોઈ સ્થળે પ્રારબ્ધ મુખ્ય ભાગ ભજવે છે, તો કોઈ સ્થળે પુરુષાર્થ મુખ્ય હોય છે.

૪૭૫–अज्ञानी पासे ज्ञानी

એક પંડિત ઘણા વિદ્વાન અને ઉપદેશક હતા. તેઓ ગામેગામે ફરીને લોકોને સત્યમાર્ગનો ઉપદેશ કરતા હતા. તેથી લોકો પણ તેમના પર પૂર્ણ પ્રીતિ રાખતા. તેઓ જ્યારે એક ગામથી બીજે ગામ જતા ત્યારે લોકો તેમને વળાવવા નીકળતા. લોકો તેમનો સત્કાર કરે, પગે લાગે "પાછા જલદી પધારી લાભ આપજો," ઇત્યાદિ વિનય કરતા. એક વખત એક ગામને પાદરે આ રીતે લોકો મહારાજને વળાવવા આવેલા. આ બધું એક બકરાં ચારનાર ભરવાડ દૂરથી જોતો હતો. તેણે વિચાર કર્યો કે, "આ એકલો માણસ કેટલાંને પગે પડાવી રહ્યો છે? બધાં મૂર્ખાં છે! એક એક ધોલ મારે તો પણ તેને મારી નાખે, પણ કોણ જાણે તેમણે તેનો શો ગુનો કર્યો છે કે પગે પડી રહે છે! અહીં આવવા દે, હું જ એને સીધો કરીશ." તે પંડિતે શુભ આશીર્વાદ આપી લોકોને પાછા વાળ્યા અને 'ઈશ્વરભજન કર્યા કરજો' એમ કહી આગળ રસ્તો કાપવા માંડ્યો. એટલે તેમણે ભરવાડને ગાળો દેતો, ઊંચી ડાંગ લઈ આવતો જોયો. તે બોલતો હતો કે, "ઊભો રહે, આજે તને પાંસરો કરું, તું બધાનો ગુરુ થઈને ફરે છે, આજે હું તારો ગુરુ મળ્યો છું." એમ બોલીને જેવી લાકડી મારવા જાય છે, તેવા જ તે પંડિતે સમયસૂચકતા વાપરી મોંમાં તરણું લઈ કહ્યું કે, "તું મારો ગુરુ છે, મારીશ નહિ." પછી તે

ભરવાડ બોલ્યોઃ "શેઠજી, હવે ઘાસ ઉપાડવું પડ્યું ને?"

"જ્ઞાનીના ગુરુ અને અજ્ઞાનીના દાસ,
તેં ઉપાડી લાકડી ત્યારે મેં ઉપાડ્યું ઘાસ!"

સમજવાનું કે મૂર્ખની જોડે સમય વર્તી ચાલીએ તો જ બચીએ.

૪૭૬–જાણું છું પણ નથી જાણતો

જીવની આશા ડુંગર જેવડી મરણ પગલાંને હો,
નાનામોટા મરી ચાલિયા લાખો લખપતિ શા?
ભૂલ્યો મન ભમરા, તું ક્યાં ભમ્યો?

એક મનુષ્ય નાની ઉંમરમાં સાધુ થયો હતો. તે એક ગામમાં ભોજન લેવા ગયો હતો. જેને ત્યાં ભોજન લેવા ગયો હતો, તે બાઇ વિદુષી હતી. તેણે નાની ઉંમરના સાધુને દેખીને પૂછ્યું કે, "આટલું બધું વહેલું કેમ?" સાધુએ કહ્યું: "હું એ બધું જાણું છું, છતાં નથી જાણતો." આ પ્રમાણે વાત થઇ તે પાડોશીની સ્ત્રીઓ ન સમજી શકી; તેથી કેટલીક તો વહેમાવા લાગી. તેમાંની એકે જઇ પૂછ્યું: "બહેન! તમારે સાધુની જોડે શી વાત થઇ એ સમજાવો." તે બાઈ બોલી: "મેં નાની ઉંમરનાએ સાધુને જોઇને પૂછ્યું કે, "આટલું બધું વહેલું કેમ? અર્થાત્ આશ્રમો ચાર છે, તેમાં પ્રથમ પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળી, પછી બીજાં પચીસ વર્ષમાં ગૃહસ્થાશ્રમ ભોગવી, ત્રીજાં પચીસ વર્ષ વાનપ્રસ્થમાં રહ્યા પછી સંન્યાસ લેવાનો સામાન્ય વિધિ છે. પંચોતેર વર્ષ પછી ધારણ કરવાનો આશ્રમ તમે નાની વયમાં કેમ ધારણ કર્યો? તેનો જવાબ સાધુએ આપ્યોઃ 'એ બધું હું જાણું છું છતાં નથી જાણતો' અર્થાત્ હું જાણું કે, બ્રહ્મચારી ભૂલ્યા ગૃહી

મવેત્। એટલે કે બ્રહ્મચારી રહીને ગૃહસ્થાશ્રમી બન ' પણ શરીર ક્યારે પડી જશે તે નથી જાણતો માટે જ જલદી કર્યું છે.'"

૪૭૭–जे करो ते विचारीने करो

એક રાજા હતો. તેણે બાજ પક્ષી પાળ્યું હતું. તે હંમેશાં તેની જોડે જ રહેતું હતું. એક વખત વજીરને સાથે લઈ રાજા શિકાર કરવા ગયો. સાથે પેલું બાજ પક્ષી પણ હતું. ઘોર જંગલમાં જતાં તૃષા લાગી. તેણે વજીરને કહ્યું કે, "ગમે ત્યાંથી પાણી લાવ, નહિ તો પ્રાણ જવાનો વખત છે." વજીર પાણી લેવા ગયો અને રાજા વડ તળે બેઠો. વડ ઉપર સમડીનો માળો હતો. તેમાં તે બેઠી બેઠી મરેલ સાપને ખાતી હતી. તેની ઝેરી લાળ નીચે પડતી હતી. રાજાએ જાણ્યું પરમાત્માએ મારે માટે પાણી મોકલ્યું છે. તેને વાસણમાં થોડુંક ઝીલવા લાગ્યો કે, તરત જ બાજ પક્ષીએ ઝપટ મારી ઢોળી નાખ્યું. રાજા તૃષાતુર હોવાથી અકળાઈને ક્રોધાતુર થયો અને પક્ષીને મારી નાખ્યું. એવામાં વજીર પાણી લઈને આવ્યો. રાજાએ પાણી પીધું અને બધી હકીકત કહી. વજીરે ઊંચે જોયું તો સર્પની લાળ હતી, પછી પોતાને ઉગારનાર બાજ પક્ષીને યાદ કરીને તે રાજા રડવા લાગ્યો. પણ પછી પસ્તાવો શા કામનો?

૪૭૮–साधुओ संयमी केम होय छे?

એક જંગલનિવાસી મહાત્મા એક રાજાને ત્યાં આવી ચડ્યા. રાજાએ તેની સરભરા સારી કરી, પણ સંશય થયો કે, સાધુઓ આપણી પેઠે ખાવાપીએ તો તેઓ ઇન્દ્રિયનિગ્રહ

કેમ કરી શકતા હશે?" મહાત્મા તેના મનની વાત સમજી ગયા. તેથી તેને સમજાવવા ઝોળીમાંથી કામોત્તેજક બુટ્ટી આપી અને તેનાથી રાજાને કામે બહુ સતાવ્યો. હવે તો રાજાની શંકા વધી કે આવી બુટ્ટી રાખનાર સાધુ કોઇ દિવસ ઇન્દ્રિયનિગ્રહ કરી શકે જ નહિ. બીજે દિવસે મહાત્મા આવ્યા ત્યારે રાજાએ તેમને પૂછ્યું. મહાત્મા કહે: "એમ હશે." પછી પહેલાંના કરતાં દસગણી બુટ્ટી ખવરાવી અને કહ્યું કે, "સવાર થતાં તારું મૃત્યુ થશે." એમ કહી મહાત્મા ચાલ્યા ગયા. રાજાએ જાણ્યું કે, મહાત્માના કહ્યા પ્રમાણે હું મરી જઇશ. એટલે તેને નિદ્રા ન આવી. ઘડી ઉપર ચઢે ને નીચે આવે. આખી રાત મહા દુઃખમાં કાઢી. સવાર થતાં મહાત્માએ પૂછ્યું: "બુટ્ટીએ કેવી અસર કરી?" રાજાએ કહ્યું: "બુટ્ટીની અસરને કોણ જાણે છે? મરણના ડરથી મરીએ છીએ." પછી મહાત્માએ કહ્યું: "તેવી જ રીતે સાચા મહાત્માઓ મરણને નજીક દેખે છે. તેથી તેમને કામ વ્યાપતો નથી. આ તારા પ્રશ્નનો ઉત્તર છે." આથી રાજા ઘણો ખુશી થયો, તેનો સંશય ટળી ગયો અને મહાત્માને પગે લાગ્યો.

૪૭૯–हरिना भजननो महिमा

પ્રીતમનાં ભજનો ગામેગામ સ્ત્રી, વૃદ્ધ, બાળ ઇત્યાદિ કંઠે કરી ગાતાં હતાં. એક સ્થળે પંડિતોની સભા ભરાઇ હતી. તે સ્થળે કોઇએ પ્રીતમનાં ભજનો ગાઇ પ્રીતમનાં વખાણ કર્યાં. ત્યારે પંડિતો બોલી ઊઠ્યા કે, "તે તો બારોટ છે અને કવિતા કરવી તે તેનો ધંધો છે, તેમાં તેણે શી નવાઇ કરી?" તે વાત પ્રીતમે જાણી ત્યારે તેમણે લખ્યું કે:—

હરિભજન ઘડી છોટા હોય તે સહુથી મોટા થાય,
તનતાપ ટળે જન્મમરણનાં સંકટ સર્વે જાય—(૧)
દાસીસુતથી શું હીનપણું જેનું પુણ્યપવિત્ર ચરિત્ર તણું
થયા નારદ મન ગોવિંદ તણું;—હરિ૦
જુઓ શુકદેવજીનું મૂળ શોધી, સજનો ઘાતી તે પશુશોધી,
થયા આપે ઈશ્વર અક્રોધી—હરિ૦
જુઓ વાલ્મીકિજીની વાત ખરી, જેણે દરભશાળામાં દેહ ધરી,
તેણે શતકોટિ રામાયણ કરી—હરિ૦
જુઓ માંડવ્યની મેડકી માતા, જુઓ વશિષ્ઠ વેશ્યા વિખ્યાતા,
જુઓ ચતુરાનન પંકજજાતા—હરિ૦
જુઓ અગસ્ત્ય કુંભથી પ્રગટ થયા અંજલિમાં સાગર શોષી ગયા,
તે તો વિશ્વ વિષે વિખ્યાત થયા—હરિ૦
જુઓ એકલશૃંગી હરણીના, વળી વ્યાસમુનિ વણકરણીના,
જુઓ સૂતપુરાણિક કુણ કરણીના?—હરિ૦
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તે ગંગા સરખું થઈને પળે,
જેમ પારસપરસે લોહ ટળે—હરિ૦
એમ જાતભાત સહુની જાણી, હરિ ભજે તે હરિસરખા પ્રાણી,
કહે પ્રીતમ ઓળખે અંધાણી—હરિ૦

પરમાત્માનો મહિમા અગાધ છે. એમ કહેવાય છે કે, તે જીવન્મુક્ત મહાત્માનું શરીર હોય, ત્યાં ગમે તેવો દુકાળ પડે તો પણ ચોટાધણો વરસાદ વરસે છે. અવશ્ય રાગદ્વેષરહિત જીવન્મુક્ત પુરુષો જ્યાં રહેતા હોય ત્યાં કુદરત પણ અનુકૂળ વર્તે છે.

२८०–स्वामीश्री मधुसूदन सरस्वती

શ્રીમધુસૂદન સ્વામી પૂર્વ આશ્રમથી જ મહાન વિદ્વાન હતા. તેમણે પછી શ્રદ્ધાથી અને મહેનતથી ગાયત્રીપુરશ્ચ-

રણ કર્યું; તો પણ મનવાંછિત ફળ ન પામ્યા; ત્યારે બીજું પુરશ્ચરણ કર્યું, તો પણ કંઈ ફળ ન દેખ્યું. આથી તેઓ કંટાળ્યા અને દેવો ઉપરથી શ્રદ્ધા ઉઠાવી લગભગ નાસ્તિકતા પ્રવર્તાવવા લાગ્યા. વિદ્વાન પુરુષોની વાક્જાળ અટપટી હોય છે. જે વસ્તુ લે તેને યુક્તિ-પ્રયુક્તિથી સિદ્ધ કરે અને બીજી વસ્તુનું હજારો તર્કોથી ખંડન કરે છે. મધુસૂદને પણ તેમજ કરવા માંડ્યું. એક મહાત્માએ વિચાર્યું: "આ ઠીક થતું નથી." તેથી મધુસૂદન પાસે જઈ એક મંત્ર આઠ દિવસ જપવાની વિનતિ કરી. પ્રથમ તો મધુસૂદને આ માન્યું નહિ; પણ તેમણે આગ્રહ કર્યો ત્યારે સ્વીકાર્યું. આઠ દિવસ જતાં કાલિકા પ્રસન્ન થઈ ત્યારે મધુસૂદને પૂછ્યું: "હે માતા! તું આઠ દિવસમાં પ્રસન્ન થઈ અને મેં બે ગાયત્રીપુરશ્ચરણ કર્યાં તેનું કંઇ ફળ જ મળ્યું નહિ; તેનું શું કારણ?" દેવી બોલી: "તેં પૂર્વજન્મમાં અમુક મહાપાપ કર્યું છે. તેનો પ્રતિબંધ છે; હવે એક વધુ પુરશ્ચરણ કરીશ એટલે તને વિષ્ણુ દર્શન આપશે. પરમાત્મા તો ખરી કસોટી કરીને જ પ્રસન્ન થાય અને અમાપ ફળ આપે." મધુસૂદને તે પ્રમાણે કર્યું, એટલે તેમના પર ઈશ્વર પ્રસન્ન થયા. તેમણે "અદ્વૈતસિદ્ધિ" "મધુસૂદની ગીતા" ઇત્યાદિ ગ્રંથો લખ્યા છે.

૪૮૧–विद्यारण्यनी विरक्ति

વિદ્યારણ્ય નામે શંકરાચાર્યની ગાદીએ એક આચાર્ય થઇ ગયા છે. એમણે ઘણા ગ્રંથો લખ્યા છે. તેમાં પંચદશી ગ્રંથ જગજાહેર છે. તેઓ પૂર્વાશ્રમમાં સાયણ આચાર્ય હતા, એમ કેટલાકનું કહેવું છે. જેમ તેમ હો, પણ તેઓ આદર્શ પુરુષ

હતા. તેઓ અત્યંત દરિદ્રાવસ્થા ભોગવતા હતા અને બુક્ક ભૂપતિના આશ્રિત છતાં નિર્લોભી હતા. રાજાએ એક વખત તેમની પરીક્ષા લેવા માટે શૌચ જવાના સ્થળમાં સોનાની ઇંટો મૂકી. વિદ્યારણ્યે તે જોઇ. परद्रव्येषु लोष्टवत् એવી બુદ્ધિવાળા થઇને ઇંટો પર શૌચ ગયા. રાજા આ બધો બનાવ જોઈ ચકિત થયો. સ્વામી દિવ્ય સિદ્ધિથી પોતાની આજીવિકા ચલાવવા ચાહતા હતા; તેથી તેમની વૃત્તિ ઇશ્વર સિવાય અન્યમાં નહોતી. તેમણે અનેક ઉપાસનાઓ કરી પણ કંઈ વળ્યું નહિ, ત્યારે તેમણે સંસારત્યાગ કરી સંન્યાસાશ્રમ ગ્રહણ કર્યો અને વિદ્યારણ્ય નામ રાખ્યું. તેમની પાસે અને પંડિત માધવાચાર્ય પાસે બુક્ક ભૂપતિએ વેદોનું ભાષ્ય કરાવ્યું હતું. જે હાલ પણ મળે છે. ધન્ય છે એવા આચાર્યોને અને રાજાઓને!

४८२–परवडी बंधावो, हंस आवशे

કોઇ એક રાજાને હંસનાં દર્શન કરવાની ઇચ્છા થઇ, પણ ક્યાં જઇને કરવાં તેને માટે [illegible] ગામમાં એક મહાત્મા આવ્યા. રાજાએ મહાત્માને [illegible] મહાત્માએ જવાબમાં જણાવ્યું કે, "[illegible] હંસનાં દર્શન થવાં મુશ્કેલ છે કારણ કે [illegible] નથી. માટે ગામમાં તું બધા [illegible] પ્રકારનું અનાજ–પાણી [illegible] સમજ કર. હંસને માટે પણ [illegible] તેમાં સાચાં મોતી રાખી મૂક [illegible] માની તે મુજબ કર્યું [illegible] [illegible]

મહાત્માને પૂછ્યું: "હજુ સુધી હંસ આવ્યા નહિ અને કદાચ આવે તો શાથી ઓળખાય?" મહાત્માએ જણાવ્યું: "તેઓના પગ રાતા અને શરીર ધોળું હોય છે. તેઓનો ખોરાક સાચાં મોતીનો અને દૂધનો હોય છે. દૂધ અને પાણી એકઠાં હોય તો પણ તે દૂધ પી જઈ પાણી મૂકી દે છે." તે લક્ષણ રાજાએ લક્ષમાં રાખ્યું. એક દિવસ મહાત્માના કહેવા પ્રમાણે એક હંસનું ટોળું આવી ચડયું અને આખરે રાજાની જિજ્ઞાસા પાર પડી. આથી રાજાને અપાર આનંદ થયો.

સમજવાનું એ છે કે, ગૃહસ્થાશ્રમી કે કોઈ જ્ઞાનપિપાસુ માયા અને ઈશ્વરને જુદાં કરી ઈશ્વરાનંદનો જ આહાર કરનાર હંસને ખોળે, તો તેણે પરબડી બંધાવવી અર્થાત્ રહેઠાણ કરી ખાવા પીવાની સગવડ રાખવી. કોઇ એક દિવસ વિરલ હંસ આવી જાય.

૪૮૩—जडभरत अने रहूगण राजा

रहूगणै तत्पसान याति न चेज्यया निर्वपणा द्र हाद्वा ।
न च्छंदसा नैव जलाग्नि सूर्यैः विना महत्पाद रजोणेभिकात् ॥

અર્થાત્ "હે રહૂગણ, પરમાત્મપદ તપથી, યજ્ઞથી, સંન્યાસથી, વેદથી, જલથી, અગ્નિથી કે સૂર્યથી નથી મળતું, પણ મોટા પુરુષની સેવાથી મળે છે."

ઉપર્યુક્ત જડભરતની અવશિષ્ટ જિંદગી એવી વિલક્ષણ હતી કે, બાલોન્મત્ત, પિશાચવત્-બાળ, ગાંડા અને તરંગીની પેઠે તેઓ વર્તતા હતા. પૂછનાર જે શબ્દ પૂછે તેનો ઉત્તર પણ તે જ અક્ષરમાં આપે. ખેતીમાં પાણી લઇ જવાની નીકની પાળ પર તેમના ભાઈઓએ પાળ ફાટેતૂટે નહિ તેની સંભાળ રાખવા

મૂકયા. પાળ તૂટી ગઇ પણ પોતે પોતાનો અખંડાનંદ પ્રવાહ ન તૂટે તેના લક્ષમાં હતા. એવામાં ભાઇઓ આવ્યા અને જે સ્થળે પાળ તૂટી હતી તે સ્થળે સુવરાવી તેના ઉપર ધૂળ નાખી ચાલ્યા ગયા. જડભરત ત્યાં ને ત્યાં સાંજ સુધી સૂઇ રહ્યા. સાંજે જ્યારે બહાર કાઢ્યા ત્યારે નીકળ્યા !

એક વખત એવું બન્યું કે, રહૂગણ નામનો રાજા પાલખીમાં બેસી કપિલમુનિનાં દર્શન કરવા જતો હતો. પાછા આવતાં એક પાલખી ઉઠાવનાર ભોઇ માંદો પડ્યો. આથી બીજા માણસને ખોળતાં જંગલમાંથી જડભરત મળી આવ્યા. તેમને લઇ ગયા અને પાલખી ઉપડાવી ચાલતા થયા. ચાલતાં ચાલતાં કીડીઓનું દર આવ્યું. ત્યાં કીડીઓ પગ તળે કચરાઇને મરી ન જાય માટે જડભરતે ઠેકડો માર્યો. આથી રાજાને પાલખીમાં આંચકો લાગ્યો. એટલે તે ક્રોધ કરી બોલ્યોઃ "મારી નાખીશ." બધાએ પેલા નવા ભોઇનો વાંક કાઢ્યો. પછી જડભરત બોલ્યાઃ "શું મારી નાખીશ? नैनं छिन्दति शस्त्राणि नैनं दहति पावकः । આ વાકય સાંભળી રાજા એકદમ પાલખીમાંથી કૂદકો મારી જડભરતના ચરણમાં પડ્યો અને બોલ્યોઃ "આપ ગૂઢ જ્ઞાની છો, મારો અપરાધ માફ કરો." આજે જડતા મૂકી જડભરત બોલ્યાઃ "કોનો દોષ? કોણ માફ કરે? ફિકર ન કરો. દેહાભિમાન છોડી આત્માભિમાન વધારો. આત્મા નિર્દોષ છે. તેમાં માફ કરવાનું કંઇ હોય નહિ. દેહ દોષથી ભરપૂર છે, તેમાં માફ કર્યે પૂરે નહિ. માટે અભિમાન છોડવું આવશ્યક છે." પછી रहूगणे सततगान यानि । ઇત્યાદિ ઉપદેશ શ્રીમદ્ ભાગવતમાં આપ્યો છે. ધન્ય છે આવા મહાપુરૂષોને !



૪૮૪–आजे मोंघा महेमानने वळाव्यो

એક સ્થળે શ્રીરામ જેવા શ્રોતા અને વસિષ્ઠ વક્તા તથા યોગવાસિષ્ઠ જેવા ગ્રંથની કથા થતી હતી. ત્યાં કોઈ મોડું આવતું નહોતું. બધા કથાને મુખ્ય જીવન માનતા હતા. ખાવાનું ભૂલે પણ કથામાં જવાનો સમય ન ભૂલે. તે વક્તા "પોથી-માંનાં રીંગણાં" જેવા નહોતા. તેમ જ શ્રોતાઓ "તુમ બકતે હો ઔર હમ સુનતે હૈ!" એવા નહોતા. તે સ્થળ વૈકુંઠ આદિને વિસરાવી દે એવું સાત્ત્વિક હતું. ગમે તેવો તપ્ત થયેલો મનુષ્ય ત્યાં આવી શાંત થાય. કોઈ મોડું આવે તો પંડિત સારી રીતે ટોકે. જેને ટોકે તે પોતાના હિતનું માની રાજી થાય. એક દિવસ પંડિત પોતે જ અર્ધો કલાક મોડા આવ્યા. એટલે બધા શ્રોતા કહેવા લાગ્યા કે, "આજે પંડિતજીને આપણે ટોકીશું, ઘણે દિવસે વારો આવ્યો છે." એવામાં પંડિતજી આવ્યા અને ઘણાએ વાર થવાનું કારણ પૂછયું ત્યારે પંડિતજીએ કહ્યું: "આજે એક મોંઘો મહેમાન વળાવ્યો એટલે જરા વાર થઇ. એ માટે હું સભા પાસે ક્ષમા માગું છું." જેનો કથાકાર આટલો વિનયવાળો હોય તેના શ્રોતા કેટલા વિનય-વાળા હશે? "કયા ગામનો મહેમાન હતો?" એમ સૌ કોઇએ પૂછયું ત્યારે પ્રફુલ્લિત ચહેરે તે બોલ્યા: "આપણા કરુણા-શંકરનો આજે દેહ છૂટી ગયો. તે મહેમાન જ ગણાય, કારણ કે મેં ગૃહસ્થાશ્રમ માંડયો ત્યાર પછી તે મારે ત્યાં જન્મ્યો અને પછી ગયો. બધા સંબંધો જ એવા છે." શ્રોતાજનો આશ્ચર્ય પામ્યા કે આનું જ નામ શુકદેવજી અથવા જનક વિદેહી. આવા વક્તા હોય ત્યાં શ્રોતાઓને અસર થયા વિના રહેતી નથી.

४८५–दुष्टनो जलदी संग करवो नहि

वक्रैः क्रूरतरैर्लुब्धैर्न कुर्यात्प्रीति संगतिम् ।
वसिष्ठस्या हरद्धेनुं विश्वामित्रो निमंत्रितः ॥

અર્થાત્ "વાંકા, ક્રૂર અને લોભીની જોડે પ્રીતિ કે સંગ કરવો જ નહિ. વિશ્વામિત્રને નિમંત્રણ આપ્યું ત્યારે તેણે વસિષ્ઠની ગાયનું હરણ કર્યું."

ગાધી રાજાના પુત્ર વિશ્વામિત્ર પોતાના સૈન્ય સાથે એક વખત વસિષ્ઠ મુનિના આશ્રમ પાસે નીકળ્યા. વસિષ્ઠજીએ તેમને ભૂખ્યાતરસ્યા જાણી નિમંત્રણ આપ્યુ કે, "આજે અહીં રોકાઈ જાઓ." વિશ્વામિત્રે સૈન્ય સાથે આશ્રમની પાસે પડાવ નાખ્યો. વસિષ્ઠ પાસે નંદિની ગાય હતી. તે કામદુઘા ગાયના પ્રભાવથી વસિષ્ઠે ક્ષણવારમાં બધા સૈનિકો સાથે વિશ્વામિત્રને ભોજનની અનેક સામગ્રી પહોંચાડી. નાની સરખી ઝૂંપડીમાંથી મોટા મહેલમાંથી ન નીકળે એવા પદાર્થો નીકળતા જોઈ વિશ્વામિત્ર ચકિત બની ગયા અને મહા મુનિને પૂછ્યું: "આ બધા પદાર્થો તમે ક્યાંથી લાવો છો?" મુનિએ કહ્યું કે, "આ નંદિની ગાયનો બધો પ્રતાપ છે." હવે વિશ્વામિત્રની ગાય માટે નજર બગડી અને ગાય માગી. પણ "દેવતાઈ ગાય રાજસી રાક્ષસસદૃશ રાજાઓને ત્યાં ન રહે" એમ કહી વસિષ્ઠજીએ મના કરી. વિશ્વામિત્રે સૈન્યના બળ વડે તે ગાયને બળાત્કારે બાંધીને ઉપાડી. આ મહામુનિના તપથી દેવતાઈ ગાયનું રક્ષણ કરવા હજારો દેવતાઈ સૈનિકો હથિયારબંધ નીકળી આવ્યા. ક્ષણવારમાં વિશ્વામિત્રના સૈન્યને છિન્નભિન્ન કરી નાખ્યું. હવે વિશ્વામિત્રને લાગ્યું કે, તપોબળ આગળ

સૈન્ય વગેરેનું બળ નકામું છે. તેથી રાજ્ય છોડી ઉગ્ર તપ કર્યું અને પ્રથમ રાજર્ષિ બન્યા. પછી અંતે જ્ઞાની, નિર્વેર અને ક્ષમાયુક્ત થઇ વસિષ્ઠ દ્વારા જ બ્રહ્મર્ષિની પદવી પ્રાપ્ત કરી.

સમજવાનું એ છે કે, મૂર્ખ માણસો ગુણ ઉપર અવગુણ કરે છે અને સારા માણસો બીજાનું ભલું જ ઇચ્છે છે.

૪૮૬–तमाकु और गधेडानो वाद

शंकरो मां गृह्णाति त्वं किम् त्यजसि गर्दभ ।
नरो गर्दभतां याति गर्दभस्य तु का कथा ॥

અર્થાત્:–" શ્રીશંકર મને ગ્રહણ કરે છે તો હે ગધેડા! તું મને કેમ છોડે છે? (ગધેડાએ જવાબ આપ્યોઃ) મનુષ્ય તને અડવાથી ગધેડો થાય છે તો ગધેડાની શી દશા થાય?"

એક ગધેડો ચરતો હતો. ચરતો ચરતો તે તમાકુના ખેતરમાં જઇ ચઢયો. ત્યાં જઇ તે બીજાં ઘાસને ખાવા લાગ્યો અને તમાકુને તારવી મૂકી. આથી અપમાન માની તમાકુ બોલીઃ "અરે ગધેડા, તને લોકો નીચ કહે છે તે પ્રમાણે તું તો નીચ જ છે. કારણ કે ખાખરની ખિસકોલી સાકરના સ્વાદને શું જાણે? મહાદેવજી પણ મને ગ્રહણ કરે છે અને તું હલકી જાતનો મારો ત્યાગ કરે છે. તારા મનમાં તું શું જાણે છે?" ગધેડો બોલ્યોઃ "હું નીચ નથી પણ નીચ તો તું જ છે. કારણ કે હું પૂર્વજન્મમાં મનુષ્ય હતો પણ ત્યાં મેં તારો સંગ કર્યો, તેથી ગધેડાની યોનિ પામ્યો છું. હવે આ યોનિમાં તારો સંગ કરું–તને ખાઉં તો કોણ જાણે મારી શી હાલત થાય? મહાદેવજી તો તમાકુ ખાતા જ નથી. તેનો દાખલો તો ખોટો આપે છે. મહાદેવજી તો ભુવનમય-

भंग व्यसनिनः। ભુવનના ભયને ભાંગવાના વ્યસનવાળા છે. ત્યારે મૂર્ખાઓએ મયભંગનો અર્થ ભાંગ બેસારી દીધો!" એમ કહી તે ગધેડાએ તે દિવસથી બીજા ખેતરમાં ચરવાનું રાખ્યું. એક કવિએ ઠીક જ કહ્યું છેઃ-

હુક્કાસે હુરમત ગઇ, નિયમ ધર્મ ગયે છૂટ,
દાને બેચ તમાકુ લેત, ગઈ હિયેકી ફૂટ.
ગઈ હિયેકી ફૂટ, ચલમ લઇ ઘરઘર ડોલે,
ચંગા કોઈ ના કહે, મુખોસે મંદા બોલે.
કહે ગિરધર કવિરાય યમોકા આવ્યા રૂક્કા,
પ્રાણ જાયગા છૂટ તભી નહિ છૂટે હુક્કા.

ભાંગ આદિ વ્યસનોની બૂરાઇ વિષે કવિએ કહ્યું છે કે,

હુક્કા હુસ્ત્રા પીવતા, અફીણ હરામી ખાઈ,
ભાંગ મરદ નહિ પાંવતા દુષ્ટ પોસતી ખાઈ.
દુષ્ટ પોસતી ખાઈ ચર્ષકા પીવનહારા,
ઝુર ઝુર કર મર જાય મહાપાપી હત્યારા.
કહે ગિરિધર કવિરાય ઇન્હોંમેં કોઈ નહિ સુસ્થા,
પીવત જો શરાબ ફિરે ગલિયોમેં લુચ્ચા.

૪૮૭–साची सती

એક બાલિકાને નાનપણથી સાવિત્રી, અરુંધતી, અનસૂયા વગેરે દેવીઓનાં સાચાં ચરિત્રો ભણાવવામાં આવ્યાં હતાં. તેથી તે દેવીઓના પ્રભાવની છાપ આ બાળા પર બહુ જ ઊંડી પડી હતી. તેને જ્યારે સાસરે મોકલી ત્યારે માતાએ શિખામણ આપીઃ "હે પુત્રી! સ્ત્રીજીવન હમેશાં પરાધીન છે. તેને પાર ઉતારવું બહુ કઠિન છે. જો સારાં માબાપ, શુભસંસ્કાર, કુટુંબ, સારો પતિ અને ઈશ્વરની સારી કૃપા હોય તો જ

અબળા પવિત્ર જીવન ગુજારી શકે છે. વળી યાદ રાખજે કે આપણાથી મોટાને પિતાતુલ્ય અને નાનાને પુત્રતુલ્ય અને સરખી ઉંમરના હોય તેમને ભાઇની સમાન માનીને વર્તવું, તો કોઈ પ્રકારની આંટીઘૂંટી જીવનમાં નડશે નહિ."

આ શાણી બાળા સાસરે ગઇ. તે સારા સ્વભાવની હોવાથી આખા કુટુંબને પ્રિય થઇ પડી. તેના પતિનો તો તેના પર અગાધ પ્રેમ વધ્યો. તેનો પતિ તેને નામથી બોલાવવા ચાહતો, પણ રૂઢિચુસ્તોથી ડરી બોલાવી શકતો નહિ. એક દિવસ અતિ પ્રેમ ઊભરાવાથી તે બોલ્યો કે, "આવ બેસ, તું તો મારા ઘરની તેમ જ કુળની લક્ષ્મી છો." આ પવિત્ર સ્ત્રીને લક્ષ્મીની ઉપમા સારી લાગી નહિ તેથી સાસુ પાસે જઇ બોલીઃ—

"સાસુ! તુમરા પુત્રને ધર્યો લક્ષ્મી મુજ નામ,
વે કુતિયા ઘર ઘર ફિરે મેં કાકે ઘેર જાવ?"

ડોસીએ પુત્રને કહ્યું: "બેટા! તું તેના ખરા નામથી બોલાવજે પણ લક્ષ્મી ઇત્યાદિ નામથી બોલાવીશ નહિ." ખરેખર! આવી જ શિક્ષિત અને સંસ્કારી સ્ત્રીઓ પોતાને અને પતિને ઉજાળે છે.

૪૮૮–सत्य अने न्याय

चदो सत्यं वदेरसत्यं न वदेन्नानृतं कदा।
पश्चात्तापा द्वदन्सत्यं वन्दी मुक्तश्च वंधनात् ॥

અર્થાત્ સદા સાચું જ બોલવું, જૂઠું કોઇ દિવસ બોલવું નહિ. પશ્ચાત્તાપ કરી સાચું બોલતાં એક કેદી જેલમાંથી છૂટો થયો.

એક ધર્મપાલ નામના રાજાએ યોગ્ય શિક્ષણ આપી પોતાના યશોવર્મા નામના કુમારને ગાદીએ બેસાડ્યો અને પોતે તીર્થસ્થળમાં જઇ રહ્યો. યશોવર્માએ રાજ્યમાં ઘણા સુ-

ધારા દાખલ કર્યા. યોગ્ય રાજાની યોગ્ય પ્રજા તે બધા હક્કો સુખસંપથી ભોગવતી. તે એટલો બધો સરળ હતો કે સહુની દાદ પોતે જ પ્રેમથી સાંભળી નિવેડો કરતો. સત્યનો દાસ અને જૂઠનો શત્રુ આ રાજા કોઈ કામ સારી રીતે તપાસ્યા વિના સાહસથી કરતો નહિ. એક વખત તે કેદીઓની પરીક્ષા લેવા જેલમાં ગયો. ત્યાં માત્ર પાંચ જ કેદીઓ હતા. તેઓને પૂછ્યું: "કેવા ગુનાથી તમે જેલમાં આવ્યા છો?" તેમાંનો એક બોલ્યો: "મેં કંઈ પણ અપરાધ કર્યો નથી. કારણ વિના મને અહીં લાવી મૂકવામાં આવ્યો છે." પછી બીજાએ કહ્યું: "મેં કોઈનું બગાડ્યું નથી છતાં પોલીસોએ મારી આ હાલત કરી છે." ત્રીજાએ જણાવ્યું: "મેં લેશ પણ નુકસાન કર્યું નથી, માત્ર ખોટા શકથી મને અહીં બેસાડી મૂક્યો છે." પછી ચોથો બોલ્યો: "હું શાહુકાર છું, મારા ભાગિયાએ મારી નકામી આ સ્થિતિ કરાવી છે." ત્યારપછી પાંચમો બોલ્યો: "મારો અપરાધ માફ કરો. હું તો ચોર છું. મેં એક ગરીબ મુસાફરને લૂંટ્યો તેનું આ ફળ ભોગવું છું. તે પણ ઠીક થયું છે. ફરી આવું કામ કરતાં મને આંચકો લાગશે." રાજાએ કહ્યું: "આ ચાર માણસો ખાસા શાહુકાર (?) છે, માત્ર તું જ લુચ્ચો ચોર (?) છે. માટે શાહુકારોની સાથે ચોરે રહેવું એ ઠીક નહિ-ચાલ્યો જા." એમ કહી તેને છોડી મૂક્યો. અરરર આવું હૃદય અને સત્ય વાણી મનુષ્યને સુખ આપે જ છે.

૮૮૨.—તમે ઈશ્વરના ચાકર છો કે શેઠ?


કેટલાક ભક્તોએ ગુરુને પૂછ્યું: "અમે ઈશ્વરની ભક્તિ કરીએ છીએ અને રોજ લોક. પણ અમને ભક્ત કહે છે, તો પછી પરમાત્મા અમને આપણામાં કેમ નહિ લઈ જાય?"

ગુરુએ કહ્યું: "તમે ભક્તિ નિઃસ્વાર્થ કરો છો કે સ્વાર્થથી? જો નિઃસ્વાર્થ હોય તો તમારું માનવું બરોબર છે. અને જો ધનપુત્રાદિની કામનાઓથી કરતા હો તો તે ઈશ્વરની ભક્તિ નથી. તે તો ધનની, સંતાનની અને પોતાના સ્વાર્થની ભક્તિ છે. તેથી તમે ઈશ્વરના ભક્ત નથી બનતા પણ તેને (ઈશ્વરને) તમારો દાસ બનાવો છો. તે ચાકર પેઠે હાજર રહે છે. અને ધનની, સંતાનની વગેરે જરૂર પૂરી પાડે છે. આ તો સૂર્ય પશ્ચિમમાં જાય એવો ઊલટો ક્રમ થયો-અવળો ધંધો શરૂ કર્યો કહેવાય. એવા તુચ્છ વિષયો માટે ઈશ્વરને તકલીફ આપતાં શરમ નથી આવતી? અને ઊલટા ભક્ત કહેવરાવો છો? જેમ કોઈ ભિખારી તમારી પાસે માગવા આવે તો મોં ફેરવી લો છો અને કોઈ મહાત્મા આવે તો સામા લેવા જાઓ છો. તેમ હલકા દિલના થઈને તુચ્છ કામનાઓ પરમાત્મા પાસે માગતા માગતા જશો તો જરૂર ભિખારી સમજી તે મુખ ફેરવી જશે. એને સર્વસ્વ અર્પણ કરીને મહાત્મા બનશો-મહાત્મા બનીને જશો, તો અવશ્ય ઈશ્વર તમને ભેટશે. બોલો, ઈશ્વરના ચાકર બનશો કે શેઠ? વળી લક્ષ્મી ભગવાનની પત્ની છે. જો કોઈ ગરીબની બૈરીને માગીએ તો તેને પણ રીસ ચઢે છે. તો ભગવાનની પત્ની લક્ષ્મીને માગતા જવું તે કેટલું તુચ્છ ગણાય? કેટલું બધું હલકું ગણાય.?

४९०–एक साधुनी गोदडी

એક સાધુની ગોદડી એક પોલીસે ચોરી લીધી. કોણ જાણે શા કારણથી તે ચોકીદાર મટી ચોર થઈ ગયો? પાસેના પોલીસોએ આ વાત જાણી એટલે બાવાજીને સમજાવી ફોજદાર પાસે

લઈ ગયા અને ફરિયાદ નોંધાવવા માંડી. ફોજદારે પૂછયું: "તમારું શું ચોરાયું?" સાધુએ કહ્યું: "બધું યે, એક તો રજાઈ ગઈ." "બીજું શું?" સાધુ બોલ્યા: "પછેડી." "બીજું શું?" "પથારી" "બીજું શું"? "ઓશિકું" "બીજું શું?" "આસન" "બીજું કંઈ?" "છત્રી પણ ગઈ!" "બસ એટલું જ કે વધારે કંઈ?" "ધોતિયું પણ ગયું" "કેટલી ચોરી થઈ છે?" "જેટલી વસ્તુ હતી તે બધી ગઈ છે." પેલો ચોરનાર પોલીસ પાસે ઊભો હતો. જલદીથી પેલી ગોદડી લાવીને સાધુ તરફ ફેંકી બોલ્યો: "કેટલો બદમાશ! જૂઠું બોલે છે? આ રહી તેની ગોદડી. તેની પાસે બીજું હતું શું જેથી આટલી બધી વસ્તુઓ ગણાવી ગયો!" ફોજદારે પૂછયું: "આ ગોદડી તારી છે?" મસ્ત સાધુ બોલ્યો: "હા, બીજા કોની આવી હોય?" અને તરત જ ખભે ગોદડી નાખી ચાલવા માંડયું. ફોજદારે રોકીને ધમકી આપી કહ્યું: "તને કેદ કરવામાં આવશે, જૂઠી રકમો કેમ લખાવી! અમને ઠગવા ધારતો હતો?" મસ્ત સાધુ બોલ્યો: "તમારા જેવું જૂઠું અમે બોલતા જ નથી." એમ કહીને ગોદડી ઓઢીને બોલ્યો: "આ મારી રજાઈ." પાથરીને બોલ્યો: "આ મારી પથારી." ઓઢીને કહ્યું: "આ મારી પછેડી." શિર ઉપર ધરી બોલ્યો: "આ મારી છત્રી" એ કહેવીને જમીન ઉપર પાથરીને કહ્યું: "આ મારું આસન." ફોજદાર શરમાઈને વિચારવા લાગ્યો કે, 'આ તો એક વસ્તુમાં સર્વ વસ્તુ માની ગુજરાન કરતાં સુખ લે છે. આપણે હજારો વસ્તુઓનો સંગ્રહ કરીને પણ હજી સુખી નથી' એમ વિચારી તે પગે લાગ્યો.



૪૯૧–પગથિયે ચઢવું

કૌરવપાંડવ જ્યારે બાળક હતા ત્યારે સાથે ભણવા જતા. ત્યાં એક જ ગુરુની પાસે ભણતા હતા. અમુક દિવસ પછી તેમની પરીક્ષા લેવામાં આવી. ત્યારે કોઇ ચાર પાનાં, કોઇ એક, કોઇ બે એમ પોતાનું વાચન બતાવી ગયા. યુધિષ્ઠિરને પૂછયું ત્યારે તે બીજું કાંઇ ન બોલ્યા પણ "સત્ય બોલવું, ક્રોધ ન કરવો" એ પંક્તિ ઉપર આંગળી મૂકીને "હજુ આને હું ગોખું છું, વ્યવહારમાં નથી લાવી શકયો!" એટલું જ બોલ્યા. આ વાકય સાંભળી સ્થૂલ દૃષ્ટિવાળા માસ્તરનો મિજાજ ગયો અને કહ્યું કે, "અરે મૂરખા! તારા કરતાં આ નાના દુર્યોધને કેટલું બધું યાદ કર્યું છે, તને શરમ નથી આવતી?" એમ કહીને એક તમાચો પણ લગાવી દીધો! છતાં સત્ય અને અક્રોધના હિમાયતીએ ક્રોધ ન કર્યો. તેઓ તો પોતાની અંદર એ જ દેખતા હતા કે, પ્રથમનું વાકય બરાબર પળાયું છે કે નહિ? ભીમ વગેરે આભા બની ગયા અને વિચારવા લાગ્યા કે, "મોટાભાઇ મુડદાલ જેવા છે નહિ, તો માસ્તર શું મારી જાય!" **જેણે પહેલા જ પગથિયામાં અસત્ય અને ક્રોધનો તિરસ્કાર કર્યો છે, તેનું નામ ધર્મરાજ.**

૪૯૨–मनुष्यो देवो करतां पण अधिक छे

એક કર્ણપરંપરાની વાત છે. તેનો સાર સારો હોવાથી અત્રે ટાંકવામાં આવે છે. ઇન્દ્રનો સાત સૂંઢવાળો હાથી ફરતો ફરતો મનુષ્યલોકમાં આવ્યો. એ હાથીનું નામ ઐરાવત હતું. મનુ-

ષ્યોએ યુક્તિથી તેને પકડીને પગમાં આલાન નાખી દીધી. તે હસ્તિ પાછો દેવલોકમાં આવ્યો અને ઇન્દ્રની પાસે ગયો, ત્યારે ઇન્દ્રે પૂછ્યું કે, "આ બંધન તને કોણે કર્યું!" ત્યારે તે બોલ્યો: "મૃત્યુલોકમાં મનુષ્યો એટલા બધા યુક્તિકુશળ છે કે તેણે મને બાંધી લીધો." ઇન્દ્ર બોલ્યો: "અહીં તેઓ યજ્ઞાદિ કરીને બહુ આવે છે. પણ એટલા યુક્તિબાજ તો દેખાતા નથી!" ત્યારે હાથી બોલ્યો: "અહીં તો સકામી અને સ્વાર્થાંધ આવે છે. તેમની બુદ્ધિ પહેલેથી બહેર મારી ગઈ હોય છે તેથી તેમની કુશળતા નથી રહેતી; પણ નિષ્કામી, સ્વાર્થત્યાગી મનુષ્ય અહીં આવે તો માલૂમ પડે." પછી રાત્રે સૂતેલા સદાચારી મનુષ્યને ખાટલા સાથે ઇન્દ્રલોકમાં લાવ્યા. તેણે ઇન્દ્રને મળતાં વાર જ એક ચિઠ્ઠી આપી. विष्णोस्तुभ्यं नमस्कार राज्यमर्पय संप्रति। વિષ્ણુના તારા પ્રતિ નમસ્કાર છે. અત્યારે જ રાજ્યનું અર્પણ કરી દે અર્થાત્ મને આપ." ઇન્દ્રે વિષ્ણુનો હુકમ સમજીને રાજ્ય આપ્યું. ઇન્દ્ર નીચે બેસે ને તે ઉપર બેસે. એક દિવસ વિષ્ણુ ભગવાન પધાર્યા. ત્યારે વિષ્ણુએ કહ્યું કે, "મેં તને ક્યારે કહ્યું હતું!" ત્યારે તે માણસ બોલ્યો કે, ईश्वर सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति। તમે સ્વયં કહો છો કે સર્વના હૃદયમાં હું રહું છું, હું સર્વને પ્રેરું છું." એટલે વિષ્ણુ પણ ચૂપ થઈ ગયા. એટલે ઐરાવત બોલ્યો: "કેમ, નિઃસ્વાર્થી મનુષ્યો કેવા યુક્તિબાજ હોય છે!" ઇન્દ્ર શરમાઈ ગયો, પેલો સદાચારી માણસ મનુષ્યલોકમાં આવ્યો.

આહા! મનુષ્યમાં આટલી બધી ચાતુરી છે, તો તેને મુક્તિ કરવી એ શું મોટી વાત છે! પણ અનાસક્ત થઈ શુભ કર્મો કરે અને નિઃસ્વાર્થી બને ત્યારે ને!

૪૧૩–રાજા દાને અને પ્રજા સ્નાને

એક વખત એક રાજા યાત્રા કરવા નીકળ્યો ત્યારે તેણે પોતાની પ્રજાને સંભળાવી દીધું કે, "જેને યાત્રા કરવા આવવું હોય તે તૈયાર થાય. ખાધાખર્ચ રાજ્ય ભોગવશે." હોંસીલા રાજાની પ્રેમી પ્રજા રાજા સાથે યાત્રાએ ઊપડી. રસ્તાના અવનવા પ્રદેશ તેમજ સૃષ્ટિની સુંદરતા અને જુદા જુદા દેશની રીતભાત પ્રજાને બતાવતો રાજા ઘણે દિવસે ગંગાજી પહોંચ્યો. ત્યાં સૌ કોઈ નાહવા લાગ્યું. ત્યાં પંડયો આવીને ઊભો રહ્યો. તેણે રાજાને સંકલ્પ કરાવ્યો. રાજાએ એક ગાય, એક જોડ વસ્ત્ર, થોડું ધન ઇત્યાદિ તેને આપ્યું. પ્રજાનાં માણસો તાકી રહ્યાં, તેઓની પાસે આપવા જેવું કંઇ સાધન હતું નહિ, કારણ કે ખેડૂતવર્ગ પ્રથમથી જ નિર્ધન હોય તેમાં વળી રાજાને ખર્ચે યાત્રાએ આવેલ તેથી શું આપે ? પંડયો સમજુ હતો તેથી બધાં માણસોને એદવાળાં દેખી બોલ્યો કે, "તમે પણ ભગવાનનું નામ લઇ સંકલ્પ કરો, રાજા પાસે પુષ્કળ ધન છે–મિલકત છે. તે જો સ્નાન ઉપર દાન ન આપે તો તેની યાત્રા પૂરી ન થાય. તમે સંપત્તિહીન છો છતાં શ્રદ્ધાથી ચાલીને આટલે દૂર આવ્યાં છો, માટે તમારી યાત્રાનું ફળ રાજાની બરોબર છે. તમે સાચા સંકલ્પથી સ્નાન કરો, રાજા સ્નાન સાથે દાનથી તરે છે અને પ્રજા સ્નાન માત્રથી તરે છે." પંડયાના આ ઉપદેશથી રાજા અને પ્રજા બન્ને ઘણાં રાજી થયાં. આવા ઉદાર રાજા, સંતોષી પંડિતો અને ભાવિક પ્રજા હોય તે દેશને ધન્ય છે. !

-

૪૧૪–आयुष्यनो विभाग

ચાર કરતાં બે કર્યા, કર્યા ન લાંબા કાન,
પૂંછ ન કરતાં મૂંછ કરી, ભૂલી ગયો ભગવાન!

કોઇ દેશમાં એવી દંતકથાઓ ચાલે છે કે બધાં પ્રાણીઓને બનાવીને ભગવાને પૃથ્વી પર મોકલ્યાં. રસ્તે આવતાં એક મનુષ્ય, એક બળદ, એક કૂતરો, એક બગલો અને એક ઊંટ આ પાંચે એકઠાં મળી પરસ્પર વાતો કરવા લાગ્યા કે, "ભગવાને તમારી કેટલી આવરદા નક્કી કરી છે?" મનુષ્ય બોલ્યો: "મારી વીસ વરસની છે." બાકીનાં પશુઓએ ચાળીસ ચાળીસ વરસની બતાવી. આ સાંભળી મનુષ્યને ખેદ થયો કે, "મારાથી આ પશુઓની બમણી ઉંમર તે ઠીક કહેવાય નહિ." પશુઓએ કહ્યું: "તું શોક ન કરીશ. અમારામાંથી અર્ધી અર્ધી જિંદગી અમે તને આપીએ છીએ. બાકીનાં વીસ વીસ વર્ષ અમારે માટે ઘણાં છે. આથી તારું આયુષ્ય સો વર્ષનું થશે." સો વર્ષ મેળવી મનુષ્ય રાજી થયો અને દુઃખદાયક અરધું આયુષ્ય આપી પશુઓ રાજી થયાં.

આમાં સમજવાનું એ છે કે, જન્મીને વીસ વર્ષ સુધી મનુષ્ય એ મનુષ્ય જ રહે છે. અર્થાત્ મનુષ્યને શોખનું વિદ્યા ઇત્યાદિ મદદ કરે છે. વીસ વર્ષ પછી પરણે છે ત્યારે બળદનાં વીસ વર્ષ આવે છે. અર્થાત્ દ્વિપદ મટી ચતુષ્પદ થાય છે. અને રાતદિવસ કમાણી કરી બેલની પેઠે [illegible] કરે છે. ચાળીસ વર્ષ બાદ કચ્ચાંબચ્ચાં, નાતિ, મરણ વગેરે [illegible] વધે છે, એટલે કુતરાની જિંદગી આવે છે. અર્થાત્ [illegible] વિષમ [illegible], કોઇ વિષમ [illegible] તો કોઇ

દિવસ કુટુંબની ઉપર ચિઢાઈને કરડવા દોડે છે. સાઠ વર્ષ પછી બગલાની અવસ્થા આવે છે. પછી હાથમાં માળા લઈ હૈયામાં તૃષ્ણા ભરી, બગલાની પેઠે ધ્યાન ધરવા બેસે છે. બગલો માછલી દેખી ગટકાવી જાય છે; તેમ સમય આવે તો બુઢ્ઢો પણ કાળુંધોળું કરવા ચૂકતો નથી. આમ એંસી વર્ષ પૂરાં થયાં એટલે વાંકો વળી જાય છે. આગળ માણસ દોરે છે, આથી ઊંટની બરોબરી દેખાય છે. આ પ્રમાણે સો વર્ષ નકામાં ગાળે છે. સત્યની શોધ થતી નથી. માટે સમજુઓએ આ અણમોલ આયુષ્યનો સદુપયોગ કરવો જોઇએ.

૪૯૫–સુખનું સ્થાન આત્મા છે

રે મન તજ નિજ બહિર ગતિ, અંતર વર સુખ હેત;
અંતર્મુખ બિન સુખ નહિ, વદન સનાતન નેત.

મનુષ્ય જ્યારે બાળક હોય છે અને માતાના ખોળામાં રમે છે ત્યારે મિત્ર, સર્પ તથા હીરામાણેકનો હાર એ ત્રણે સરખાં ભાસે છે. માત્ર તે વખતે સુખરૂપ તો માતાની ગોદને જ માને છે. પછી જ્યારે બાળક થોડું મોટું થાય છે, ત્યારે માતાનો ખોળો છોડી રમકડાં લેવા દોડે છે અને રમકડાંમાં જ પોતાનું સર્વસ્વ સુખ માની લે છે. પછી સરખી ઉંમરનાં બાળકોની જોડે રમકડાં તજી રમવા દોડે છે. અને માતા બોલાવે તો પણ બોલતો નથી. તે વખતે તેને બાળકો સુખરૂપ લાગે છે. પણ તે ક્યાં સુધી? જ્યાં સુધી સંસારચાલક કામદેવની અસર નથી થઇ ત્યાં સુધી જ તેની કૃપા થઈ કે પછી રમણ અને રમણી સિવાય કોઈ સ્થળે સુખ દેખાતું જ નથી. તે થોડા દિવસ સુખનું કેન્દ્ર રહે છે. પછી બાળકની ઉત્પત્તિમાં જ સુખ ઘ૦

કરે છે. બાળકને સર્વ સુખનું સ્થળ માને છે. આમ સુખનાં સ્થળ બદલાતાં જાય છે. વિધિવશાત્ બાળક જો મૂંગું, પાગલ, બીમાર અથવા મરણશરણ થાય તો તે સુખ ઊડી જાય છે. પછી કોઈ વિરલાને સમજાય છે કે, આ બધું કંઈ સાચું સુખ નહોતું પણ મૃગતૃષ્ણાની પેઠે સુખાભાસ હતો. માટે સુખરૂપ આત્મામાં જ વિચરવું તે સુખ છે.

૪૧૬–लाहोरना छज्जुराम भक्त

દોરંગી દુનિયા સદા, કરે નિંદ-વખાણ,
સજ્જન તે નહિ માનતો, ચાલે સત્ય પ્રમાણ.

લાહોરમાં એક છજ્જુરામ નામના મોટા મહાત્મા થઈ ગયા. તેમની પાસે એક મહાજનનો દીકરો ભણવા આવતો. તેની પાસે ઘરેણાં હતાં. છજ્જુરામે તેનાં ઘરેણાં ઉતારી લીધાં, કારણ કે રસ્તામાં કોઈ ઉતારી લે અને બદનામ મહાત્માનું થાય. છોકરો ઘેર આવ્યો. તેની માએ ઘરેણાં વિષે પૂછ્યું. છોકરાએ કહ્યું: "ભક્તે ઉતારી લીધાં." તેણે બીજી સ્ત્રીને કહ્યું. બીજીએ ત્રીજી સ્ત્રીને કહ્યું. એમ ને એમ "ભક્ત ચોર છે, લૂંટારો છે; ભક્ત થયા પણ દાનત બૂરી" ઇત્યાદિ શબ્દોમાં નિંદા કરવા માંડી. એવામાં છોકરાનો બાપ આવ્યો. બધી વાત જાણી તે ભક્ત પાસે ગયો. ભક્તને જે કારણથી ઘરેણાં ઉતાર્યાં હતાં તે કહ્યું અને ઘરેણાં આપ્યાં. તે ઘરેણાં લઈ ઘેર આવ્યો. તેણે બીજાને કહ્યું કે, "ભક્ત ઘણા સમજુ છે. ઇત્યાદિ સ્તુતિ કરવા માંડી" સ્તુતિ અને નિંદાની ભક્તને જ્યારે ખબર પડી, ત્યારે છજ્જુરામે રાખની બે ચપટી ભરી અને કહ્યું, એક લોકનિંદા પર અને બીજી સ્તુતિ ઉપર. ભક્તે દુનિયાની સ્તુતિ-નિંદાનો ખ્યાલ ન કરવો.

४९७–एक कन्यानी साची यात्रा

એક કન્યા નાનપણથી જ મીરાંબાઇની પેઠે ઈશ્વર ઉપર પ્રેમવાળી હતી. તેને સંસાર સુખદુઃખથી ભરેલ ભાસતાં બ્રહ્મચારિણી અવસ્થામાં જ રહેવાનો નિશ્ચય કર્યો હતો. તેનાં માબાપ પણ સજ્જન હતાં. તેથી પવિત્ર મનની પુત્રીની પવિત્ર ભાવનાની આડે આવતાં નહિ. આ ગરીબ ઘરની કન્યા જુવાન થઇ. તે કાશી જવા નીકળી. રસ્તામાં સંઘનો સાથ થયો. આગળ જતાં સૌ કોઈ ભોજન કરવા બેઠું. પેલી કન્યા પણ બેઠી એવામાં બચ્ચાંને જન્મ આપીને એક કૂતરી આવી. કોઇએ કાંઇ પણ ખાવા આપ્યું નહિ. આ કુમારીએ પોતાની પાસે હતું એટલું આપી દીધું. પછી કૂતરી કૂવાકાંઠે જઇ તલસવા લાગી. આ કુમારી એ વસ્તુ સમજી ગઇ. દોરડું પાસે હતું નહિ, પણ આ સુભગાના વાળ લાંબા હતા, તેથી તોડી તોડી ને દોરી બનાવી જલદી લોટામાં પાણી લઇને પાયું. કૂતરી આશિષ આપી ચાલી ગઈ. સંઘ પણ આ છોકરીની ખબર પૂછ્યા વિના જલદી કાશીવિશ્વનાથનાં દર્શન કરવા ઊપડ્યો. છોકરી ભૂખી હતી તેમાં વાળ તોડ્યા તેથી મૂર્છા આવી ગઇ. મૂર્છા ઊતરી ત્યારે ચાલવા લાગી પણ ચાલી શકી નહિ. એમ કહેવાય છે કે, વિશ્વનાથ સ્વયં ત્યાં આવ્યા અને દર્શન દીધાં! સંઘ કાશીએ ગયો પણ તેમને વિશ્વનાથનાં દર્શન ન થયાં. કારણ કે તેઓએ મંદિરમાંજ ઈશ્વર માન્યો હતો, પણ તેમ નથી. ઈશ્વર તો સર્વત્ર છે. કાગડાકૂતરામાં પણ તે વ્યાપક છે.



કરે છે. બાળકને સર્વ સુખનું સ્થળ માને છે. આમ સુખનાં સ્થળ બદલાતાં જાય છે. વિધિવશાત્ બાળક જો મૂંગું, પાગલ, બીમાર અથવા મરણશરણ થાય તો તે સુખ ઊડી જાય છે. પછી કોઈ વિરલાને સમજાય છે કે, આ બધું કંઈ સાચું સુખ નહોતું પણ મૃગતૃષ્ણાની પેઠે સુખાભાસ હતો. માટે સુખરૂપ આત્મામાં જ વિચરવું તે સુખ છે.

૪૯૬–લાહોરના છજ્જુરામ ભક્ત

દોરંગી દુનિયા સદા, કરે નિંદ-વખાણ,
સજ્જન તે નહિ માનતો, ચાલે સત્ય પ્રમાણ.

લાહોરમાં એક છજ્જુરામ નામના મોટા મહાત્મા થઈ ગયા. તેમની પાસે એક મહાજનનો દીકરો ભણવા આવતો. તેની પાસે ઘરેણાં હતાં. છજ્જુરામે તેનાં ઘરેણાં ઉતારી લીધાં, કારણ કે રસ્તામાં કોઈ ઉતારી લે અને બદનામ મહાત્માનું થાય. છોકરો ઘેર આવ્યો. તેની માએ ઘરેણાં વિષે પૂછ્યું. છોકરાએ કહ્યું: "ભક્તે ઉતારી લીધાં." તેણે બીજી સ્ત્રીને કહ્યું. બીજીએ ત્રીજી સ્ત્રીને કહ્યું. એમ ને એમ "ભક્ત ચોર છે, લૂંટારો છે; ભક્ત થયા પણ દાનત બૂરી" ઇત્યાદિ શબ્દોમાં નિંદા કરવા માંડી. એવામાં છોકરાનો બાપ આવ્યો. બધી વાત જાણી તે ભક્ત પાસે ગયો. ભક્તે જે મતલબથી ઘરેણાં ઉતાર્યાં હતાં તે કહ્યું અને ઘરેણાં આપ્યાં. તે ઘરેણાં લઈ ઘેર આવ્યો. તેણે બીજાને કહ્યું કે, "ભક્ત ઘણા સમજુ છે." ઇત્યાદિ સ્તુતિ કરવા માંડી." સ્તુતિ અને નિંદાની ભક્તને જ્યારે ખબર પડી, ત્યારે છજ્જુરામે શબ્દની બે સખી કરી [illegible] નિંદાની [illegible] અને બીજી સ્તુતિ [illegible] નિંદાને [illegible] ન કરવો.

૪૯૮–શવરીનાં બોર

ભક્તબીજ પલટે નહિ, જો જુગ જાય અનંત,
ઊંચનીચ ઘેર અવતરે, આગે સંતનો સંત.

શબરી નાનપણથીજ સંસ્કારી હતી. તે જ્યારે યોગ્ય ઉંમરની થઇ ત્યારે તેના પિતાએ લગ્નનો આરંભ કર્યો. શબરીએ ઘણા પાડા અને બકરા બાંધેલા તેથી પૂછયું: "આટલાં બધાં પશુઓ શા માટે બાંધ્યાં છે?" પિતાએ જવાબ આપ્યો: "તારા લગ્નમાં ઘણાં મનુષ્યો આવશે તેના ખોરાક માટે આ પાડા અને બકરા કાપવામાં આવશે." શબરી આ સાંભળીને ધ્રૂજી ગઇ અને ખેદ કરવા લાગી કે, "અરેરે! મારા લગ્ન માટે આ હજારો નિરપરાધી જીવોની કતલ! મારે લગ્ન કરવુંજ નથી." આમ વિચારી તે રાત્રે છાનીમાની ઘર બહાર નીકળી ગઇ. પંપાસરોવરની પાસે મહાત્માઓનો આશ્રમ હતો તેની નજીક તે રહેવા લાગી. મહાત્માઓનો રસ્તો સાફ રાખવો, ફળફૂલ લાવી આપવાં ઇત્યાદિ સેવા તે કરવા લાગી. મોટા ઋષિઓ પણ આ છોકરી ઉપર પ્રસન્ન રહેતા અને નિખાલસ પ્રેમથી શિખામણ આપતા કે, "તું તારી ટેક જો કાયમ રાખીશ તો ભગવાન પોતેજ તારી પાસે આવશે."

આમ છતાં બીજા કેટલાક ઋષિઓ ઇર્ષ્યા કરવા લાગ્યા અને ગુસ્સો કરીને વાતો બોલવા લાગ્યા કે, "આ છોકરીની અને આ ઋષિઓની [illegible] છે" તે ઋષિઓ એક દિવસે [illegible] ઋષિઓ [illegible] કે, "[illegible]"

મેલું કરી નાખ્યું છે, નહિ તો આવું ન બને." આ વાક્યોથી શરમાઇ જઇને તે ઋષિઓ ક્ષમા માગવા લાગ્યા કે, "અમારા વિકારથી અમે તમારામાં અને શબરીમાં વિકાર આરોપતા હતા." અને પછી ફરીથી નાહવા ગયા તો સરોવરનું પાણી નિર્મળ હતું!

ત્યાર પછી થોડાં વર્ષમાં બધા ઋષિઓ એક પછી એક મરણ પામ્યા. છેવટે મોટા મુનિએ મરતાં મરતાં શબરીને કહ્યું: "તેં ઘણું તપ અને સેવા કર્યાં છે, હજુ તે પ્રમાણે કર્યા કર એટલે શ્રીરામ આવી તને દર્શન આપશે." શબરીએ પછી ભગવાનને ખાવા બોર ચાખી ચાખીને સંઘરવા માંડયાં. ખાટાં બોર પોતે ખાય અને મીઠાં બોર ભગવાનને માટે રાખે. જ્યારે શ્રીરામ આવ્યા ત્યારે શબરીએ તે બોર ધર્યાં. પ્રભુએ પ્રેમથી એ બોર ખાધાં અને શબરી અંતે પરમપદને પામી.

४९९–माथुं तो हिन्दुस्तानी ज राखीश

કંચન હોયે કીચમેં, વિષમેં અમૃત હોય,
વિદ્યા નારી નીચસેં, તીનકો લીજે સોય.

કેટલાક લોકોનું એવું માનવું છે કે, વિદેશી બનીને જ વિદેશી વસ્તુની પ્રાપ્તિ કરી શકીએ. તે માટે વિદેશી વસ્ત્રો પહેરી વિદેશી બને છે. તેથી નકલ આવે છે પણ અક્કલ નથી આવતી. ત્યારે બીજાઓ કહે છે કે, વિદેશીઓ બન્યા વિના જ સૂર્ય જેમ કિરણ દ્વારા પૃથ્વી પરથી સાર એંચે છે, તેમ દૂર રહીને તેની કલાઓ શીખીએ તેઓના વિચારો પણ વંધ્યાપુત્ર સમાન જ રહ્યા. એક કલા પણ પ્રાપ્ત ન કરી શકયા. ત્યારે બેઉ જમાનાને ઓળખનારા કહે છે કે, વિદેશી ન બનો

પણ વિદેશી સાથે મળતા રહીને તેની કળાઓ શીખો તો શીખી શકાશે.

સ્વામી રામતીર્થ જ્યારે અમેરિકામાં હતા ત્યારે ફેંટો હિંદુસ્તાની જ હતો અને જોડા અમેરિકાના હતા. લોકોએ પૂછ્યું કે, "ફેંટાની પેઠે જોડા હિંદુસ્તાની કેમ નથી વાપરતા"? ત્યારે સ્વામીજી બોલ્યાઃ "માથું તો હિંદુસ્તાની જ રાખીશ પરંતુ પગ તમારા લઈશું."

અર્થાત્ "મગજની સમજણ અમારી રાખીશું અને કલા-કૌશલ્ય તમારું શીખીશું" આવા વિચાર પ્રમાણે ચલાય તો ભારતવર્ષને કોઈ વાતની ભૂખ પડે નહિ.

૫૦૦–भंगी कोण ?

યમુના નદીના કિનારા પર પવિત્ર છાયામાં એક તપસ્વી મહાત્માની સ્વચ્છ પર્ણકુટિ હતી. સંજોગવશાત્ કોઈ શૂદ્ર જાતિનો યાત્રાળુ ત્યાં આવી ચડ્યો. પર્ણકુટિની પાસે નદી ઉપર સુંદર પાકો ઘાટ બાંધેલો હતો. તે જોઈને આ યાત્રિકને નાહવાનું મન થયું. તે નાહ્યો એટલું જ નહિ પણ વસ્ત્ર ધોવા લાગ્યો. ધોવાનો અવાજ સમાધિમાં બેઠેલા તપસ્વીના કાને પડ્યો. જુએ છે તો એક શૂદ્ર વસ્ત્ર ધોતો હતો. શૂદ્રના ધોવાથી તપસ્વીને તથા પર્ણકુટિના ચોકમાં કંઈ છાંટા ઊડતા નહોતા, છતાં પણ તપસ્વી તપી ગયા અને હાથમાં ધોકો લઈને શૂદ્રની પાસે આવી પૂછવાગાછવા વિના ઠંડાપાક શરૂ કર્યો. પેલો બિચારો ક્ષમા માગવા લાગ્યો પણ ક્ષમા કેમ આપે? અને શૂદ્રને મારવાનું બંધ કર્યું અને સ્પર્શના દોષને દૂર કરવા સ્નાન કર્યું. શૂદ્ર [illegible] એટલે શૂદ્રએ પણ દૂર જઈ સ્નાન

એ નિયમ પ્રમાણે તે દુષ્ટોનું હૃદય દ્રવ્યું અને તેઓ પણ ગૌરાંગદેવની સાથે નાચવાકૂદવા લાગ્યા અને ઈશ્વરનામને ગાવા લાગ્યા. એમ કહેવાય છે કે, એક દિવસ અને એક રાત સુધી તેઓ ઈશ્વરની ધૂનમાં મસ્ત રહ્યા. જ્યારે ભાન આવ્યું ત્યારે તેઓ ગૌરાંગનાં ચરણકમળમાં પડયા અને તેમના શિષ્ય થઈને રહ્યા. આ પ્રમાણે અસંખ્ય મનુષ્યોનો ઉદ્ધાર ગૌરાંગદેવે કર્યો હતો. परोपकाराय सतां विभूतयः। ખરેખર શ્રેષ્ઠ પુરુષો અને તેમની વિભૂતિ બીજાના ઉપકારને માટે જ હોય છે.

૫૦૨–चारे गुणो स्त्रीमां छे

शूरं भीतं च लज्जालुं निर्लज्जं तु वर्धय च।
समानयेति मंत्र्युक्तः सर्वाढ्या मानयत् स्त्रीयम्॥

અર્થાત્ "શૂરવીર, ડરપોક, લજ્જાવાન અને નિર્લજ્જ એમ ચાર વ્યક્તિઓ લાવવા મંત્રીને કહ્યું: " તેણે ચારે ગુણસંપન્ન સ્ત્રીને લાવી હાજર કરી."

એક વખત એક રાજાએ પોતાના મંત્રીને કહ્યું કે, "અતિ લજ્જાવાન, તેમ અતિ નિર્લજ્જ, તથા વધારે ડરપોક, વળી વિશેષ શૂરવીર, આવી ચાર વ્યક્તિઓને મારી પાસે હાજર કરો." મંત્રીએ વિચાર કરી એક સ્ત્રીને હાજર કરી. રાજાએ કહ્યું. "મેં ચાર વ્યક્તિઓ કહી હતી અને આ તો એક વ્યક્તિ છે." મંત્રીએ ખુલાસો કર્યો 'રાજન્ તમારા કહેવા પ્રમાણે ચારે ગુણ આ સ્ત્રીમાં મોજૂદ છે. કેમ કે વખત કામ હોય-ખાસ જરૂરનું કામ હોય છતાં પણ બહાર ન નીકળે અને [illegible] [illegible] પણ લજ્જાની [illegible] ન કરે, એટલી [illegible] કે [illegible] [illegible] [illegible]

કે કાંઇ વાંધો-તકરાર ઊભાં થાય, ત્યારે છંછેડાઇ ગાળો દેવા માંડે ત્યારે પાસે પિતા, પતિ, શ્વશુર અને પાડાશી ઊભા હોય, તો પણ તેની શરમ ન રાખે-આવી તે નિર્લજ્જ છે. કોઇ વખત ઘરમાં ઉંદરડા કંઈ ખખડાટ કરે તો બીકની મારી ચીસ પાડે, આવી તે ડરપોક છે. અને જો પોતાની મનમાની જગ્યાએ જવું હોય તો પછી ભલે રાત હોય, વરસાદ ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડતો હોય, એવા વખતે કોઈ જંગલમાં જતાં શૂરવીરો કદાચ ડરે પણ સ્ત્રી ડરે નહિ. આવી તે શૂરવીર છે"

રાજા આમ એક વ્યક્તિમાં ચાર ગુણ સાંભળી અચંબો પામ્યો અને મંત્રીના બુદ્ધિચાતુર્ય માટે ખુશ થયો.

૫૦૨–શ્રી તો ટ કા ચા ર્ય

શ્રીશંકરાચાર્યના બધા શિષ્યોમાં તોટક સેવાભાવી હતા. બીજાઓને વિદ્યામદ હતો. આચાર્યનાં વસ્ત્રો ધોવા તોટક નદીએ ગયા હતા. કથાનો સમય થવા આવ્યો છતાં તોટક ન આવ્યા. એટલે શિષ્યોએ કહ્યું: "કથાનો સમય થઈ ગયો છે, શ્રોતાઓ હાજર છે." આચાર્યે કહ્યું: "પેલા તોટકને આવવા દો, પછી કથા શરૂ કરીએ." ત્યારે બધા શિષ્યો એક સાથે બોલ્યા કે, "એ જડને કથાની શી સમજણ પડવાની છે કે તેની રાહ જોવી ! માટે આપણે કથા શરૂ કરો." ભાષ્યકાર સમજ્યા કે, 'આ શિષ્યોને અભિમાન થયું છે. જે શ્રીકૃષ્ણની આજ્ઞા છે કે, तद्विद्धि प्रणिपातेन તે તો જાણતા નથી અને તોટક તો સાધનો આચરે છે, તે આ લોકોના હિસાબમાં નથી' તેથી તેઓનો ગર્વ ઉતારવા સરસ્વતીને તોટક તરફ પ્રેરી. તોટક

ગુરુકૃપાથી ક્ષણમાં બધાં શાસ્ત્રોનો વેત્તા થઇ ગયો અને મગવન્તુ દર્ષૌ મૃતિજન્ય જલે ઇત્યાદિ શ્લોકોનું ઉચ્ચારણ કરતો કરતો આવી, ગુરુને નમસ્કાર કરી બેઠો ત્યારે આચાર્યે કહ્યું: "આ શું બકે છે?" બધા નીચું જોઇ ગયા. તોટકે તોટકવૃત્તમાં બોલવું શરૂ કર્યું તેથી તે તોટકાચાર્ય નામે પ્રસિદ્ધ થયા. આજે પણ તે "તોટકવૃત્ત ગ્રંથ અથવા શ્રુતિસારસમુદ્ધરણ" ગ્રંથ અભિમાની પંડિતોનું ગંવગંજન કરે છે.

૫૦૪–साची यात्रा

એક શિષ્ય એક ગુરુ પાસે ગયો અને કહ્યું: "સંસારદાવાનળથી તપેલા મને આપ જ્ઞાનામૃત છાંટી સજીવન કરો." ગુરુએ કહ્યું: "બહુ સારું, તું આ તાકડી લઇ તીર્થ કરવા જા અને તેને તીર્થોમાં સ્નાન કરાવજે. જ્યારે તેને પાંદડાં ઊગે ત્યારે પાછો આવજે, તે વખતે હું તને ઉપદેશ આપીશ." શિષ્ય શ્રદ્ધાળુ હતો. શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં–શ્રદ્ધાવાળો જ્ઞાન પામે છે, તેથી તે તાકડી લઇ તીર્થ કરવા ગયો. અનેક તીર્થોમાં ફર્યો અને તાકડીને સ્નાન કરાવ્યું, પણ તાકડીને પાંદડાં ન આવ્યાં. તે આ પ્રમાણે ફરતો ફરતો એક વખત કોઇ [illegible] સાથે મળ્યો હતો. એવામાં ચાર માણસો આવી [illegible] ત્યારે તેની [illegible] તેઓ વાતો કરતા હતા કે, [illegible]

માણસ પ્રભુના પ્રસાદને તરછોડે છે તેથી તેનો ઉદ્ધાર થ
મુશ્કેલ છે. આ છેલ્લું વાક્ય મુખમાંથી નીકળ્યું ને કે
પંડ્યાએ તેમના હાથમાં પરીક્ષા માટે પ્રસાદ મૂક્યો. તે દિ
એકાદશી હતી. જો પ્રસાદ ખાય છે તો એકાદશી તૂટે છે અ
પ્રસાદ નથી ખાતા, તો પોતાનું બોલેલું ફોક થાય છે. તેમ
પ્રભુપ્રસાદ હાથમાં રાખી પ્રભુનો ગુણમહિમા આખી રા
એક સ્થળે ઊભા રહી વર્ણવ્યા કર્યો. જ્યારે એકાદશી ઊતરી
દ્વાદશી બેઠી, ત્યારે પ્રભુપ્રસાદથી પારણાં કર્યા. લોકો આ
ધન્યવાદ આપવા લાગ્યા કે, "ધન્ય છે, જે આચરી બતાવે
તે જ આચાર્ય!"

